શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી ઉપાંગ સૂત્ર

**ગુરુપ્રાણ આગમ બત્રીસી**

**આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**
**પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી**

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

इमेणचेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ
जुद्धारिहं खलु दुल्लहं

आचारांग अ. ५ उ. ३

હે પ્રાણી! આપણા આત્માના સાથે યુદ્ધ કર બહાર યુદ્ધ કરવાથી મતલબ શું છે!
યુદ્ધ આત્માના સમાન યુદ્ધ યોગ્ય બીજી વસ્તુ દુર્લભ છે.

અપ્રશસ્ત આત્મા સાથે જ યુદ્ધ બાંધવાનું છે.

— જીવનના અનુક્રમે સત્યસાર —

लोगस्स सारं धम्मो, धम्मं पि य नाणसारियं बिंति
नाणं संजमसारं संजमसारं च निव्वाणं ॥

आचारांग अ. ५ उ. १

સમસ્ત લોક (સંસાર)નો સાર શ્રી સદ્ધર્મ છે સદ્ધર્મનો સાર જ્ઞાન છે
જ્ઞાનનો સાર સંયમ-ચારિત્ર છે સંયમ (ચારિત્ર)નો સાર નિર્વાણ
(મોક્ષ) છે.



# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

સ્થવિર રચિત ઉપાંગ

## શ્રી ઉપાંગ સૂત્ર

# શ્રી નિરયાવલિકા સૂત્ર

કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા, વૃષ્ણિદશા

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**

ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**

વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**

ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી કિરણબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :

ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯

**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮

પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

અ
ર્પ
ણ

# સૌરાષ્ટ્ર કેસરી
# બા. બ્ર. પૂ. ગુરુદેવ
# શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

સ્વીકારો મમ દાદા ગુરુ,
ઉપાંગ સૂત્ર અનુવાદનું નજરાણું.
તપસમ્રાટ આશિષે કૃતજ્ઞભાવે,
ધરું તવ કરકમલમાં આ ભેટણું.
ઓ શ્રદ્ધાતિલકમંડન ! અવિરત વહાવો
અમ પર કૃપાપ્રસાદનું ઝરણું.
यावत् चंद्रदिवाकरौ રહેશે,
આ શતાબ્દીનું સંભારણું.
સૌરાષ્ટ્રની ધન્યવતી ધરા પર જ્યાં
નિત્ય સાગર ઘુઘવી રહ્યો છે,
તેવા વેરાવળના આંગણે જેઓનો જન્મ થયો,
ત્યાં જ વૈરાગ્યની પ્રાપ્તિ થઈ,
બડભાગી બગસરાની ભૂમિ ઉપર
સંયમના સાજ સજી અગારમાંથી અણગાર બન્યા,
સૌરાષ્ટ્રના ખૂણે ખૂણે વિચરી
વીરવાણીનું પાન જૈન જૈનેતર સમાજને
કરાવનાર પરગુણ ઉદ્યોતક,
એકતાના ઉદ્‌ઘોષક, સ્નેહસરિતાવાહક એવા
પરમ શ્રદ્ધેય પૂ. દાદા ગુરુના કરકમલમાં
જન્મ શતાબ્દી પ્રસંગે
ઉપાંગ સૂત્રના અનુવાદનું નજરાણું
શ્રદ્ધા ભક્તિસભર હૃદયે સમર્પણ કરું છું.

**- પૂ. મુક્ત - લીલમ - ઉષા ગુરુણીના સુશિષ્યા**
**સાધ્વી કિરણ**

# તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના
# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ
ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં
ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

અર્હં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતિ વચૈવ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં। ઇદં મહા કાર્યં પૂજ્ય -
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કાઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ-
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે -
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે -

આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર(ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર(૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર(ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર(શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર(ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય
ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ




શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ

પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પદ્માબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ.

''વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે'' ગરીબ, દુઃખીના બેલી કિશોરભાઈ સાચા અર્થમાં વૈષ્ણવ છે. દશાશ્રીમાળી વૈષ્ણવ કુળમાં જન્મેલાં કિશારભાઈ, ભગવાનમાં શ્રદ્ધા રાખનાર આસ્તિક માનવ છે.

હાર્ડ વર્ક, જાત મહેનત અને પ્રબળ પુરુષાર્થથી મિનરલ પાવડરના ધંધાથી શરૂ કરેલી ધંધાકીય કારકિર્દી એવરેસ્ટ બિલ્ડરર્સ તરીકે તેઓએ પ્રસિદ્ધિની ટોચને હાંસલ કરી છે. તેઓ મૃદુભાષી અને બોલેલું કાર્ય પાર કરનાર છે.

તેઓ શ્રી નાઘેર સમાજના ટ્રસ્ટી છે. વૈષ્ણવ સંપ્રદાય સાઈ બાબા (શીંડી) ના અનુયાયી છે. શ્રી જગજીવન બાપુ સેવાશ્રમ – શીમરના પરમ ભક્ત છે. જાયન્ટ ગ્રુપ ઓફ ઘાટકોપર સેન્ટ્રલના પાયાના પથ્થરરૂપ પ્રેસીડેન્ટ છે. **પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા.** ના જ્ઞાનમય, પ્રકાશમય સાંનિધ્યે તેઓએ અધ્યાત્મની ઝાંકી અનુભવી છે. તેમના સમર્પિત ભક્ત બનીને રહ્યા છે.

તેમના ધર્મપત્ની શ્રી સર્યુબેન પણ ગુરુદેવ પ્રતિ અનન્ય શ્રદ્ધા ધરાવે છે. તેઓ સોશ્યલ વર્કર છે અને જાયન્ટ ગ્રુપ ઓફ ઘાટકોપરના પ્રેસીડેન્ટ છે. સુપુત્ર વિરલ અને નયનેશ પણ ગુરુદેવને સમર્પિત છે. સુપુત્રી ગ્રીષ્મા તેની મેરેજ લાઈફમાં સુખી છે અને બંને કુટુંબને ઉજ્જવળ કરી રહી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ.સા. ના ૩૯ માં જન્મદિને, કોઈપણ કાર્ય માટેની પૂ. ગુરુદેવની પ્રેરણા કે આજ્ઞા શ્રેષ્ઠતાનું સર્જન કરશે તેવા ભાવને, ગુરુ ચરણે સમર્પિત કરતાં તેઓ આગમ પ્રકાશનના શ્રુતધાર બન્યા છે. તે માટે તેઓ ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર છે.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે - બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ - બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 11 | પદ્માવતિ રાણીની હઠથી હાર હાથીની માંગ | ૩૮ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 13 | વેહલ્લકુમારનું મનોમંથન, વૈશાલીગમન | ૩૯ |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | દૂતનું વૈશાલી ગમન | ૪૦ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 17 | દૂત સત્કાર : ચેડારાજાનો ઉત્તર | ૪૧ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 19 | રોષયુક્ત દૂતનું ગમન અને યુદ્ધ ઘોષણા | ૪૪ |
| અભિગમ | 21 | ચેડારાજાની ગણરાજાઓ સાથે મંત્રણા | ૪૯ |
| સંપાદકીય | 25 | ચેડારાજા અને કોણિકનું યુદ્ધ | ૫૧ |
| સંપાદન અનુભવો | 34 | કાલકુમારનું મૃત્યુ, નરકગમન | ૫૪ |
| અનુવાદિકાની કલમે | 37 | કાલકુમારનું ભવિષ્ય | ૫૭ |
| ૩૨ અસ્વાધ્યાય | 46 | **વર્ગ–૧, અધ્ય.–૨ થી ૧૦** | |
| | | સુકાલકુમારાદિ | ૫૭ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | **વર્ગ–૨ : કલ્પવતંસિકા** | |
| **વર્ગ–૧ : નિરયાવલિકા** | | **વર્ગ–૨, અધ્ય.–૧ : પદ્મકુમાર** | |
| **વર્ગ– ૧, અધ્ય–૧ : કાલકુમાર** | | અધ્યયન સાર | ૬૦ |
| અધ્યયન સાર | ૧ | પદ્માવતીનું સ્વપ્નદર્શન, પદ્મકુમારનો જન્મ,દીક્ષા | ૬૨ |
| રાજગૃહનગર,ઉદ્યાનાદિ | ૪ | પદ્મ અણગારની તપ–સંયમસાધના | ૬૩ |
| કાલકુમાર | ૮ | પદ્મ અણગારનું ભાવી | ૬૪ |
| કાલકુમારનું રથમુશળ સંગ્રામમાં ગમન | ૯ | **વર્ગ–૨, અધ્ય. ૨ થી ૧૦** | |
| કાલીરાણીની ચિંતા | ૧૦ | મહાપદ્મકુમારાદિ | ૬૬ |
| ભગવાનની દેશના;કાલીરાણીની જિજ્ઞાસા | ૧૨ | **વર્ગ–૩ : પુષ્પિકા** | |
| કાલકુમારની ગતિ | ૧૫ | **વર્ગ–૩, અધ્ય.–૧ : ચંદ્રદેવ** | |
| કોણિકનું ચેલણાની કુક્ષિમાં આગમન | ૧૫ | અધ્યયન સાર | ૬૯ |
| ચેલણાનો દોહદ અને આર્તધ્યાન | ૧૭ | ચંદ્રદેવનું રાજગૃહમાં આગમન | ૭૧ |
| અભયકુમાર દ્વારા દોહદપૂર્તિ | ૨૧ | ચંદ્રનો પૂર્વ ભવ :અંગતિ ગાથાપતિ | ૭૨ |
| ગર્ભ પ્રતિ ચેલણા દેવીનો વિચાર | ૨૫ | અંગતિ અણગારનો ચંદ્ર દેવ રૂપે જન્મ | ૭૪ |
| રાજા શ્રેણિકની બાળક પર અનુકંપા | ૨૭ | ચંદ્ર દેવનું ભવિષ્ય | ૭૬ |
| રાજકુમારની વેદના અને નામકરણ | ૨૮ | **વર્ગ–૩, અધ્ય.–૨ : સૂર્યદેવ** | |
| રાજ્ય લોભે કોણિકનો કુવિચાર | ૩૦ | અધ્યયન સાર | ૭૭ |
| કાલકુમારાદિ ભાઈઓ દ્વારા સ્વીકૃતિ | ૩૧ | સૂર્યદેવનું સમવસરણમાં આગમન | ૭૮ |
| કોણિકનું પરિવર્તન | ૩૧ | **વર્ગ–૩, અધ્ય.–૩ : શુક્રદેવ** | |
| શ્રેણિકનો મતિભ્રમ અને આત્મહત્યા | ૩૪ | અધ્યયન સાર | ૮૦ |
| વેહલ્લકુમારની ક્રીડા | ૩૬ | મહાશુક્રદેવનું પ્રભુદર્શને આગમન | ૮૨ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| શુક્રમહાગ્રહનો પૂર્વભવ–સોમિલ બ્રાહ્મણ | ૮૩ | મણિભદ્ર દેવના પૂર્વ–પશ્વાદ્ ભવ | ૧૩૨ |
| સોમિલ બ્રાહ્મણ દ્વારા શ્રાવકધર્મ સ્વીકાર | ૮૪ | **વર્ગ– ૪ : પુષ્પચૂલિકા** | |
| દૃષ્ટિ પરિવર્તન–મિથ્યાત્વની પ્રાપ્તિ | ૮૪ | અધ્યયન સાર | ૧૩૫ |
| સોમિલની દિશાપ્રોક્ષિક સાધના | ૮૯ | **વર્ગ–૪, અધ્ય.–૧ : શ્રી દેવી** | |
| સોમિલનું મહાપ્રયાણ માટે પ્રસ્થાન | ૯૧ | શ્રીદેવીનું દર્શનાર્થે આગમન | ૧૩૭ |
| દેવ દ્વારા સોમિલને પ્રતિબોધ | ૯૩ | શ્રીદેવીનો પૂર્વભવ :ભૂતા | ૧૩૭ |
| સોમિલ દ્વારા પુનઃ શ્રાવકધર્મ ગ્રહણ | ૯૭ | ભૂતાનું પ્રવ્રજ્યા ગ્રહણ | ૧૩૯ |
| સોમિલની શુક્ર મહાગ્રહમાં ઉત્પત્તિ | ૯૮ | ભૂતા સાધ્વીની સંયમમા બકુશતા | ૧૪૧ |
| શુક્ર મહાગ્રહનું ભવિષ્ય | ૧૦૦ | ભૂતા સાધ્વીનું મૃત્યુ અને ભવિષ્ય | ૧૪૨ |
| **વર્ગ–૩, અધ્ય.–૪ : બહુપુત્રિકા દેવી** | | **વર્ગ–૪, અધ્ય.–૨ થી ૧૦** | |
| અધ્યયન સાર | ૧૦૦ | હ્રી દેવી આદિ | ૧૪૪ |
| બહુપુત્રિકાદેવી પરિચય | ૧૦૩ | **વર્ગ–૫ : વૃષ્ણિદશા** | |
| બહુપુત્રિકાદેવી–પૂર્વભવ સુભદ્રા | ૧૦૫ | અધ્યયન સાર | ૧૪૬ |
| સુભદ્રાને સંતાન પ્રાપ્તિની ઝંખના | ૧૦૬ | **વર્ગ–૫, અધ્ય.–૧ : નિષધકુમાર** | |
| સુભદ્રાનું શ્રાવક વ્રત ગ્રહણ | ૧૦૯ | અધ્યયન પ્રારંભ | ૧૪૭ |
| સુભદ્રાનો દીક્ષાનો સંકલ્પ | ૧૧૦ | અરિહંત અરિષ્ટનેમિનું આગમન | ૧૫૦ |
| સુભદ્રાની દીક્ષા વિધિ | ૧૧૨ | નિષધકુમારનું દર્શનાર્થ ગમન | ૧૫૨ |
| સુભદ્રાઆર્યાનો બાળકોમાં અનુરાગ | ૧૧૪ | નિષધકુમારનો પૂર્વભવ–વીરાંગદકુમાર | ૧૫૩ |
| સુભદ્રા આર્યાનો ગચ્છત્યાગ | ૧૧૫ | સિદ્ધાર્થાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ | ૧૫૪ |
| સુભદ્રાઆર્યાની સંલેખના , દેવગતિ | ૧૧૭ | વીરાંગદની પાંચમા દેવલોકની ઉત્પત્તિ | ૧૫૪ |
| બહુપુત્રિકા દેવીનો ભાવી ભવઃ સોમા | ૧૧૮ | વીરાંગદદેવનો નિષધકુમારરૂપે જન્મ | ૧૫૫ |
| સોમાનું રાષ્ટ્રકૂટ સાથે પાણિગ્રહણ | ૧૧૯ | નિષધકુમારની દીક્ષા, આરાધના | ૧૫૭ |
| બહુ સંતાનથી પીડિત સોમા | ૧૨૦ | નિષધકુમાર અણગારની મુક્તિ | ૧૫૯ |
| સુવ્રતા આર્યાનું આગમન | ૧૨૧ | **શેષ અગિયાર અધ્યયન** | ૧૬૦ |
| સોમાનું પરિવર્તનઃ ધર્મભાવ | ૧૨૨ | **પરિશિષ્ટ–૧** | |
| સોમાની પ્રવ્રજ્યા | ૧૨૫ | સૂત્રગત કથાનાયકોનું વિવરણ | ૧૬૨ |
| સોમા આર્યાની દેવગતિ, મુક્તિ | ૧૨૬ | **પરિશિષ્ટ–૨** | |
| **વર્ગ– ૩, અધ્ય.–૫ : પૂર્ણભદ્રદેવ** | | આગમમાં વર્ણિત વિશેષ નામ | ૧૬૪ |
| અધ્યયન સાર | ૧૨૭ | **પરિશિષ્ટ–૩** | |
| પૂર્ણભદ્રદેવનું નાટ્યપ્રદર્શન | ૧૨૯ | વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૧૬૬ |
| પૂર્ણભદ્રદેવનો પૂર્વભવ–પૂર્ણભદ્ર ગાથાપતિ | ૧૩૦ | **પરિશિષ્ટ–૪** | |
| પૂર્ણભદ્ર અણગારની સાધના | ૧૩૦ | બૌદ્ધસાહિત્યમાં વૈશાલીનાશનો પ્રસંગ | ૧૬૭ |
| પૂર્ણભદ્રનું ભવિષ્ય | ૧૩૧ | | |
| **વર્ગ–૩, અધ્ય. ૬ થી ૧૦** | | | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ<br>પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદ્દષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજ્જ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ',<br>રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


**શ્રી ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ


શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ) શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર) શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી) શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

**ઉપાંગ શાસ્ત્રની તત્ત્વભૂમિ :–**

નિરયાવલિકાદિ પાંચ શાસ્ત્રો રૂપે પ્રસિદ્ધ પાંચ વર્ગાત્મક આ ઉપાંગસૂત્ર વાંચતા મનમાં આહ્‌લાદક ભાવ તો જન્મે જ છે, સાથે સાથે ધર્મકથાનો પણ બોધ થાય છે. તે સમયની ધર્મકથાઓ કહેવાની શૈલી પણ મન પર અંકિત થાય તેવી હોય છે. શાસ્ત્રકારે સ્વયં મહાવીર ભગવાનના શ્રીમુખથી ગૌતમ સ્વામીના પ્રશ્નોના ઉત્તર રૂપે બધી કથાઓનો ભાવ પ્રવાહિત કરેલો છે. ગૌતમ સ્વામી ભગવાનની સામે જાણે કે એક નાનું બાળક હોય એ રીતે કુતૂહલ–જિજ્ઞાસા ભાવે, ચૌદ પૂર્વના ધારક ગણધર ભગવાન સાદા પ્રશ્નો કરે ત્યારે મનમાં પ્રીતિભાવ જન્મે છે અને ભગવાનનો તથા ગણધરનો આપસી સંવાદ કેવો મધુરો લાગે છે, તે અધ્યયન કરનારને જરૂર અનુભવ થાય છે.

આ શાસ્ત્ર વિષે ઘણું લખી શકાય તથા કહી શકાય તેવું છે. પ્રથમ નિરયાવલિકા વર્ગના ઐતિહાસિક યુદ્ધનો સંપુટ રૂંવાડા ઊભા કરી શકે તેવો હૃદયવિદારક ભાવવાહી છે. અત્યાર સુધી પૂરા ભારતમાં મહાભારતના યુદ્ધને જ લોકો મહાયુદ્ધ તરીકે જાણે છે પરંતુ વૈશાલી અને ચંપાપુરીના આ મહાયુદ્ધને જાણે પડળ ચડી ગયા હોય, તેમ શાસ્ત્રના પાનાઓમાં દબાયેલું જ છોડી દેવામાં આવ્યું છે. સાક્ષાત્ વૈશાલીના યુદ્ધનું વિશદ વર્ણન શાસ્ત્રના પાનાઓમાં ભરેલું છે. નવ લિચ્છવી અને નવ મલ્લવી એ અઢાર રાજાઓના ગણતંત્ર અને તેના નેતા તરીકે વૈશાલીના મહારાજા ચેડા નેતૃત્વ લઈને રણમોરચે આવ્યા. વિપક્ષમાં રાજગૃહીની સેનાઓથી સુસજ્જિત, થયેલ મૂળ રાજગૃહીનો રાજા કૂણિક, જેણે પાછળથી ચંપાપુરીને રાજધાની બનાવી, ત્યાંનો રાજા બન્યો હતો, એક વિશાળ સેનાને સંગઠિત–એકત્રિત કરી, પોતાના સગા ભાઈઓને તથા ઓરમાન ભાઈઓને લડાઈનું સૂત્ર સુપરત કરી, બહુ જ વિશાળ સાગર જેવી સેના લઈને આવ્યો અને અંતે વૈશાલી ઉપર આક્રમણ કરી, વૈશાલીનો વિનાશ કર્યો. એ આખું રોમાંચક વર્ણન નિરયાવલિકા નામના પ્રથમ વર્ગનું પ્રથમ અધ્યયન પૂરું પાડે છે.

આપણે અહીં શાસ્ત્રની મૂળ વાતને યથાતથ્ય નમુના રૂપે રજુ કરશું. **समणे**

**भगवं महावीरे कालिं देविं एवं वयासी** અહીંથી શાસ્ત્રની લગભગ દશ પંક્તિઓનો ક્રમશઃ ગુજરાતી અનુવાદ કરશું, જેથી યુદ્ધની ઘટના પ્રત્યક્ષ થાય.

'હે કાલીદેવી ! તારો પુત્ર કાલકુમાર ત્રણ હજાર હાથીઓની સેનાથી સજ્જ થયેલો, કૂણિક રાજાની સાથે રથમુશલ નામના સંગ્રામમાં સંગ્રામ કરતો, શત્રુદલના વીરોને આહત, મથિત અને ઘાત કરતો, તેઓની સંકેત સૂચક ધજાઓને ભૂમિસાત કરતો, દિશાઓને અંધકારમય કરતો, પોતાના રથથી ચેડા રાજાના રથની સામે આવ્યો. ત્યાર બાદ તે વૈશાલી નરેશ મહારાજા ચેડાએ કાલ કુમારને પોતાની સામે આવતો જોયો, જોઈને એકદમ ક્રોધથી ભભૂકી ઉઠ્યા, પગની એડીથી માથાની ચોટી સુધી રુષ્ટ થયેલા ચેડા રાજા કંપાયમાન થઈ ગયા. તેઓ ક્રોધથી આંખો પટપટાવવા લાગ્યા અને હુંકારો કરી પોતાના ધનુષ્યને ગ્રહણ કર્યું અને તીરને પણ નિશાન ઉપર ઠીક કર્યું, ચોક્કસ કેન્દ્રબિંદુ ઉપર નજર સ્થિર કરી, ધનુષ્યને તીર ચડાવી, કાન સુધી ખેંચ્યું, ને સડસડાટ કરતું કાલકુમાર ઉપર તીર છોડ્યું. એક જ નિશાને કાલકુમારને આહત કરી, રક્તરંજિત કરી, જમીનદોસ્ત કરી, જીવનથી મુક્ત કરી તેની જીવનલીલા સમાપ્ત કરી દીધી.' આ પ્રમાણે યુદ્ધ વર્ણન કરી ભગવાને કાલીરાણીને કહ્યું– હે કાલીરાણી ! કાલકુમાર યુદ્ધમાં મરી ગયો છે, માટે હવે ફરીથી તું તારા પુત્રને જીવિત જોઈ શકીશ નહીં.

આ વર્ણનથી પાઠક સમજી શકે છે કે યુદ્ધનું કેટલું બીભત્સ કડીબદ્ધ વર્ણન છે. મોરચે આવેલા રાજાઓ કેટલું યુદ્ધ કૌશલ્ય બતાવે છે. જૈનધર્મનું પાલન કરતા હોવા છતાં ચેડા રાજા યુદ્ધને મોરચે પોતાના કર્તવ્યથી ચ્યુત થયા નથી. ભગવદ્ ગીતામાં અર્જુન યુદ્ધને મોરચે કાયરતાની વાત કરે છે અથવા ધર્મ–અધર્મની વાત કરી પાપથી બચવા માંગે છે ત્યારે શ્રીકૃષ્ણ ભગવાન તેમને કર્તવ્યનું ભાન કરાવે છે. યુદ્ધનો પણ એક નિરાળો ધર્મ છે.

નિરયાવલિકાની જેમ બાકીના ચાર વર્ગ (૧) कप्पवडिंसिया (૨) पुप्फिया (૩) पुप्फचूलिया (૪) वण्हिदशा છે. કથાનું મુખ્ય આધાર ક્ષેત્ર 'રાજગૃહી' તથા 'દ્વારિકા' છે. આમેય રાજગૃહી અને દ્વારિકાને ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા અપાણી છે. એક પછી એક લગાતાર અધ્યયનો દ્વારિકા તથા રાજગૃહી સાથે જોડાયેલા છે. સાથે સાથે કેટલીક વિલક્ષણ કથાઓ પણ જોડવામાં આવી છે. આ બધી કથાઓના આધારે જૈનશાસ્ત્રોનો એક મુખ્ય સિદ્ધાંત અથવા દીર્ઘદષ્ટિ, દષ્ટિગોચર થાય છે. સાધારણતયા

જીવને પતિત માની તેની દુર્ગતિ થઈ, ત્યાં સુધીનો ઉલ્લેખ જગતનાં સામાન્ય ગ્રંથોમાં જોવામાં આવે છે. જ્યારે જૈનશાસ્ત્રની કથાઓમાં આવા પતિત જીવોને નરકના દુઃખો ભોગવ્યા પછી પુનઃ તેનામાં ધર્મનો અભ્યુદય થાય છે અને તે જન્મ મૃત્યુના ચક્રમાં ઘણા ગોથા ખાધા પછી પણ આખરે મોક્ષગામી બને, ત્યાં સુધીનું વર્ણન મળે છે.

આ શાસ્ત્રમાં આચારહીન થયેલી સાધ્વીઓના ચરિત્રનું હુબહુ વર્ણન છે. તેમની ઉપભોગ પ્રત્યેની દબાયેલી મહેચ્છાઓ સાધુજીવન સ્વીકાર્યા પછી પુનઃ પ્રગટ થઈ છે અને તેઓ ગુરુણીનો કે પોતાના સમુદાયનો ત્યાગ કરી સ્વચ્છંદ વિહારી બની ઈચ્છાઓ પૂર્ણ કરે છે. પોતાની તપસ્યા સંબંધી નિષ્ઠા અને ત્યાગ માર્ગને ન છોડવાથી દેવગતિને પામી અને ત્યાં પણ પોતાની અતૃપ્ત ઈચ્છાઓ પૂર્ણ કરી પુનઃ માનવજીવનમાં આવી ધર્મનું અવલંબન લઈ ત્યાગના પ્રભાવે મોક્ષગતિને પામે છે. ***આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે– વિકૃતિ અને વિભાવોની લડાઈમાં ઘણી વખત જીવ પરાજય પામે છે પરંતુ તે આત્મા સર્વથા નિંદનીય નથી, વિભાવો નિંદનીય છે કે જેના પ્રભાવે જીવ દુઃખ પામે છે. પરંતુ "જીવ તો જીવ જ છે" વિભાવોથી મુક્ત થતાં તે પોતાનાં દિવ્ય સ્વરૂપને પુનઃ પ્રગટ કરે છે.***

જૈન ધર્મમાં જીવની આ દીર્ઘકાલીન યાત્રાનું વર્ણન કરી, તત્ત્વદષ્ટિ અપનાવી, ઉપદેશ આપવાની શૈલી મૂળભૂત છે. જૈન તીર્થંકરો કે જૈન મહર્ષિઓ અથવા જૈન શાસ્ત્રો સમગ્ર માનવજીવન કે સમગ્ર જીવરાશિ પ્રત્યે બહુ જ ઉદાર અને ઉત્તમ દષ્ટિ ધરાવે છે. તે જીવના કલ્યાણની સાંગોપાંગ આશાનો ક્યારે ય પરિત્યાગ કરતા નથી, કિંતુ તેઓ દ્વારા એક અદ્‌ભુત કલ્યાણની આશાનું કેન્દ્રબિંદુ સ્થાપિત કરી જીવનું તમામ ચરિત્ર તે કલ્યાણમયી કેન્દ્રબિંદુ તરફ ઢળે, એ રીતે કથાચરિત્રોનું સદાય લક્ષ રાખવામાં આવ્યું છે. સાતમી નરકમાં સબડતો જીવ પણ છેવટે સર્વાર્થસિદ્ધ વિમાનનાં ચરમ સુખોનો ઉપભોગ કરી, સુખાતીત દશા–મોક્ષને પ્રાપ્ત કરે છે. જૈનધર્મની દ્રવ્ય દષ્ટિ એટલી સચોટ છે કે ખંડ ખંડ થતી સુખ દુઃખાત્મક પર્યાય દષ્ટિને પરિહરી તે શાશ્વત દ્રવ્યમાં જ શુદ્ધ ઉપયોગની સ્થાપના કરે છે.

આ સૂત્રના બહુપુત્રિકા અધ્યયનમાં ઉપરનું વિવેચન સાંગોપાંગ જોવા મળે છે. સાથે સાથે સંસ્કારોની પ્રબળતા અને અતૃપ્ત ભાવનાઓનું પ્રતિક્રિયાત્મક રૂપ તે અધ્યયનમાં દેવભવ રૂપે પણ જોઈ શકાય છે. બીજા પણ કેટલાક અધ્યયનો છે જેમાં વર્ણિત સાધકો સંપૂર્ણ નિર્દોષભાવે સાધના કરી સદ્‌ગતિ પામ્યા છે.

***ટૂંકમાં અમારે એ જ કહેવાનું છે કે આ શાસ્ત્ર વર્ણનોનું ચિંતન મનન કરતાં જૈન સમાજે ખૂબ જ ઉદાર દષ્ટિકોણ કેળવવો જોઈએ. શાસ્ત્રોમાં કદમ કદમ ઉપર ઉદાર દષ્ટિકોણનું જ દર્શન થાય છે. છતાં પણ વર્તમાનમાં કેટલાક "કટ્ટરપંથીઓ" પોતે જૈનધર્મના કે જૈન ઉપાસનાના મોટા ઠેકેદાર હોય તેવી રીતે કટ્ટરતાનું પ્રદર્શન કરી એકબીજા સંપ્રદાયો માટે કે સાધકો માટે હલકા શબ્દોનો પ્રયોગ કરી, હલકા દષ્ટિકોણનું પ્રસારણ કરી, વસ્તુતઃ તેઓ જૈન શાસ્ત્રને તથા જૈન સંસ્કૃતિને જ હાનિ પહોંચાડે છે. શાસ્ત્રોની મૂળ વાતો તો ગ્રંથકાર તથા સંપાદક મંડળ સ્વયં વિવેચન સાથે પ્રગટ કરશે એટલે અહીં સામાન્ય અભિપ્રાય માત્ર પ્રગટ કર્યો છે.***

આગમમનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા. અને અમારા ગોંડલ ગચ્છના મુક્તમણી જેવા મહાસતીજીઓએ જે અથાગ પ્રયાસ શરૂ કર્યો છે અને મૂળ શાસ્ત્રોની સ્પર્શના કરી, ગુજરાતી ભાષામાં ભાવાત્મક અનુવાદ કરી, જૈન સમાજને જે લાભ આપવાની શરૂઆત કરી છે, તેનું વર્ણન અવર્ણનીય છે. સંત સતીજીઓના આ પ્રયાસ અને પરિશ્રમ સામે નતમસ્તક થઈ જવાય છે. શ્રુત સાધના, એ સાધુ જીવનનો મુખ્ય સ્તંભ છે. જેનું નિર્માણ આ કઠિનકાલમાં શરૂ થયું છે તે વસ્તુતઃ બેજોડ કાર્ય છે.

સાધુ–સાધ્વીજીઓ ! આજના યુગમાં આપ સહુએ સંગઠિત થઈ, રાજકોટ જેવા જૈનકેન્દ્રથી અને રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘનો આલંબન લઈ, તેના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠના કુશલ સંરક્ષણમાં સંપૂર્ણ સમાજને નિર્મળ સ્નાન કરાવી શકે તેવી શ્રુતગંગા પ્રવાહિત કરી છે. તેથી અમને ખૂબ જ આનંદ થાય છે. આ શાસ્ત્રોમાં ગોંડલ– ગચ્છનું સંચિત પડેલું **શ્રુત જવાહિર** ઝળકવા માંડ્યું છે. બધા શાસ્ત્રો પ્રગટ થયા પછી આગામી કાળમાં આ કાર્ય ખૂબ જ મહત્વપૂર્ણ ગણાશે. ઈતિહાસનાં પૃષ્ઠો પર તેનું મૂલ્યાંકન અંકિત થશે ત્યારે આપની તપસ્યા અને આ શ્રુત સાધના લાખો લાખ જીવોના કલ્યાણનું નિમિત્ત બનશે.

અંતે આ આગમશ્રેણીનું પ્રકાશન વિસ્તાર પામતું રહે અને સૌના ઉત્તમ ક્ષયોપશમનું પ્રતિબિંબ આગમ સરોવરમાં ઝળકતું રહે તથા આ પ્રકાશન સર્વ વિશ્વવ્યાપી બની રહે, તેવી અંતરની ઊર્મિ સાથે આનંદ મંગલમ્..

**જયંત મુનિ**
પેટરબાર

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

**બોધિ બીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત લીલમ" તણા તારક થયા,**
**ગુરુપ્રાણ, "ઉજમ ફૂલ અંબા" ગુરુણીવર્યાને, વંદન કરું ભાવ ભર્યા.**
**સંપાદન કાર્ય કરવામાં કૃપા વરસાવી, શ્રુતજ્ઞાન બળ પૂરજો,**
**ભાવ પ્રાણ પ્રકાશ કરવામાં, મમ અંતરયામી સદા બની રહેજો.**

સ્વાનુભૂતિ કરવાના જિજ્ઞાસુ વાચક ગણ !

જ્ઞાયકના જ્ઞાનેશ્વરી; પરમદષ્ટિના પારમેશ્વરી; ભેદ જ્ઞાનના અજોડ દાનેશ્વરી; અનંત જ્ઞાની, અનંત દર્શની એવા શ્રી વીતરાગ પરમાત્માની દિવ્ય દેશનાના ઝીલનારા, શ્રુત જ્ઞાનના પારગામી એવા શ્રી ગણધર રચિત પરમાગમ દ્વાદશાંગીની પુષ્ટિ કરતું; સ્થવિર ભગવંતોએ પામર જીવોને પરમાર્થ માર્ગમાં લઈ જવા માટે રચેલું; શ્રી ઉપાંગ સૂત્ર–નિરયાવલિકાદિ પંચક વર્ગ સંપુટનો ગુજરાતી અનુવાદ દેવ, ગુરુ, ધર્મ પસાયે, પંચ પરમેષ્ઠિના મંગલ સ્મરણના નિર્મળ શ્રદ્ધા બળે અને શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીના ૨૬૦૦મા અવતરણ અભિષેક અવસરે ગુરુ, ગુરુણી દેવોના કૃપા બળે, ગોંડલ ગચ્છ શિરોમણી જયંત ગુરુવર્યના પ્રેરક અનુગ્રહ બળે, તેમની જ નેશ્રા અનુજ્ઞા બળે, આપ સમક્ષ પ્રગટ કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

પ્રસ્તુત ઉપાંગસૂત્ર સંપુટમાં ધર્મકથાનુયોગની ખુશ્બુ મઘમઘે છે. તદાકાલે સાક્ષાત્ ચોવીસમાં ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામી પાસે ભક્તિ કરવા દેવો તથા દેવીઓ આવે છે. પ્રભુના દર્શન કરીને, પોતાની ઋદ્ધિનું દર્શન કરાવી રવાના થાય છે. ત્યારે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે. ભગવન્ ! એ કોણ હતા ? અને એમનો મોક્ષ કયારે થશે ? છકાય જીવોના રક્ષક અણગાર, શીઘ્ર સ્વ–પરના બંધન તૂટે અને મોક્ષ મળે તેવી ભાવનાથી ભરેલ, ભક્તિ સભર હૃદયવાળા, ચૌદપૂર્વી, ચાર જ્ઞાનના ધારક, ઈન્દ્રભૂતિ અણગાર ગણધર ગૌતમ સ્વામી નાભિના અવાજથી આવો પ્રશ્ન પૂછે છે ત્યારે....

તેના જવાબમાં કર્મની વિચિત્રતા ભરેલું, મોહ સામ્રાજ્યના સમ્રાટ રાગકેસરી રાજાના કેદી થયેલા, દ્વેષ યુવરાજના હાથથી બંધાયેલા, બાવન આત્મામાંથી કેટલાક આત્માઓનું રોમાંચક કથાનક ભગવાન સ્વયં શ્રીમુખેથી કહે છે. તો કેટલાક આત્માઓનું

વૈરાગ્યપૂર્વક ગ્રહણ કરેલ સંયમી જીવન પણ કહે છે. તે ધર્મકથાઓ આ ઉપાંગ સંપુટમાં સ્થવિર ભગવંતોએ ભરેલ છે.

આ ઉપાંગ શાસ્ત્રના પાંચ વર્ગ છે. પ્રથમ વર્ગ નિરયાવલિકા, બીજો વર્ગ કલ્પાવંતસિકા, ત્રીજો વર્ગ પુષ્પિકા, ચોથો વર્ગ પુષ્પચૂલિકા, પાંચમો વર્ગ વૃષ્ણિ દશા.

પહેલો વર્ગ નિરયાવલિકા હોવાથી આ ઉપાંગ સૂત્રનું નામ નિરયાવલિકા રૂપે પ્રચલિત થયું છે. તે નિરયાવલિકા પદ બે શબ્દથી બને છે. નિરય+આવલિકા. નિરયનો અર્થ છે નરક, આવલિકાનો અર્થ છે પંક્તિ; પૂર્ણ અર્થ થાય છે– નરકમાં જનારા જીવોનું પંક્તિબદ્ધ વર્ણન. જીવો પાપ કેમ બાંધે છે ? મનુષ્યભવ હારી જઈને અધોલોકમાં દસ પ્રકારની વેદના ભોગવવા માટે જીવોને નારકી કેમ થવું પડે છે ? તેની વાત શાસ્ત્રકાર પ્રથમ કરે છે.

## પ્રથમ, દ્વિતીય વર્ગ : નિરયાવલિકા, કલ્પવતંસિકા :-

તે પહેલા વર્ગનાં દસ અધ્યયનોનું આપણે ઊંડાણપૂર્વક અવલોકન કરતાં નિરીક્ષણ કરશું. આ જીવ, અનાદિકાળથી મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગથી અનુરંજિત થઈ; કર્મધારી હોવાથી જડ નથી છતાં એ જડ જેવો બની ગયો છે. રાગ કેસરી રાજાના રાજ્યમાં રહેવાથી તેના બંધનમાં બંધનગ્રસ્ત હોવાથી, તેનો જ મહાવરો હોવાથી તેવા સંસ્કારથી વાસિત થઈ ગયો છે. તે છે તો આત્મા, પરમ પારિણામિક ભાવથી ભરેલો, પરંતુ તેણે ભાવ ચેતનાનો વિકાસ ન કરતાં કર્મચેતનાનો વિકાસ કર્યો છે, તે પણ શુદ્ધ પારિણામિક ભાવની એક અશુદ્ધ–વૈભાવિક અવસ્થા છે. જીવ દ્રવ્યે નિત્ય હોવા છતાં પર્યાયે અનિત્ય છે. તે પણ બે રીતે વિભાજિત થાય છે– શુભ અને અશુભ. શુભ કર્મના સંયોગથી સારી વૃત્તિના પરિણામ હોય ત્યારે શુભ નિમિત્તનો સંયોગ પ્રાપ્ત થતાં શુભકર્મ બંધાય છે અને અશુભ કર્મના ઉદયથી નરસી વૃતિના પરિણામે હોય ત્યારે અશુભ સંયોગનું નિમિત્ત મળતા અશુભ કર્મ બંધાય છે. તે કર્મબંધની સ્થિતિ પરિપક્વ થતાં, તેનાં ફળો ઉદિત થાય છે. તેમાંથી કર્મ પ્રમાણે જીવના અધ્યવસાય આંદોલિત થાય છે. તે જીવની સામે જેવા નિમિત્તથી જેવું જીવાજીવની સાથે બાંધેલું કર્મ હોય તેવું હાજર થાય છે. તેના આશ્રયે રહીને, જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જઈને નવા કર્મ ઉપાર્જન કરે છે. વૃત્તિ પાપમય હોય ત્યારે તેનું પોષણ કરનાર વ્યક્તિ કે વસ્તુ ઉપસ્થિત થઈ જાય છે. તેની સહાયથી આ ભવમાં, પરભવમાં કે ભવોભવમાં જીવ જૂના કર્મ સાથે નવા કર્મનો બંધ પાડે છે. આ છે જીવની અનાદિકાળની દયનીય સ્થિતિ. તે

સ્થિતિનો પૂર્ણ ચિતાર આ અધ્યયનમાં જોવા મળે છે.

રાજા શ્રેણિક અનાથી મુનિવરના સમાગમે બોધ પામ્યા હતા. ત્યાર પછી તેને ભગવાન મહાવીર સ્વામી મળ્યા તેમના સમાગમે અવિહડ શ્રદ્ધા બળે, તીર્થંકર નામકર્મ બાંધવાના વીસ બોલની યથાયોગ્ય આરાધના કરતાં તેણે તીર્થંકર નામકર્મ બાંધ્યું. તે પહેલાં ક્યારેક એક તાપસને પારણાનું આમંત્રણ આપી અને ભૂલી ગયા હતા; બે થી ત્રણ વાર આવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ હતી. તાપસનો અભિગ્રહ ફળ્યો નહોતો તેથી તે ક્રોધે ભરાણો અને સંથારો લઈ તેમાં રાજા શ્રેણિક પ્રત્યે નિયાણુ કરી મૃત્યુ પામ્યો. તે નિયાણાના પ્રભાવે તે ચેલણાની કુક્ષીએ કોણિક બની અવતાર પામી ગયો. નિદાન કરીને આવ્યો હતો તેથી તેની કલુષિત લોભવૃત્તિ પ્રગટ થઈ, પૂર્ણ આત્મા લોભ કષાયમાં ઘેરાણો.

વૃત્તિનું કોકડું આકાશ જેવડું લાંબુ અને પૃથ્વી જેવડું પહોળું હોય છે. અશુદ્ધ પારિણામિક ભાવમાં તે નાનું થઈને બેઠું છે. તે કોકડું ઉખળે છે ત્યારે સાગરના તોફાનની જેમ મોજા ઉછાળે છે, અનેકની ઉથલ પાથલ કરી નાંખે છે. કોણિકે પેંતરો રચ્યો. નાના ભાઈઓને પાસે બોલાવી તેઓને લાલચમાં લપટાવ્યા. લલચાવેલા ભાઈઓને આ બધું ગમી ગયું.

પિતાજી **કાળ** પામી જાય તો જલદી ગાદી મળે તેવી દુષ્ટ વૃત્તિનો ચેતનના આંગણે **સુકાલ** થયો. પિતાજી વૃદ્ધ થયા છે, મૃત્યુ પામતા નથી તો હવે **મહાકાળ** બની તેનું છિદ્ર જોયા કરું તેવી મલિન–કાળી **કૃષ્ણ** લેશ્યાથી લેપાયો. અતિ **સુકૃષ્ણ** વર્ણના પુદ્ગલો ગ્રહણ કરીને **મહાકૃષ્ણ** લેશ્યાવાળો બની ગયો, તેનું હીર–નીર **વીરકૃષ્ણ** લેશ્યામય બની આર્તધ્યાનની ધુણી ધગાવતો કોણિકનો આતમ **રામકૃષ્ણ** લેશ્યા સહિત રૌદ્ર– ધ્યાનમાં લીન બની **પિતૃ** મરતા નથી તો તેમને કેદમાં પૂરવા, ગાદી ઉપરથી હટાવવા **મહાકૃષ્ણ** લેશ્યામય બુરખો ઓઢીને પરાક્રમ કરું, તેવી મલીન ક્રૂર ભાવનાથી ઉપરોક્ત દસે ય ભાઈઓનો સાથ સાધી કાર્ય કરવા તત્પર બન્યો. આ રીતનો પાપમય સહિયારો સાથ મળતાં કાર્ય સિદ્ધ કર્યું. રાજા શ્રેણિકને નાનકડી ભૂલના પરિણામે પાછલી ઉંમરે કેદમાં પૂરાઈ, મૃત્યુ પામી, કાપોત લેશ્યાના ભાવમાં પહેલી નરકે જવું પડ્યું. આ છે ગહન ગતિ કર્મની.

રાજ્યગાદી ઉપર રાજા કોણિક આવ્યા અને રાજ્યના અગિયાર ભાગ પાડી ભાઈઓ રહેવા લાગ્યા પરંતુ લોભવૃત્તિનું મોજું વિશેષ ઉછળ્યું. ઉછળતાં ઉછળતાં વાવાઝોડું સર્જાયું. તેમાં પણ પદ્માવતી રાણીની ઈર્ષાએ વડવાનળ સળગાવ્યો. નાના

સ્થિતિનો પૂર્ણ ચિતાર આ અધ્યયનમાં જોવા મળે છે.

રાજા શ્રેણિક અનાથી મુનિવરના સમાગમે બોધ પામ્યા હતા. ત્યાર પછી તેને ભગવાન મહાવીર સ્વામી મળ્યા તેમના સમાગમે અવિહડ શ્રદ્ધા બળે, તીર્થંકર નામકર્મ બાંધવાના વીસ બોલની યથાયોગ્ય આરાધના કરતાં તેણે તીર્થંકર નામકર્મ બાંધ્યું. તે પહેલાં ક્યારેક એક તાપસને પારણાનું આમંત્રણ આપી અને ભૂલી ગયા હતા; બે થી ત્રણ વાર આવી પરિસ્થિતિ સર્જાઈ ગઈ હતી. તાપસનો અભિગ્રહ ફળ્યો નહોતો તેથી તે ક્રોધે ભરાણો અને સંથારો લઈ તેમાં રાજા શ્રેણિક પ્રત્યે નિયાણુ કરી મૃત્યુ પામ્યો. તે નિયાણાના પ્રભાવે તે ચેલણાની કુક્ષીએ કોણિક બની અવતાર પામી ગયો. નિદાન કરીને આવ્યો હતો તેથી તેની કલુષિત લોભવૃત્તિ પ્રગટ થઈ, પૂર્ણ આત્મા લોભ કષાયમાં ઘેરાણો.

વૃત્તિનું કોકડું આકાશ જેવડું લાંબુ અને પૃથ્વી જેવડું પહોળું હોય છે. અશુદ્ધ પારિણામિક ભાવમાં તે નાનું થઈને બેઠું છે. તે કોકડું ઉખળે છે ત્યારે સાગરના તોફાનની જેમ મોજા ઉછાળે છે, અનેકની ઉથલ પાથલ કરી નાંખે છે. કોણિકે પેંતરો રચ્યો. નાના ભાઈઓને પાસે બોલાવી તેઓને લાલચમાં લપટાવ્યા. લલચાવેલા ભાઈઓને આ બધું ગમી ગયું.

પિતાજી **કાળ** પામી જાય તો જલદી ગાદી મળે તેવી દુષ્ટ વૃત્તિનો ચેતનના આંગણે **સુકાલ** થયો. પિતાજી વૃદ્ધ થયા છે, મૃત્યુ પામતા નથી તો હવે **મહાકાળ** બની તેનું છિદ્ર જોયા કરું તેવી મલિન–કાળી **કૃષ્ણ** લેશ્યાથી લેપાયો. અતિ **સુકૃષ્ણ** વર્ણના પુદ્ગલો ગ્રહણ કરીને **મહાકૃષ્ણ** લેશ્યાવાળો બની ગયો, તેનું હીર–નીર **વીરકૃષ્ણ** લેશ્યામય બની આર્તધ્યાનની ધુણી ધગાવતો કોણિકનો આતમ **રામકૃષ્ણ** લેશ્યા સહિત રૌદ્ર– ધ્યાનમાં લીન બની **પિતૃ** મરતા નથી તો તેમને કેદમાં પૂરવા, ગાદી ઉપરથી હટાવવા **મહાકૃષ્ણ** લેશ્યામય બુરખો ઓઢીને પરાક્રમ કરું, તેવી મલીન ક્રૂર ભાવનાથી ઉપરોક્ત દસે ય ભાઈઓનો સાથ સાધી કાર્ય કરવા તત્પર બન્યો. આ રીતનો પાપમય સહિયારો સાથ મળતાં કાર્ય સિદ્ધ કર્યું. રાજા શ્રેણિકને નાનકડી ભૂલના પરિણામે પાછલી ઉંમરે કેદમાં પૂરાઈ, મૃત્યુ પામી, કાપોત લેશ્યાના ભાવમાં પહેલી નરકે જવું પડ્યું. આ છે ગહન ગતિ કર્મની.

રાજ્યગાદી ઉપર રાજા કોણિક આવ્યા અને રાજ્યના અગિયાર ભાગ પાડી ભાઈઓ રહેવા લાગ્યા પરંતુ લોભવૃત્તિનું મોજું વિશેષ ઉછળ્યું. ઉછળતાં ઉછળતાં વાવાઝોડું સર્જાયું. તેમાં પણ પદ્માવતી રાણીની ઈર્ષાએ વડવાનળ સળગાવ્યો. નાના

પામી ગયા. તેનું વિશદ વર્ણન આ બીજા વર્ગના દસ અધ્યયનમાં છે. આ વર્ગમાંથી હિત શિક્ષા એ જ પ્રાપ્ત થાય છે કે શ્રેણિક રાજાના પૌત્ર દુર્દશાવાળી ઘટનાના ઘટક નહીં બનતાં માતાપિતાની આજ્ઞા લઈ ભગવાન મહાવીર પાસે જઈ ધર્મધ્યાનની આહલેક જગાડી દીધી, તેથી તરી ગયા. તેઓ સુખમાં સુખ ભોગવતાં દેવલોકનો ભવ પૂર્ણ કરી, મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને મોક્ષ પામશે.

## ત્રીજો વર્ગ : પુષ્પિકા :-

પ્રસ્તુત સૂત્રમાં ત્રીજો વર્ગ છે 'પુષ્પિકા'. તેના પણ દસ અધ્યયન છે. પુષ્પ માત્ર એક જ ન હોય, અલગ અલગ છોડના અલગ અલગ પુષ્પ હોય છે. તેમ આ વર્ગના દસે દસ અધ્યયનના નાયક જુદા–જુદા સ્થળે સાધના સાધી, સંયમ વિરાધી કોઈ ચંદ્ર કે સૂર્ય કે શુક્ર વગેરે બને છે. આ વર્ગના અધ્યયનોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરતાં ખ્યાલ આવે છે કે સાધના શ્રાવકોની હોય અથવા સાધુ–સાધ્વીની હોય પણ તેના વિચારોનો પલટો કેમ થાય છે; કયારેક ઉલટા વિચાર કરનાર દેશ વિરતિ શ્રાવક સમકિત ભ્રષ્ટ બની, સંત સમાગમ નહીં મળવાથી સત્સંગ ભૂલી, કુસંગમાં રંગાઈ, ફળ–ફૂલ–કંદ ખાનાર તાપસ બની જાય છે. તેને પણ દેવ આવી, દુઃપ્રવ્રજ્યા કહી, વારંવાર સંબોધન કરી પાછા સુપ્રવ્રજિત કરે છે. આ છે ખૂબી પ્રભુ પારસનાથ દેવાધિદેવના શાસનની. બલિહારી હો જૈન શાસનની. દેવો પણ પ્રભુના શાસનની રક્ષા કરે છે અને ભૂલા પડેલા ઉન્માર્ગે જતાં શ્રાવક–સાધુ ભગવંતોને પ્રેરણા આપી પાછા સંયમ સ્થાનમાં સ્થિર કરે છે. ત્રીજા વર્ગના ત્રીજા અધ્યયનનું આ વર્ણન વિચારણીય, ચિંતનીય, મનનીય છે. ખુદ પાર્શ્વનાથ ભગવાનની સમીપે સોમિલ બ્રાહ્મણે છળપૂર્વક પ્રશ્ન કર્યા પરંતુ જવાબ કેવળ જ્ઞાનીના સચોટ સાચા મળ્યા, તેથી બોધ પામી દેશવિરતિ શ્રમણોપાસક બની ગયા. તેઓ અવસરે પડિવાઈ થયા, દેવે સ્થિર કર્યા અને જ્યોતિષી દેવમાં શુક્ર નામના દેવ થયા.

આ વર્ગના ચોથા અધ્યયનમાં એક અતૃપ્ત વાસનાથી વાસિત આત્માનું વર્ણન છે. તે માતૃત્વના યોગે બાળકોની ક્રીડા વગેરેમાં સાધક દશા ગુમાવી, સ્વાધ્યાય છોડી, સંયમ વિરાધી, બહુપુત્રિકા દેવી થઈ, મનુષ્યાણીમાં આવીને કેવી વિચિત્ર દશા પામે છે; તે હુબહુ ચરિત્રને ચરિતાર્થ કરનાર નાનકડું અધ્યયન દાદ માંગી લે છે;. વામનમાં વિરાટતા સમાયેલી છે. અહીં આ રીતે દસેદસ અધ્યયનનો વિસ્તાર વાંચી વિચારી, બોધ પ્રાપ્ત કરી, જીવનને અર્હં ધૂનથી અંગે અંગમાં, હાડે હાડની મજ્જામાં વાસિત કરીએ તો **'ચંદ્ર'** સમી શીતલતા **'સૂર્ય'** સમી તપની તેજસ્વિતા પ્રગટ થાય અને પોતાના

**'શુક્ર'** અર્થાત્ વીર્યનો પ્રયોગ **'બહુપુત્રિકા'**રૂપ મોહ સંતતિ હાસ્ય, ક્રીડા કુતૂહલ ઉત્પન્ન કરનાર નોકષાય મોહનીય નાશ કરવામાં જો થાય તો **પૂર્ણ** શુદ્ધ, સહજ સુખવાળો હું આત્મા છું તેવું ભાન સહજમાં થાય. તે ભાન દ્વારા**'મણિ** તુલ્ય ભદ્ર પરિણામે મળેલા માનવભવની સાર્થકતા સાધવા ધર્મમાં **'દત્ત'** ચિત્તવાળો થાય, તેમજ **શિવ** ગતિને વરવા ધૈર્ય કેળવી સમ્યગ્ **બળ** પુરુષાર્થ ઉપાડી **'અનાદૃત'** કાળજાને **આદૃત** કોમળ દયામય બનાવી વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરે ત્યારે જ અનંત ગુણોની પુષ્પિકા ચેતનના આંગણામાં પાંગરી જાય.

ઉપરોક્ત દસે દસ અધ્યયનના નામ વાક્યમાં વણી લીધા છે; તે જુદા જુદા સ્થળના દેવ–દેવી છે. તે બધા પ્રભુ પાર્શ્વનાથના શાસનકાળમાં થયેલા છે. તેમની પૂર્વભવની કથા ભગવાન મહાવીરે વર્ણવી છે. તે કથા સાંભળી ગૌતમે પ્રશ્ન કર્યો છે કે પ્રભુ ! તેઓનો મોક્ષ કયારે થશે ? તેના જવાબમાં પ્રભુએ કહ્યું છે– મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યભવ પામી, સંયમ આરાધના દ્વારા કર્મક્ષય કરી મોક્ષપ્રાપ્ત કરશે.

## ચોથો વર્ગ : પુષ્પચૂલિકા :-

આ વર્ગના દસ અધ્યયનો છે. તે દસ અધ્યયનના જીવોએ મનુષ્ય જન્મમાં સ્ત્રી વેદ પ્રાપ્ત કર્યો છે. સુકોમળ અંગવાળી કાયાની માયા કેવી હોય છે. માયા માત્ર રાગમાંથી જન્મ ધારણ કરે છે. રાગ સંપૂર્ણ સંસારનું બીયારણ છે. રાગમાં જ દ્વેષની આગ ભારેલી છે. રાગની રાખ જરાક દૂર થાય કે દ્વેષની આગ પ્રગટ થાય છે. આ રીતે સંસાર વૃદ્ધિ પામતાં, નવા દેહ ધારણ કરતા હોવાથી તેના અધ્યાસ (લક્ષ્ય)વધતાં જીવ શરીર સૌંદર્યમાં જ સર્વ સુખ માને છે.તેવું કાયાની માયાનું વર્ણન આ અધ્યયનમાં જોવા મળશે. જેને શરીર બાકુશી નામથી નવાજવામાં આવેલ છે. પ્રભુ મહાવીરના દર્શન કરવા દસ દેવીઓ આવે છે. ત્યારે ગૌતમ સ્વામી પ્રશ્ન કરે છે અને પ્રભુ તેના પ્રત્યુતરમાં એમ કહે છે કે હે ગૌતમ ! દસ દેવીઓએ પૂર્વભવમાં પુરુષાદાનીય પ્રભુ પાર્શ્વનાથના શ્રી મુખે દીક્ષા ધારણ કરેલી અને પુષ્પચૂલિકા પ્રમુખ આર્યાજીના હાથમાં શિક્ષિત થયેલી તે દસ બા. બ્ર. સુશિષ્યા હતી.

દેવાધિદેવ જેવા જેને નાથ મળ્યા, ઉચ્ચ કોટિનું ચારિત્ર મળ્યું, છત્ર છાયા આપે તેવા પૂષ્પચુલ્લાનું શરણ ચરણ પ્રાપ્ત થયું. અગિયાર અંગશાસ્ત્રના પાઠી થયાં. ઉપવાસ છઠ અટ્ઠમ વગેરે તપ ઘણા કર્યાં તેમ છતાં એક કાયાની માયાએ ભાન ભૂલાવ્યું. તે શરીરની સફાઈ કરવા લાગી, હાથ–પગ મુખ ધોવું, ગુહ્ય સ્થાનો સાફ કરવા, જે જગ્યા

પર બેસે ત્યાં પાણી છાંટવું વગેરેની ક્રિયા, તેની ગુપ્તિ ધારણ કરવામાં બાધક બની ગઈ. ગુરુણીની હિત શિક્ષા તેના હૈયામાં ન વસી. તેથી એકલી રહેવા લાગી. સ્વછંદી બનતાં પાપની આલોચના ન કરતાં, ચારિત્ર વિરાધક બનવાના કારણે તે સર્વે પહેલા દેવલોકમાં એક પલ્યોપમની સ્થિતિવાળી દેવીઓ બની ગઈ છે. ગૌતમસ્વામીએ પુનઃ પ્રશ્ન કર્યો– પ્રભુ ! તેમનો મોક્ષ થશે ? હા, ગૌતમ ! મનુષ્ય ભવ પામીને તે મોક્ષમાં અવશ્ય જશે.

આ અધ્યયનનો મર્મ એ જ છે કે શરીર બાકુશી નહીં બનતા મળેલી દીક્ષાને દિવ્ય બનાવવા ત્યાગ વૈરાગ્યપૂર્વક જીવન વીતાવવા અને કેવળજ્ઞાનરૂપ **શ્રી** પામવા **હ્રી** (લજ્જા)મય નેત્ર બનાવી, **ધી**(બુદ્ધિ)ને સ્થિર કરી, **કીર્તિ**ની કામના કર્યા વિના **બુદ્ધિ**ને સ્વ સ્વરૂપમાં જોડી, મનને **લક્ષ્મી**ની લાલચથી મુક્ત રાખી, **ઈલા** સમાન ક્ષમા સહિષ્ણુતા કેળવી, બે **સુરા** શબ્દ **રસ** અને **ગંધ** ઉપર વિજય મેળવી દૈવિક ભાવથી આત્માને ભાવિત કરતાં સંયમને સાર્થક સુસફલ બનાવવો જોઈએ.

પહેલાંના બે વર્ગનાં કથા નાયકોના વાહક પ્રભુ મહાવીર છે તો પછીના બે વર્ગનાં કથા નાયકોના વાહક પ્રભુ પાર્શ્વનાથ છે. આ રીતે ચાર વર્ગ પૂરા થતાં વ્યુત્ક્રમથી પ્રાપ્ત બાવીસમાં તીર્થંકર અરહંત અરિષ્ટનેમિના શાસન દીક્ષિત તેઓના જ વૃષ્ણિકુળ ના મુક્તાત્માઓના વર્ણનનો પ્રારંભ પાંચમા વર્ગમાં થાય છે.

## વર્ગ પાંચમો : વૃષ્ણિદશા :–

આ પાંચમો વર્ગ વૃષ્ણિદશા નામનો છે. તેમાં સર્વજીવો પ્રતિ વાત્સલ્યની ગંગા વરસાવતું, યથાર્થ આરાધકભાવથી વાસિત થતું, બાર અધ્યયનમય વર્ણન છે.

તે અધ્યયનોમાં ચારિત્ર નાયકના વાહક, શાસક, શાસનપતિ યદુકુલભૂષણ અરિષ્ટનેમી બાવીસમાં તીર્થંકર પરમાત્મા છે. તેમને પ્રશ્ન પૂછનાર મુનિપુંગવ ગણધર ભગવંત શ્રી વરદત્ત મુનિરાજ છે.

ભગવાન નેમનાથના દર્શન કરવા આવનાર પુણ્યશાળી આત્માઓ જ્યારે દેશવિરતિપણું ધારણ કરે છે ત્યારે તેમને માટે પ્રશ્ન થયા છે. પ્રભુએ તેના જવાબમાં પૂર્વભવની કથા સંભળાવી છે; કયા કારણે જીવ ક્યાં જાય તે વાત સમજાવી સમસ્યાનું સમાધાન કર્યું છે. ધાર્મિક, માર્મિક વાતો આ અધ્યયનમાં દર્શાવવામાં આવી છે. તે બાર આત્માને વાક્યમાં ઉપસાવી સંક્ષિપ્તસાર કહીશ. વધુ વિસ્તારનું આ આગમમાંથી વાચકવર્ગે વાંચન કરી લેવું. આ બધા આત્માઓ હળુકર્મી પુણ્યશાળી પુરુષો છે, જેથી તેઓએ સંસારવર્ધક ક્રિયાઓનો **નિષધ** કરી, કષાયરૂપ **માયની**ને મારી, સુખા **વહ**

તથા વીર મુખે વહેતી જિનવાણીના માર્ગમાં **'પ્રગતા'** થઈ જ્ઞાનની **યુક્તિ** મેળવીને, દસવિધ યતિ ધર્મના **દશરથ** માં બેસી, અસ્થિર મનરૂપ ઘોડાને યમ નિયમની લગામ દ્વારા **દઢરથ**માં જોડી, સંયમ યાત્રાનું પૂર્ણ પાલન કર્યું, કષાયો સામે દ્વંદ્વ ખેલવા મહાવ્રતરૂપ **મહાધન્વા** બની કેસરીયા કર્યા. પાંચ ઈન્દ્રિયના વિષયને જીતવા, આહાર સંજ્ઞાને નાથવા સપ્ત પિંડૈષણારૂપ **સપ્ત ધન્વા** બની આસક્તિને વીંધી નાંખી. પ્રમાદને પતિત કરવા દસ સમાચારીના **દશ ધન્વા** બની આઠમદ, નિદ્રા અને વિકથાની કંચુકીને ભેદી નાંખી. જ્યારે મોહરાજાએ હુમલો કર્યો ત્યારે **શતધન્વા** બની ભવોભવના અશુભ કર્મના સુભટોને જમીન દોસ્ત કર્યા, અણારંભી શુભ પુણ્યના પુંજને એકઠા કરી, કાળના અવસરે સંલેખનાપૂર્વક કાળધર્મ પામી, જેના સર્વ અર્થ સિદ્ધ એવા સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરી, દીક્ષા ગ્રહણ કરી, પરમ શુદ્ધ પારિણામિક ભાવ જાગૃત કરી, અપ્રમત દશા પ્રાપ્ત કરી, ક્ષપક શ્રેણિ માંડી, ધૈર્યનું ધનુષ્ય ધારણ કરી, મોહરાજાના રાજ્યમાં પ્રલયકાળ સર્જી સંપૂર્ણ સંસારના જન્મ મરણની જંજાળને ટાળી નાંખશે.

આ પાંચ વર્ગાત્મક ઉપાંગ સૂત્રમાં પહેલાં નરકનું વર્ણન, ત્યાર પછી દેવલોકનું વર્ણન, ત્યાર પછી જ્યોતિષી દેવોનું વર્ણન, ત્યારપછી પ્રથમ વૈમાનિક દેવલોકમાં દેવીઓને ઉત્પન્ન થવાનું વર્ણન અને અંતે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થવાનું વર્ણન કર્યું છે. આ રીતે કર્મના ભારથી ભરેલો જીવ અધોગતિવાળો હોય તેથી અધોલોકથી લઈને ઉર્ધ્વલોક સુધીનું વર્ણન કરતાં સૂત્રકારે પાપની પંક્તિ પ્રથમ દર્શાવી ત્યાર પછી પુણ્યની પંક્તિ દર્શાવી છે.

પ્રસ્તુત સૂત્ર વાંચનમાં બહુ અલ્પ છે. પરંતુ તેમાં સાંયોગિક, આર્થિક, સામાજિક, કૌટુંબિક સમસ્યાને હલ કરવાનું સામર્થ્ય ભરચક ભર્યું છે. આ સૂત્ર વિવિધ આશ્વાસન આપવાની તાકાત ધરાવે છે. તેમજ આ શાસ્ત્ર શારીરિક બીમારીને તથા જન્મ, મરણ રૂપને આત્મ દુઃખોને નાશ કરવાનું ઔષધ અને આત્મશુદ્ધિ રૂપ સંજીવની જડીબુટ્ટી છે. આત્મબંધુ ! આ શાસ્ત્રનું જે પ્રમાણે તમે મનન કરશો અને ઉપયોગ કરશો તે પ્રમાણે ઉપયોગી બનશે. અસ્તુ શુભં ભવતુ.

## આભાર : સાધુવાદ : ધન્યવાદ :–

પ્રસ્તુત આગમના અનુવાદિકા છે અમારા પ્રશિષ્યા દઢ મનોબળી દીર્ઘ અને ઉગ્ર તપસ્વિની શ્રમણી વિદ્યાપીઠની વિદ્યાર્થિની વિદુષી કિરણબાઈ મ. જેમણે અનુવાદ

સ્વાધ્યાય કરવાનો જે પુરુષાર્થ ઉપાડ્યો તે ઘણો ઘણો પ્રશંસનીય છે. હું તેઓની કદર કરું છું, ધન્યવાદ આપી ભૂરી ભૂરી પ્રશંસા કરું છું અને શુભ કામના કરતાં કહું છું કે તમે આગમનું ઊંડું અવલોકન કરી, અરિહંત બની જવા નિર્બાધ સંયમ યાત્રાનું નિર્વહન કરતા રહો, એ જ ભાવના.

આ આગમને સુશોભિત બનાવનાર, આગમના પાઠ પ્રમાણે વાસ્તવિક અર્થ કરી સુંદર હાર્દના ભાવભરી અલંકૃત કરનાર સમયજ્ઞ આગમમનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને શતકોટિ વંદના.

સહ સંપાદિકા ડૉ. વિદુષી સાધ્વી **આરતીશ્રી** એવં વિદુષી સાધ્વી **સુબોધિકાશ્રી**ને અનેકશઃ ધન્યવાદ. અમારા આ આગમ અવગાહન કરાવનાર સહયોગી દરેક સાધ્વીવૃંદને સાધુવાદ.

શ્રમણોપાસક મુકુંદભાઈ, ધીરૂભાઈ વગેરેને ધન્યવાદ. પ્રકાશન સમિતિના માનદ સભ્ય શ્રી પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવથી ભરેલા ભામાશા શ્રીયુત **રમણિકભાઈ** અને આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢસંકલ્પી તપસ્વિની વિજયાબેન તથા ભક્તિસભર શ્રી માણેકચંદ ભાઈ શેઠના સુપુત્ર નરબંકા રોયલપાર્ક સ્થા. જૈન સંઘના યુવાપ્રમુખશ્રી **ચંદ્રકાંતભાઈ શેઠ** તથા કાર્યાન્વિત સર્વ સભ્યગણો, કાર્યકર્તાઓ, મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા તેમના સહયોગી રામાનુજભાઈ, જીજ્ઞેશભાઈ, નીતાબેન અને સાબીરભાઈ અને આગમના દાનદાતાઓ વગેરેને અભિનંદન સાથે અનેકશઃ ધન્યવાદ.

આ આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા, પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશક, સંપાદકોને આભારસહ અનેકશઃ સાધુવાદ.

આગમ અવગાહન કરવામાં ઉપયોગ શૂન્યતાના યોગે ત્રુટી રહી જવા પામી હોય, જિનવાણી વિરુદ્ધ લખાયું કે છપાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્......

***વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માંગુ પુનઃ પુનઃ ક્ષમાપના.***
***મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના.***

**પ. પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ. ના**
**સુશિષ્યા – આર્યા**
**લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

અનાદિકાળના અનંતાનંત જીવોના પરિભ્રમણમાં અનંતકાળે અનંતાનંત જીવોમાંથી કોઈ એકાદ જીવને જિનવાણી શ્રવણનો યોગ મળે છે. તેવા અનંત જીવોમાંથી કોઈ એકાદ જીવને જિનવાણી શ્રવણ પછી તેની શ્રધ્ધા પ્રગટ થાય છે. જિનવાણીનું શ્રવણ કર્યા પછી તે ભાવોને સમજીને આગમ સંપાદનના માધ્યમથી જન-જન સુધી પહોંચાડવા મળે તે ખરેખર અમારા માટે પરમ સૌભાગ્ય છે... આ એક સોનેરી તક છે. ગુરુકૃપાએ આ તક અમોને સાંપડી અને અમે અત્યંત પ્રસન્નભાવે શ્રધ્ધાપૂર્વક તકને વધાવી તે દિશામાં ગતિશીલ બન્યા.

ક્રમશઃ એક પછી એક આગમનું સંપાદન કરતાં શ્રી નિરયાવલિકા સૂત્રનું સંપાદન કરવાનો સુઅવસર આવ્યો. કથાનુયોગ પ્રધાન શ્રી નિરયાવલિકા સૂત્ર નામથી પ્રસિધ્ધ આ આગમમાં પાંચ ઉપાંગ સૂત્રોનો સમાવેશ થાય છે.

શાસ્ત્રપાઠ અનુસાર આ શાસ્ત્રનું નામ 'ઉપાંગસૂત્ર' છે અને નિરયાવલિકા, કલ્પવતંસિકા, પુષ્પિકા, પુષ્પચુલિકા અને વૃષ્ણિદશા, આ પાંચ તેના વર્ગ છે. समणेणं भगवया महावीरेणं... उवङ्गाणं पंच वग्गा पण्णत्ता, तं जहा... णिरयावलियाओ...

સમય વ્યતીત થતાં આ પાંચ વર્ગ ભિન્ન ભિન્ન પાંચ આગમ રૂપે પ્રસિધ્ધ થઈ ગયા છે. બાર ઉપાંગ સૂત્રોની ગણનામાં આ પાંચે વર્ગની પાંચ આગમ રૂપે ગણના થઈ છે. સંપાદન દરમ્યાન પ્રશ્ન થયો કે આ શાસ્ત્રને આપણે કયુ નામ આપવું ? સંપાદક મંડળે સાથે મળીને વિચારણા કરીને નિર્ણય કર્યો કે શાસ્ત્રના પાઠ અનુસાર મૂળભૂત 'ઉપાંગ સૂત્ર' નામ જળવાઈ રહેવું જોઈએ તેથી શાસ્ત્રની ઉપર 'ઉપાંગ સૂત્ર' લખીને તેની નીચે પરંપરાથી પ્રચલિત 'શ્રી નિરયાવલિકા સૂત્ર' લખ્યું છે. આ રીતે શાસ્ત્રોની મૌલિકતા અને પરંપરાનો સમન્વય કર્યો છે.

પ્રથમ વર્ગ - શ્રી નિરયાવલિકા સૂત્રમાં માતા ચેલ્લણાના દોહદનું વર્ણન છે તેમાં उयरवलिमंसेहि - ઉદરાવલિમાંસ અર્થાત્ 'પેટના અંદરના આંતરડા' શબ્દનો પ્રયોગ છે.

પરંતુ અર્ધમાગધી કોષમાં આ શબ્દનો અર્થ 'કલેજાનું માંસ' કર્યો છે. ટીકાકારે આ શબ્દનો અર્થ કર્યો નથી. પરંપરામાં આ અર્થ જ પ્રચલિત છે. તેમ જ ચેલ્લણારાણીને રાજા શ્રેણિકના કલેજાનું માંસ ખાવાનો દોહદ થયો હતો તથાપ્રકારની કથા પ્રચલિત છે તેથી અમે પણ પ્રચલિત અર્થને સ્વીકાર્યો છે.

કલ્પવતંસિકા આદિ ચારે વર્ગમાં ક્રમશઃ દશ, દશ, દશ, બાર અધ્યયન છે. દરેક અધ્યયનોમાં એક-એક વ્યક્તિના પૂર્વ-પશ્ચાદ્ભવ સહિત ત્રણ-ત્રણ ભવનું વર્ણન છે. અમે પાઠકોની સરળતા માટે દરેક અધ્યયનોની કથા પ્રારંભમાં આપી છે.

પરિશિષ્ટમાં પાંચે વર્ગની સંપૂર્ણ વિગત કોષ્ટક રૂપે આપી છે જેનાથી વાચકો સંપૂર્ણ શાસ્ત્રને સરળતાથી સ્મૃતિપટ પર અંકિત કરી શકે છે.

પ્રથમ વર્ગ શ્રી નિરયાવલિકામાં પાઠકોને કથાનું સાતત્ય જળવાઈ રહે અને રસવૃધ્ધિ થાય, તે માટે શ્રેણિકરાજાને પ્રાપ્ત થયેલા દિવ્ય હારની ઘટના અન્ય ગ્રંથોના આધારે પ્રગટ કરી છે. રાજા કોણિક અને ચેડારાજાના હૃદયદ્રાવક યુધ્ધના વર્ણન પાછળ શાસ્ત્રકારનો આશય શું છે ? તે અધ્યયનના અંતે ઉપસંહાર રૂપે પ્રસ્તુત કર્યું છે. કથાના માધ્યમથી શાસ્ત્રકારે સંસારનું સ્વરૂપ, ભૌતિક પદાર્થોનું આકર્ષણ અને તેના દારૂણ પરિણામોની સાથે કર્મસિધ્ધાંતને સ્પષ્ટ કર્યો છે.

પુષ્પિકા વર્ગમાં અંગતિકુમારની મૃત્યુ પછીની ગતિના વર્ણન પ્રસંગે શાસ્ત્રકારે विराहिय सामण्णे શબ્દનો પ્રયોગ કર્યો છે. પ્રાસંગિક રીતે વિવેચનમાં સંયમ વિરાધના એટલે શું ? તે વિષયને સ્પષ્ટ કર્યો છે. આ રીતે વિવેચનમાં પ્રસંગાનુસાર કથાનકોથી સંબંધિત તાત્ત્વિક વિષયોને પણ સમજાવ્યા છે.

કથાનકોના માધ્યમથી વૈરાગ્ય તરફ ગતિ કરાવે તેવું શ્રી નિરયાવલિકા સૂત્ર સાધકોને અંતર્મુખ બનાવી વૈરાગ્યને દઢતમ બનાવે છે.

શાસ્ત્ર સંપાદનના નિમિત્તથી માત્ર શાસ્ત્રવાંચન જ નહીં પરંતુ શાસ્ત્રના ભાવોની અનુપ્રેક્ષા કરવાનો સુયોગ પ્રાપ્ત કરી અમે ધન્યાતિધન્ય બની ગયા છીએ.

તેના માટે અનંત ઉપકારી પૂ. ગુરુવર્યોના ઉપકારનો સ્વીકાર કરી તેઓશ્રીના પાવન ચરણોમાં સાદર વંદન કરી વિરામ પામીએ છીએ.

શાસ્ત્ર સંપાદનમાં જિનાજ્ઞાથી ઓછી, અધિક, વિપરીત પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી કિરણબાઈ મ.

જૈન સાહિત્યનો પ્રાચીનતમ વિભાગ આગમ છે. આ + ગમ = આપ્ત પુરુષો–તીર્થંકરો દ્વારા આપેલું ગમ = જ્ઞાન આગમ કહેવાય છે. ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત કરી, સર્વજ્ઞ સર્વદર્શી થયા પછી પ્રવચન દ્વારા જીવ અજીવ આદિનું સ્વરૂપ પ્રગટ કરતાં કર્મબંધ, બંધહેતુ, મોક્ષ અને મોક્ષના હેતુનું રહસ્ય ઉદ્‌ઘાટિત કર્યું.

ભગવાન મહાવીર સ્વામીના પાવન પ્રવચનો અર્થાગમ કહેવાય અને ગણધરો દ્વારા કરેલી સૂત્રરચના સુત્તાગમ કહેવાય છે.

આ આગમસાહિત્ય આચાર્યો માટે નિધિ સમાન છે તેથી તેનું નામ ગણિપિટક રાખવામાં આવ્યું. તેના મૌલિક વિભાગ બાર છે, જેને દ્વાદશાંગી કહેવાય છે.

## આગમ વિભાજનમાં પ્રસ્તુત આગમ :–

પ્રાચીનકાળથી આગમોનું વિભાજન અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યના રૂપે છે. અંગસાહિત્યની રચના ગણધરોએ કરી છે અને અંગ બાહ્ય સાહિત્યના રચયિતા સ્થવિર ભગવંતો છે. ત્યાર પછી કાલાંતરે એટલે દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના સેંકડો વર્ષો પછી અંગબાહ્ય આગમોના ઉપાંગ, મૂલ અને છેદ કે ચૂલિકાશાસ્ત્ર એવા નામો પ્રચલિત થયા અને ત્યાર પછી આ ઉપાંગ આદિની સંખ્યાઓ નિશ્ચિત્ત થવા લાગી. જોકે તેની સંખ્યાનો કોઈ મૌલિક આધાર નથી. છતાં સ્થાનકવાસી પરંપરામાં ૧૨ ઉપાંગ, ૪ મૂલ અને ૪ છેદ શાસ્ત્રોની માન્યતા પ્રચલિત છે. પ્રસ્તુત આગમની ગણના ઉપાંગ વિભાગમાં થાય છે.

## ઉપાંગ સૂત્ર : નામબોધ :–

નિરયાવલિકા નામથી પ્રસિદ્ધ આ શાસ્ત્રનું આગમિક નામ **ઉપાંગ સૂત્ર** છે. તે

કે પહેલાં ભગવાન મહાવીર સ્વામી પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. જ્ઞાતાધર્મકથામાં મેઘકુમારની માતા શ્રેણિકની (૨૪મી) રાણી ધારિણી હતી તેવો ઉલ્લેખ છે. દશા–શ્રુતસ્કન્ધમાં (૨૫મી) મહારાણી ચેલણાનું વર્ણન છે. તે અત્યંત રૂપવાન હતી. તેના દિવ્ય રૂપને જોઈને ભગવાન મહાવીર સ્વામીના સાધ્વીજીઓ સ્તબ્ધ થઈ ગયા અને નિદાન કરવા માટે તત્પર થઈ ગયા. નિશીથચૂર્ણિમાં શ્રેણિકની એક રાણીનું નામ અફતગંધા પણ મળે છે પરંતુ આ નામ બહુપ્રસિદ્ધ નથી. બૌદ્ધ સાહિત્યમાં વિનયપિટક નામના ગ્રંથમાં રાજા શ્રેણિકની પાંચસો રાણીઓનો ઉલ્લેખ છે.

**શ્રેણિકના પુત્ર :–** આગમમાં શ્રેણિકરાજાના છત્રીસ પુત્રોનો ઉલ્લેખ મળે છે. તે છત્રીસ નામ આ પ્રમાણે છે– (૧) જાલી (૨) મયાલી (૩) ઉવયાલી (૪) પુરિષસેણ (૫) વારિસેણ (૬) દીહદંત (૭) લષ્ટદંત (૮) વેહલ્લ (૯) વેહાયસ (૧૦) અભયકુમાર (૧૧) દીર્ઘસેન (૧૨) મહાસેન (૧૩) લષ્ટદંત (૧૪) ગૂઢદંત (૧૫) શુદ્ધદંત (૧૬) હલ્લ (૧૭) દુમ (૧૮) દુમસેન (૧૯) મહાદુમસેન (૨૦) સીહ (૨૧) સિંહસેન (૨૨) મહાસિંહસેન (૨૩) પુણ્યસેન (૨૪) કાલકુમાર (૫) સુકાલકુમાર (૨૬) મહાકાલકુમાર (૨૭) કૃષ્ણકુમાર (૨૮) સુકૃષ્ણકુમાર (૨૯) મહાકૃષ્ણકુમાર (૩૦) વીરકૃષ્ણકુમાર (૩૧) રામકૃષ્ણકુમાર (૩૨) પિતૃસેનકૃષ્ણકુમાર (૩૩) મહાસેનકૃષ્ણકુમાર (૩૪) મેઘકુમાર (૩૫) નંદીસેણ (૩૬) કોણિક.

તેમાંથી અનુત્તરોપપાતિક સૂત્રાનુસાર જાલી આદિ ૨૩ રાજકુમારો દીક્ષા લઈ સંયમધર્મની આરાધના કરી અને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. જ્ઞાતાસૂત્ર અનુસાર મેઘકુમાર પણ શ્રમણધર્મ સ્વીકારી અંતે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા. નંદીસૂત્રની ટીકા અનુસાર નંદીષેણ પણ સંયમી બની સાધનાના પંથે આગળ વધ્યા. આ પ્રમાણે ૨૫ રાજકુમારોએ દીક્ષા લીધી. શેષ અગિયાર(કોણિક અને કાલકુમાર આદિ ૧૦) રાજકુમારો સંયમગ્રહણ કર્યા વિના મૃત્યુ પામી નરકમાં ઉત્પન્ન થયા.

## દ્વિતીય વર્ગ : કલ્પાવતંસિકા :–

કલ્પ શબ્દનો પ્રયોગ સૌધર્મથી અચ્યુત સુધીના બાર દેવલોક માટે પ્રયુક્ત થયો છે. દેવલોકમાં ઉત્પન્ન થનારા જીવોનું જેમાં વર્ણન છે તે વર્ગ કલ્પાવતંસિકા છે. દેવલોક તે પુણ્ય ભોગવવાનું સ્થાન છે. વ્રત–નિયમ ધારણ કરનાર, શુભ ભાવથી પુણ્યના કાર્ય કરનાર દેવગતિ પામે છે. આ વર્ગમાં વર્ણિત (૧) પદ્મ (૨) મહાપદ્મ (૩) ભદ્ર

આ સૂત્રના મૂળપાઠથી સ્પષ્ટ છે. ઉપાંગ નામનું આ સૂત્ર એક શ્રુતસ્કંધ રૂપ છે. નિરયાવલિકા આદિ પાંચ તેના વર્ગ છે. પાંચ વર્ગોના નામ આ પ્રમાણે છે– (૧) નિરયાવલિકા (૨) કલ્પાવતંસિકા (૩) પુષ્પિકા (૪) પુષ્પચૂલિકા અને (૫) વૃષ્ણિદશા. પાંચ વર્ગના બાવન અધ્યયન છે. સંપૂર્ણ સૂત્રનું પરિમાણ ૧૧૦૯ શ્લોક પ્રમાણ માનવામાં આવ્યું છે.

## પ્રથમવર્ગ નિરયાવલિકા :–

આ વર્ગ–વિભાગમાં નરકમાં જનારા જીવોનું(શ્રેણિક પુત્રનું) ક્રમશઃ વર્ણન છે. તેથી તેનું સાર્થક નામ નિરયાવલિકા છે. આ વર્ગમાં દસ અધ્યયન છે.

**સમ્રાટ શ્રેણિક એક અધ્યયન :–** પ્રાચીન મગધના ઈતિહાસને જાણવા માટે આ વર્ગ ઘણો જ ઉપયોગી છે. તેમાં સમ્રાટ શ્રેણિકના રાજ્યકાલનું વર્ણન કરેલું છે. સમ્રાટ શ્રેણિકનું જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં અનુક્રમે શ્રેણિક ભિંભિસાર અને શ્રેણિક બિંબિસાર નામ મળે છે. જૈન દષ્ટિએ શ્રેણીઓની સ્થાપના કરવાના કારણે તેનું નામ શ્રેણિક પડ્યું. બૌદ્ધ દષ્ટિએ તેના પિતાએ તેને અઢાર શ્રેણીઓનો માલિક બનાવ્યો હતો તેથી તે શ્રેણિક નામથી પ્રસિદ્ધ થયા. જૈન અને બૌદ્ધ બંને પરંપરાઓમાં શ્રેણીઓની સંખ્યા અઢાર જ છે. શ્રેણીઓના નામમાં પણ પરસ્પર ઘણી જ સમાનતા છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં નવનારુ અને નવકારુ તે અઢાર શ્રેણીઓના ભેદોનું વિસ્તૃત વર્ણન છે. પરંતુ બૌદ્ધ સાહિત્યમાં શ્રેણીઓના નામ આ પ્રમાણે વ્યવસ્થિત રૂપે મળતાં નથી. 'મહાવસ્તુ'માં શ્રેણીઓના ત્રીસ નામ મળે છે. તેમાંથી ઘણા નામો તો જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં વર્ણવેલ નામોની સમાન છે. કેટલાયે વિદ્વજ્જનોનું મંતવ્ય છે કે રાજા શ્રેણિકની પાસે ઘણી મોટી સેના હતી અને તે સેનિય ગોત્રના હતા, તેથી તેનું નામ શ્રેણિક પડ્યું.

**રાજા શ્રેણિકની મહારાણીઓ :–** આગમ વર્ણન અનુસાર શ્રેણિક રાજાને પચ્ચીસ રાણીઓ હતી, તેના નામ આ પ્રમાણે છે– (૧) નંદા (૨) નંદમતી (૩) નંદોત્તરા (૪) નંદશ્રેણિકા (૫) મરુતા (૬) સુમરુતા (૭) મહામરુતા (૮) મરુદેવા (૯) ભદ્રા (૧૦) સુભદ્રા (૧૧) સુજાતા (૧૨) સુમના (૧૩) ભૂતદત્તા (૧૪) કાલી (૧૫) સુકાલી (૧૬) મહાકાલી (૧૭) કૃષ્ણા (૧૮) સુકૃષ્ણા (૧૯) મહાકૃષ્ણા (૨૦) વીરકૃષ્ણા (૨૧) રામકૃષ્ણા (૨૨) પિતૃસેનકૃષ્ણા (૨૩) મહાસેનકૃષ્ણા. આ રાણીઓએ સમ્રાટ શ્રેણિકના મૃત્યુ પછી

નવાંગી ટીકાકાર આચાર્ય અભયદેવ સૂરીએ દીર્ઘદશા શાસ્ત્ર અજ્ઞાત છે, તે પ્રમાણે કથન કર્યું છે, તેમ છતાં દીર્ઘદશાના અધ્યયનો સંબંધી કેટલીક સંભાવનાઓ પ્રગટ કરી છે. નંદીસૂત્રની આગમ સૂચિમાં તે શાસ્ત્રનો ઉલ્લેખ નથી. દીર્ઘદશામાં આવેલા પાંચ અધ્યયનોનું નામ સામ્ય આ શાસ્ત્રની સાથે છે. યથા– ચંદ્ર, સૂર્ય, શુક્ર અને શ્રીદેવી બહુપુત્રી મંદરા.

આચાર્ય અભયદેવસૂરિએ સ્થાનાંગવૃત્તિમાં નિરયાવલિકાના નામ સામ્યવાળા આ પાંચ અને બીજા બે અધ્યયનોનું સંક્ષિપ્ત વિવરણ કર્યું છે અને શેષ ત્રણ અધ્યયનોને અપ્રતીત કહ્યા છે. આચાર્ય અભયદેવસૂરિના સ્થાનાંગ સૂત્રના વિવેચન અને પ્રસ્તુત આગમના કથાનકોમાં ઘણી સામ્યતા છે.

**ચોથો વર્ગ : પુષ્પચૂલા :–** આ વર્ગના પણ દશ અધ્યનન છે. આ દશ અધ્યયનોના નામ આ પ્રમાણે છે. (૧) શ્રીદેવી (૨) હ્રીદેવી (૩) ધૃતિદેવી (૪) કીર્તિદેવી (૫) બુદ્ધિદેવી (૬) લક્ષ્મીદેવી (૭) ઈલાદેવી (૮) સુરાદેવી (૯) રસદેવી (૧૦) ગંધદેવી. આ દશે દેવીઓ પૂર્વભવમાં પ્રભુ પાર્શ્વનાથના શાસનમાં પુષ્પચૂલા સાધ્વીજી પાસે પ્રવ્રજિત થઈ હતી. તેથી આ વર્ગનું નામ 'પુષ્પચૂલા' છે. સંયમનું પાલન કરતાં દેહાધ્યાસ જાગૃત થયો અને તે શરીર શુશ્રૂષામાં લીન બની, શરીર બાકુશિકા થઈ, વિરાધકપણે કાલધર્મ પામી દેવીરૂપે ઉત્પન્ન થઈ છે.

ઐતિહાસિક દષ્ટિએ આ વર્ણન અત્યધિક મહત્ત્વનું છે. વર્તમાન યુગમાં પણ સાધ્વીજીઓના ઈતિહાસ જાણવા–મેળવવા કઠિન છે, ત્યારે આ વર્ગમાં પાર્શ્વનાથ ભગવાનના યુગની સાધ્વીજીઓનું વર્ણન છે. શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ, લક્ષ્મી આદિ લોકમાં જે વિશિષ્ટ શક્તિઓ પ્રસિદ્ધ છે તેની અધિષ્ઠાત્રી દેવીઓનું અસ્તિત્વ હોય છે.

**પાંચમો વર્ગ : વૃષ્ણિદશા :–** નંદી ચૂર્ણિ અનુસાર પ્રસ્તુત વર્ગનું નામ અંધકવૃષ્ણિદશા હતું. આજે આ વૃષ્ણિદશા નામથી પ્રસિદ્ધ છે. તેમાં વૃષ્ણિવંશીય બાર રાજકુમારોનું વર્ણન, બાર અધ્યયનોમાં છે. તે અધ્યયનોનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે– (૧) નિષધકુમાર (૨) માતલીકુમાર (૩) વહકુમાર (૪) વહેકુમાર (૫) પ્રગતિકુમાર (૬) જ્યોતિકુમાર (૭) દશરથકુમાર (૮) દઢરથકુમાર (૯) મહાધનુકુમાર (૧૦) સપ્તધનુ–કુમાર (૧૧) દશધનુકુમાર (૧૨) શતધનુકુમાર. આ સર્વે પુણ્યાત્માઓ અરહંત અરિષ્ટનેમિ પાસે સંયમ ગ્રહણ કરી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે. પ્રસ્તુતમાં

(૪) સુભદ્ર (૫) પદ્મભદ્ર (૬) પદ્મસેન (૭) પદ્મગુલ્મ (૮) નલિનીગુલ્મ (૯) આણંદ (૧૦) નંદન આદિ દસે ય દેવગતિ પામ્યા હતા.

નિરયાવલિકા વર્ગમાં જે શ્રેણિકરાજાના પુત્ર કાલકુમાર, સુકાલકુમાર વગેરે દશ રાજપુત્રોનું વર્ણન છે, તેના જ દશ પુત્રોનું વર્ણન કલ્પાવતંસિકા વર્ગના દશ અધ્યયનમાં છે. દશે રાજકુમાર(શ્રેણિકના પૌત્ર) શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની દેશના સાંભળીને શ્રમણ બન્યા, અંગ સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો, ઉગ્રતપની સાધના કરી અને અંતે પંડિતમરણ પ્રાપ્ત કરીને વૈમાનિક જાતની દેવગતિને પામ્યા. આ પ્રમાણે બીજા વર્ગમાં વ્રતાચરણથી જીવનશુદ્ધિની પ્રક્રિયા પર પ્રકાશ પાથર્યો છે. જ્યાં પિતા કષાયને વશ થઈને નરકમાં ગયા, ત્યાં તેના જ પુત્ર સુકૃત્યો કરીને દેવલોકમાં ગયા. ઉત્થાન અને પતન મનુષ્યના સ્વયંના કર્મો પર આધાર રાખે છે. મનુષ્ય સાધનાથી ભગવાન બની શકે છે, તે જ રીતે વિરાધનાથી નરકના દુઃખ પણ ભોગવી શકે છે.

## ત્રીજો વર્ગ : પુષ્પિકા :–

ઉપાંગ સૂત્રનો તૃતીય વર્ગ પુષ્પિકા છે. આ વર્ગમાં ચંદ્ર, સૂર્ય, શુક્ર, બહુપુત્રિક, પૂર્ણભદ્ર, મણિભદ્ર, દત્ત, શિવ, બલ અને અનાદત આ દસ અધ્યયન છે.

પ્રથમ બે અધ્યયનમાં ક્રમશઃ ચંદ્રદેવ અને સૂર્યદેવના પૂર્વભવનું નિરૂપણ છે. ત્રીજા અધ્યયનમાં શુક્ર મહાગ્રહના પૂર્વભવનું વર્ણન છે.

ચોથા અધ્યયનમાં બહુપુત્રિકા દેવીના પૂર્વ–પશ્ચાદ્ભવની વિટંબણાઓથી ભરેલી વિચિત્ર કથા છે. આ કથામાં સાંસારિક મોહ–મમતા કેવા પ્રકારની હોય તેનું સ્પષ્ટ ચિત્ર આલેખ્યું છે. કથાના માધ્યમથી પુનર્જન્મ અને કર્મ ફળના સિદ્ધાંતને પણ પ્રતિપાદિત કર્યા છે. શેષ છ અધ્યયનોમાં પૂર્ણભદ્રાદિનું પૂર્વભવ સહિત વર્ણન છે.

**સ્થાનાંગમાં વર્ણિત દીર્ઘ દશાશાસ્ત્રના અધ્યયનો સાથે આ વર્ગની તુલના :–** સ્થાનાંગસૂત્રના ૧૦મા સ્થાનમાં દીર્ઘદશા નામક શાસ્ત્રના દશ અધ્યયન કહ્યાં છે, તે આ પ્રમાણે છે– (૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) શુક્ર (૪) શ્રીદેવી (૫) પ્રભાવતી (૬) દ્વીપ દ્વીપસમુદ્રોત્પત્તિ (૭) બહુપુત્રી મંદરા (૮) સ્થવિર સંભૂતવિજય (૯) સ્થવિર પક્ષ્મ (૧૦) ઉચ્છ્વાસ– નિઃશ્વાસ.

મહારાજ દ્વારા સંસ્કૃત વ્યાખ્યા તેમજ તેના હિન્દી અને ગુજરાતી અનુવાદ.

(૭) શ્રમણસંઘીય યુવાચાર્ય શ્રી મધુકરમુનિજીના કુશળ નેતૃત્વમાં આગમ પ્રકાશન સમિતિ બ્યાવર દ્વારા ૩૨ આગમો વિવેચન સાથે પ્રકાશિત થયા, તેમાં પણ આ સૂત્રના હિન્દી અનુવાદનું વિવેચન સાથે પ્રકાશન થયું.

(૮) ઈ.સ. ૧૯૭૭માં આચાર્ય તુલસી દ્વારા સંપાદિત, વિશ્વભારતી લાડનૂંથી પ્રકાશિત ટિપ્પણ સહિત સંશોધિત મૂલપાઠ.

(૯) ઈ. સ. ૧૯૯૦માં આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ દ્વારા સંપાદિત, આગમ નવનીત પ્રકાશન સમિતિ, સિરોહીથી પ્રકાશિત સંક્ષિપ્ત સારાંશ .

આ જ કડીમાં ગુરુપ્રાણ ફાઉન્ડેશન રાજકોટ દ્વારા મૂળ, ભાવાર્થ, વિવેચન સહિત પ્રસ્તુત ઉપાંગ સૂત્રને પ્રકાશિત કરતાં અમો ધન્યતા અનુભવીએ છીએ.

## પ્રસ્તુત સંસ્કરણ : ઋણસ્વીકાર :–

પૂર્વના પ્રકાશનોને આધારભૂત માનીને પ્રસ્તુત સંસ્કરણ તૈયાર કર્યું છે. મૂળ પાઠ, સરળ ભાવાર્થ, આવશ્યક વિવેચનથી આગમને સરળ અને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. અંતે પરિશિષ્ટમાં સંપૂર્ણ આગમને આવરી લેતા ચાર્ટ બનાવ્યા છે, જે વાંચકો માટે અત્યંત ઉપયોગી છે.

સંયમી જીવનમાં સ્વાધ્યાયની પ્રધાનતા હોય છે. જ્ઞાનના આભૂષણથી સંયમના સ્વાંગ સવિશેષ શોભી ઊઠે છે. આ સૂત્ર અમારી વૈરાગ્ય અવસ્થામાં જ દીક્ષાદાતા તપસમ્રાટ પૂ. ગુરુદેવે તેમજ ગુરુણીમૈયા પૂ. મુક્તલીલમ–ઉષાબાઈ મ. એ અમને સમજાવેલ હતું. તે સૂત્રને જીવનમાં વણવાનો પુરુષાર્થ અમારો ચાલુ હતો; સંયમી જીવનમાં સ્વાધ્યાયની સરગમ નિશદિન મધુરા સૂરે વહાવતી હતી; તે સૂરને વધારે સુમધુર બનાવવાનો સુવર્ણ અવસર મને પરમ પુણ્યોદયે પ્રાપ્ત થયો અને તે સુવર્ણક્ષણ એટલે દાદા ગુરુની જન્મ શતાબ્દીનો સુઅવસર...

જન્મશતાબ્દીને આગમ બત્રીસીનો ગુજરાતી અનુવાદ કરીને ઉજવીએ; જેનું વાંચન કરીને ગુજરાતી સમાજ પણ જ્ઞાનથી સભર બને અને ભાવીપેઢી આ શોર્ટ એન્ડ

નિષધકુમારનું પૂર્વભવ સાથે વિસ્તૃત વર્ણન છે. શેષ અગિયાર કુમારોના માત્ર નામ જ મળે છે.

ઉપરોક્ત પાંચ વર્ગાત્મક આ એક સૂત્ર છે પરંતુ કાલક્રમે આ એક જ સૂત્ર પાંચ સૂત્રના રૂપમાં ગણાવા લાગ્યું. તેમ છતાં આ સૂત્રને આજ સુધી વિભાજિત કર્યા વિના એકી સાથે એક શ્રુતસ્કંધ રૂપે જ રાખેલ છે. તેથી તેની મૌલિક એકસૂત્રતા આજે પણ સુરક્ષિત છે.

## વ્યાખ્યા સાહિત્ય :-

પ્રસ્તુત સૂત્ર કથાપ્રધાન હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિ લખાઈ નથી. શ્રી ચંદ્રસૂરિએ સંસ્કૃતભાષામાં આ સૂત્ર પર સંક્ષિપ્ત અને શબ્દાર્થ સ્પર્શી વૃત્તિ લખી છે. શ્રી ચંદ્રસૂરિનું જ બીજું નામ પાર્શ્વદેવગણિ હતું. તે શીલભદ્રસૂરિના શિષ્ય હતા. વૃત્તિનું ગ્રંથમાન ૬૦૦ શ્લોક પ્રમાણ છે.

બીજી સંસ્કૃત ટીકાનું નિર્માણ સ્થાનકવાસી જૈન પરંપરાના આચાર્ય ઘાસીલાલજી મહારાજે કર્યું હતું. તેની ટીકા સરળ અને સુબોધ છે. તે ટીકામાં કોણિકરાજાના પૂર્વભવનું પણ વર્ણન છે. બીજા પણ ઘણા પ્રસંગો છે.

વર્તમાનમાં ઉપલબ્ધ આ સૂત્રના પ્રકાશિત સાહિત્ય આ પ્રમાણે છે–

(૧) સન. ૧૯૨૨માં આગમોદય સમિતિ સુરત દ્વારા ચંદ્રસૂરિકૃત વૃત્તિ.

(૨) સન. ૧૮૮૫માં બનારસથી ચંદ્રસૂરિકૃત વૃત્તિ અને ગુજરાતી વિવેચન.

(૩) વિ.સં. ૧૯૯૦માં જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગર દ્વારા મૂળ અને ટીકા તેમજ તેના ગુજરાતી અર્થ.

(૪) સન. ૧૯૩૪માં ગુર્જરગ્રંથ કાર્યાલય અમદાવાદથી ભાવાનુવાદ.

(૫) વીર સં. ૨૪૪૫માં હૈદરાબાદથી આચાર્ય અમોલખ ઋષિજી દ્વારા હિન્દી અનુવાદ.

(૬) સન. ૧૯૬૦માં શાસ્ત્રોદ્ધારક સમિતિ રાજકોટથી આચાર્ય ઘાસીલાલજી

સ્વીટ વિવેચનનો લાભ લઈ જૈનદર્શનના હાર્દને સમજે, તેવી અંતઃસ્ફૂરણા મમ ગુરુણીમૈયા પૂ. ઉષાબાઈ મ. ને થઈ. તે ભાવનાને પૂ. ગુરુવર્યોએ સાકાર સ્વરૂપ આપ્યું. મહત્ પુણ્ય યોગે મને શ્રી નિરયાવલિકા સૂત્રનો અનુવાદ કરવાની આજ્ઞા થઈ. ગુર્વાજ્ઞાને સહર્ષ શિરોધાર્ય કરીને કાર્યનો પ્રારંભ કર્યો. શ્રુત અવગાહન કરતાં મને ખરેખર અનેરો આનંદ પ્રાપ્ત થયો છે.

આ અનુવાદમાં પૂર્વ પ્રકાશિત આગમોનો આધાર લીધો છે. તેના રચયિતા પૂર્વાચાર્યોને ભાવવંદન કરીને તેઓનો આભાર વ્યક્ત કરું છું.

સહુ પ્રથમ મમ સફળતાના સુકાની અનંત ઉપકારી પૂ. તપસ્વી ગુરુદેવને સ્મૃતિ પટ પર લાવી ભાવવંદન કરું છું.

અપ્રમત યોગી, નિષ્કામ શ્રુતસેવક એવા પૂ. ત્રિલોકમુનિ. મ. ને કેમ ભૂલાય ? જેઓશ્રીએ ખંતથી અને પ્રેમથી પોતાના શાસ્ત્રજ્ઞાનનો અમોને લાભ આપી, આ અનુવાદનું શુદ્ધિકરણ કરી આપેલ છે. તેમની આ શ્રુતસેવાની પ્રતિપળ અનુમોદના કરું છું.

પ્રત્યક્ષ ને પરોક્ષ પ્રેરણાસ્રોત વહાવતા એવા પૂ. જયંત–ગિરિ–જનક–જગ–હસુ–ગજ–નમ્ર મુનિ મ. સા. તેમજ અમારા સહુના શિરછત્ર પૂજ્યવરા પૂ. શ્રી મુક્તાબાઈ મ.; આ સહુને ભાવવંદન કરું છું.

મારા જ્ઞાનદાત્રી પરમ ઉપકારી એવા વડીલ ગુરુણીમૈયા પૂ. સાહેબજીની શ્રુતરુચિ તો અવર્ણનીય છે. જેઓશ્રીએ સદા બાહ્ય જગતથી વિમુખ રહીને, પોતાની સાધનાના અમૂલ્ય સમયનું યોગદાન આપી, સતત પરિશ્રમ ઉઠાવીને, અનુવાદનું અક્ષરશઃ અવલોકન કરીને, લેખનને સરસ ઓપ આપ્યો છે, તેઓશ્રીના ચરણકમલમાં શત્ શત્ વંદન..

મારા સંયમી જીવનના શિલ્પકાર એવા અનંત ઉપકારી ગુરુણીમૈયા વિદુષી પૂ. ઉષાબાઈ મ. નો ઉપકાર માનવાની શક્તિ મારામાં નથી છતાં પણ તેઓએ મને અનુવાદ કરવાની પ્રેરણા આપી, યોગ્ય માર્ગદર્શન આપ્યું; તેઓની હું ખૂબ જ ઋણી છું.

સહસંપાદિકા ડો. શ્રી આરતીબાઈ મ.(પી.એચ.ડી.) અને વિદુષી સાધ્વીશ્રી સુબોધિકાબાઈ મ. એ અનુવાદને સરળ બનાવેલ છે. તેમના પુરુષાર્થને ધન્યવાદ.

સંયમીજીવનના સહયોગી મારા ગુરુબેનો તેમજ નાના સતીજીઓને પણ આ તકે યાદ કરું છું. જેઓએ આ કાર્યમાં મને સુંદર સહકાર આપ્યો છે.

ગુરુપ્રાણ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ ઉત્સાહથી આ કાર્યને આગળ વધાર્યું છે. શ્રી મુકુંદભાઈ, શ્રી ધીરુભાઈએ પૂર્ણતયા સહકાર આપ્યો છે. ભાઈશ્રી નેહલભાઈએ પ્રિન્ટિંગ કાર્ય કર્યું છે. તે બદલ સહુનો આ સમયે આભાર વ્યક્ત કરું છું.

અનુવાદમાં છદ્મસ્થાવસ્થાને કારણે, પ્રમત્તયોગે જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય, કાંઈ પણ ક્ષતિ રહેલ હોય તો ત્રિવિધ ત્રિવિધ મિચ્છામિ દુક્કડમ્.....

મુમુક્ષુ ભવ્યાત્માઓ આ શ્રુતસાગરમાં ડૂબકી મારીને જ્ઞાનમોતી સહજ ભાવે મેળવી આત્માનંદ અનુભવે એ જ મંગલ ભાવના....

પૂ. મુક્ત–લીલમ ગુરુણીના પ્રશિષ્યા અને
વિદૂષી પૂ. ઉષાબાઈ સ્વામીના શિષ્યા–
**સાધ્વી કિરણ**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી ઉપાંગ સૂત્ર

સ્થવિર રચિત ઉપાંગ

## નિરયાવલિકા

## કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા, વૃષ્ણિદશા

મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ

: અનુવાદિકા :
પૂ. શ્રી કિરણબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# પ્રથમ વર્ગ

## નિરયાવલિકા

**પરિચય :–**

અંતગડ સૂત્રની જેમ આ સૂત્રના વિભાગોને વર્ગ સંજ્ઞા આપવામાં આવી છે. અંતગડ સૂત્રમાં આઠ વર્ગ અને નેવું અધ્યયન છે, તે સૂત્રમાં વર્ગોના નામ નથી માત્ર અધ્યયનોના નામ છે જ્યારે પ્રસ્તુત ઉપાંગ સૂત્રમાં પાંચ વર્ગોના નિરયાવલિકા, કલ્પાવતંસિકા, પુષ્પિકા, પુષ્પચૂલિકા અને વૃષ્ણિદશા એવા પાંચ નામ પણ છે.

પ્રથમ વર્ગમાં દસ અધ્યયન છે, તેમાં નરકગામી દસ જીવોનું વર્ણન છે, તેથી તેનું નામ 'નિરયાવલિકા' છે.

પ્રાચીન કાળમાં રાજગૃહી નામની નગરી હતી. ત્યાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. તેને ચેલણા, ધારિણી અને નંદા આદિ તેર તથા કાલિ આદિ દસ સહિત અનેક રાણીઓ હતી.

ચેલણા રાણીને કોણિક, વેહલ્લ આદિ પુત્ર હતા. ધારિણીને મેઘકુમાર અને નંદાને અભયકુમાર નામનો પુત્ર હતો. કાલી આદિ દસ રાણીઓને કાલકુમાર આદિ દસ પુત્રો હતા. આ રીતે પુણ્યયોગે રાજા શ્રેણિક સર્વ પ્રકારે સુખી અને સમૃદ્ધ હતા.

**કોણિક :–** એકદા રાણી ચેલણાએ સિંહનું સ્વપ્ન જોયું. જાગૃત થઈને તેણીએ રાજાને સ્વપ્નનું નિવેદન કર્યું. રાજાએ સ્વપ્ન પાઠકોને બોલાવીને સ્વપ્નફળને જાણ્યું કે રાણીની કુક્ષીએ તેજસ્વી પુત્રરત્નનો જન્મ થશે.

ચેલણા રાણી સાત્વિકભાવે ગર્ભનું વહન કરી રહ્યાં હતાં. ત્રીજે મહિને ગર્ભગત જીવના શ્રેણિક સાથેના વૈરાનુબંધે રાણીને શ્રેણિક રાજાના કલેજાનું માંસ ખાવાનો દોહદ(સંકલ્પ)ઉત્પન્ન થયો. અભય–કુમારની બુદ્ધિના બળે દોહદ પૂર્ણ થયો. રાણી પોતાના આ દુષ્કૃત્યથી ચિંતિત બની, મનોમન ખિન્નતા અનુભવતી હતી. તેણે ગર્ભને નષ્ટ કરવા ઘણા ઉપાય અજમાવ્યા પરંતુ તેના સર્વ પ્રયત્નો નિષ્ફળ ગયા.

યથા સમયે રાણીએ પુત્રને જન્મ આપ્યો. ભાવિના અનિષ્ટને નિવારવા રાણીએ નવજાત શિશુને દાસી દ્વારા ઉકરડે ફેંકાવી દીધો. બાળકના તેજથી તે ક્ષેત્ર પ્રકાશમાન થયું પરંતુ પાપના ઉદયે એક કૂકડાએ તે બાલરાજની આંગળીને કરડી ખાધી. બાળકની આંગળીમાંથી લોહી અને પરુ વહેવા લાગ્યા. નિરાધાર–પણે બાળક તે વેદનાને વેદી રહ્યો હતો. તે સર્વ સમાચાર મળતાં રાજા શ્રેણિક ત્યાં આવ્યા; તેનો પિતૃવાત્સલ્ય ભાવ જાગૃત થયો અને આત્મીયભાવે તે બાળકને રાણી પાસે લઈ આવ્યા; આ કૃત્ય માટે રાણીને આક્રોશ–ભર્યા શબ્દોથી ઉપાલંભ દેતાં બાળકની સાર–સંભાળ લેવાનો આદેશ કર્યો.

નવજાત શિશુના કર્મનો ઉદય પરિવર્તન પામ્યો. રાજકુળમાં સર્વ પ્રકારની અનુકૂળતાઓ વચ્ચે બાળકનું પાલન પોષણ થવા લાગ્યું. જન્મોત્સવ નિમિત્તની સર્વ વિધિઓ ક્રમશઃ પૂર્ણ થઈ. કૂકડાએ આંગળી કરડી હોવાથી બારમે દિવસે તે રાજકુમારનું નામ કૂણિક(કોણિક)રાખવામાં આવ્યું.

ક્રમશઃ કોણિકનો બાલ્યકાલ વ્યતીત થયો, યુવાવસ્થામાં પ્રવેશ થયો, પદ્માવતી આદિ આઠ રાજ કન્યાઓ સાથે પાણિગ્રહણ થયું અને તે સુખપૂર્વક રહેવા લાગ્યા.

એકદા શ્રેણિક રાજાએ પ્રસન્ન થઈને પોતાનો સેચનક હાથી અને અઢારસરો હાર વિહલ્લકુમારને ભેટ આપ્યા.

**રાજા શ્રેણિક બંધનગ્રસ્ત :–** ધીરે–ધીરે કોણિકને સત્તા અને સંપત્તિનો લોભ ઉત્પન્ન થવા લાગ્યો અને પિતૃસત્તા છીનવી લેવાની દુર્ભાવના પ્રગટ થવા લાગી. તેણે પોતાના કાલકુમારાદિ દશે ભાઈઓ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે પિતાને બંધનગ્રસ્ત કરીને, આપણે પિતાની રાજ્ય લક્ષ્મીને ભોગવીએ. કાલકુમારાદિ દશે કુમારોએ પણ ભાન ભૂલી, કોણિકના પ્રસ્તાવને સ્વીકારી લીધો. તક જોઈ પિતાને બંધનગ્રસ્ત કરી કોણિક રાજા બન્યો.

**રાજા શ્રેણિકનો દેહત્યાગ :–** શ્રેણિક રાજાની કેદાવસ્થા જોઈને રાણી ચેલણા કર્મની વિચિત્રતા અને સંસારના સ્વાર્થને નિહાળતી, ઉદાસીનપણે સમય વ્યતીત કરવા લાગી. એકદા કોણિક માતાના ચરણ સ્પર્શ કરવા આવ્યો. માતાને અત્યંત ઉદાસ જોઈને ઉદાસીનતાનું કારણ પૂછ્યું. માતાના અંતરમાં પુત્રના કુકૃત્યની પારાવાર વેદના હતી. માતાએ કોણિક સમક્ષ તેના જન્મ પ્રસંગ અને પિતાએ કરેલા અવિસ્મરણીય ઉપકારનું સાદ્યંત વર્ણન કર્યું અને દુઃખિત હૃદયે કહ્યું– હે પુત્ર ! પરમ ઉપકારી પિતા સાથેનું તારું આ વર્તન યોગ્ય નથી.

માતાની વેદનાથી પુત્રનું અંતર દ્રવિત થયું; પોતાની ભૂલનો પશ્ચાત્તાપ થયો; તરત જ પિતાને મુક્ત કરવા તે સ્વયં કુહાડી લઈને ચાલ્યો.

પુત્રને કુહાડી લઈને આવતો જોઈ શ્રેણિકે વિચાર્યું કે આ પુત્ર ખરેખર પૂર્વભવનું કોઈ વૈર પૂર્ણ કરવા માટે આવી રહ્યો છે. પુત્રના હાથે મરવું તેના કરતાં જાતે જ મરી જવું શ્રેષ્ઠ છે. તેમ વિચારી તાલપુટ ઝેર મુખમાં નાંખી પ્રાણ ત્યાગ કર્યો.

આ ઘટનાથી કોણિક અત્યંત શોકાકુલ બની ગયો અને મનને શાંત કરવા રાજગૃહી નગરી છોડી ચંપાનગરીમાં પરિવાર સહિત રહેવા ગયો. તેણે રાજ્યના અગિયાર ભાગ કર્યા. કાલકુમાર આદિ દસ ભાઈ અને કોણિક રાજા રાજ્યશ્રી ભોગવતાં રહેવા લાગ્યા.

**ઈર્ષ્યાની આગ :–** ભાઈ વિહલ્લ પાસે જે હાથી અને હાર હતા, તે અનુપમ હતા. વિહલ્લકુમારને તેનો ભોગવટો કરતો જોઈ કોણિકની રાણી પદ્માવતીને ઈર્ષ્યા જાગૃત થઈ. પોતાની રાજલક્ષ્મીથી સંતોષ ન પામતાં તે વારંવાર કોણિકને આગ્રહયુક્ત નિવેદન કરવા લાગી કે ગમે તેમ કરીને પિતાની અલભ્ય ચીજ

આપણી જ પાસે હોવી જોઈએ. કોણિકે વારંવાર વિહલ્લકુમાર પાસે હાર અને હાથીની માંગણી કરી પરંતુ વિહલ્લકુમારે તે આપ્યા નહીં અને પોતાની સુરક્ષા માટે તે નાના (માતામહ) ચેડા રાજા પાસે વૈશાલી નગરીમાં ચાલ્યો ગયો. હાર અને હાથીનો આગ્રહ કોણિકે છોડ્યો નહીં. તેણે ચેડા રાજાને પણ સંદેશ મોકલ્યો કે હાર અને હાથી પાછા આપો અને વિહલ્લકુમારને મોકલી દો, અન્યથા યુદ્ધ માટે તૈયાર થાઓ. ચેડા રાજા રાજનીતિના યથાર્થ જ્ઞાતા હતા. શરણાગતની રક્ષા એ રાજધર્મ છે, તેમ માનીને તે અઢાર ગણ રાજાઓ સાથે યુદ્ધ માટે તૈયાર થઈ ગયા. કાલકુમારાદિ દશ કુમાર કોણિકની સાથે રહ્યા.

મહારાજા ચેડા ભગવાન મહાવીરના પરમ ઉપાસક હતા. તેમણે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા હતા. પરંતુ રાજધર્મનું પાલન કરવા તેમણે બાણ ઉઠાવ્યું. તેમનું બાણ અમોઘ હતું, તે ક્યારેય નિષ્ફળ ન જતું. યુદ્ધનો પ્રારંભ થયો. દસ દિવસમાં કાલકુમાર આદિ દસે ભાઈઓ ક્રમશઃ સેનાપતિ બની યુદ્ધમાં આવ્યા અને ચેડા રાજાના અમોઘ બાણથી મૃત્યુ પામ્યા. યુદ્ધમાં બીજા પણ લાખો મનુષ્યોનો સંહાર થયો. ઈર્ષ્યાની આગથી ભૌતિક તુચ્છ વસ્તુ માટે આ બધો અનર્થ થયો.

**વૈરાગ્ય નિમિત્ત :–** તે સમયે પ્રભુ મહાવીરનું રાજગૃહીમાં પદાર્પણ થયું. પુણ્યવાન આત્માઓ પ્રભુના દર્શનાર્થે ગયા. કાલી આદિ દશ રાણીઓએ પણ પ્રભુનો વૈરાગ્ય સભર ઉપદેશ સાંભળ્યો; સંસારની અસારતા અને અશરણતા જાણી; પ્રભુ પાસેથી પોતાના વહાલસોયા દશે પુત્રોના દુઃખદ સમાચાર સાંભળીને વૈરાગ્યવાસિત બની, દશે રાણીઓએ સંયમ સ્વીકાર કર્યો; તપસાધનાથી સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી.

**કાલ કુમારાદિનું ભવિષ્ય :–** શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે કાલકુમાર આદિ દશે ભાઈઓ યુદ્ધમાં મૃત્યુ પામી ચોથી નરકમાં ઉત્પન્ન થયા છે. ત્યાંની સ્થિતિ પૂર્ણ કરી મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને મુક્ત થશે.

આ રીતે આ પ્રથમ વર્ગના દશ અધ્યયનમાં નરકગામી દશે ભાઈઓનું જીવન વૃત્તાંત અંકિત છે.

❖❖❖❖❖

# પ્રથમવર્ગ : નિરયાવલિકા

## પ્રથમ અધ્યયન : કાલકુમાર

**રાજગૃહનગર, ઉદ્યાનાદિ :–**

**१ तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था । रिद्धित्थिमियसमिद्धे** *वण्णओ* । **गुणसीलए चेइए** *वण्णओ* । **असोगवरपायवे** *वण्णओ* । **पुढविसिलापट्टए** *वण्णओ* ।

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. તે ધન–ધાન્ય, વૈભવ વગેરે રિદ્ધિ, સમૃદ્ધિથી પરિપૂર્ણ હતું. તે નગરના ઈશાન ખૂણામાં ગુણશીલ નામનો બગીચો હતો. ત્યાં ઉત્તમ અશોકવૃક્ષ હતું. તેની નીચે એક પૃથ્વીશિલાપટ્ટક હતું. નગર, ઉદ્યાન, અશોકવૃક્ષ અને પૃથ્વીશિલાનું સંપૂર્ણ વર્ણન ઔપપાતિક આદિ સૂત્ર પ્રમાણે જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નગર તથા ઉદ્યાન વગેરેનું વર્ણન સંક્ષિપ્ત શબ્દોમાં છે. વિસ્તૃત વર્ણન અન્ય સૂત્રોમાં નિમ્ન પ્રમાણે છે.

**રાજગૃહ નગર :–** પ્રાચીનકાલમાં અનેક વૈભવશાલી ભવનોથી સુશોભિત અને ધન ધાન્યથી સમૃદ્ધ રાજગૃહ નામનું નગર હતું. આનંદ પ્રમોદના અનેક સાધનોથી ત્યાંના લોકો પ્રસન્ન હતા. ચારે બાજુ લહેરાતા ખેતરોથી તે નગર રમણીય લાગતું હતું. આજુ બાજુ વસેલા નાના–નાના ગામડાંઓથી તે પરિવૃત્ત હતુ. તે નગરમાં સુંદર સ્થાપત્યકલાથી સુશોભિત ઉદ્યાન અને ગણિકાઓના સન્નિવેશ સ્થાન હતાં. ચોર, ડાકુ આદિની બીક ન હોવાથી આખી નગરી ક્ષેમકુશળ હતી. નગરજનો સુખ–શાંતિથી રહેતા હતા. ભિક્ષા આપવામાં લોકો ઉદાર હોવાથી ભિક્ષુઓને ત્યાં સરળતાથી ભિક્ષા મળતી હતી. ઘણા નટ, નર્તકી આદિ મનોરંજન પૂરું પાડતા હતા. તેમજ ઘણા બાગ–બગીચાના કારણે રાજગૃહી નગરી નંદનવન જેવી લાગતી હતી. ખાઈ, કોટ અને કિલ્લાથી તે નગરી સુરક્ષિત હતી. નગરમાં અનેક ત્રિકોણાકાર માર્ગ, ચોક અને રાજમાર્ગ હતા. તે નગર પોતાની સુંદરતાથી દર્શનીય, મનોરમ અને મનોહર હતું.

**ગુણશીલ ઉદ્યાન :–** રાજગૃહનગરની બહાર ગુણશીલ નામનું પ્રસિદ્ધ ઉદ્યાન(બગીચો) હતું. તે ઉદ્યાનમાં પ્રભુ મહાવીરના સેંકડો સમવસરણ થયા હતા. અનેક વ્યક્તિઓએ શ્રાવકધર્મ તથા શ્રમણધર્મરૂપ ચારિત્ર

આ ઉદ્યાનમાં ગ્રહણ કર્યા હતા. ગુણશીલ ઉદ્યાન ઐતિહાસિક અને પવિત્ર સ્થાન બની ગયું હતું. પ્રથમ ગણધર ગૌતમ સ્વામી તથા પંચમ ગણધર આર્ય સુધર્મા સ્વામી વગેરે પ્રભુના પ્રમુખ શિષ્યોએ આ ઉદ્યાનમાં જ અનશન ગ્રહણ કરી નિર્વાણપદ પ્રાપ્ત કર્યું હતું. વર્તમાનનું ગુણાવા, જે નવાદા સ્ટેશનથી લગભગ ત્રણ માઈલ ઉપર છે, ત્યાં જ પ્રભુ મહાવીરના સમયનું ગુણશીલ ઉદ્યાન હતું.

**અશોકવૃક્ષ :–** ગુણશીલ ઉદ્યાનની બરાબર મધ્યમાં એક વિશાળ અને રમણીય અશોકવૃક્ષ હતું. તે ઉત્તમ મૂળ, કંદ, સ્કંધ, શાખાઓ, પ્રશાખાઓ, પ્રવાલો, પાંદડાઓ, ફૂલો અને ફળોથી શોભતું હતું. તેનું થડ સ્વચ્છ અને વિશાળ હતું. તે થડનો ઘેરાવો પહોળા કરેલ બે હાથ પ્રમાણ ક્ષેત્ર કરતાં વધુ હતો. તેનાં પાંદડા પરસ્પર જોડાયેલાં, અધોમુખ અને નિર્દોષ હતાં. નવાં પાંદડાઓ, કુમળી કળી આદિથી તેનો ઉપરનો ભાગ સુશોભિત હતો. તે પોપટ, મેના, તેતર, કોયલ, મોર આદિ પક્ષીઓના કલરવથી ગુંજતુ હતું. ત્યાં મધલોલુપ ભમરાઓનો સમૂહ મસ્તીથી ગુંજારવ કરતો હતો. તે આજુબાજુના વૃક્ષ, લતાકુંજ, મંડપ આદિથી શોભાયમાન હતું. તે વૃક્ષ તૃપ્તિપ્રદ વિપુલ સુગંધને ફેલાવી રહ્યું હતું. વિશાળ ઘેરાવા અને છાયાના કારણે તે અનેક રથ, ડોલીઓ, પાલખીઓ આદિનું આશ્રય સ્થાન હતું.

**પૃથ્વીશિલાપટ્ટક :–** તે અશોકવૃક્ષની નીચે થડને અડીને એક પથ્થરની મોટી શિલા રાખવામાં આવતી હતી, તે શિલાપટ્ટક રૂપે ઓળખાતી હતી. તેનો વર્ણ કાળો હતો. તેની પ્રભા આંજણ, વાદળાઓનો સમૂહ, નીલકમલ, કેશરાશિ(વાળનો સમૂહ), ભેંસના શીંગડાનો ગર્ભ ભાગ, જાંબુફળ, અળસીના ફૂલ જેવી હતી. તે શિલાપટ્ટક ખૂબ જ લીસું હતું. તે આઠ ખૂણાવાળું, દર્પણ જેવું સ્વચ્છ, સુરમ્ય અને ચમકદાર હતું. તેના પર વરુ, બળદ, અશ્વ, મગર, પક્ષી, સર્પ, કિન્નર, હરણ, હાથી, વનલતા, પદ્મલતા આદિની ચિત્ર–વિચિત્ર આકૃતિઓ હતી. તેનો સ્પર્શ મૃગછાલ, આકડાનું રૂ, માખણ આદિની જેમ સુકોમળ હતો. તે ઉચિત લંબાઈ અને પહોળાઈ યુક્ત આસનના આકારે સ્થિત હતું. તે પ્રમાણે આ શિલાપટ્ટક મનોરમ, દર્શનીય, મોહક અને ખૂબ જ મનોહર હતું.

## આર્ય સુધર્માસ્વામીનું પદાર્પણ :-

**૨ तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स अंतेवासी अज्ज सुहम्मे णामं अणगारे जाइसंपण्णे कुलसंपण्णे जहा केसी** *जाव* **पंचहिं अणगार– सएहिं सद्धिं संपरिवुडे, पुव्वाणुपुव्विं चरमाणे, गामाणुगामं दुइज्जमाणे जेणेव रायगिहे णयरे** *जाव* **अहापडिरूवं उग्गहं ओगिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । परिसा णिग्गया । धम्मो कहिओ । परिसा पडिगया ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે ભગવાન મહાવીર સ્વામીના અંતેવાસી શિષ્ય આર્ય સુધર્મા અણગાર જાતિસંપન્ન(માતૃપક્ષ વિશુદ્ધ) અને કુળસંપન્ન(પિતૃપક્ષ શુદ્ધ) આદિ ગુણ સંપન્ન હતા. તે પાંચસો અણગારોની સાથે અનુક્રમે ચાલતાં, ગ્રામાનુગ્રામ વિચરતાં[એક ગામથી બીજા ગામ જતાં રસ્તામાં આવતાં

કોઈ પણ ગામને ઓળંગે નહીં તેમ વિચરણ કરતાં] જ્યાં રાજગૃહનગર હતું ત્યાં પધાર્યા ***યાવત્*** યથા–પ્રતિરૂપ–સાધુમર્યાદા પ્રમાણે નિવાસસ્થાનની આજ્ઞા લઈને સંયમ અને તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતાં ત્યાં રહ્યા. તેમનું વિશેષ વર્ણન કેશીકુમારના વર્ણન સમાન જાણવું. નગરમાંથી જનસમૂહ તેમના દર્શન કરવા આવ્યો. આર્ય સુધર્મા સ્વામીએ ધર્મોપદેશ આપ્યો અને પરિષદ પાછી ફરી.

## વિવેચન :–

પ્રસ્તુત પાઠમાં સંક્ષિપ્ત રીતે ત્રણ વિષયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે– (૧) શ્રમણ ભગવાન મહાવીરના અંતેવાસી પાંચમા ગણધર આર્ય સુધર્માનું રાજગૃહ નગરમાં પદાર્પણ. (૨) તેઓને વંદના કરવા માટે તથા ધર્મદેશના સાંભળવા માટે રાજગૃહ નગરના જનસમૂહનું ગમન (૩) આર્ય સુધર્મા સ્વામીની ધર્મદેશના અને ધર્મોપદેશ સાંભળી જનસમૂહનું નગરમાં પુનરાગમન.

**जहा केसी :–** સૂત્રમાં આર્ય સુધર્મા સ્વામીનો પરિચય આપવા માટે કેશીકુમાર શ્રમણનો ઉલ્લેખ છે. તેનો ભાવ એ છે કે રાજપ્રશ્નીય સૂત્રમાં ભગવાન પાર્શ્વનાથના શિષ્ય પરંપરાના કેશીકુમાર શ્રમણનું વર્ણન અનેક વિશેષણો દ્વારા વિસ્તારથી કરવામાં આવ્યું છે, તે સંપૂર્ણ વર્ણન આર્ય સુધર્મા સ્વામી માટે પણ સમજી લેવું જોઈએ.

## જંબૂ અણગારની સૂત્ર સાંભળવાની જિજ્ઞાસા :–

**३ तेणं कालेणं तेणं समएणं अज्जसुहम्मस्स अणगारस्स अंतेवासी जंबू णामं अणगारे समचउरंससंठाणसंठिए** *जाव* **संखित्तविउल तेउलेस्से अज्जसुहम्मस्स अणगारस्स अदूरसामंते उड्ढं जाणू अहोसिरे** *जाव* **विहरइ । तए णं से जंबू जायसड्ढे** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– उवङ्गाणं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं उवङ्गाणं पंच वग्गा पण्णत्ता, तं जहा– णिरयावलियाओ, कप्पवडिंसियाओ, पुप्फियाओ, पुप्फचूलियाओ, वण्हिदसाओ ।**

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं उवङ्गाणं पंच वग्गा पण्णत्ता, तं जहा– णिरयावलियाओ** *जाव* **वण्हिदसाओ, पढमस्स णं भंते ! वग्गस्स णिरयावलियाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं कइ अज्झयणा पण्णत्ता?**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે આર્ય સુધર્મા અણગારના શિષ્ય જંબૂ નામના અણગાર સમચતુરસ્ર સંસ્થાનવાળા ***યાવત્*** સંક્ષિપ્ત કરેલી વિપુલ તેજોલબ્ધિથી સંપન્ન હતા તેઓ આર્ય સુધર્મા સ્વામીથી ન

અતિ દૂર કે ન અતિ નજીક, ગોઠણને ઉપર રાખી, મસ્તક નમાવી ઉભડક આસને બેઠા હતા. તે સમયે જંબૂસ્વામીને શ્રદ્ધાપૂર્વકની જિજ્ઞાસા થઈ ***યાવત્*** પર્યુપાસના કરતાં આ પ્રમાણે કહ્યું– હે ભગવન્! મુક્તિપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ઉપાંગ સૂત્રમાં કયા ભાવોનું નિરૂપણ કર્યું છે ?

જિજ્ઞાસાનું સમાધાન કરતા સુધર્મા સ્વામીએ કહ્યું– હે જંબૂ ! મુક્તિપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ઉપાંગ સૂત્રના પાંચ વર્ગ કહ્યા છે, તેનાં નામ આ પ્રમાણે છે– (૧) નિરયાવલિકા (૨) કલ્પાવતંસિકા (૩) પુષ્પિકા (૪) પુષ્પચૂલિકા (૫) વૃષ્ણિદશા.

હે ભગવન્ ! જો મુક્તિપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ઉપાંગ સૂત્રના નિરયાવલિકાથી વૃષ્ણિદશા પર્યંત પાંચ વર્ગ કહ્યા છે તો હે ભગવન્ ! તેમાં પ્રથમ વર્ગ–નિરયાવલિકાના કેટલાં અધ્યયન કહ્યાં છે ?

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં જંબૂસ્વામીએ ઉપાંગ સૂત્રને સાંભળવાની–જાણવાની જિજ્ઞાસા પ્રગટ કરી અને આર્ય સુધર્મા સ્વામીએ તે સૂત્રનો પ્રારંભ કરતાં તેના નામ સહિત પાંચ વિભાગ–વર્ગ દર્શાવ્યા છે. ત્યાર પછી જંબૂસ્વામીએ નિરયાવલિકા નામના પ્રથમ વર્ગના અધ્યયન કેટલા છે ? તે જાણવાના ભાવ પ્રગટ કર્યા છે.

પ્રભુ મહાવીર સ્વામી, ગણધર સુધર્મા સ્વામી અને આર્ય જંબૂસ્વામીનો વિશેષણ યુક્ત પાઠ અનેક સૂત્રોમાં અનેક સ્થળે આવતાં સંક્ષિપ્ત વિસ્તૃત અનેક રૂપે પ્રતોમાં ઉપલબ્ધ થાય છે.

ગુરુપ્રાણ આગમ બત્રીસીના પ્રસ્તુત સંસ્કરણમાં ભગવાન મહાવીર સ્વામીનું વિશેષણ યુક્ત વિસ્તૃત પાઠ ઔપપાતિક સૂત્રમાં અને ભગવતી સૂત્રના પ્રથમ ભાગમાં રાખ્યો છે. આર્ય સુધર્મા સ્વામીનું વિશેષણ યુક્ત પાઠ જ્ઞાતાસૂત્રમાં રાખ્યો છે અને જંબૂસ્વામીનું વિશેષણ યુક્ત પાઠ જ્ઞાતા સૂત્ર તથા અંતગડ સૂત્રમાં રાખવામાં આવ્યો છે, અન્ય સ્થળે પ્રાયઃ સંક્ષિપ્ત પાઠ રાખેલ છે.

## દશ અધ્યયનનાં નામ અને અધ્યયન પ્રારંભ :–

**૪ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवङ्गाणं पढमस्स वग्गस्स णिरयावलियाणं दस अज्झयणा पण्णत्ता । तं जहा–**

**काले सुकाले महाकाले, कण्हे सुकण्हे तहा महाकण्हे ।**
**वीरकण्हे य बोद्धव्वे, रामकण्हे तहेव य ।**
**पिउसेणकण्हे णवमे, दसमे महासेणकण्हे उ ॥**

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवङ्गाणं पढमस्स वग्गस्स णिरयावलियाणं दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स**

**णिरयावलियाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે જંબૂ ! મુક્તિપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ઉપાંગ સૂત્રના નિરયાવલિકા નામના પ્રથમ વર્ગના દસ અધ્યયન કહ્યાં છે, તે આ પ્રમાણે છે– (૧) કાલકુમાર (૨) સુકાલકુમાર (૩) મહાકાલકુમાર (૪) કૃષ્ણકુમાર (૫) સુકૃષ્ણકુમાર (૬) મહાકૃષ્ણકુમાર (૭) વીરકૃષ્ણકુમાર (૮) રામકૃષ્ણકુમાર (૯) પિતૃસેન કૃષ્ણકુમાર (૧૦) મહાસેન કૃષ્ણકુમાર.

પ્રશ્ન– હે ભગવન્ ! જો મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ઉપાંગ સૂત્રના પ્રથમવર્ગ નિરયાવલિકાનાં દસ અધ્યયનો કહ્યાં છે, તેમાં નિરયાવલિકાના પ્રથમ અધ્યયનમાં પ્રભુએ કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દશ અધ્યયનનાં જે નામ પ્રરૂપિત કર્યા છે, તે નામ શ્રેણિક રાજાના દશપુત્રોના છે. આ અધ્યયનોમાં મુખ્યતાએ તે દશે રાજકુમારોનું વર્ણન છે.

શ્રેણિકની કાલી આદિ દશ રાણીઓનું મોક્ષ ગમનનું વર્ણન અંતગડસૂત્રમાં છે. તેઓના જ દશ પુત્ર અર્થાત્ પ્રત્યેક રાણીના એક–એક પુત્રનું વર્ણન આ વર્ગમાં છે. માતાઓના અને પુત્રોના નામમાં સમાનતા છે. જેમ કે– કાલી રાણીનો પુત્ર કાલકુમાર, સુકાલી રાણીનો પુત્ર સુકાલકુમાર વગેરે. આ દશે કુમારોના નરકગમનમાં મુખ્ય નિમિત્ત શ્રેણિકની રાણી ચેલણાનો પુત્ર કોણિક છે માટે આ વર્ગમાં કોણિકનું પણ વિસ્તૃત વર્ણન છે.

### કાલકુમાર :–

**५ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहेवासे चंपा णामं णयरी होत्था । रिद्धित्थिमियसमिद्धे** *वण्णओ* **। पुण्णभद्दे चेइए** *वण्णओ*। **तत्थ णं चंपाए णयरीए सेणियस्स रण्णो पुत्ते चेल्लणाए देवीए अत्तए कूणिए णामं राया होत्था** *वण्णओ* **। तस्स णं कूणियस्स रण्णो पउमावई णामं देवी होत्था, सूमालपाणिपाया** *जाव* **विहरइ ।**

**तत्थ णं चंपाए णयरीए सेणियस्स रण्णो भज्जा कूणियस्स रण्णो चुल्लमाउया काली णामं देवी होत्था, सूमालपाणिपाया** *जाव* **सुरूवा ।**

**तीसे णं कालीए देवीए पुत्ते काले णामं कुमारे होत्था, सूमालपाणिपाए** *जाव* **सुरूवे ।**

**ભાવાર્થ :–** સુધર્મા સ્વામીએ કહ્યું– તે કાળે અને તે સમયે આ જંબૂદ્વીપ નામના દ્વીપના ભારત વર્ષમાં ઋદ્ધિ આદિથી સંપન્ન ચંપા નામની નગરી હતી. તેના ઈશાન ખૂણામાં પૂર્ણભદ્ર યક્ષનું યક્ષાયતન હતું. તે ચંપાનગરીમાં શ્રેણિકરાજાના પુત્ર અને ચેલણાદેવીના આત્મજ કોણિક નામના મહા મહિમાશાળી રાજા રાજ્ય કરતા હતા. કોણિકરાજાને પદ્માવતી નામની રાણી હતી. તે અત્યંત સુકુમાર અંગોપાંગવાળી હતી ***યાવત્*** સુખપૂર્વક રહેતી હતી.

તે ચંપાનગરીમાં શ્રેણિકરાજાની પત્ની અને કોણિકરાજાની વિમાતા કાલી નામની રાણી હતી. તે સુકોમળ હાથ–પગ આદિ અંગોપાંગવાળી ***યાવત્*** રૂપવાન હતી. તે કાલીદેવીનો પુત્ર કાલ નામનો કુમાર હતો. તે સુકોમળ ***યાવત્*** સુરૂપ–સૌંદર્યવાન હતો.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પ્રથમ અધ્યયનના પ્રથમ વર્ગના નાયક કાલકુમારનું વર્ણન સંક્ષિપ્ત પાઠથી કર્યું છે. તેની પાર્શ્વભૂમિકામાં (૧) ચંપાનગરી (૨) પૂર્ણભદ્ર ઉદ્યાન (૩) કોણિક રાજા (૪) કોણિક રાજાની પત્ની પદ્માવતી રાણી (૫) કોણિકની લઘુમાતા – કાલકુમારની માતા કાલી રાણીનું વર્ણન પણ સંક્ષિપ્ત પાઠ પદ્ધતિથી કર્યું છે. તેનું કારણ એ છે કે રાજા, રાણી, નગર અને ઉદ્યાન આદિનું વર્ણન અનેક આગમ કથાનકોમાં અનેક સ્થાને આવે છે, જ્યાં જ્યાં તેનું વર્ણન આવે છે ત્યાં તેના એકાદ બે વિશેષણનો પ્રયોગ કરીને, **जाव** અથવા **वण्णओ** શબ્દ આપીને પાઠને સંક્ષિપ્ત કરવામાં આવે છે. તે જ રીતે પ્રસ્તુત આગમમાં પ્રસ્તુત પ્રસંગમાં અને ત્યાર પછીના અધ્યયનોમાં **वण्णओ** આદિ શબ્દથી પાઠને સંક્ષિપ્ત કર્યા છે. પાઠને સંક્ષિપ્ત કરવામાં **रिद्धिस्स महयास्स सूमालस्स** આદિ શબ્દો લખી મીંડા કરવામાં આવે છે અને અન્ય પણ વિવિધ પદ્ધતિઓ જોવા મળે છે. પ્રસ્તુત સંસ્કરણમાં તે સંક્ષિપ્ત પાઠોને સુવાચ્ય પદ્ધતિથી વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

**वण्णओ :–** વર્ણન જાણવું અર્થાત્ વિસ્તૃત પાઠ અન્ય શાસ્ત્ર કે પૂર્વના સૂત્ર અનુસાર જાણવો જોઈએ.

**सूमाल :–** સુકુમાર. પ્રસ્તુત સૂત્રમાં રાણી અને રાજકુમાર માટે આ શબ્દપ્રયોગ થયો છે. **सुकुमाल** થી **सुउमाल**, **सुमाल** અને **सोमाल** એવા દેશી શબ્દ બને છે. અનેક આગમોમાં સ્ત્રી કે પુરુષના વર્ણનમાં તેમના અંગોપાંગની સુકુમારતા દર્શાવવા આ શબ્દનો પ્રયોગ થયો છે. સ્ત્રી માટે **सूमाल पाणिपाया** અને પુરુષ માટે **सूमाल पाणिपाए** શબ્દ પ્રયોગ છે.

## કાલકુમારનું રથમુશળ સંગ્રામમાં ગમન :–

**६ तए णं से काले कुमारे अण्णया कयाइ तिहिं दंतिसहस्सेहिं, तिहिं रहसहस्सेहिं तिहिं आससहस्सेहिं, तिहिं मणुयकोडीहिं, गरुलवूहे एक्कारसमेणं खंडेणं कूणिएणं रण्णा सद्धिं रहमुसलं संगामं ओयाए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી એક વખત કાલકુમાર ત્રણ હજાર હાથી, ત્રણહજાર રથ, ત્રણ હજાર ઘોડા અને ત્રણ કરોડ સૈનિકોને લઈને, ગરુડવ્યૂહ રચીને, પોતાના અગિયારમાં ભાગના સૈન્ય સહિત કૂણિક રાજાની સાથે રથમુશળ સંગ્રામ કરવા ગયા.

## વિવેચન :–

**ગરુડવ્યૂહ :–** ગરુડના આકારે વ્યૂહ–લશ્કરની રચના. આગળ ઘણું ને પાછળ થોડું સૈન્ય હોય તેવી રીતે સેનાની ગોઠવણી કરવી.

**રથમુશળસંગ્રામ :–** જે સંગ્રામમાં મુશળયુક્ત રથ બહુ વેગથી દોડીને શત્રુપક્ષનો વિનાશ કરે છે. તે સંગ્રામને રથમુશળ સંગ્રામ કહે છે અને તેની પ્રમુખતાવાળો સંપૂર્ણ સંગ્રામ પણ રથમુશળ સંગ્રામ કહેવાય છે. ખરેખર રથમુશળ સંગ્રામ તો ફક્ત એક જ દિવસ થયો હતો તોપણ સૂત્રમાં સંપૂર્ણ સંગ્રામ માટે "રથ–મુશળ" નામનો ઉલ્લેખ છે.

**મહાશિલાકંટક સંગ્રામ :–** જે સંગ્રામ મહાશિલાના પ્રહાર જેવો પ્રાણોનો કંટક અર્થાત્ ઘાતક હોય છે અને જેમાં તણખલાની અણીએ મારવાથી પણ હાથી, ઘોડા આદિને મહાશિલાથી મારવા જેવી તીવ્ર વેદના થાય છે, તે સંગ્રામને મહાશિલાકંટક સંગ્રામ કહે છે. આ સંગ્રામ પણ એક જ દિવસનો થયો હતો. તેમાં કોણિક પક્ષના સૈનિક જો એક તણખલું ફેંકે તોપણ શત્રુપક્ષના સૈનિકોને મહાશિલા જેવો પ્રહાર લાગતો હતો.

## કાલીરાણીની ચિંતા :–

**૭ तए णं तीसे कालीए देवीए अण्णया कयाइ कुडुंबजागरियं जागरमाणीए अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु ममं पुत्ते कालकुमारे तिहिं दंतिसहस्सेहिं** *जाव* **ओयाए । से मण्णे, किं जइस्सइ, णो जइस्सइ, जीविस्सइ, णो जीविस्सइ, पराजिणिस्सइ, णो पराजिणिस्सइ, काले णं कुमारे अहं जीवमाणं पासिज्जा ? ओहयमण** *जाव* **झियाइ ।**

**ભાવાર્થ :–** ત્યારે એક વાર પોતાના કુટુંબ–પરિવાર વિષયક વિચાર કરતાં તે કાલીદેવીના મનમાં આ પ્રમાણે વિચાર ***યાવત્*** સંકલ્પ ઉત્પન્ન થયો કે મારો પુત્ર કાલકુમાર ત્રણહજાર હાથી વગેરે લઈને ***યાવત્*** રથમૂશળ સંગ્રામમાં ગયો છે. તો શું તે વિજય મેળવશે કે નહીં ? તે જીવતો રહેશે કે નહીં ? શત્રુને પરાજિત કરશે કે નહીં ? શું હું કાલકુમારને જીવતો જોઈ શકીશ ? ઈત્યાદિ વિચારોથી તે ઉદાસ–નિરુત્સાહી જેવી થઈને ***યાવત્*** આર્તધ્યાનમાં લીન થઈ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં **अज्झत्थिए जाव...** દ્વારા કાલીરાણીના વિચારની ક્રમિક અવસ્થાને પ્રગટ કરી.

**अज्झत्थिए :–** આત્મ–અધ્યવસાય ઉત્પન્ન થયો. સર્વ પ્રથમ અરૂપી આત્મ અધ્યવસાય ઉત્પન્ન થાય છે તે પછી મન રૂપી ચિંતન, મનન આદિ થાય છે તે પુદ્‌ગલમય રૂપી હોય છે. **चिंतिए** = માનસિક ચિંતન **पत्थिए** = ઈચ્છા, અભિલાષા **मणोगए संकप्पे** = મનોગત સંકલ્પ, વિચાર નિર્ણિત થયો.

## કાલીરાણીનું ભગવાનની ધર્મસભામાં ગમન :–

**८ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसरिए । परिसा णिग्गया। तए णं तीसे कालीए देवीए इमीसे कहाए लद्धट्ठाए समाणीए अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु समणे भगवं महावीरे पुव्वाणुपुव्विं** *जाव* **विहरइ । तं महाफलं खलु तहारूवाणं समणाणं** *जाव* **विउलस्स अट्ठस्स गहणयाए । तं गच्छामि णं समणं भगवं महावीरं** *जाव* **पज्जुवासामि, इमं च णं एयारूवं वागरणं पुच्छिस्सामि त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! धम्मियं जाणप्पवरं जुत्तामेव उवट्ठवेह, उवट्ठवेत्ता एयमाणत्तियं पच्चपिणह । तएणं ते कोडुंबिय पुरिसा** *जाव* **उवट्ठवित्ता तमाणत्तियं पच्चप्पिणंति।**

**ભાવાર્થ :–** તે કાળે, તે સમયે શ્રમણ ભગવાન મહાવીર ચંપાનગરીમાં પધાર્યા. ભગવાનને વંદના–નમસ્કાર કરવા અને ધર્મોપદેશ સાંભળવા માટે પરિષદ નીકળી. કાલીદેવી પણ આ સમાચાર જાણીને પ્રસન્ન થઈ. તેના મનમાં આ પ્રમાણે વિચાર આવ્યો કે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ગ્રામાનુગ્રામ વિહાર કરતા અહીં પધાર્યા છે. તથારૂપ શ્રમણ ભગવંતોનું માત્ર નામશ્રવણ પણ મહાન ફલદાયક છે, તો તેની સમીપે જઈને વંદન–નમસ્કાર કરીએ તો કેટલા મહાન ફળની પ્રાપ્તિ થાય ? તેમની પાસેથી વિપુલ શ્રુતના અર્થને ગ્રહણ કરવાનો મહિમા અપરંપાર છે. તેથી હું શ્રમણ ભગવાન મહાવીર પાસે જાઉં ***યાવત્*** તેમની પર્યુપાસના કરું અને તેમને પૂર્વોક્ત પ્રશ્ન પૂછું. કાલીરાણીએ આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને તેમણે સેવકોને બોલાવ્યા અને આ પ્રમાણે આજ્ઞા આપી– હે દેવાનુપ્રિયો ! શીઘ્રતાથી ધાર્મિક કાર્યોમાં વપરાતા શ્રેષ્ઠ રથને જોડીને લાવો અને મને જાણ કરો. ત્યારે તે કૌટુંબિક પુરુષો રથને જોડીને લાવ્યા અને આજ્ઞાનુરૂપ કાર્ય થઈ ગયું છે, તેમ કાલી રાણીને જણાવ્યું.

**९ तए णं सा काली देवी ण्हाया** *जाव* **अप्पमहग्घाभरणालंकिय सरीरा बहूहिं खुज्जाहिं** *जाव* **महत्तरगविंदपरिक्खित्ता अंतेउराओ णिग्गच्छइ णिग्गच्छित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला, जेणेव धम्मिए जाणप्पवरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता धम्मियं जाणप्पवरं दुरूहइ, दुरूहित्ता णियगपरियाल संपरिवुडा चंपं णयरिं मज्झं– मज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव पुण्णभद्दे चेइए तेणेव उवागच्छइ, उवागच्छित्ता छत्ताईए तित्थयराइसए**

**पासइ, पासित्ता धम्मियं जाणप्पवरं ठवेइ, ठवेत्ता धम्मियाओ जाणप्पवराओ पच्चोरुहइ पच्चोरुहित्ता बहूहिं खुज्जाहिं** *जाव* **महत्तरगविंदपरिक्खित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता ठिया चेव सपरिवारा सुस्सूसमाणी णमंसमाणी अभिमुहा विणएणं पंजलिउडा पज्जुवासइ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કાલીદેવી સ્નાન કરી ***યાવત્*** મહામૂલ્યવાન પરંતુ અલ્પ ભારવાળાં આભૂષણોથી વિભૂષિત થઈને, કુબ્જા દાસીઓ ***યાવત્*** મહત્તરા દાસીઓના સમૂહથી ઘેરાયેલી અંતઃપુરમાંથી નીકળી, નીકળીને બાહ્ય ઉપસ્થાન શાળા(સભાભવન)પાસે જ્યાં ધાર્મિક રથ તૈયાર કરેલો હતો, ત્યાં આવી અને તે રથમાં બેઠી, બેસીને પોતાનાં પરિજનો અને પરિવારને સાથે લઈને ચંપાનગરીની મધ્યમાં થઈને નીકળી અને જ્યાં પૂર્ણભદ્ર ઉદ્યાન હતું ત્યાં પહોંચીને તીર્થંકરોના છત્રાદિ અતિશયો(પ્રાતિહાર્યો)ને જોતાં જ ધાર્મિક શ્રેષ્ઠ રથને ઊભો રાખ્યો. તેણી રથમાંથી નીચે ઊતરી અને કુબ્જા ***યાવત્*** મહત્તરા વગેરે અનેક દાસી વૃંદની સાથે જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યાં ગઈ; ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણા કરીને વંદના, નમસ્કાર કર્યા અને સપરિવાર ભગવાનની દેશના સાંભળવા માટે ભક્તિપૂર્વક નમસ્કાર કરી, વિનયપૂર્વક અંજલિ જોડીને સન્મુખ રહીને, પર્યુપાસના કરવા લાગી.

**વિવેચન :–**

ઉક્ત ગદ્યાંશોમાં સંતાન પ્રતિ માતૃહૃદયની મનોભાવનાઓનું દર્શન કરાવ્યું છે. સંતાનો અલ્પ સંકટમાં હોય તો પણ માતાનું હૃદય સતત ચિંતિત રહે છે, તેનું મન આકુળ–વ્યાકુળ બની જાય છે. તેને મનમાં શાંતિ રહેતી નથી. સંતાનનું સંકટ નિવારવા મંત્ર, તંત્ર આદિ અનેકવિધ પ્રયત્નો કરે છે અને પોતાના સંતાનો માટે જાગેલી અનિષ્ટ આશંકાને દૂર કરવાનો ઉપાય જાણવા માટે ઉત્સુક રહે છે. કાલીરાણી પણ આ ભાવના સાથે ભગવાનના સમોસરણમાં ઉપસ્થિત થઈ હતી.

**ભગવાનની દેશના : કાલીરાણીની જિજ્ઞાસા :–**

**१० तए णं समणे भगवं महावीरे कालीए देवीए, तीसे य महइमहालियाए परिसाए धम्मं परिकहेइ** *जाव* **एयस्स धम्मस्स सिक्खाए उवट्ठिए समणोवासए वा समणोवासिया वा विहरमाणा आणाए आराहए भवइ ।**

**तए णं सा काली देवी समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठ** *जाव* **विसप्पमाणहियया समणं भगवं महावीरं तिक्खुत्तो** *जाव* **एवं वयासी– एवं खलु भंते! मम पुत्ते काले कुमारे तिहिं दंतिसहस्सेहिं** *जाव* **रहमुसलं संगामं ओयाए । से णं भंते! किं जइस्सइ, णो जइस्सइ** *जाव* **काले णं कुमारे अहं जीवमाणं पासिज्जा ?**

**काली ! त्ति समणे भगवं महावीरे कालिं देविं एवं वयासी– एवं खलु काली ! तव पुत्ते काले कुमारे तिहिं दंतिसहस्सेहिं** *जाव* **कूणिएणं रण्णा सद्धिं रहमुसलं संगामं संगामेमाणे हयमहिय–पवरवीरघाइय–णिवडिय–चिंधज्झयपडागे णिरालोयाओ दिसाओ करेमाणे चेडगस्स रण्णो सपक्खं सपडिदिसिं रहेण पडिरहं हव्वमागए ।**

**तए णं से चेडए राया कालं कुमारं एज्जमाणं पासइ, पासित्ता आसुरत्ते** *जाव* **मिसिमिसेमाणे धणुं परामुसइ, परामुसित्ता उसुं परामुसइ, परामुसित्ता वइसाहं ठाणं ठाइ, ठाइत्ता आययकण्णाययं उसुं करेइ, करेत्ता कालं कुमारं एगाहच्चं कूडाहच्चं जीवयाओ ववरोवेइ । तं कालगए णं काली ! काले कुमारे, णो चेव णं तुमं कालं कुमारं जीवमाणं पासिहिसि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીરે તે કાલીદેવી અને વિશાળ જનપરિષદને ધર્મદેશના આપી. [ઔપપાતિક સૂત્ર પ્રમાણે ધર્મદેશનાનું કથન કરવું જોઈએ] ***યાવત્*** આ ધર્મના આચરણમાં ઉપસ્થિત શ્રાવક અને શ્રાવિકા, વ્રત આરાધનાથી જિનાજ્ઞાના આરાધક થાય છે.

ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી ધર્મશ્રવણ કરી, હૃદયમાં ધારીને કાલી રાણી હર્ષિત, સંતુષ્ટ ***યાવત્*** વિકસિત હૃદયવાળી થઈને શ્રમણ ભગવાનને ત્રણ વાર વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! મારો પુત્ર કાલકુમાર ત્રણ હજાર હાથીઓ સહિત ***યાવત્*** રથમૂશલ સંગ્રામમાં ગયો છે, તો હે ભગવન્ ! શું તે વિજયી થશે કે નહીં ? ***યાવત્*** શું હું કાલકુમારને જીવતો જોઈ શકીશ ?

પ્રત્યુત્તરમાં, હે કાલી ! આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીરે કાલીરાણીને આ રીતે કહ્યું– તારો પુત્ર કાલકુમાર ત્રણ હજાર હાથી સહિત કોણિક રાજાની સાથે રથમૂશલ સંગ્રામમાં યુદ્ધ કરતો, વીર યોદ્ધાઓને મારતો, મર્દિત કરતો, ઘાત પહોંચાડતો અને તેની સંકેત સૂચક ધ્વજા–પતાકાઓને નીચે પછાડતો, દિશા–વિદિશાઓને અંધકારમય કરતો, પોતાના રથ સહિત ચેડારાજાના રથ સામે આવી પહોંચ્યો.

ચેડા રાજાએ આ રીતે સામે આવતા કાલકુમારને જોયો કે તરત તેને ક્રોધ આવ્યો ***યાવત્*** દાંત કચકચાવીને ધનુષ્ય ઉપાડયું અને બાણ હાથમાં લઈ ધનુષ્ય પર ચઢાવી, કાન સુધી પણછ ખેંચીને એક જ વારમાં તીવ્ર પ્રહારથી કાલકુમારને આહત કરીને, રક્તરંજિત બનાવી, જીવનથી રહિત કરી દીધો. તેથી હે કાલી ! તે કાલકુમાર મૃત્યુને પામ્યો છે, માટે હવે તું કાલકુમારને જીવતો જોઈ શકીશ નહીં.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ઔપપાતિક સૂત્રાનુસાર પ્રભુની ધર્મદેશનાનું સંક્ષિપ્ત વર્ણન *જાવ* પાઠથી કર્યું

છે. ત્યાર પછી પોતાના પુત્રના જય–પરાજય વિષયક માતા કાલીનો પ્રશ્ન અને સર્વજ્ઞ પ્રભુનો ઉત્તર છે.

**सावगधम्मं आराहित्ता भवइ :–** ધર્મદેશનાના ઉપસંહાર રૂપે આ અંતિમ વાક્ય છે. તેમાં શ્રાવક શ્રાવિકાની આરાધનાનું કથન છે. શ્રમણ શ્રમણીની આરાધનાનું કથન પણ ધર્મ દેશનામાં હોય જ છે. અહીં *જાવ* શબ્દમાં તે સમાવિષ્ટ છે.

**चेडए राया :–** પ્રસ્તુત સૂત્રમાં ચેડા રાજા માટે **'चेडए'** શબ્દ પ્રયોગ છે તેનો અર્થ ચેટક રાજા થાય છે, તેમ છતાં અહીં અનુવાદમાં 'ચેડારાજા' તે પ્રચલિત શબ્દનો પ્રયોગ રાખ્યો છે.

પ્રસ્તુત સૂત્રમાં ચેડારાજા તીવ્ર ક્રોધાયમાન થયાનું વર્ણન છે. તે ક્રોધ યુદ્ધકાલ પર્યંતનો, શરણાગતની રક્ષા માટેનો અને ન્યાયસંગત હતો. પંચેન્દ્રિય જીવની ઘાત કરવા છતાં તેમનો ક્રોધ અનંતાનુબંધી ન હતો. તેથી જ યુદ્ધ કરવા છતાં ગૃહસ્થનું શ્રાવકપણું કે પાંચમું ગુણસ્થાન ટકી રહે છે.

શાસ્ત્રોમાં શ્રમણો માટે ત્રણે કાલ સંબંધી નિમિત્ત કથનનો નિષેધ છે. તેમ છતાં વીતરાગ પ્રભુ મહાવીરે કાલી રાણીને કાલકુમાર સંબંધી પ્રશ્નનો ઉત્તર આપ્યો, તેનું કારણ આ પ્રમાણે સમજવું.

(૧) ભગવાને આપેલો ઉત્તર નિમિત્ત કથનરૂપ નથી. નિમિત્ત કથનમાં અનુમાન અને ગણિતપૂર્વક ફલાદેશનું કથન હોય છે. જ્યારે પ્રભુએ તો કેવળજ્ઞાનથી આલોકિત ઘટનાનું કથન કર્યું હતું.

(૨) ભગવાને પોતાના જ્ઞાનમાં એ પણ જોયું હતું કે પુત્રવિયોગ કાલીરાણીના વૈરાગ્યનું નિમિત્ત બનવાનો છે. તે ઉપરાંત વિશિષ્ટ જ્ઞાની માટે સામાન્ય નિયમ લાગુ પડતા નથી.

### કાલી રાણીની મોહદશા :–

**११ तए णं सा काली देवी समणस्स भगवओ महावीरस्स अंतियं एयमट्ठं सोच्चा णिसम्म महया पुत्तसोएणं अप्फुण्णा समाणी परसुणियत्ता विव चंपगलया धसत्ति धरणीयलंसि सव्वङ्गेहिं सण्णिवडिया ।**

**तए णं सा काली देवी मुहुत्तंतरेण आसत्था समाणी उट्ठाए उट्ठेइ उट्ठित्ता समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवमेयं भंते! तहमेयं भंते! अवितहमेयं भंते! असंदिद्धमेयं भंते! सच्चे णं भंते ! एसमट्ठे, जहेयं तुब्भे वयह त्ति कट्टु समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता तमेव धम्मियं जाणप्पवरं दुरूहइ, दुरूहित्ता जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया।**

**ભાવાર્થ :–** શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસેથી પોતાના પુત્રનું ઉપરોક્ત વૃત્તાંત સાંભળીને અને હૃદયમાં અવધારણ કરીને કાલીરાણી પુત્રશોકથી ઉદ્વિગ્ન બનીને, જેમ કુહાડીથી કપાયેલી ચંપકલતા

પડી જાય છે, તેમ મૂર્ચ્છિત થઈને જમીન ઉપર(ધબ દઈને) પડી ગઈ.

થોડીવાર પછી જ્યારે કાલીદેવી કંઈક સ્વસ્થ બની ત્યારે ઊભી થઈ અને ભગવાનને વંદન નમસ્કાર કરીને રુંધાયેલા સ્વરથી બોલી– હે ભગવાન ! જેમ આપ કહો છો તેમજ છે, યથાર્થ છે, શંકારહિત છે, સત્ય છે. એમ કહી ભગવાનને ફરી વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને તે જ ધાર્મિક રથમાં બેસીને પોતાના સ્થાને ગઈ.

### ગૌતમની જિજ્ઞાસા : કાલકુમારની ગતિ :-

**१२ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– काले णं भंते ! कुमारे तिहिं दंतिसहस्सेहिं** *जाव* **रहमुसलं संगामं संगामेमाणे चेडएणं रण्णा एगाहच्चं कूडाहच्चं जीवियाओ ववरोविए समाणे कालमासे कालं किच्चा कहिं गए, कहिं उववण्णे ?**

**गोयमा ! त्ति समणे भगवं महावीरे भगवं गोयमं एवं वयासी– एवं खलु गोयमा ! काले कुमारे तिहिं दंतिसहस्सेहिं** *जाव* **रहमुसलं संगामं संगामेमाणे चेडएणं रण्णा एगाहच्चं कूडाहच्चं जीवियाओ ववरोविए समाणे कालमासे कालं किच्चा चउत्थीए पङ्कप्पभाए पुढवीए हेमाभे णरए दससागरोवमठिइएसु णेरइएसु णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન–નમસ્કાર કર્યા અને પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરતાં આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! ત્રણ હજાર હાથી આદિની સાથે કાલકુમાર રથમુશલ સંગ્રામમાં લડાઈ કરતો ચેડારાજાના એક જ પ્રહારથી મૃત્યુ પામીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ?

ઉત્તર– હે ગૌતમ ! આ પ્રમાણે સંબોધન કરીને શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ગૌતમ સ્વામીને આ પ્રમાણે કહ્યું– ગૌતમ ! ત્રણ હજાર હાથી આદિની સાથે યુદ્ધમાં ગયેલો તે કાલકુમાર જીવનરહિત થઈને મૃત્યુના સમયે મૃત્યુ પામી ચોથી પંકપ્રભા નામની નરકમાં હેમાભ નામના નરકાવાસમાં દશ સાગરોપમની સ્થિતિવાળા નારકી રૂપે ઉત્પન્ન થયો.

## –: કોણિક જીવન :–

### કોણિકનું ચેલણાની કુક્ષિમાં આગમન :-

**१३ काले णं भंते ! कुमारे केरिसएहिं आरंभेहिं केरिसएहिं समारंभेहिं**

**केरिसएहिं आरंभसमारंभेहिं केरिसएहिं भोगेहिं केरिसएहिं संभोगेहिं केरिसए हिं भोगसंभोगेहिं केरिसएण वा असुभकडकम्मपब्भारेणं कालमासे कालं किच्चा चउत्थीए पङ्कप्पभाए पुढवीए** जाव **णेरइयत्ताए उववण्णे ?**

**एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे होत्था, रिद्धित्थिमियसमिद्धे । तत्थ णं रायगिहे णयरे सेणिए णामं राया होत्था, महया हिमवंत** *जाव* **रायवण्णओ । तस्स णं सेणियस्स रण्णो णंदा णामं देवी होत्था सूमालपाणिपाया** *जाव* **विहरइ । तस्स णं सेणियस्स रण्णो पुत्ते णंदाए देवीए अत्तए अभए णामं कुमारे होत्था, सूमालपाणिपाया** *जाव* **सुरूवे । सामदामभेयदंड** *जाव* **विसारए जहा चित्तो** *जाव* **रज्जधुराए चिंतए यावि होत्था । तस्स णं सेणियस्स रण्णो चेल्लणा णामं देवी होत्था, सूमालपाणिपाया** *जाव* **विहरइ ।**

**तए णं सा चेल्लणा देवी अण्णया कयाइ तंसि तारिसगंसि वासघरंसि** *जाव* **सीहं सुमिणे पासित्ताणं पडिबुद्धा, जहा पभावई** *जाव* **सुमिणपाढगा पडिविसज्जिया** *जाव* **चेल्लणा से वयणं पडिच्छित्ता जेणेव सए भवणे तेणेव अणुपविट्ठा ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! તે કાલકુમાર હિંસા–અસત્ય આદિ કેવી જાતના સાવદ્ય અનુષ્ઠાનરૂપ આરંભથી, શસ્ત્ર વડે પ્રાણીઓનો નાશ કરવા રૂપ સમારંભથી, બંને પ્રકારના મિશ્ર અનુષ્ઠાનરૂપ આરંભ સમારંભથી તેમજ કેવી જાતના શબ્દાદિ વિષયભોગથી, કેવા પ્રકારની તીવ્ર અભિલાષાથી ઉત્પન્ન થતા વિષયોના સંભોગથી તથા કેવી જાતના મહારંભ અને મહાપરિગ્રહરૂપ વિષયોની અભિલાષરૂપ ભોગોપભોગથી તેમજ કેવા અશુભ કર્મોના ભારથી મૃત્યુ પામીને ચોથી નરકમાં ગયો ?

હે ગૌતમ ! તેનું કારણ આ પ્રમાણે છે– તે કાલે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. તે નગર ઋદ્ધિ–વૈભવથી સંપન્ન, શત્રુઓના ભયથી રહિત અને ધન–ધાન્યાદિની સમૃદ્ધિથી યુક્ત હતું. તે રાજગૃહ નગરમાં હિમાલયપર્વત જેવા મહાન શ્રેણિકરાજા રાજ્ય કરતા હતા. તે શ્રેણિકરાજાને અત્યંત સુકુમાર હાથપગ આદિ અંગોપાંગવાળી નંદા નામની રાણી હતી. જે મનુષ્યસંબંધી સુખોનો અનુભવ કરતી રહેતી હતી. શ્રેણિકરાજાનો પુત્ર અને નંદારાણીનો આત્મજ અભય નામનો રાજકુમાર હતો. જે સુકુમાર હાથપગ આદિ અંગોપાંગવાળો ***યાવત્*** રૂપવાન હતો. તે સામ, દામ, દંડ, ભેદ આદિ રાજનીતિમાં નિપુણ હતો ***યાવત્*** ચિત્ત સારથિની જેમ રાજકાર્યને દક્ષતાપૂર્વક કરતો હતો.

શ્રેણિકરાજાની ચેલણા નામની બીજી રાણી હતી. જે સુકુમાર હાથપગ આદિ અંગોપાંગવાળી ***યાવત્*** સુખપૂર્વક રહેતી હતી.

એકવાર તે શયનગૃહમાં ચિંતા આદિથી મુક્ત બની સુખશય્યા પર સૂતી હતી. ત્યારે તેણે સ્વપ્નમાં

સિંહ જોયો, સ્વપ્ન જોઈને તે જાગૃત થઈ. પ્રભાવતી દેવીની જેમ રાજાને સ્વપ્ન કહ્યું. રાજાએ સ્વપ્નપાઠકોને બોલાવ્યા અને સ્વપ્નનું ફળ પૂછ્યું. સ્વપ્નપાઠકોએ સ્વપ્નફળ કહ્યું. રાજાએ તેને પ્રીતિદાન આપી વિદાય કર્યા ***યાવત્*** સ્વપ્નફળ સાંભળી હર્ષ પામી, રાણી પોતાના મહેલમાં ગઈ.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં કાલકુમારની નરકગતિના કારણનું સ્પષ્ટીકરણ કરતાં સૂત્રકારે કોણિક રાજાનું જીવનવૃતાંત કહ્યું છે. તેનો પ્રારંભ કરતાં સૂત્રમાં શ્રેણિકરાજા, ચેલણા રાણી અને અભયકુમારનો પરિચય આપ્યો છે.

**जहा चित्तो :–** આ સંક્ષિપ્ત પાઠથી અભયકુમારના ગુણોનું વર્ણન ચિત્ત સારથીની જેમ સમજવાનું કહ્યું છે. રાજપ્રશ્નીય સૂત્રમાં પરદેશી રાજાના વૃત્તાંતમાં ચિત્તસારથીનું વર્ણન છે. તે પરદેશીરાજાના મંત્રી સમાન હતો. તે સામ, દામ, દંડ અને ભેદ ચાર પ્રકારની રાજનીતિઓનો જાણકાર હતો. ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી, આ ચાર પ્રકારની બુદ્ધિથી યુક્ત હતો. બુદ્ધિ બળે તે મુશ્કેલ કાર્ય પણ સરળતાથી કરી લેતો હતો. પારિવારિક સમસ્યાઓ, ગુપ્ત અને રહસ્યમય કાર્યો અંગે રાજાને સાચી સલાહ આપતો હતો. તે રાજ્યશાસનનો પ્રમુખ હતો. આ જ પ્રમાણે અભયકુમાર પણ રાજાશ્રેણિકના પ્રત્યેક કાર્યનો કર્તા હતો. રાજ્યના ગુપ્ત રહસ્ય પણ જાણતો હતો.

**जहा पभावई :–** હસ્તિનાપુરનગરના બલરાજાની રાણી પ્રભાવતી હતી. ભગવતી સૂત્ર શતક–૧૧, ઉદ્દેશક–૧૧માં મહાબલના જીવનનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. મહાબલ ગર્ભમાં આવ્યા ત્યારે પ્રભાવતીદેવીએ સ્વપ્નમાં શુભ લક્ષણોવાળા સિંહને જોયો હતો. સ્વપ્નદર્શન પછી બલરાજાને સ્વપ્નની વાત કરી. બલરાજાએ પોતાના જ્ઞાનના આધારે સ્વપ્નનું શુભ ફળ બતાવ્યું કે કુળના ભૂષણરૂપ પુત્રનો જન્મ થશે. પછી રાજાએ સવારે સ્વપ્નપાઠકોને બોલાવ્યા. તેઓએ વિસ્તારથી સ્વપ્નશાસ્ત્રનું વર્ણન કરીને કહ્યું કે આપને રાજકુમારની પ્રાપ્તિ થશે. તે રાજકુમાર વિશાળ રાજ્યનો સ્વામી થશે અથવા જ્ઞાન–ધ્યાન તપથી સંપન્ન મહાન અણગાર થશે ઈત્યાદિ.

આ પ્રમાણે પ્રભાવતીની જેમ રાણી ચેલણાની કુક્ષિમાં આવનાર બાળક પણ મહાન રાજા થશે, તેમ સ્વપ્નપાઠકોએ સ્પષ્ટ કર્યું.

**આરંભ–સમારંભ :–** આ શબ્દોનો પ્રયોગ બે પ્રકારે થાય છે. (૧) સંરંભ, સમારંભ અને આરંભ આ ત્રણ ક્રમિક શબ્દ પ્રયોગ થતાં ક્રમશઃ પાપનો સંકલ્પ, પૂર્વતૈયારી અને પાપાચરણ અર્થ થાય છે. (૨) આરંભ, સમારંભ આ રીતે બે શબ્દોનો પ્રયોગ થતાં આરંભ શબ્દથી સામાન્ય સાવદ્ય પ્રવૃત્તિ અને સમારંભથી વિશેષ આરંભ પ્રવૃત્તિનું ગ્રહણ થાય છે અને બંને શબ્દનો સંયુક્ત પ્રયોગ થતાં નાના મોટા વિવિધ પાપોથી સંયુક્ત પ્રવૃત્તિનું ગ્રહણ થાય છે. પ્રસ્તુત સૂત્રમાં બીજા પ્રકારનો શબ્દ પ્રયોગ થયો છે.

## ચેલણાનો દોહદ અને આર્તધ્યાન :–

**૧૪ तए णं तीसे चेल्लणाए देवीए अण्णया कयाइ तिण्हं मासाणं बहुपडिपुण्णाणं**

**अयमेयारूवे दोहले पाउब्भूए- धण्णाओ णं ताओ अम्मयाओ** *जाव* **जम्मजीवियफले, जाओ णं सेणियस्स रण्णो उयरवलीमंसेहिं सोल्लेहि य तलिएहि य भज्जिएहि य सुरं च** *जाव* **पसण्णं च आसाएमाणीओ विसाए माणीओ परिभुंजेमाणीओ परिभाए- माणीओ दोहलं पविणेंति ।**

**तए णं सा चेल्लणा देवी तंसि दोहलंसि अविणिज्जमाणंसि सुक्का भुक्खा णिम्मंसा ओलुग्गा ओलुग्गसरीरा णित्तेया दीणविमणवयणा पंडुइयमुही ओमंथिय-णयण-वयणकमला जहोचियं पुप्फवत्थ गंधमल्लालंकारं अपरिभुज्जमाणी करयल- मलियव्व कमलमाला ओहयमणसंकप्पा** *जाव* **झियाइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી રાણી ચેલણાને ત્રણ મહિના પૂરા થતા આ પ્રકારનો દોહદ(તીવ્ર ઈચ્છા) થયો કે– ધન્ય છે તે માતાઓને ***યાવત્*** તેનો વૈભવ, માનવજન્મ અને જીવન સફળ છે કે જે શ્રેણિકરાજાના કાળજાના માંસને તવા ઉપર શેકીને તથા તેલમાં તળીને કે અગ્નિમાં શેકીને દારૂની સાથે તેનો સ્વાદ લેતી અને પરસ્પર સખીઓને દેતી પોતાના દોહદને પૂર્ણ કરે છે અર્થાત્ જે જે માતાઓને જે જે દોહદ થાય, તે દોહદને જેઓ પૂર્ણ કરે છે તેઓને ધન્ય છે.

આ પ્રમાણેના વિચારો કરવા છતાં ચેલણા રાણી તે અયોગ્ય, અનિષ્ટ દોહદ પૂરો ન થવાથી અને તેનું લોહી શોષાઈ જવાથી તે સૂકાઈ ગઈ, ભૂખી રહેવા લાગી. શરીરમાં માંસ ન રહેવાથી તે દુર્બળ થઈ ગઈ. મનના આઘાતે રોગી જેવી થઈ ગઈ, નિસ્તેજ બની ગઈ અને તેનું મન દીનહીન, ઉત્સાહ રહિત તથા મુખ ફિક્કું પડી ગયું. તેથી તે નેત્ર તથા મુખકમળને ઝુકાવી(ઉદાસ ચહેરે) રહેવા લાગી. તે યથાયોગ્ય પુષ્પ, વસ્ત્રાદિ અને સુગંધિત માળા–અલંકારો ધારણ કરતી ન હતી. તે હાથથી મસળેલી કમળ માળા જેવી મુરઝાયેલી દુઃખિત મનવાળી, ચિંતા અને શોક સાગરમાં ડૂબેલી આર્તધ્યાનમાં રહેવા લાગી.

**१५ तए णं तीसे चेल्लणाए देवीए अङ्गपडियारियाओ चेल्लणं देविं सुक्कं भुक्खं** *जाव* **झियायमाणिं पासंति पासित्ता जेणेव सेणिए राया तेणेव उवागच्छंति उवागच्छित्ता करयलपरिग्गहियं सिरसावत्तं मत्थए अज्जलिं कट्टु सेणियं रायं एवं वयासी- एवं खलु सामी ! चेल्लणा देवी, ण याणामो केणइ कारणेणं सुक्का भुक्खा** *जाव* **झियाइ ।**

**तए णं सेणिए राया तासिं अङ्गपडियारियाणं अंतिए एयमट्ठं सोच्चा णिसम्म तहेव संभंते समाणे जेणेव चेल्लणा देवी तेणेव उवागच्छइ उवागच्छित्ता चेल्लणं देविं सुक्कं भुक्खं** *जाव* **झियायमाणिं पासित्ता एवं वयासी- किण्णं तुमं देवाणुप्पिए ! सुक्का भुक्खा** *जाव* **झियासि ?**

**तए णं सा चेल्लणा देवी सेणियस्स रण्णो एयमट्ठं णो आढाइ, णो परियाणइ, तुसिणीया संचिट्ठइ ।**

**ભાવાર્થ :–** ચેલણા રાણીની અંગપરિચારિકાએ તેની સૂકાયેલી, ફીકી આદિ પૂર્વોક્ત અવસ્થા જોઈને, શ્રેણિક રાજાની પાસે જઈ, બે હાથ જોડી, આવર્તપૂર્વક મસ્તક પર અંજલિ કરી, આ પ્રમાણે કહ્યું– હે સ્વામિન્ ! ખબર નથી કે ચેલણા રાણી કયા કારણથી સુકાઈ ગયા છે તથા દુઃખિત થઈને આર્તધ્યાન કરે છે.

મહારાજા શ્રેણિક દાસીઓ પાસેથી આ વાત સાંભળીને આકુળ–વ્યાકુળ થતાં ચેલણા રાણી પાસે આવ્યા અને તેની પૂર્વોક્ત અવસ્થા જોઈને કહ્યું– હે દેવાનુપ્રિયે ! તમે શા માટે શુષ્ક શરીરવાળા ***યાવત્*** ચિંતાગ્રસ્ત બની ગયા છો ? પરંતુ ચેલણા રાણીએ શ્રેણિક રાજાના આ પ્રશ્નનો આદર ન કર્યો, તેનો જવાબ ન આપ્યો અને મૌન બેઠી રહી.

**१६ तए णं से सेणिए राया चेल्लणं देविं दोच्चं पि तच्चंपि एवं वयासी– किण्णं अहं देवाणुप्पिए एयमट्ठं णो अरिहे सवणयाए, जण्णं तुमं एयमट्ठं रहस्सीकरेसि ?**

**तए णं सा चेल्लणादेवी सेणिएणं रण्णा दोच्चं पि तच्चं पि एवं वुत्ता समाणी सेणियं रायं एवं वयासी– णत्थि णं सामी ! से केइ अट्ठे, जस्स णं तुब्भे अणरिहे सवणयाए, णो चेव णं इमस्स अट्ठस्स सवणयाए । एवं खलु सामी ! ममं तस्स ओरालस्स** *जाव* **महासुमिणस्स तिण्हं मासाणं बहुपडिपुण्णाणं अयमेयारूवे दोहले पाउब्भूए– धण्णाओ णं ताओ अम्मयाओ, जाओ णं तुब्भं उयरवलिमंसेहिं सोल्लएहि य** *जाव* **दोहलं विणेंति । तए णं अहं सामी ! तंसि दोहलंसि अवि–णिज्जमाणंसि सुक्का भुक्खा** *जाव* **झियामि ।**

**ભાવાર્થ :–** ત્યારે શ્રેણિક રાજાએ બે–ત્રણવાર ફરીથી આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! શું હું તમારી આ વાત સાંભળવા લાયક નથી કે જેથી તમે મારાથી વાત છૂપી રાખો છો ?

આ પ્રમાણે બે–ત્રણવાર રાજાએ પૂછ્યું ત્યારે રાણી બોલી– હે સ્વામી ! એવી કોઈ વાત નથી, જે આપનાથી છૂપી હોય અથવા આપ તેને સાંભળવા યોગ્ય ન હો, તેવું પણ નથી પરંતુ હે સ્વામી ! તે વાત આ પ્રમાણે છે કે તે ઉદાર સ્વપ્નનાં ફળસ્વરૂપ ગર્ભના ત્રીજા મહિનાના અંતે મને એવો દોહદ ઉત્પન્ન થયો છે કે– તે માતાને ધન્ય છે જે પોતાના પતિના કાળજાના માંસને પકાવીને **યાવત્** મદિરાથી પોતાનો દોહદ પૂરો કરે છે. હે સ્વામી ! તે દોહદ પૂરો નહીં થવાથી હું શુષ્ક શરીરવાળી **યાવત્** ચિંતાગ્રસ્ત બની ગઈ છું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં રાણી ચેલણાના દોહદનું નિરૂપણ છે. ચેલણા રાણીને ગર્ભગત જીવના પ્રભાવે

પતિના કાળજાનું માંસ ખાવાનો દોહદ થયો હતો.

**દોહદ :–** ગર્ભગત જીવના વિશિષ્ટ પ્રભાવથી ત્રીજા મહિના પછી માતાને જે વિશિષ્ટ ઈચ્છા, તમન્ના ઉત્પન્ન થાય છે, તેને દોહદ કહે છે.

**उयरवलिमंसेहिं :–** ઉદરાવલી માંસ, જો કે **उदर + आवलि**નો અર્થ "પેટના અંદરના આંતરડા" એમ થાય છે પરંતુ અર્ધમાગધી કોશમાં આ શબ્દનો અર્થ **કાળજાનું માંસ** સ્પષ્ટ રીતે કર્યો છે અને પરંપરામાં પણ તે જ અર્થ પ્રચલિત છે. પૂ. ઘાસીલાલજી મ. સા.એ આ શબ્દનો છાયાનુવાદ જ કર્યો છે. ટીકાકારે પણ આ શબ્દનો અર્થ કર્યો નથી.

ઉદરાવલી માંસનો અર્થ "ઉદર અંતર્ગત અવયવોનું માંસ" થાય છે. ગર્ભગત જીવ રાજાને મારવાનો નિશ્ચય કરીને આવ્યો હતો. કાળજું શરીરનું મુખ્ય અંગ છે. આ અંગનો નાશ થતાં વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિતરૂપે થઈ જાય તેથી ઉદરાવલીથી ઉદર અંતર્ગત અંગમાંથી 'કાળજાનું માંસ' અર્થ ગ્રહણ કરવાની પરંપરા ચાલી હશે.

**કોણિકનો પૂર્વભવ :–** રાણી ચેલણાના ગર્ભગત જીવના પૂર્વભવનું વર્ણન પ્રસ્તુત આગમમાં કે અન્ય કોઈ પણ આગમમાં પ્રાપ્ત થતું નથી પરંતુ કથાગ્રંથો અનુસાર તે માસ–માસખમણની તપસ્યા કરનાર તાપસ હતો. શ્રેણિક રાજા પૂર્વ જીવનમાં તાપસોના સંગ અને રંગથી રંગાયેલા હતા. તેથી એકદા તેણે તાપસને માસખમણના પારણાનું નિમંત્રણ આપ્યું. પારણાના દિવસે એક જ ઘેર જવું અને ત્યાંથી જે આહાર પાણી પ્રાપ્ત થાય, તેનાથી જ પારણુ કરવું અને જો એક ઘેરથી આહાર પાણી પ્રાપ્ત ન થાય તો બીજું માસખમણ કરવું, તેવો તાપસને અભિગ્રહ–સંકલ્પ હતો.

તાપસ પારણાના દિવસે શ્રેણિક રાજાના રાજમહેલમાં ગયો પરંતુ કોઈ કારણવશાત્ રાજા ભૂલી ગયા અને કોઈ વિશેષ પરિસ્થિતિવશ દ્વારપાળે તાપસને મહેલમાં પ્રવેશ કરવા દીધો નહીં. તાપસે ક્રોધિત થઈ બીજા માસખમણના પચ્ચક્ખાણ કરી લીધા. પછી રાજાને તાપસના પારણાનું સ્મરણ થયું. તેથી તાપસની ક્ષમાયાચના કરીને, બીજા પારણાનું આમંત્રણ આપ્યું. ક્રમશઃ બીજા, ત્રીજા માસખમણના પારણાના દિવસે પણ કોઈને કોઈ પ્રસંગ વશ રાજાને ત્યાં તાપસને આહાર પાણીની પ્રાપ્તિ ન થઈ. તાપસ અત્યંત ક્રુદ્ધ થયો. ખિન્ન પરિણામે તેણે યાવજ્જીવન આહાર પાણીનો ત્યાગ કરી, સંથારો કર્યો. તાપસના અંતરમાં રાજા શ્રેણિક પ્રતિ વૈર અને દ્વેષનો ભાવ દઢીભૂત થયો. તે નિયાણું કરી, મૃત્યુ પામી, શ્રેણિક રાજાનું વૈર પૂર્ણ કરવા, ચેલણા રાણીના ગર્ભમાં ઉત્પન્ન થયો. આ કારણે ગર્ભગત જીવના પૂર્વ ભવસંબંધી વૈરના પ્રભાવે રાણીને શ્રેણિકના કાળજાના માંસ ખાવાનો દોહદ થયો હતો.

## શ્રેણિકનું ચેલણારાણીને આશ્વાસન :-

**૧૭ तए णं से सेणिए राया चेल्लणं देविं एवं वयासी– मा णं तुमं देवाणुप्पिए! ओहय** *जाव* **झियाहि । अहं णं तहा जत्तिहामि जहा णं तव**

**दोहलस्स संपत्ती भविस्सइ त्ति कट्टु चेल्लणं देविं ताहिं इट्ठाहिं कंताहिं पियाहिं मणुण्णाहिं मणामाहिं ओरालाहिं कल्लाणाहिं सिवाहिं धण्णाहिं मङ्गल्लाहिं मियमहुरसस्सिरीयाहिं वग्गूहिं समासासेइ, समासासित्ता चेल्लणाए देवीए अंतियाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला, जेणेव सीहासणे, तेणेव उवागच्छइ, उवागच्छित्ता सीहासण– वरंसि पुरत्थाभिमुहे णिसीयइ; तस्स दोहलस्स संपत्तिणिमित्तं बहूहिं आएहिं उवाएहि य, उप्पत्तियाए य वेणइयाए य कम्मियाए य पारिणामियाए य परिणामेमाणे परिणामेमाणे तस्स दोहलस्स आयं वा उवायं वा ठिइं वा अविंदमाणे ओहयमणसंकप्पे** *जाव* **झियाइ ।**

**ભાવાર્થ :–** ચેલણા રાણીની ઉપરોક્ત વાત સાંભળીને તેને આશ્વાસન આપતા શ્રેણિક રાજાએ કહ્યું– હે દેવાનુપ્રિયે ! તમે આર્તધ્યાન ન કરો. હું કોઈ પણ ઉપાય કરીશ, જેથી તમારો દોહદ પૂરો થાય. આ પ્રમાણે કહીને ચેલણા રાણીને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ(અત્યંત મનોજ્ઞ) સુખદાયી, કલ્યાણકારી, શાંતિકારી, ધન્યકારી, મંગલકારી, મૃદુ, મધુર અને શ્રેષ્ઠ વચનોથી સંતુષ્ટ કર્યા. ત્યાર પછી તે બાહ્ય ઉપસ્થાન શાળા–સભામંડપમાં આવીને પૂર્વાભિમુખે સિંહાસન પર બેઠા અને દોહદ પૂર્ણ કરવાના ઉપાયનું ચિંતન કરવા લાગ્યા. અનેક આય–ઉપાયો(યુક્તિ–પ્રયુક્તિઓ)થી ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી,પારિણામિકી, આ ચાર પ્રકારની બુદ્ધિથી વિચાર કરવા છતાં કોઈપણ પ્રકારના આય–ઉપાય, સ્થિતિ અને નિષ્પત્તિને તેઓ મેળવી શક્યા નહીં, દોહદ પૂર્ણ કરાવવામાં અસમર્થ થયા ત્યારે ઉત્સાહહીન ***યાવત્*** ચિંતાગ્રસ્ત થઈ ગયા.

## અભયકુમાર દ્વારા દોહદપૂર્તિ :–

**१८ इमं च णं अभएकुमारे ण्हाए** *जाव* **अप्पमहग्घाभरणालंकियसरीरे सयाओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला, जेणेव सेणिए राया तेणेव उवागच्छइ । सेणियं रायं ओहय** *जाव* **झियायमाणं पासइ, पासित्ता एवं वयासी– अण्णया णं ताओ ! तुब्भे ममं पासित्ता हट्ठतुट्ठ** *जाव* **विसप्प –माणहियया भवह, किं णं ताओ ! अज्ज तुब्भे ओहय** *जाव* **झियायह ? तं जइ णं अहं ताओ! एयमट्ठस्स अरिहे सवणयाए, तो णं तुब्भे ममं एयमट्ठं जहाभूयमवितहं असंदिद्धं परिकहेह, जा णं अहं तस्स अट्ठस्स अंतगमणं करेमि ।**

**ભાવાર્થ :–** આ બાજુ અભયકુમાર સ્નાન કરી ***યાવત્*** અલ્પ ભારવાળા બહુમૂલા આભૂષણોથી પોતાના શરીરને અલંકૃત કરી, પોતાના મહેલમાંથી નીકળી, બાહ્ય ઉપસ્થાનશાળાના જે સભામંડપમાં શ્રેણિક રાજા હતા ત્યાં આવ્યા. રાજાને નિરુત્સાહી ***યાવત્*** ચિંતાગ્રસ્ત જોયા, જોઈને આ પ્રમાણે કહ્યું–

હે પિતાજી ! પહેલા તો આપ મને જોઈને ખુશ, સંતુષ્ટ ***યાવત્*** આનંદિત હૃદયવાળા થતા હતા પરંતુ આજે કયા કારણથી મારી સામે પણ જોતા નથી ***યાવત્*** આર્તધ્યાનમાં બેઠા છો ? મને આ વાત સાંભળવા યોગ્ય માનતા હો તો, જે વાત હોય તે યથાર્થ રૂપે નિઃસંકોચપણે કહો. જેથી હું તેનો ઉપાય શોધું.

**૧૯ तए णं से सेणिए राया अभयं कुमारं एवं वयासी– णत्थि णं पुत्ता ! से केइ अट्ठे, जस्स णं तुमं अणरिहे सवणयाए । एवं खलु पुत्ता ! तव चुल्लमाउया चेल्लणाए देवीए तस्स ओरालस्स** *जाव* **महासुमिणस्स तिण्हं मासाणं बहुपडिपुण्णाणं** *जाव* **जाओ णं मम उयरवलिमंसेहि सोल्लेहि य** *जाव* **दोहलं विणेंति । तए णं सा चेल्लणा देवी तंसि दोहलंसि अविणिज्जमाणंसि सुक्का** *जाव* **झियाइ । तए णं अहं पुत्ता ! तस्स दोहलस्स संपत्तिणिमित्तं बहूहिं आएहिं य** *जाव* **ठिइं वा अविंदमाणे ओहय** *जाव* **झियामि ।**

**ભાવાર્થ :–** અભયકુમારના આ પ્રમાણે કહેવાથી શ્રેણિકરાજાએ કહ્યું– હે પુત્ર ! એવી કોઈ વાત નથી કે જે તારાથી છાની રાખવાની હોય. પરંતુ હે પુત્ર ! તારી લઘુમાતા ચેલણા દેવીને મહાસ્વપ્નના ત્રીજા માસ અંતે દોહદ ઉત્પન્ન થયો છે કે જે માતાઓ શ્રેણિકના (મારા) ઉદરાવલી(કાળજા)ના માંસને પકાવી– ભૂંજીને ***યાવત્*** દોહદ પૂર્ણ કરે છે તેને ધન્ય છે ઈત્યાદિ. ચેલણા દેવીનો તે દોહદ પૂરો ન થવાથી તે શુષ્ક ***યાવત્*** ચિંતિત રહે છે. તેથી હે પુત્ર ! તે દોહદ પૂર્ણ કરવા માટે મેં અનેક ઉપાયો વિચાર્યા પરંતુ દોહદ પૂર્ણ થઈ શકે તેમ નથી, તેથી હું ઉદાસીન ***યાવત્*** આર્તધ્યાનમાં લીન છું.

**૨૦ तए णं से अभएकुमारे सेणियं रायं एवं वयासी– मा णं ताओ ! तुब्भे ओहय** *जाव* **झियायह, अहं णं तहा जत्तिहामि, जहा णं मम चुल्लमाउयाए चेल्लणाए देवीए तस्स दोहलस्स संपत्ती भविस्सइ, त्ति कट्टु सेणियं रायं ताहिं इट्ठाहिं** *जाव* **वग्गूहिं समासासेइ, समासासित्ता जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता अब्भिंतरए रहस्सियए ठाणिज्जे पुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छह णं तुब्भे देवाणुप्पिया ! सूणाओ अल्लं मंसं रुहिरं बत्थिपुडगं च गिण्हह ।**

**ભાવાર્થ :–** શ્રેણિક રાજાના આ મનોગત ભાવને સાંભળ્યા પછી અભયકુમારે આ પ્રમાણે કહ્યું– પિતાજી ! આપ ભગ્નમનોરથવાળા ન થાઓ ***યાવત્*** ચિંતા ન કરો. હું એવો ઉપાય કરીશ, જેથી મારા લઘુ માતાનો દોહદ પૂર્ણ થઈ જશે.

આ પ્રમાણે શ્રેણિક રાજાને ઈષ્ટ, પ્રિય આદિ વચનોથી આશ્વાસન આપ્યા પછી અભયકુમાર જ્યાં પોતાનું ભવન હતું ત્યાં આવ્યા અને અંગત વિશ્વાસુ પુરુષોને બોલાવી અને આ પ્રમાણે કહ્યું કે– હે દેવાનુપ્રિયો ! તમે જાઓ અને કસાઈખાનામાંથી તાજું રક્તમય માંસ અને બસ્તિપુટક(તે માંસને ઢાંકી

રાખવાનું સાધન વિશેષ) લાવો.

**૨૧ तए णं ते ठाणिज्जा पुरिसा अभएण कुमारेणं एवं वुत्ता समाणा हट्ठतुट्ठ** *जाव* **पडिसुणेत्ता अभयस्स कुमारस्स अंतियाओ पडिणिक्खमंति, जेणेव सूणा तेणेव उवागच्छंति, अल्लं मंसं रुहिरं बत्थिपुडगं च गिण्हंति, गिण्हित्ता जेणेव अभए कुमारे तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयल परिग्गहियं** *जाव* **तं अल्लं मंसं रुहिरं बत्थिपुडगं च उवणेंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે વિશ્વાસુ પુરુષોએ અભયકુમારની આ વાત સાંભળી હૃષ્ટ–તુષ્ટ થઈ ***યાવત્*** અભયકુમાર પાસેથી નીકળ્યા. જ્યાં વધસ્થળ હતું ત્યાં આવ્યા. ત્યાંથી તાજું રક્તમય માંસ અને બસ્તિપુટક લઈ અભયકુમાર પાસે આવ્યા. બંને હાથ જોડીને ***યાવત્*** બસ્તિપુટક આપ્યું.

**૨૨ तए णं से अभएकुमारे तं अल्लं मंसं रुहिरं कप्पणिकप्पियं करेइ, करेत्ता जेणेव सेणिए राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता सेणियं रायं रहसिगयं सयणिज्जंसि उत्ताणयं णिवज्जावेइ, णिवज्जावेत्ता सेणियस्स उयरवलिसु तं अल्लं मंसं रुहिरं विरवेइ, विरवेत्ता बत्थिपुडएणं वेढेइ, वेढेत्ता सवंतीकरणेणं करेइ, करेत्ता चेल्लणं देविं उप्पिं पासाए अवलोयणवरगयं ठवावेइ, ठवावेत्ता चेल्लणाए देवीए अहे सपक्खं सपडिदिसिं सेणियं रायं सयणिज्जंसि उत्ताणगं णिवज्जावेइ । सेणियस्स रण्णो उयरवलिमंसाइं कप्पणिकप्पियाइं करेइ, करेत्ता से य भायणंसि पक्खिवइ । तए णं से सेणिए राया अलियमुच्छियं करेइ, करेत्ता मुहुत्तंतरेणं अण्णमण्णेणं सद्धिं संलवमाणे चिट्ठइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અભયકુમારે તે તાજા રક્તમય માંસમાંથી થોડો ભાગ કાતરથી કાપ્યો, કાપીને જ્યાં શ્રેણિકરાજા હતા ત્યાં આવ્યા અને શ્રેણિકરાજાને એકાંતમાં શય્યા પર સીધા સુવડાવી તેના ઉદર પર તે રક્તમય માંસના ટુકડાને રાખ્યો, પછી તેને બસ્તિપુટકથી વેષ્ટિત કર્યો–ઢાંક્યો, ઢાંકીને તેને વસ્ત્રાચ્છાદિત કરી દીધા. ત્યાર પછી રાણીને ઉપરના માળમાં એવા સ્થાને બેસાડ્યા કે જ્યાંથી તે દૃશ્યને જોઈ શકે. ચેલણા દેવીની બરાબર નીચે, સામેની બાજુ શ્રેણિક રાજાને સીધા સુવડાવ્યા, કાતરથી શ્રેણિક– રાજાના ઉદરનું(પેટ પર પૂર્વે રાખેલું) માંસ કાપ્યું, કાપીને એક વાસણમાં રાખ્યું. ત્યારે શ્રેણિક રાજાએ મૂર્ચ્છિત થવાનો ખોટો દેખાવ કર્યો અને થોડો સમય પસાર થતા તે પરસ્પર વાતચીત કરવા લાગ્યા.

**૨૩ तए णं से अभयकुमारे सेणियस्स रण्णो उयरवलिमंसाइं गिण्हेइ, गिण्हेत्ता जेणेव चेल्लणा देवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता चेल्लणाए**

**देवीए उवणेइ । तए णं सा चेल्लणा देवी सेणियस्स रण्णो तेहिं उयरवलिमंसेहिं सोल्लेहिं** *जाव* **दोहलं विणेइ । तए णं सा चेल्लणा देवी संपुण्णदोहला, सम्माणियदोहला विच्छिण्ण- दोहला तं गब्भं सुहंसुहेणं परिवहइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી અભયકુમારે શ્રેણિકરાજાના તે ઉદરના માંસખંડોને ગ્રહણ કરી, જ્યાં ચેલણાદેવી હતા ત્યાં આવ્યા. તેની સામે માંસખંડો રાખ્યા. ચેલણાદેવીએ શ્રેણિકરાજાના તે ઉદરના માંસના ટુકડાથી ***યાવત્*** પોતાનો દોહદ પૂર્ણ કર્યો. આ રીતે તે ચેલણા દેવી પોતાનો દોહદ પૂર્ણ, સંપન્ન અને સમાપ્ત થતાં તે ગર્ભનું સુખપૂર્વક પાલન કરવા લાગ્યા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અભયકુમારની આગવી બુદ્ધિથી ચેલણા રાણીની થયેલી દોહદપૂર્તિનું પ્રતિપાદન છે.

ચેલણા રાણી ચેડા મહારાજાની પુત્રી હતી. તેણી પ્રારંભથી જૈન ધર્મી, દઢધર્મી, પ્રિયધર્મી, સંસ્કાર સંપન્ન શ્રાવિકા હતી. તેથી તેમના જીવનમાં માંસાહારની ઈચ્છા અશક્ય જ હતી. પરંતુ ગર્ભગત જીવના પ્રભાવે રાણીને તથા પ્રકારનો દોહદ થયો હતો.

અભયકુમાર પણ દઢ શ્રદ્ધાવાન, અહિંસાધર્મના ઉપાસક હતા. પિતાના કાળજાના માંસ ખાવાનો માતાનો દોહદ કેવી રીતે પૂર્ણ કરવો ? તે પ્રશ્ન હતો. આપત્કાલીન પરિસ્થિતિમાં, ગૃહસ્થ જીવનમાં શ્રાવકોને માટે અનિચ્છનીય કાર્યો કરવા પડે છે. તે પ્રમાણે અભયકુમારે પોતાની ફરજ સમજી માતાના દોહદને પોતાની સૂઝ–બૂઝથી પૂર્ણ કર્યો.

**वत्थिपुडगं :–** માંસને લાવવાનું અને ઢાંકીને રાખવાનું સાધન છે. વધસ્થાનથી માંસ લાવવાના પાઠમાં અને અભયકુમાર દ્વારા શ્રેણિકના ઉદર પર માંસ રાખવાના પાઠમાં **वत्थिपुडगं** શબ્દ પ્રયોગ છે. તે પહેલાંના દોહદ વર્ણનમાં આ શબ્દ નથી.

વધસ્થાનેથી મૃતક જીવનું તાજું રક્તમય માંસ, લોહી બસ્તિપુટકમાં લાવ્યા, શ્રેણિક રાજાને સૂવડાવીને તેના ઉદર પર રક્તમય માંસનો ટૂકડો બસ્તિપુટકથી વેષ્ટિત કર્યો અર્થાત્ પેટ ઉપર રાખેલા માંસને ચારેબાજુથી ઢાંકી દીધું.

અર્ધમાગધી કોશમાં આ શબ્દનો અર્થ – 'પેટના અંદરનો એક અવયવ–પેડુ' કર્યો છે. તેથી પેટના અંદરના આંતરડાથી તે માંસને વેષ્ટિત કર્યું. તેવો અર્થ પણ થાય છે.

**संवति करणेणं करेइ :–** બસ્તિપુટકથી માંસના ટુકડાને વેષ્ટિત કર્યાના વર્ણન પછી આ વાક્ય છે. તેનું તાત્પર્ય એ છે કે તે સૂત્રોક્ત વિધિએ રાજાના પેટ પર માંસ રાખીને, વેષ્ટિત કરીને પછી રાણીને ખબર ન પડે તે રીતે તેને વસ્ત્રાદિથી ઢાંકી દીધું. અર્થાત્ રાજાના ઉદર પર માંસનો ટુકડો રાખ્યો છે તેવી ખબર ન

પડે તે રીતે તેને છુપાવ્યો. આ પ્રકારની વિધિ પૂર્ણ કર્યા પછી અભયકુમારે ચેલણા રાણીને ઊંચે સ્થાને બેસાડ્યા કે જ્યાંથી તે રાજાના કલેજાનું માંસ કાપવાની ક્રિયા જોઈ શકે.

**सवंती करणेणं करेइ = स्रवन्ती करणेन करोति, स्यन्दमानी करोति ।** લોહી સ્રવી–ઝરી રહ્યું હોય તે પ્રમાણે કર્યું. 'સ્રવ' ધાતુનો અર્થ વહેવું–ઝરવું થાય છે, તે અનુસાર આ અર્થ થાય છે.

પ્રસંગાનુસાર આ અર્થ સંગત નથી કારણ કે વધસ્થાનેથી માંસ લાવવું, શ્રેણિકના ઉદર પર બાંધવું વગેરે પ્રત્યેક ક્રિયા રાણી ચેલણાથી ગુપ્ત રાખવાની હતી. તેથી જો લોહી વહેતું હોય, તેવો દેખાવ પ્રારંભથી થઈ જાય તો ચેલણા રાણી સમક્ષ દોહદ પૂર્તિનું ઉપાયનું રહસ્ય ખુલ્લુ થઈ જાય.

તેથી વધસ્થાનેથી માંસ લાવ્યા, શ્રેણિકના ઉદર પર રાખ્યું, તેને બસ્તિપુટકથી વેષ્ટિત કર્યું ત્યારપછી **'सवंतीकरण'** પાઠ છે. માંસને વ્યવસ્થિત રાખ્યા પછી તે સર્વ પ્રક્રિયા રાણી ચેલણાથી અજ્ઞાત રહે તે માટે તેને વસ્ત્રાદિથી આચ્છાદિત કરીને છુપાવ્યું, તે પ્રમાણે અર્થ કરવો પ્રસંગોચિત જણાય છે અને ત્યાર પછી રાણીને બેસાડીને શ્રેણિકના કલેજાના માંસ કાપવાની પ્રક્રિયાનો દેખાવ શરૂ થયો.

**कप्पणिकप्पियं :–** સૂત્રમાં આ શબ્દનો પ્રયોગ એકવાર એકવચનમાં અને બીજીવાર **कप्पणिकप्पियाइं करेइ**, એમ બહુવચનમાં થયો છે. તેનું તાત્પર્ય એ છે કે કર્મચારી પુરુષે જે માંસ લાવીને આપ્યું, તેમાંથી રાજાના ઉદર પર રાખી શકાય તેટલો એક ટુકડો કર્યો. ત્યાં **कप्पणिकप्पियं करेइ** તેવો એકવચનનો પ્રયોગ છે. અને પછી ચેલણા રાણીની સામે ઉદર પર રાખેલા માંસના અનેક ટુકડા કરીને રાણીને આપ્યા તે વર્ણનમાં **कप्पणिकप्पियाइं** બહુવચનનો પ્રયોગ છે. આ રીતે આ શબ્દનો અર્થ કટકા કરવો, એ પ્રમાણે થાય છે.

## ગર્ભ પ્રતિ ચેલણાદેવીનો વિચાર :–

**૨૪ तए णं तीसे चेल्लणाए देवीए अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि अयमेयारूवे अज्झत्थिए *जाव* समुप्पज्जित्था– जइ ताव इमेणं दारएणं गब्भगएणं चेव पिउणो उयरवलिमंसाणि खाइयाणि, तं सेयं खलु मए एयं गब्भं साडित्तए वा पाडित्तए वा गालित्तए वा विद्धंसित्तए वा; एवं संपेहेइ, संपेहित्ता तं गब्भं बहूहिं गब्भसाडणेहि य गब्भपाडणेहि य गब्भगालणेहि य गब्भविद्धंसणेहि य इच्छइ तं गब्भं साडित्तए वा पाडित्तए वा गालित्तए वा विद्धंसित्तए वा, णो चेव णं से गब्भे सडइ वा पडइ वा गलइ वा विद्धंसइ वा । तए णं सा चेल्लणा देवी तं गब्भं जाहे णो संचाएइ बहूहिं गब्भसाडएहिं य *जाव* गब्भविद्धंसणेहि य साडित्तए वा *जाव* विद्धंसित्तए वा, ताहे संता तंता परितंता णिव्विण्णा समाणी अकामिया अवसवसा अट्टदुहट्टवसट्टा तं गब्भं परिवहइ ।**

**ભાવાર્થ :–** કેટલોક સમય પસાર થયા પછી એક વાર ચેલણાદેવીને મધ્યરાત્રિમાં જાગતા આ પ્રકારનો વિચાર આવ્યો 'આ બાળકે ગર્ભમાં આવતા જ પોતાના પિતાના કાળજાનું માંસ ખાધું છે, તેથી મારે માટે યોગ્ય છે કે આ ગર્ભને સડાવવા માટે, પાડી નાંખવા માટે, ગાળવા માટે અને નાશ કરવા માટે કાંઈક ઉપાય કરું.' (કારણ કે જન્મીને મોટો થઈ ન જાણે આ પિતાનું અને કુળનું કેવું અનિષ્ટ કરશે ?) આ પ્રમાણે વિચાર કરીને રાણીએ ઔષધિ આદિથી અનેક ઉપાય કર્યા પરંતુ તે ગર્ભ ન સડ્યો, ન પડ્યો, ન ગળ્યો કે ન નાશ પામ્યો.

ત્યારે તે રાણી પોતાના પ્રયાસમાં નિષ્ફળ જવાથી અફસોસ કરવા લાગી, ખેદ યુક્ત થઈને, ઉદાસ થઈને, અનિચ્છાએ વિવશતાથી આર્તધ્યાનથી ગ્રસ્ત થઈને, ગર્ભનું પાલન કરવા લાગી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં દોહદ પૂર્તિ પછી રાણી ચેલણાના ગર્ભગત જીવ પ્રત્યે અનિષ્ટ વિચાર અને તેનું કરેલું પાપમય આચરણ દર્શાવ્યું છે.

જીવનમાં કોઈપણ ભાવનાનો ઉદ્વેગ જ્યારે તીવ્ર હોય ત્યારે બુદ્ધિમાન કે ધર્મી વ્યક્તિ પણ વિવેક યુક્ત નિર્ણય લેવાનું ચૂકી જાય છે. પણ જ્યારે તે ઉદ્વેગની તીવ્રતા પરિવર્તિત થઈ જાય, પછી તેને અનેક પ્રકારના વિચારો ઉત્પન્ન થાય છે.

તે જ રીતે ચેલણા રાણીએ તીવ્ર ભાવે દોહદ પૂર્ણ કર્યો પરંતુ પછી તેના વિચારો પરિવર્તિત થવા લાગ્યા. ગર્ભગત જીવની માનસિક સ્થિતિ અંગે વિચારો આવ્યા, તેની ભાવ દુષ્ટતાનું અનુમાન પણ થવા લાગ્યું. તેથી તેણે ગર્ભને નષ્ટ કરવાના ઘણા પ્રત્યનો કર્યા.

કર્મનો સિદ્ધાંત અટલ છે. નિકાચિત કર્મમાં પ્રયત્નો કરવાથી પણ કોઈ જાતનો ફેરફાર થઈ શકતો નથી. તેથી અનિષ્ટકારી અને નાશક દવાઓ પણ ગર્ભગત જીવનું કંઈ બગાડી શકી નહીં. તેનું દીર્ઘ આયુષ્ય હતું માટે રાણીના પ્રયત્નો નિષ્ફળ ગયા. તે દવાઓ તેના શરીરમાં કોઈ વિકૃતિ પણ લાવી શકી નહીં.

ચેલણા એક રાજરાણી હતી. તેની શક્તિ પણ અપાર હતી તો પણ તીવ્ર ઈચ્છા હોવા છતાં તે એક અવિકસિત ગર્ભગત જીવનું કંઈ અહિત કરી શકી નહીં.

આ રીતે પ્રસ્તુત સૂત્ર સ્વકૃત પુણ્ય–પાપ કર્મ સંબંધી અબાધિત સિદ્ધાંતને સ્પષ્ટ કરે છે.

## નવજાત બાળક પ્રત્યે ચેલણાનો વ્યવહાર :–

**૨૫ तए णं सा चेल्लणा देवी णवण्हं मासाणं बहुपडिपुण्णाणं अद्धट्ठमाणं राइंदियाणं वीइक्कंताणं सोमालं सुरूवं दारगं पयाया । तए णं तीसे चेल्लणाए देवीए इमे एयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– जइ जाव इमेण दारएणं**

गब्भगएणं चेव पिउणो उयरवलिमंसाइं खाइयाइं, तं ण णज्जइ णं एस दारए संवड्ढमाणे अम्हं कुलस्स अंतकरे भविस्सइ । तं सेयं खलु अम्हं एयं दारगं एगंते उक्कुरुडियाए उज्झावित्तए एवं संपेहेइ, संपेहित्ता दासचेडिं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छह णं तुमं देवाणुप्पिए ! एयं दारगं एगंते उक्कुरुडियाए उज्झाहि ।

**ભાવાર્થ** :– ત્યાર પછી નવ માસ અને સાડા સાત રાત્રિ પૂર્ણ થતાં ચેલણાદેવીએ એક સુકુમાર અને રૂપવાન પુત્રને જન્મ આપ્યો. બાળકનો જન્મ થતાં જ ચેલણાદેવીને વિચાર આવ્યો કે "આ બાળકે ગર્ભમાં આવતાં જ પિતાના ઉદરનું માંસ ખાધું છે તે મોટો થઈને ન જાણે કે અમારા કુળનો અંત કરશે. તેથી આ બાળકને એકાંત સ્થાનના ઉકરડામાં ફેંકી દેવો શ્રેયકારી છે." આ પ્રમાણે વિચાર કરી, દાસીને બોલાવીને કહ્યું– હે દેવાનુપ્રિયે ! તું જા, આ બાળકને એકાંત ઉકરડામાં ફેંકી દે.

## રાજા શ્રેણિકની બાળક પર અનુકંપા :–

**૨૬** तए णं सा दासचेडी चेल्लणाए देवीए एवं वुत्ता समाणी करयलं परिग्गहियं *जाव* अंजलिं कट्टु चेल्लणाए देवीए एयमट्ठं विणएणं पडिसुणेइ, पडिसुणेत्ता तं दारगं करयलपुडेणं गिण्हइ, गिण्हेत्ता जेणेव असोगवणिया तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं दारगं एगंते उक्कुरुडियाए उज्झाइ । तए णं तेणं दारणेणं एगंते उक्कुरुडियाए उज्झिएणं समाणेणं सा असोगवणिया उज्जोविया यावि होत्था ।

**ભાવાર્થ** :– ત્યાર પછી ચેલણા રાણીની આજ્ઞા સાંભળીને દાસીએ બંને હાથ જોડી વિનયપૂર્વક આજ્ઞાનો સ્વીકાર કર્યો, સ્વીકારીને તે બાળકને હાથમાં લઈને અશોકવાટિકામાં ગઈ અને એકાંત સ્થાનગત ઉકરડા પર બાળક ફેંકી દીધો. ઉકરડા પર ફેંકતા જ તે અશોકવાટિકા બાળકના તેજથી પ્રકાશમાન બની ગઈ.

**૨૭** तए णं से सेणिए राया इमीसे कहाए लद्धट्ठे समाणे, जेणेव असोगवणिया तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं दारगं एगंते उक्कुरुडियाए उज्झियं पासेइ, पासित्ता आसुरत्ते *जाव* मिसिमिसेमाणे तं दारगं करयलपुडेणं गिण्हइ, गिण्हित्ता जेणेव चेल्लणा देवी तेणेव उवागच्छइ, उवागच्छित्ता चेल्लणं देविं उच्चावयाहिं आओसणाहिं आओसेइ, आओसित्ता उच्चावयाहिं णिब्भच्छणाहिं णिब्भच्छेइ णिब्भच्छित्ता उच्चावयाहिं उद्धंसणाहिं उद्धंसेइ, उद्धंसित्ता एवं वयासी– किस्स णं तुमं मम पुत्ते एगंते उक्कुरुडियाए उज्झावेसि त्ति कट्टु चेल्लणं देविं उच्चावय-सवहसावियं करेइ, करेत्ता एवं वयासी– तुमं णं देवाणुप्पिए ! एयं दारगं अणुपुव्वेणं सारक्खमाणी संगोवेमाणी संवड्ढेहि ।

**तए णं सा चेल्लणा देवी सेणिएणं रण्णा एवं वुत्ता समाणी लज्जिया विलिया विड्डा करयल** *जाव* **अंजलिं कट्टु सेणियस्स रण्णो विणएणं एयमट्ठं पडि-सुणेइ, पडिसुणेत्ता तं दारगं अणुपुव्वेणं सारक्खमाणी संगोवेमाणी संवड्ढेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી રાજા શ્રેણિકને આ વાતની જાણ થતાં તેઓ અશોકવાટિકામાં ગયા. ત્યાં તેમણે બાળકને એકાંતમાં ઉકરડા પર પડેલો જોયો, જોઈને ક્રોધિત થયા ***યાવત્*** રૌદ્ર થઈને દાંતોને કચકચાવતા તે બાળકને હાથમાં તેડી ચેલણારાણી પાસે ગયા. અનેક પ્રકારના કઠોર શબ્દોથી રાણીનો તિરસ્કાર કર્યો તેમજ અનેક પ્રકારના કઠોર શબ્દોથી અનાદર કરી બહુ અપમાન કર્યું અને કહ્યું– તમે મારા પુત્રને એકાંત ઉકરડામાં કેમ ફેંકાવી દીધો ? ચેલણારાણીને ઠપકો આપી, સોગંદ આપી આ પ્રમાણે બોલ્યા– હે દેવાનુપ્રિયે! આ બાળકની દેખભાળ કરો, તેનું પાલન–પોષણ કરો અને તેનો ઉછેર કરો.

રાજાના આ પ્રમાણે કહેવાથી રાણી લજ્જિત, પ્રતાડિત અને અપરાધિની જેવી થઈ ગઈ; બંને હાથ જોડી શ્રેણિક રાજાની આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો અને બાળકનું સારી રીતે પાલન કરવા લાગી.

**વિવેચન :–**

**आसुरत्ते :–** આ શબ્દ માટે પ્રતોમાં **आसुरुत्ते** પ્રયોગ પણ જોવા મળે છે, તે અશુદ્ધ જણાય છે. **आसुरत्ते**નો અર્થ છે– અસુરત્વને પ્રાપ્ત થયા, ક્રોધાભિભૂત થયા, શીઘ્ર લાલચોળ થયા.

**રાજકુમારની વેદના અને નામકરણ :–**

**૨૮ तए णं तस्स दारगस्स एगंते उक्कुरुडियाए उज्झिज्जमाणस्स अग्गंगुलिया कुक्कुडपिच्छएणदूमिया यावि होत्था; अभिक्खणं अभिक्खणं पूयं च सोणियं च अभिणिस्सवइ । तए णं से दारए वेयणाभिभूए समाणे महया महया सद्देणं आरसइ । तए णं सेणिए राया तस्स दारगस्स आरसियसद्दं सोच्चा णिसम्म जेणेव से दारए तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं दारगं करयलपुडेणं गिण्हइ, गिण्हित्ता तं अग्गंगुलियं आसयंसि पक्खिवइ, पक्खिवित्ता पूयं च सोणियं च आसएणं आमुसइ । तए णं से दारए णिव्वुए णिव्वेयणे तुसिणीए संचिट्ठइ । जाहे वि य णं से दारए वेयणाए अभिभूए समाणे महया महया सद्देणं आरसइ, ताहे वि य णं सेणिए राया जेणेव से दारए तेणेव उवागच्छइ, उवागच्छित्ता तं दारगं करयलपुडेणं गिण्हइ तं चेव** *जाव* **णिव्वेयणे तुसिणीए संचिट्ठइ ।**

**ભાવાર્થ :–** એકાંત ઉકરડામાં નાખી દેવાથી તે બાળકની આંગળીના અગ્રભાગને કૂકડો કરડી ગયો

હતો. તેથી આંગળી પાકી ગઈ અને તેમાંથી લોહી–પરુ નીકળવા લાગ્યા. તેથી તે બાળક વેદનાથી ચીસો પાડીને રોતો હતો. તેનો રડવાનો અવાજ સાંભળી શ્રેણિક રાજા તેની પાસે જતાં, તેને બંને હાથોમાં લેતા, તેની આંગળી પોતાના મુખમાં લઈને તે લોહી–પરુને ચૂસી લેતા અને થૂંકી નાંખતા. તેથી તે બાળક વેદના રહિત અને શાંત થઈ જતો. આ પ્રમાણે જ્યારે પણ તે બાળક વેદનાથી જોર જોરથી રડતો ત્યારે શ્રેણિક રાજા તેની પાસે જતા, તેને હાથમાં તેડતા અને તે જ પ્રમાણે લોહી, પરુ ચૂસી લેતાં, તેથી વેદના શાંત થવાથી તે બાળક ચૂપ થઈ જતો.

**૨૧ तए णं तस्स दारगस्स अम्मापियरो पढमे दिवसे ठिइवडियं करेंति, बिइए दिवसे जागरियं करेंति, तइए दिवसे चंदसूरदंसणियं करेंति** *जाव* **संपत्ते बारसाहे अयमेयारूवं गुणणिप्फण्णं णामधेज्जं करेंति– जम्हा णं अम्हं इमस्स दारगस्स ए गंते उक्कुरुडियाए उज्झिज्जमाणस्स अग्गंगुलिया कुक्कुडपिच्छएणं दुमिया, तं होउ णं अम्हे इमस्स दारगस्स णामधेज्जं कूणिए । तए णं तस्स दारगस्स अम्मापियरो णामधेज्जं करेंति 'कूणिए' त्ति । तए णं से कूणिएकुमारे पंच धाई परिग्गहिए जहा मेहस्स** *जाव* **उप्पिं पासायवरगए विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી માતા–પિતાએ ત્રીજે દિવસે તે બાળકને ચંદ્ર–સૂર્યના દર્શન કરાવ્યા ***યાવત્*** બારમે દિવસે આ પ્રકારનું ગુણનિષ્પન્ન નામકરણ કર્યું– અમારાં આ બાળકને એકાંત ઉકરડા પર નાંખી દેવાથી તેની આંગળી કૂકડાએ કરડી ખાધી છે, તેથી અમારા આ બાળકનું નામ **કોણિક** હો." આ પ્રમાણે તે બાળકના માતા–પિતાએ તેનું 'કોણિક' નામ રાખ્યું.

ત્યાર પછી તે બાળકનું પાંચ ધાયમાતાઓ દ્વારા લાલન પાલન થયું ***યાવત્*** મોટો થઈ મેઘકુમારની જેમ રાજમહેલમાં આમોદ–પ્રમોદપૂર્વક સમય વ્યતીત કરવા લાગ્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નવજાત બાળકને ઉકરડામાં ફેંકવાથી લઈને, તેના નામકરણનું અને અંતે સંક્ષિપ્તમાં તેની યુવાવસ્થા પર્યંતનું વર્ણન છે.

**असोगवणिया उज्जोविया :–** અશોકવાટિકા ઉદ્યોતિત–પ્રકાશિત થઈ. ઉદ્યોત નામ કર્મના ઉદયે શરીર દ્વારા પ્રકાશ પ્રગટ થાય છે, તે પુણ્ય પ્રકૃતિ છે. એકેન્દ્રિય પૃથ્વીકાયનાં રત્નોમાં આતપ કે ઉદ્યોત નામ કર્મનો ઉદય હોય શકે છે. સૂર્યવિમાનનાં રત્નોને આતપ અને ચંદ્રવિમાનના રત્નોને ઉદ્યોતનામ કર્મનો ઉદય હોય છે. શેષ કેટલાક વિકલેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને પણ ઉદ્યોત નામ કર્મનો ઉદય હોય તો તેના શરીરમાંથી પણ પ્રકાશ પ્રગટ થઈ શકે છે. આ કારણે જ ઉદ્યોત નામકર્મના ઉદયે કોણિકના શરીરમાંથી પ્રકાશ પ્રગટ થયો હતો અને તેનાથી અશોકવાટિકા પ્રકાશિત થઈ હતી.

**રાજા શ્રેણિકનું પિતૃ હૃદય :–** રાણી ચેલણાના દોહદથી જ ગર્ભગત જીવની વૈરવૃત્તિ જાણવા છતાં, નવજાત બાળકને શ્રેણિક સ્વયં ઉકરડેથી લાવ્યા, એટલું જ નહીં તેની આંગળીના લોહી અને પરુને સ્વયં ચૂસીને બાળકની વેદનાને શાંત કરવાનો પ્રયત્ન કર્યો અને બાળકની સંપૂર્ણ સાર–સંભાળ રાખવાનો વ્યવસ્થિત આદેશ આપ્યો. ઉપરોક્ત કાર્ય રાજા શ્રેણિકના જીવનનું એક ઉચ્ચતમ પાસુ છે, ઉદાહરણ છે. તે રાજાની પિતા તરીકેની કર્તવ્યનિષ્ઠતા, અનુકંપા અને અદ્‌ભુત ક્ષમાના ભાવને સૂચિત કરે છે.

**जहा मेहस्स :–** કોણિક રાજકુમારના જન્મથી નામકરણ સુધી અને આઠ કન્યાઓ સાથે પાણિગ્રહણ પર્યંતનું વર્ણન મેઘકુમારના વર્ણનની સમાન છે. મેઘકુમારનું વિસ્તૃત વર્ણન જ્ઞાતા સૂત્રમાં છે.

## રાજ્ય લોભે કોણિકનો કુવિચાર :-

**३०** **तए णं तस्स कूणियस्स कुमारस्स अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि** *जाव* **समुप्पज्जित्था– एवं खलु अहं सेणियस्स रण्णो वाघाएणं णो संचाएमि सयमेव रज्जसिरिं करेमाणे पालेमाणे विहरित्तए । तं सेयं खलु मम सेणियं रायं णियलबंधणं करेत्ता अप्पाणं महया महया रायाभिसेएणं अभिसिंचावित्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता सेणियस्स रण्णो अंतराणि य छिद्दाणि य विरहाणि य पडिजागरमाणे पडिजागरमाणे विहरइ ।**

**तए णं से कूणिएकुमारे सेणियस्स रण्णो अंतरं वा छिद्दं वा विरहं वा [मम्मं वा] अलभमाणे अण्णया कयाइ कालाईए दस कुमारे णियघरे सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! अम्हे सेणियस्स रण्णो वाघाएणं णो संचाएमो सयमेव रज्जसिरिं करेमाणा पालेमाणा विहरित्तए । तं सेयं खलु देवाणुप्पिया! अम्हं सेणियं रायं णियलबंधणं करेत्ता रज्जं च रट्ठं च बलं च वाहणं च कोसं च कोट्ठागारं च जणवयं च एक्कारसभाए विरिंचित्ता सयमेय रज्जसिरिं करेमाणाणं पालेमाणाणं विहरित्तए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે કોણિક કુમારને એકવાર મધ્યરાત્રિમાં ***યાવત્‌*** આ પ્રકારનો વિચાર આવ્યો કે શ્રેણિક રાજાના વિઘ્નને કારણે હું સ્વયં રાજ્યશાસન અને રાજ્ય વૈભવનો ઉપભોગ કરી શકતો નથી. તેથી શ્રેણિક રાજાને બેડીમાં બાંધી, (જેલમાં પૂરી) અને મહાન રાજ્યાભિષેકથી મારો અભિષેક કરાવવો તે મારા માટે યોગ્ય છે. એમ વિચારીને તે શ્રેણિક રાજાને બંધનગ્રસ્ત કરવાનો અવસર, છિદ્ર–દોષ જોવા લાગ્યો અને એકાંત સ્થાન અને સમય મળે તેની રાહ જોવા લાગ્યો.

તે પછી શ્રેણિક રાજાનું કોઈ દૂષણ, છિદ્ર, એકાંત અવસર(કે મર્મ) ન મળવાથી એક વાર કાલ

આદિ દશે રાજકુમારોને(પોતાના ભાઈઓને) પોતાના ઘેર બોલાવી તેને પોતાનો વિચાર જણાવ્યો– હે દેવાનુપ્રિયો ! શ્રેણિક રાજાના કારણે આપણે રાજ્યશ્રીનો ઉપભોગ તથા રાજ્યનું પાલન કરી શકતા નથી. તેથી રાજાને બંધનમાં નાંખી, આપણે રાજ્ય, રાષ્ટ્ર, સેના, વાહન, ખજાનો, કોઠાર અને દેશને અગિયાર ભાગમાં વહેંચી રાજ્યશ્રીનો ઉપભોગ કરીએ અને રાજ્યનું પાલન કરીએ તે શ્રેયસ્કર છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કોણિકની પિતા પ્રત્યેની વેરની પંરપરાને પ્રગટ કરી છે.

ગર્ભગત દુર્વિચારોથી કોણિકની વૈરવૃત્તિ પૂર્ણ થઈ ન હતી. તેથી જ તેણે રાજ્ય લોભમાં આસક્ત બની પિતાને બંધનગ્રસ્ત કરવાનો બીજો દુર્વિચાર કર્યો. પોતાના વિચારો દશ ભાઈઓ સમક્ષ રજૂ કર્યા. કારણ કે આવા કાર્યોમાં અનેકના સહકારની આવશ્યકતા રહે છે. કોણિકે પણ રાજ્ય વિભાગના પ્રલોભન સાથે ભાઈઓને પોતાના પક્ષમાં લેવાની યોજના બનાવી. પૂર્વના વૈરાનુબંધ સંબંધો જીવનમાં કેવા કેવા દુષ્કૃત્યો કરાવે છે તે કોણિકના વ્યવહારથી જોઈ શકાય છે.

## કાલકુમાર આદિ ભાઈઓ દ્વારા સ્વીકૃતિ :–

**૩૧ तए णं ते कालाईया दस कुमारा कूणियस्स कुमारस्स एयमट्ठं विणएणं पडिसुणंति। तए णं से कूणिए कुमारे अण्णया कयाइ सेणियस्स रण्णो अंतरं जाणइ, जाणित्ता सेणियं रायं णियलबंधण करेइ, करित्ता अप्पाणं महया महया रायाभिसेएणं अभि- सिंचावेइ । तए णं से कूणिए कुमारे राया जाए महया हिमवंत** *वण्णओ* **।**

**ભાવાર્થ :–** કોણિકની વાત સાંભળીને કાલ આદિ દશે કુમારોએ તેના આ વિચારનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો. ત્યાર પછી કોણિકકુમારે એક વાર શ્રેણિક રાજા બાંધવા યોગ્ય અવસર જાણી, હાથકડીથી તેને બાંધી દીધા અને પોતાનો મહાન મોટો રાજ્યાભિષેક કરાવ્યો. ત્યાર પછી કોણિકકુમાર પોતે રાજા બની ગયો. તે મહાન હિમવંત પર્વત સમાન આદિ રાજાના ગુણ સંપન્ન બની રાજ્ય કરવા લાગ્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં કોણિકના દુર્વિચારોની સફળતાનું દિગ્દર્શન છે. પુણ્યના સથવારે વ્યક્તિની અયોગ્ય ઈચ્છા પણ કદાચ પૂર્ણ થાય પરંતુ વાસ્તવમાં તે પુણ્ય પાપાનુબંધી પુણ્ય છે. તે પાપનો અનુબંધ કરાવતું હોવાથી જીવને માટે ભયંકર હાનિકારક, દુઃખજનક અને દુર્ગતિદાયક છે. તેથી પુણ્યના ઉદય સમયે પાપનો બંધ ન થઈ જાય તે માટે જીવે સાવધાન રહેવું જોઈએ.

## માતાને ચરણવંદન કરતાં કોણિકનું પરિવર્તન :–

**૩૨ तए णं से कूणिए राया अण्णया कयाइ ण्हाए** *जाव* **सव्वालंकारविभूसिए**

**चेल्लणाए देवीए पायवंदए हव्वमागच्छइ । तए णं से कूणिए राया चेल्लणं देविं ओहय *जाव* झियायमाणिं पासइ, पासित्ता चेल्लणाए देवीए पायग्गहणं करेइ करित्ता चेल्लणं देविं एवं वयासी– किण्णं अम्मो ! तुम्हं ण तुट्ठी वा, ण ऊसए वा, ण हरिसे वा, ण आणंदे वा जं णं अहं सयमेव रज्जसिरिं *जाव* विहरामि ?**

**तए णं सा चेल्लणा देवी कूणियं रायं एवं वयासी– कहं णं पुत्ता ! ममं तुट्ठी वा ऊसए वा हरिसे वा आणंदे वा भविस्सइ, जण्णं तुमं सेणियं रायं पियं देवयं गुरुजणं अच्चंतणेहाणुरागरत्तं णियलबंधणं करित्ता अप्पाणं महया–महया रायाभि–सेएणं अभिसिंचावेसि ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી એક વાર કોણિક રાજા સ્નાન કરીને ***યાવત્*** સર્વ અલંકારોથી અલંકૃત થઈને ચેલણા દેવીના ચરણ–વંદન માટે ગયા, ત્યારે તેણે ચેલણા દેવીને ઉદાસીન ***યાવત્*** ચિંતાગ્રસ્ત જોઈને, માતાનો ચરણસ્પર્શ કરીને પૂછ્યું– માતા ! હું મારા પરાક્રમથી રાજ્યાભિષેક કરી આ વિશાળ રાજ્યશ્રીનો ઉપભોગ કરી રહ્યો છું; શું તે જોઈ તને સંતોષ થતો નથી ? તારા મનમાં ઉલ્લાસ, પ્રમોદ કે સુખ નથી તેનું શું કારણ છે ?

ત્યારે ચેલણાદેવીએ કોણિક રાજાને આ પ્રમાણે કહ્યું– હે પુત્ર ! મને સંતોષ, ઉત્સાહ, હર્ષ અથવા આનંદ કેવી રીતે થાય ? જો કે તારા પર અત્યંત સ્નેહ અનુરાગ રાખનાર, દેવતુલ્ય, ગુરુજન સમાન તારા પિતા શ્રેણિક રાજાને બંધનમાં નાંખીને તું મહાન રાજ્યનો રાજવી થયો છે.

**३३ तए णं से कूणिए राया चेल्लणं देविं एवं वयासी– घाएउकामे णं अम्मो ! मम सेणिए राया, एवं मारेउकामे, बंधिउकामे, णिच्छुभिउकामे णं अम्मो ! ममं सेणिए राया । तं कहं णं अम्मो ! ममं सेणिए राया अच्चंतणेहाणुरागरत्ते ?**

**तए णं सा चेल्लणा देवी कूणियं कुमारं एवं वयासी– एवं खलु पुत्ता ! तुमंसि ममं गब्भे आभूए समाणे तिण्हं मासाणं बहुपडिपुण्णाणं ममं अयमेयारूवे दोहले पाउब्भूए– धण्णाओ णं ताओ अम्मयाओ एवं णिरवसेसं भाणियव्वं *जाव* दोहलं विणेमि । एवं चेव *जाव* जाहे वि य णं तुमं वेयणाए अभिभूए समाणे महया महया सद्देणं आरससि ताहे वि य णं सेणिए राया जेणेव तुमं तेणेव उवागच्छइ उवागच्छित्ता तुमं करयलपुडेण गिण्हइ, गिण्हित्ता तं अग्गंगुलियं आसयंसि पक्खिवइ, पक्खिवित्ता पूयं च सोणियं च आसएणं आमुसइ । तएणं तुमं णिव्वुए णिव्वेयणे तुसिणीए संचिट्ठसि । एवं खलु पुत्ता ! सेणिए राया तव अच्चंतणेहाणुरागरत्ते ।**

**ભાવાર્થ :–** ત્યારે કોણિક રાજાએ ચેલણાદેવીને આ પ્રમાણે કહ્યું– હે માતાજી ! શ્રેણિક રાજા તો મારો ઘાત કરવા ઈચ્છતા હતા, મારા બંધનને અને મરણને ઈચ્છતા હતા, નિર્વાસિત કરવા ઈચ્છતા હતા. તેથી મારા પર તેઓ અત્યંત સ્નેહ તથા અનુરાગ યુક્ત છે તે કેવી રીતે માની શકાય ?

આ વાત સાંભળીને ચેલણા દેવીએ કોણિક કુમારને આ પ્રમાણે કહ્યું– હે પુત્ર ! સાંભળ, જ્યારે તું મારા ગર્ભમાં આવ્યો ત્યારે ત્રણ મહિના પૂરા થતાં મને આ પ્રકારનો દોહદ ઉત્પન્ન થયો કે તે માતાઓને ધન્ય છે, વગેરે સંપૂર્ણ કથન કરવું ***યાવત્*** તે દોહદને મેં પૂર્ણ કર્યો. તેમજ હે પુત્ર ! જ્યારે પણ તું વેદનાથી દુઃખી થતો અને જોર જોરથી રડતો ત્યારે રાજા શ્રેણિક તારી પાસે આવીને તને હાથમાં લઈ, તારી આંગળી મુખમાં લેતા અને લોહી–પરુ ચૂસીને થૂંકી નાખતા, ત્યારે તારી વેદના શાંત થતી અને તું રડવાનું બંધ કરી શાંત થઈ જતો વગેરે સર્વ હકીકત ચેલણાએ કોણિકને સંભળાવી અને કહ્યું– હે પુત્ર ! તેથી હું કહું છું કે શ્રેણિક રાજા તારા પ્રત્યે અત્યંત સ્નેહાનુરાગવાળા છે.

**૩૪ तए णं कूणिए राया चेल्लणाए देवीए अंतिए एयमट्ठं सोच्चा णिसम्म चेल्लणं देविं एवं वयासी– दुट्ठु णं अम्मो ! मए कयं सेणियं रायं पियं देवयं गुरुजणगं अच्चंतणेहाणुरागरत्तं णियलबंधणं करंतेणं । तं गच्छामि णं सेणियस्स रण्णो सयमेव णियलाणि छिंदामि त्ति कट्टु परसुहत्थगए जेणेव चारगसाला तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** કોણિક રાજાએ ચેલણા માતા પાસેથી આ પૂર્વ વૃત્તાંત સાંભળીને, ધ્યાનમાં લઈને માતુશ્રીને આ પ્રમાણે કહ્યું– હે માતા ! દેવ સ્વરૂપ, ગુરુજન સમાન, અત્યંત સ્નેહાનુરાગયુક્ત મારા પિતા રાજા શ્રેણિકને બંધનમાં નાંખ્યા તે મેં ઘણું જ દુષ્કૃત્ય કર્યું છે. તેથી હું સ્વયં જઈને તેમના બંધન કાપી નાખું છું. આ પ્રમાણે કહી, કુહાડી હાથમાં લઈ જ્યાં જેલ હતી ત્યાં ગયા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં રાજા કોણિકની માતૃભક્તિ અને માતા ચેલણાની વિવેકશીલતા તથા નીડરતા પ્રગટ થાય છે.

પિતાને બંધનગ્રસ્ત કરનાર રાજા કોણિકને માતા પ્રતિ આદર અને ભક્તિ ભાવ હતો જ. તેથી તે માતાના ચરણસ્પર્શ કરવા ગયા ત્યારે માતા ચેલણાએ કોણિકને પોતાની ભૂલનું ભાન કરાવ્યું અને સચોટ શબ્દોમાં તેના દુષ્ટ વ્યવહારને પ્રગટ કરતાં સત્ય વાત સ્પષ્ટ કરી.

શ્રેણિકને કેદમાં પૂર્યા પછી કોણિકના વૈરાનુબંધજન્ય કર્મોનો અંત આવવાની વેળા આવી ગઈ હતી. તેથી તેના કુકૃત્યપ્રતિ માતાનો વિરોધ તથા સ્પષ્ટીકરણથી આપેલો જવાબ કામયાબ નીવડ્યો અને કોણિકનું હૃદય પરિવર્તિત થઈ ગયું, તેને પોતાની ભૂલ સમજાઈ ગઈ; પિતા શ્રેણિક પ્રતિ વૈરભાવ સમાપ્ત

થયો; સદ્ભાવ જાગ્યો; તુરંત જ પિતાને બંધનમુક્ત કરવા પ્રયત્નશીલ બની ગયો.

**શ્રેણિકનો મતિભ્રમ અને આત્મહત્યા :–**

**૩૫** **तए णं सेणिए राया कूणियं कुमारं परसुहत्थगयं एज्जमाणं पासइ, पासित्ता एवं संपेहेइ(वयासी)– एस णं कूणिएकुमारे अपत्थियपत्थिए दुरंतपंतलक्खणे हीणपुण्ण– चाउद्दसिए हिरिसिरिपरिवज्जिए परसुहत्थगए इह हव्वमागच्छइ । तं ण णज्जइ णं ममं केणइ कु–मारेणं मारिस्सइ त्ति कट्टु भीए तत्थे तसिए उव्विग्गे संजायभये तालपुडगं विसं आसगंसि पक्खिवइ ।**

**तए णं से सेणिए राया तालपुडगविसंसि आसगंसि पक्खित्ते समाणे मुहुत्तंतरेण परिणममाणंसि णिप्पाणे णिच्चेट्ठे जीवविप्पजढे ओइण्णे ।**

**ભાવાર્થ :–** રાજા શ્રેણિકે, હાથમાં કુહાડી લઈને કોણિકકુમારને આવતો જોયો. તેને મનમાં વિચાર આવ્યો કે– આ કોણિક કુમાર મારો વિનાશ ઈચ્છનારો, કુલક્ષણી, અભાગી, કાળી ચૌદસનો જન્મેલો, નિર્લજ્જ, લોકલાજથી રહિત હાથમાં કુહાડી લઈને અહીં આવી રહ્યો છે. કોને ખબર તે મને કેવા કમોતે મારશે ? આવા વિચારથી ભયભીત બનીને, ત્રસ્ત, ભયગ્રસ્ત, ઉદ્વિગ્ન થઈને પોતાની અંગૂઠીમાં રહેલ તાલપુટ ઝેર મોઢામાં નાખ્યું અર્થાત્ વીંટીમાં રહેલા હીરાને ચૂસી લીધો. તે ઝેર એક પળ માત્રમાં આખા શરીરમાં ફેલાઈ ગયું અને રાજા પ્રાણથી રહિત, નિશ્ચેષ્ટ, નિર્જીવ થઈ ગયા અને જમીન ઉપર પડી ગયા.

**૩૬** **तए णं कूणिए कुमारे जेणेव चारगसाला तेणेव उवागए, उवागच्छित्ता सेणियं रायं णिप्पाणं णिच्चेट्ठं जीवविप्पजढं ओइण्णं पासइ, पासित्ता महया पिइ– सोएणं अप्फुण्णे समाणे परसुणियत्ते विव चंपगवरपायवे धसत्ति धरणीयलंसि सवङ्गेहिं सण्णिवडिए ।**

**तए णं से कूणिए कुमारे मुहुत्तंतरेण आसत्थे समाणे रोयमाणे कंदमाणे सोयमाणे विलवमाणे एवं वयासी– अहो णं मए अधण्णेणं अपुण्णेणं अकयपुण्णेणं दुट्ठुकयं सेणियं रायं पियं देवयं गुरुजणगं अच्चंतणेहाणुरागरत्तं णियलबंधणं करंतेणं । मम मूलागं चेव णं सेणिए राया कालगए त्ति कट्टु राईसरतलवर माडंबिय कोडुंबिय इब्भ सेट्ठि सेणावइ सत्थवाह मंति गणग– दोवारिय–अमच्च–चेड पीढमद्दग–णगर–णिगम– दूयसंधिवाल सद्धिं संपरिवुडे रोयमाणे कंदमाणे सोयमाणे विलवमाणे महया इड्ढी– सक्कारसमुदएणं सेणियस्स रण्णो णीहरणं करेइ, बहूहिं लोइयाइं मयकिच्चाइं करेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોણિકકુમાર પિતાને બંધન મુક્ત કરવા માટે કારાગૃહમાં આવ્યા પરંતુ રાજા શ્રેણિકને નિષ્પ્રાણ, હલન–ચલનરહિત, મૃત્યુ પામેલા જોયા. પિતાનું મરણજન્ય દુઃખ તેનાથી સહન ન થયું. તે એકાએક અત્યંત રુદન કરતાં, તીક્ષ્ણ ધારવાળી કુહાડીથી કાપેલા કોમળ ચંપકવૃક્ષની જેમ જમીન ઉપર પછડાટ ખાઈને પડી ગયા.

થોડીવાર પછી કોણિકકુમાર મૂર્છારહિત થયા ત્યારે રુદન કરતાં, કરુણ સ્વરથી આર્તનાદ કરતાં, શોક અને વિલાપ કરતાં આ પ્રમાણે બોલ્યા– હું અભાગી છું, પાપી છું, પુણ્યહીણ છું, જેથી મેં આવું દુષ્કૃત્ય કર્યું કે દેવતુલ્ય, ગુરુજન સમાન ઉપકારી અને સ્નેહાનુરાગયુક્ત મારા પિતા શ્રેણિક રાજાને બંધનમાં નાખ્યા અને મારા જ કારણથી તેનું મૃત્યુ થયું. આ રીતે પોતાનો દોષ સ્વીકાર કરતાં દુઃખી થતાં અંતે અનેક ઐશ્વર્યશાળી રાજાઓ, રાજમાન્ય પુરુષો, માંડલિક, જાગીરદારો, કૌટુંબિક–મુખ્ય પરિવારના વડિલો, ઈભ્ય–કોટ્યાધીશ, ધનપતિ, શ્રેષ્ઠી–સમાજની પ્રમુખ વ્યક્તિઓ, સેનાપતિઓ, મંત્રી, ગણક– જ્યોતિષી, દ્વારપાળ, અમાત્ય, સેવકો, અંગરક્ષક, નાગરિક, વ્યવસાયી, દૂત, સંધિપાલ– રાષ્ટ્રના સીમાંત પ્રદેશોના રક્ષક આદિ વ્યક્તિઓ સાથે રુદન, આક્રંદ, શોક અને વિલાપ કરતાં મોટા સમારોહપૂર્વક માન સન્માન સહિત શ્રેણિક રાજાનો અગ્નિસંસ્કાર કર્યો અને ઘણા લૌકિક મરણોત્તર અનુષ્ઠાનો કર્યા.

**૩૭ तए णं से कूणिए कुमारे एएणं महया मणोमाणसिएणं दुक्खेणं अभिभूए समाणे अण्णया कयाइ अंतेउरपरियाल संपरिवुडे सभंडमत्तोवगरणमायाए रायगिहाओ पडिणिक्खमइ, जेणेव चंपाणयरी तेणेव उवागच्छइ, तत्थ वि णं विउलभोगसमिइ समण्णागए कालेणं अप्पसोए जाए यावि होत्था ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે કોણિકકુમાર આ મહાન મનોગત દુઃખથી અત્યંત દુઃખી થઈને(દુઃસહ્ય દુઃખને ભૂલવા માટે) એકદા અંતઃપુર અને પરિવાર સહિત ધન–સંપત્તિ આદિ પોતાની સંપૂર્ણ સામગ્રી લઈને રાજગૃહથી બહાર નીકળી જ્યાં ચંપાનગરી હતી, ત્યાં આવ્યા અને તેને પોતાની રાજધાની બનાવી વિપુલ સુખ ભોગવતાં રહેવા લાગ્યા. થોડો સમય જતાં તેનો શોક ઓછો થયો.

**૩૮ तए णं से कूणिए राया अण्णया कयाइ कालाईए दस कुमारे सद्दावेइ, सद्दावेत्ता रज्जं च रट्ठं च बलं च वाहणं च कोसं च कोट्ठागारं च जणवयं च एक्कारसभाए विरिंचइ, विरिंचित्ता सयमेव रज्जसिरिं करेमाणे पालेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે કોણિકકુમારે પોતાના કાલકુમાર આદિ દશે ભાઈઓને બોલાવ્યા. રાજ્ય, રાષ્ટ્ર, સેના, વાહન(રથ આદિ), ખજાનો(ધન–સંપત્તિ), કોઠાર(ધન્યાદિ) અને જનપદના અગિયાર ભાગ કરીને વહેંચી દીધા; વહેંચીને પોતપોતાની રાજશ્રીનો ઉપભોગ કરતાં અને રાજ્યનું પાલન કરતાં રહેવા લાગ્યા.

### વિવેચન :–

**શ્રેણિકની ભવિતવ્યતા :–** પ્રસ્તુત સૂત્રોમાં રાજા શ્રેણિકની ભવિતવ્યતા અને રાજા કોણિકના પશ્ચાત્તાપનું

નિદર્શન છે.

કર્મના ઉદયે શ્રેણિકના જીવનમાં અનેક પ્રકારની ઉથલપાથલો જોઈ શકાય છે. રાજગૃહીના મહારાજા શ્રેણિક પુણ્યવાન અને બુદ્ધિ સંપન્ન હતા. તેની હોંશિયારીના કારણે ભાઈઓને ઈર્ષ્યા થઈ, તેથી તેઓ કુમારાવસ્થામાં જ ઘર છોડીને નીકળી ગયા. ક્ષત્રિય પુત્ર હોવા છતાં શ્રેષ્ઠી પુત્રી નંદા સાથે તેનું પાણિગ્રહણ થયું. ત્યાં ઘર જમાઈ રહ્યા. ત્યારપછી તે બૌદ્ધ ધર્મી બની ગયા. કાલી આદિ દશ રાણી, નંદાદિ તેર રાણીઓ થઈ, તેમ છતાં ચેલણાનું અપહરણ કરીને તેની સાથે લગ્ન કર્યા. ચેલણા સાથે ધર્મ સંબંધી વિચાર ભેદ હંમેશાં રહેતો. શ્રેણિક રાજાએ પોતાના જીવનમાં ચેલણા સાથે થતાં ધર્મ વિવાદને કારણે અનેકવાર જૈન મુનિઓ સાથે દુર્વ્યવહાર કર્યા હતા અને કરાવ્યા હતા. એક તાપસ સાથે પણ તેના દ્વારા અવિવેકથી અનાયાસે અક્ષમ્ય અપરાધ થયો હતો. તે નિમિત્તે થયેલી તાપસની વૈરવૃત્તિના કારણે તેને જીવનનો અંતિમકાલ બંધનગ્રસ્ત અવસ્થામાં વ્યતીત કરવો પડ્યો.

અર્જુનમાલી દ્વારા રાજગૃહીમાં જે નર સંહાર થયો હતો અને તે લગભગ છ મહીના સુધી ચાલ્યો હતો, તેમાં પણ મૂલ નિમિત્ત શ્રેણિક રાજા જ હતા. અભયકુમાર જેવા મંત્રી હોવા છતાં ભવિતવ્યતાના કારણે તેના જીવનમાં અનેક અનુચિત પ્રસંગો થયા હતા.

જીવનની પાછલી ઊંમરે તેઓએ અનાથી મુનિના સંગે વીતરાગ ધર્મની દઢ શ્રદ્ધા પ્રાપ્ત કરી. પ્રભુ મહાવીરના પરમ ભક્ત બની અહિંસાના પરમ પૂજારી બની, અમારિ પડહ વગડાવ્યો, ઘોષણા કરી પોતાના આખા રાજ્યમાં પંચેન્દ્રિય જીવોનો વધ બંધ કરાવ્યો. અન્ય પણ અનેક ધર્મ દલાલીના કાર્યો કરી તીર્થંકર નામ કર્મ બાંધ્યું. તેમ છતાં જીવનમાં ઉપાર્જિત વિવિધ પાપ કર્મના પ્રભાવે કોણિકને આવતાં જોયો ત્યારે તેને મતિભ્રમથી દુર્વિચાર પ્રગટ્યો. પૂર્વે નરકના આયુષ્યનો બંધ પડી ગયો હતો તેથી જ નરકગમન યોગ્ય લેશ્યાના પરિણામ આવી ગયા અને રાજાએ વીંટીનું ઝેર ચૂસીને આત્મહત્યા કરી, નરકગામી બની ગયા.

કર્મની વિચિત્રતાએ રાજા કોણિક પિતાને બંધન મુક્ત કરવાની ભાવનાને પૂર્ણ કરી શક્યા નહીં, તે પહેલા જ પિતા સ્વયં પરલોક ગામી બની ગયા. આ દશ્ય જોઈને રાજા કોણિકને પારાવાર દુઃખ થયું. નિરાશ બનીને ભવિતવ્યતાનો સ્વીકાર કર્યો; રાજગૃહીને છોડીને ચંપાનગરીમાં રહેવા લાગ્યા. પોતાના વચનાનુસાર દશે ભાઈઓને રાજ્યનો ભાગ આપી દીધો.

### વેહલ્લકુમારની ક્રીડા :–

**૩૧ तत्थ णं चंपाए णयरीए सेणियस्स रण्णो पुत्ते चेल्लणाए देवीए अत्तए कुणियस्स रण्णो सहोयरे कणीयसे भाया वेहल्ले णामं कुमारे होत्था– सूमाले** *जाव* **सुरूवे ।**

**तए णं तस्स वेहल्लस्स कुमारस्स सेणिएणं रण्णा जीवंतएणं चेव सेयणए गंधहत्थी अट्ठारसवंके हारे पुव्वदिण्णे ।**

**ભાવાર્થ :–** તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાનો પુત્ર, ચેલણા દેવીનો આત્મજ કોણિક રાજાનો નાનો ભાઈ

વેહલ્લ નામનો રાજકુમાર હતો. તે સુકુમાર અને સુરૂપ હતો.

તે વેહલ્લકુમારને રાજા શ્રેણિકે પોતાના જીવનકાલ દરમ્યાન જ સેચનક નામનો ગંધહસ્તી અને અઢાર સરવાળો હાર આપ્યા હતા.

**૪૦ तए णं से वेहल्ले कुमारे सेयणएणं गंधहत्थिणा अंतेउरपरियालसंपरिवुडे चंपं णयरिं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता अभिक्खणं अभिक्खणं गङ्गं महाणइं मज्जणयं ओयरइ । तए णं सेयणए गंधहत्थी देवीओ सोण्डाए गिण्हइ, गिण्हित्ता अप्पेगइयाओ पुट्ठे ठवेइ, अप्पेगइयाओ खंधे ठवेइ, एवं कुंभे ठवेइ, सीसे ठवेइ, दंतमुसले ठवेइ, अप्पेगइयाओ सोंडागयाओ अंदोलावेइ, अप्पेगइयाओ दंतंतरेसु णीणेइ, अप्पेगइयाओ सीभरेणं ण्हाणेइ, अप्पेगइयाओ अणेगेहिं कीलावणेहिं कीलावेइ ।**

**ભાવાર્થ :–** વેહલ્લકુમાર તે સેચનક ગંધહસ્તી પર બેસીને પોતાના અંતઃપુર સહિત ચંપાનગરીના મધ્યભાગમાં થઈને અનેકવાર નીકળતો અને વારંવાર ગંગાનદીમાં સ્નાન કરવા માટે ઉતરતો હતો. ત્યારે સેચનક ગંધહસ્તી રાણીઓને સૂંઢમાં પકડીને કોઈને પીઠ ઉપર બેસાડતો, તો કોઈને ખભા પર, કોઈને ગંડસ્થળ ઉપર, કોઈને પોતાના માથા ઉપર, કોઈને પોતાના દંતશૂળ ઉપર, કોઈને સૂંઢથી પકડીને ઉપર આકાશમાં ઉછાળતો, કોઈને સૂંઢથી હીંચકા ખવરાવતો, કોઈને પોતાના દંતશૂળની વચમાં રાખતો તથા કોઈને પોતાની સૂંઢમાં પાણી ભરીને તેના ફૂવારાથી સ્નાન કરાવતો. આ પ્રમાણે અંતઃપુરને અનેક પ્રકારની ક્રીડાઓથી સંતુષ્ટ કરતો.

**૪૧ तए णं चंपाए णयरीए सिंघाडग–तिग–चउक्क–चच्चर(चउम्मुह) महापह–पहेसु बहुजणो अण्णमण्णस एवमाइक्खइ *जाव* एवं खलु देवाणुप्पिया ! वेहल्लेकुमारे सेयणएण गंधहत्थिणा तं चेव *जाव* अणेगेहिं कीलावणएहिं कीलावेइ । तं एस णं वेहल्ले कुमारे रज्जसिरिफलं पच्चणुभवमाणे विहरइ, णो कुणिए राया ।**

**ભાવાર્થ :–** ત્યારે ચંપાનગરીના શ્રૃંગાટક–શિંગોડાના આકારવાળા માર્ગમાં, ત્રિક, ચતુષ્ક, ચોકમાં રાજમાર્ગમાં, નાની શેરીઓ આદિ અનેક સ્થળે પરસ્પર અનેક લોકો આ પ્રમાણે કહેવા લાગ્યા– હે દેવાનુપ્રિયો વેહલ્લકુમાર સેચનક ગંધ હાથી દ્વારા અંતઃપુર પરિવાર સહિત અનેક પ્રકારની ક્રીડા કરે છે, તેથી રાજ્યશ્રીનો ઉપભોગ તો વેહલ્લકુમાર જ કરે છે, નહીં કે રાજા કોણિક.

### વિવેચન :–

**सेयणए गंधहत्थी :–** સેચનક–સિંચાનક નામનો હસ્તી. જેના મદની ગંધથી બીજા હાથીઓ ભાગી

જાય તેવી હાથીની એક ઉત્તમ જાત.

## પદ્માવતીરાણીની હઠથી હાર-હાથીની માંગ :-

**૪૨ तए णं तीसे पउमावईए देवीए इमीसे कहाए लद्धट्ठाए समाणीए अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु वेहल्ले कुमारे सेयणएणं गंधहत्थिणा** *जाव* **अणेगेहिं कीलावणएहिं कीलावेइ । तं एस णं वेहल्लेकुमारे रज्जसिरिफलं पच्चणुभवमाणे विहरइ, णो कूणिए राया । तं किं णं अम्हं रज्जेण वा** *जाव* **जणवएण वा, जइ णं अम्हं सेयणगे गंधहत्थी णत्थि । तं सेयं खलु ममं कूणियं रायं एयमट्ठं विण्णवित्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता जेणेव कूणिए राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल परिग्गहियं दसणहं सिरसावत्तं मत्थए अज्जलिं कट्टु जएणं विजएणं वद्धावेइ, वद्धावित्ता एवं वयासी– एवं खलु सामी ! वेहल्ले कुमारे सेयणएण गंधहत्थिणा** *जाव* **अणेगेहिं कीलावणएहिं कीलावेइ। तं किं णं अम्हं रज्जेण वा** *जाव* **जणवएण वा, जइ णं अम्हं सेयणए गंधहत्थी णत्थि ।**

**तए णं से कूणिए राया पउमावईए देवीए एयमट्ठं णो आढाइ, णो परियाणाइ, तुसिणीए संचिट्ठइ । तए णं सा पउमावई देवी अभिक्खणं अभिक्खणं कूणियं रायं एयमट्ठं विण्णवेइ । तए णं से कूणिए राया पउमावईए देवीए अभिक्खणं अभिक्खणं एयमट्ठं विण्णविज्जमाणे अण्णया कयाइ वेहल्लकुमारं सद्दावेइ, सद्दावित्ता सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं जायइ ।**

**ભાવાર્થ :–** કોણિકની પત્ની પદ્માવતી દેવીએ પ્રજાજન પાસેથી ઉપરોક્ત વાત સાંભળી ત્યારે તેના મનમાં આ પ્રકારનો વિચાર આવ્યો કે– વેહલ્લકુમાર સેચનક હાથી દ્વારા અનેક પ્રકારની ક્રીડા કરે છે. ખરેખર રાજ્યશ્રીને તો તે જ ભોગવે છે, કોણિક રાજા નહીં. જો અમારી પાસે સેચનક હાથી ન હોય તો અમોને આ રાજ્યથી કે દેશથી શું લાભ ? તેથી કોણિક રાજાને કહું કે વેહલ્લ પાસેથી તે સેચનક હાથી લેવો તે જ શ્રેષ્ઠ છે. એમ વિચાર કરી જ્યાં કોણિક રાજા હતા ત્યાં ગઈ અને હાથ જોડી મસ્તક પર અંજલિ કરીને, જય–વિજય શબ્દોથી તેને વધાવ્યા, પછી આ પ્રમાણે બોલી– હે સ્વામી ! વેહલ્લકુમાર સેચનક હાથીથી અનેક પ્રકારની ક્રીડા કરે છે. હે સ્વામી ! જો આપણી પાસે સેચનક ગંધહસ્તી ન હોય તો આ રાજ્ય અને આ દેશથી શું ?

કોણિક રાજાએ પદ્માવતીની આ વાતનો આદર કર્યો નહીં અને તેના પર ધ્યાન દીધું નહીં પરંતુ મૌન રહ્યા. ત્યારે તે પદ્માવતી દેવી વારંવાર આ વાત કહેવા લાગી. તેથી એકવાર કોણિક રાજાએ

વેહલ્લકુમારને બોલાવ્યો અને તેની પાસેથી સેચનક ગંધહસ્તિ અને અઢાર સરવાળો હાર માંગ્યો.

**૪૩ तए णं से वेहल्ले कुमारे कूणियं रायं एवं वयासी– एवं खलु सामी ! सेणिए ण रण्णा जीवंतेणं चेव सेयणए गंधहत्थी अट्ठारसवंके य हारे दिण्णे । तं जइ णं सामी ! तुब्भे ममं रज्जस्स य *जाव* जणवयस्स य अद्धं दलयह, तो णं अहं तुब्भं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं दलयामि ।**

**तए णं से कूणिए राया वेहल्लस्स कुमारस्स एयमट्ठं णो आढाइ, णो परिजाणइ, अभिक्खणं अभिक्खणं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं जायइ ।**

**ભાવાર્થ :–** વેહલ્લકુમારે ત્યારે કોણિકને આ પ્રમાણે કહ્યું– હે સ્વામી ! શ્રેણિક રાજાએ પોતાના જીવનકાલ દરમ્યાન મને સેચનક ગંધ હાથી તથા અઢારસરવાળો હાર આપ્યો છે. જો તે આપને જોઈતા હોય તો મને રાજ્યનો તથા દેશનો અર્ધોભાગ આપો તો હું તમને તે બે વસ્તુ આપીશ.

કોણિક રાજાએ વેહલ્લકુમારની આ વાતનો સ્વીકાર કર્યો નહીં; વાત પર વિચાર કર્યો નહીં, માત્ર વારંવાર પોતાની માંગણી જ કર્યા કરી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સ્ત્રીહઠનું નિરૂપણ છે.

કોણિક રાજા ચંપાનગરીમાં શાંતિથી જીવન વ્યતીત કરી રહ્યા હતા. તે પ્રભુ મહાવીરના ભક્ત બની ગયા હતા. પરંતુ કર્મોની વિચિત્રતાને કારણે તેના જીવનમાં ઉશ્કેરાટ જન્મ્યો. રાણી પદ્માવતીની ભૌતિક વસ્તુની લાલસા અને ઈર્ષ્યા તેમાં નિમિત્ત બની ગઈ, રાણીની હઠથી કોણિક રાજા હાર અને હાથીની માંગણી કરવા લાગ્યા. વેહલ્લ કુમારે ન્યાય યુક્ત જવાબ આપ્યો પણ કોણિકે ધ્યાન દીધું નહીં.

### વેહલ્લકુમારનું મનોમંથન અને વૈશાલી ગમન :–

**૪૪ तए णं तस्स वेहल्लस्स कुमारस्स कूणिएणं रण्णा अभिक्खणं अभिक्खणं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं जायमाणस्स समाणस्स अयमेयारूवे अज्झत्थिए *जाव* समुप्पज्जित्था– एवं खलु कूणिए राया अक्खिविउकामे णं, गिण्हिउकामे णं उद्दालेउकामे णं ममं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं । तं जाव ममं कूणिए राया णो अक्खिवइ णो गिण्हइ णो उद्दालेइ ताव सेयं मे सेयणगं गंधहत्थिं अट्ठार– सवंकं च हारं गहाय अंतेउरपरियालसंपरिवुडस्स सभंडमत्तोवगरणमायाए चंपाओ णयरीओ पडिणिक्खमित्ता वेसालीए णयरीए**

**अज्जगं चेडयं रायं उवसंपज्जि– त्ताणं विहरित्तए; एवं संपेहेइ, संपेहित्ता कूणियस्स रण्णो अंतराणि य छिद्दाणि य विवराणि य पडिजागरमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોણિક રાજાએ વારંવાર હાથી તથા હારની માંગણી કરી તેથી વેહલ્લકુમારના મનમાં વિચાર આવ્યો કે કોણિક રાજા હાર અને હાથી મારી પાસેથી છીનવી લેવા, લઈ લેવા અને આંચકી લેવા માંગે છે. મારે માટે એ જ યોગ્ય છે કે જ્યાં સુધીમાં કોણિક મારી પાસેથી હાથી અને હાર છીનવી લે, લઈ લે કે આંચકી લે તે પહેલાં જ સેચનક ગંધહસ્તી તથા અઢાર સરવાળો હાર, અંતઃપુર પરિવાર સહિત ઘરની ઘરવખરી, સંપૂર્ણ સામગ્રી લઈને ચંપાનગરીથી ભાગી જઈને મારા નાના (માતાના પિતા– માતામહ) ચેડારાજાની પાસે વૈશાલીનગરીમાં આશ્રય લઈને રહું. આ પ્રમાણે વિચાર કરીને પછી તે કોણિક રાજાની અસાવધાનીની તક અને અંતરંગ રહસ્યની જાણકારીની પ્રતીક્ષા કરતો સમય પસાર કરવા લાગ્યો.

**૪૫ तए णं से वेहल्लेकुमारे अण्णया कयाइ कूणियस्स रण्णो अंतरं जाणइ, सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं गहाय अंतेउरपरियालसंपरिवुडे सभंड मत्तोवगरण– मायाए चंपाओ णयरीओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव वेसाली णयरी, तेणेव उवागच्छइ, उवागच्छित्ता वेसालीए णयरीए अज्जगं चेडयं उवसंपज्जित्ताणं विहरइ।**

**ભાવાર્થ :–** એકવાર વેહલ્લકુમાર કોણિક રાજાની ગેરહાજરી જોઈ પોતાના અંતઃપુર પરિવારની સાથે સેચનક હાથી, અઢાર સરવાળો હાર અને સંપૂર્ણ ગૃહસામગ્રીને લઈને ચંપાનગરીથી નીકળી, વૈશાલી નગરીમાં આવ્યો અને નાના ચેડાની પાસે રહેવા લાગ્યો.

### કોણિકની પ્રતિક્રિયાએ દૂતનું વૈશાલી ગમન :–

**૪૬ तए णं से कूणिए राया इमीसे कहाए लद्धट्ठे समाणे– एवं खलु वेहल्ले कुमारे ममं असंविदिएणं सेणयगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं गहाय अंतेउर– परियाल संपरिवुडे *जाव* अज्जगं चेडयं रायं उवसंपज्जित्ताणं विहरइ । तं सेयं खलु ममं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं आणेउं दूयं पेसित्तए; एवं संपेहेइ, संपेहित्ता दूयं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छह णं तुमं देवाणुप्पिया! वेसालिं णयरिं । तत्थ णं तुमं ममं अज्जं चेडगं रायं करयल *जाव* वद्धावेत्ता एवं वयाहि– एवं खलु सामी ! कूणिए राया विण्णवेइ– एस णं वेहल्ले कुमारे कूणियस्स रण्णो असंविदिएणं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं गहाय इहं**

**हव्वमागए । तए णं तुब्भे सामी ! कूणियं रायं अणुगिण्हमाणा सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं कूणियस्स रण्णो पच्चप्पिणह, वेहल्लं कुमारं च पेसेह ।**

**ભાવાર્થ :–** જ્યારે આ સમાચારની રાજા કોણિકને ખબર પડી ત્યારે તેણે વિચાર્યું કે વેહલ્લકુમાર મને કાંઈ પણ કહ્યા વિના જ પોતાના અંતઃપુર પરિવારસહિત સેચનક ગંધહસ્તિ, અઢાર સરવાળો હાર અને સંપૂર્ણ ગૃહસામગ્રી લઈને નાના(માતામહ)રાજા ચેડાને આશ્રયે જઈને રહ્યો છે. તેથી એ જ મારા માટે યોગ્ય છે કે દૂત મોકલી સેચનક ગંધહસ્તિ અને અઢાર સરવાળો હાર મંગાવી લઉં. આ પ્રમાણે વિચાર કરી, દૂતને બોલાવીને કહ્યું કે– હે દેવાનુપ્રિય ! તમે વૈશાલીનગર જાઓ. ત્યાં મારા નાના ચેડારાજાને બંને હાથ જોડીને ***યાવત્*** જય–વિજય શબ્દોથી વધાવીને આ પ્રમાણે કહો– હે સ્વામી ! કોણિકરાજા નિવેદન કરે છે કે વેહલ્લકુમાર કોણિક રાજાને કહ્યા વિના જ સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર લઈને ત્યાં આવ્યો છે. તેથી હે સ્વામી ! તમે કોણિક રાજાના નિવેદનને માન આપી, કૃપા કરીને વેહલ્લકુમારને સેચનક હાથી અને અઢારસરા હાર સહિત મોકલી આપો.

**૪૭ तए णं से दूए कूणिएणं रण्णा एवं वुत्ते समाणे हट्ठ तुट्ठ** *जाव* **पडिसुणित्ता जेणेव सए गिहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता जहा चित्तो** *जाव* **जेणेव चेडए राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता चेडगं रायं करयलपरिग्गहियं** *जाव* **कट्टु जएणं विजएणं वद्धावेइ, वद्धावेत्ता एवं वयासी– एवं खलु सामी ! कूणिए राया विण्णवेइ– एस णं वेहल्ले कुमारे, तहेव भाणियव्वं** *जाव* **वेहल्लं कुमारं च पेसेह।**

**ભાવાર્થ :–** ત્યારપછી તે દૂત કોણિક રાજાના આ પ્રમાણે કહેવાથી હર્ષિત અને સંતુષ્ટ થયો ***યાવત્*** તેની આજ્ઞાનો વિનયપૂર્વક સ્વીકાર કરીને દૂત જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવ્યો. આવીને ચિત્તસારથિની જેમ ***યાવત્*** જ્યાં ચેડા રાજા હતા ત્યાં આવ્યો, આવીને બંને હાથ જોડી 'જય વિજય' શબ્દોથી તેને વધાવ્યા, વધાવીને આ પ્રમાણે કહ્યું– હે સ્વામી ! કોણિક રાજા આ પ્રમાણે વિજ્ઞપ્તિ(નિવેદન) કરે છે કે મારો નાનો ભાઈ વેહલ્લકુમાર, હાથી અને હાર લઈને મારી આજ્ઞા વિના અહીં આવી ગયો છે ઈત્યાદિ કથન કરીને ***યાવત્*** વેહલ્લકુમારને હાર, હાથી સાથે પાછા મોકલો.

### દૂતના સત્કાર સાથે ચેડારાજાનો ઉત્તર :–

**૪૮ तए णं से चेडए राया तं दूयं एवं वयासी– जह चेव णं देवाणुप्पिया ! कूणिए राया सेणियस्स रण्णो पुत्ते चेल्लणाए देवीए अत्तए ममं णत्तुए, तहेव णं वेहल्ले वि कुमारे सेणियस्स रण्णो पुत्ते, चेल्लणाए देवीए अत्तए, मम णत्तुए । सेणिएणं रण्णा जीवंतेणं चेव वेहल्लस्स कुमारस्स सेयणगे गंधहत्थी अट्ठारसवंके य हारे पुव्व विइण्णे । तं जइ णं कूणिए राया वेहल्लस्स**

**रज्जस्स य** *जाव* **जण- वयस्स य अद्धं दलयइ तो णं अहं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं हारं च कूणियस्स रण्णो पच्चप्पिणामि, वेहल्लं च कुमारं पेसेमि । तं दूयं सक्कारेइ सम्माणेइ पडि- विसज्जेइ।**

**ભાવાર્થ :–** આ સાંભળીને ચેડા રાજાએ તે દૂતને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય ! જેમ રાજા કોણિક શ્રેણિક રાજાનો પુત્ર, ચેલણા રાણીનો આત્મજ તથા મારો દોહિત્ર છે, તેમ વેહલ્લકુમાર પણ શ્રેણિકરાજાનો પુત્ર, ચેલણા રાણીનો આત્મજ અને મારો દોહિત્ર છે. શ્રેણિક રાજાએ પોતાના જીવનકાલ દરમ્યાન જ વેહલ્લકુમારને સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર આપ્યા હતા. જો રાજા કોણિકને હાથી તથા હાર જોઈતા હોય તો તે વેહલ્લકુમારને રાજ્ય અને દેશનો અર્ધોભાગ આપે, તો જ હું હાથી તથા હારની સાથે વેહલ્લકુમારને પાછો મોકલીશ. આ પ્રમાણે કહી, તે દૂતનો આદર–સત્કાર કરી તેને વિદાય આપી.

## દૂતનું કોણિક પાસે આગમન અને નિવેદન :-

**૪૯ तए णं से दूए चेडएणं रण्णा पडिविसज्जिए समाणे जेणेव चाउग्घंटे आसरहे तेणेव उवागच्छइ, उवागच्छित्ता चाउग्घंटं आसरहं दुरुहइ, वेसालिं णयरिं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिगच्छित्ता सुहेहिं वसहीहिं** *जाव* **वद्धावेत्ता एवं वयासी- एवं खलु सामी ! चेडए राया आणवेइ- जह चेव णं कूणिए राया सेणियस्स रण्णो पुत्ते, चेल्लणाए देवीए अत्तए, मम णत्तुए, तं चेव भाणियव्वं** *जाव* **वेहल्लं च कुमारं पेसेमि । तं ण देइ णं सामी ! चेडए राया सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं, वेहल्लं च णो पेसेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચેડા રાજા પાસેથી વિદાય લઈને દૂત જ્યાં ચાર ઘંટાવાળો અશ્વરથ હતો ત્યાં આવ્યો, આવીને તે રથમાં બેસી વૈશાલીનગરીની મધ્યમાં થઈને નીકળ્યો, નીકળીને સુખપૂર્વક યોગ્ય વસતિમાં વિશ્રામ કરતો ***યાવત્*** રાજા કોણિક પાસે જઈ હાથ જોડી 'જય–વિજય' શબ્દોથી વધાવીને આ પ્રમાણે કહ્યું– હે સ્વામી ! ચેડા રાજાએ ફરમાવ્યું છે કે– કોણિક રાજા જેમ શ્રેણિક રાજાનો પુત્ર અને ચેલ્લણા દેવીનો આત્મજ અને મારો દોહિત્ર છે તેમ વેહલ્લકુમાર પણ છે વગેરે ચેડારાજાએ જે સંદેશ મોકલ્યો હતો તે કહી સંભળાવ્યો. તેથી હે સ્વામી ! ચેડા રાજાએ સેચનક ગંધહાથી અને અઢારસરો હાર આપ્યા નથી અને વેહલ્લકુમારને પણ મોકલ્યા નથી.

## દૂતનું પુનઃ વૈશાલી ગમન :-

**૫૦ तए णं से कूणिए राया दोच्चं पि दूयं सद्दावेइ, सद्दावेत्ता एवं वयासी- गच्छह णं तुमं देवाणुप्पिया ! वेसालिं णयरिं, तत्थ णं तुमं मम अज्जगं चेडगं रायं** *जाव* **एवं वयाहि- एवं खलु सामी ! कूणिए राया विण्णवेइ- जाणि काणि**

**रयणाणि समुप्पज्जंति, सव्वाणि ताणि रायकुलगामीणि । सेणियस्स रण्णो रज्जसिरिं करेमाणस्स पालेमाणस्स दुवे रयणा समुप्पण्णा, तं जहा– सेयणए गंधहत्थी, अट्ठारसवंके हारे । तं णं तुब्भे सामी ! रायकुलपरंपरागयं ठिइयं अलोवेमाणा सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं कूणियस्स रण्णो पच्चप्पिणह, वेहल्लं कुमारं च पेसेह ।**

**ભાવાર્થ :–** ચેડારાજાનો ઉત્તર સાંભળીને કોણિક રાજાએ બીજી વાર પણ દૂતને બોલાવીને આ પ્રમાણે કહ્યું– દેવાનુપ્રિય ! તું ફરીથી વૈશાલીનગરી જા, ત્યાં મારા નાના ચેડા રાજાને ***યાવત્*** આ પ્રમાણે કહે– સ્વામી ! કોણિક રાજા આ પ્રમાણે પ્રાર્થના કરે છે કે– રાજ્યમાં જે કોઈ પણ રત્ન ઉત્પન્ન થાય તેના ઉપર રાજકુળનો જ અને રાજાનો જ અધિકાર હોય છે. શ્રેણિક રાજાના રાજ્યકાલમાં બે રત્ન ઉત્પન્ન થયા હતા– એક સેચનક ગંધ હાથી અને બીજો અઢારસરો હાર. હે સ્વામી ! રાજકુલની પરંપરાગત મર્યાદાનો ભંગ ન થાય માટે આપ હાથી અને હાર રાજા કોણિકને પાછા આપી દો અને વેહલ્લકુમારને મોકલી દો.

**૫૧ तए णं से दूए कूणियस्स रण्णो, तहेव *जाव* वद्धावेत्ता एवं वयासी– एवं खलु सामी ! कुणिए राया विण्णवेइ– जाणि काणि रयणाणि *जाव* वेहल्लं कुमारं च पेसेह ।**

**तए णं से चेडए राया तं दूयं एवं वयासी– जइ चेव णं देवाणुप्पिया ! कूणिए राया सेणियस्स रण्णो पुत्ते चेल्लणाए देवीए अत्तए, जहा पढमं *जाव* वेहल्लं च कुमारं पेसेमि णो अण्णहा । तं दूयं सक्कारेइ सम्माणेइ पडिविसज्जेइ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે દૂત કોણિક રાજાની આજ્ઞા સાંભળી વૈશાલી ગયો અને ચેડા રાજાને કોણિકની વિનંતી કહી– હે સ્વામી ! કોણિક રાજાએ પ્રાર્થના કરી છે કે– જે કોઈ પણ રત્ન હોય તે રાજકુળમાં જ રહેનારા હોય છે. તેથી આપ હાથી, હાર ને વેહલ્લકુમારને મોકલી આપો.

ત્યારે ચેડા રાજાએ તે દૂતને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! જેમ કોણિકરાજા, શ્રેણિકરાજાના પુત્ર, ચેલણા દેવીના આત્મજ છે વગેરે જેમ પૂર્વે કહ્યું તે પ્રમાણે જ ફરીથી કહ્યું ***યાવત્*** તમે હાર અને હાથીના બદલે અર્ધું રાજ્ય આપો, તો જ વેહલ્લકુમારને મોકલીશ અન્યથા મોકલીશ નહીં. આ પ્રમાણે કહી દૂતનો સત્કાર–સન્માન કરીને વિદાય કર્યો.

**૫૨ तए णं से दूए *जाव* कूणियस्स रण्णो वद्धावेत्ता एवं वयासी– चेडए राया आणवेइ– जह चेव णं देवाणुप्पिया ! कूणिए राया सेणियस्स रण्णो पुत्ते चेल्लणाए देवीए अत्तए *जाव* वेहल्लं कुमारं च पेसेमि । तं ण देइ णं सामी ! चेडए राया सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं, वेहल्लकुमारं च णो पेसेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે દૂત ***યાવત્*** ચંપા નગરીમાં પહોંચીને કોણિક રાજાને જય વિજય શબ્દથી વધાવીને આ પ્રમાણે કહ્યું– ચેડા રાજાએ ફરમાવ્યું છે કે દેવાનુપ્રિય ! જેમ કોણિક રાજા શ્રેણિકના પુત્ર અને ચેલણાદેવીના અંગજાત છે, ***યાવત્*** અર્ધું રાજ્ય આપો તો જ વેહલ્લકુમારને મોકલીશ અન્યથા મોકલીશ નહીં. તેથી હે સ્વામી ! ચેડારાજાએ સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર આપ્યા નથી અને વેહલ્લકુમારને પણ મોકલ્યા નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં મહાસંગ્રામની પૂર્વભૂમિકાનું પ્રતિપાદન છે.

બંને ભાઈઓ પોતાની વિવાદાસ્પદ વાતનું સમાધાન ન કરી શક્યા. તેથી તે વાત માતામહ–નાના ચેડારાજા સુધી પહોંચી. ચેડારાજાએ એક રાજા તરીકે, શરણાગતની રક્ષા માટે ન્યાયના પક્ષે પોતાના કર્તવ્યનું પાલન કર્યું.

ભવિતવ્યતાના કારણે વિચિત્ર ઘટનાઓ ઘટી જાય છે તેથી જ વીતરાગ ધર્મને પામેલા પરમ ભક્ત આત્માઓ સાક્ષાત્ તીર્થંકર વિચરતા હોવા છતાં તેની પાસે સમાધાન કરી શક્યા નહીં અને યુદ્ધની ભૂમિકા તૈયાર થઈ ગઈ.

**दुवे रयणा समुपण्णा तं जहा– सेयणए गंधहत्थी, अट्ठारसवंके हारे :–** દૂત દ્વારા પ્રેષિત સંદેશમાં કોણિક રાજાએ ચેડા રાજાને આ વાત સ્પષ્ટ કરી હતી કે શ્રેણિક રાજાના રાજ્યકાલમાં બે વિશિષ્ટ રત્નો પ્રાપ્ત થયા હતા એક તો સેંચનક હાથી અને બીજો અઢારસરો હાર. તે બંને રત્નોની ઉપલબ્ધિનું વિવરણ શ્રેણિક ચરિત્રમાં મળે છે. તે અનુસાર સેંચનક ગંધહસ્તીની ઉપલબ્ધિ મગધ દેશના વન વિભાગમાં થઈ હતી અને **અઢારસરા હાર**ની પ્રાપ્તિ દેવ દ્વારા થઈ હતી. તેનું કથાનક આ પ્રમાણે છે–

**હાર ઉપલબ્ધિનું કથાનક :–** શ્રેણિક રાજા પોતાના જીવનમાં પહેલાં દઢ બૌદ્ધ ધર્મી હતા. ત્યાર પછી ચેલણા રાણીની સાથે કરેલી ચર્ચાઓ, વિવિધ પ્રકારે કરેલી કસોટીઓમાંથી પાર ઉતરેલા જૈન શ્રમણોના પ્રસંગો તેમજ અનાથી મુનિ અને પ્રભુ મહાવીર સ્વામીના સત્સંગથી રાજા જૈનધર્મમાં અનુપમ–પ્રગાઢ શ્રદ્ધાવાન થયા અને દઢધર્મી, પ્રિયધર્મીના બિરુદને પામી, રાજ્યમાં અમારિ ઘોષણા કરાવી, ઉચ્ચ ધર્મના ભાવો સાથે રાજ્ય પાલન કરતા હતા.

એકદા સૌધર્મ દેવલોકની સુધર્મા સભામાં શક્રેન્દ્રે સભાગત દેવોની સમક્ષ રાજા શ્રેણિકની નિર્ગ્રંથ પ્રવચન–વીતરાગ ધર્મ ઉપરની દઢતમ શ્રદ્ધાની પ્રશંસા કરી. તે સાંભળી ઘણા દેવો પ્રસન્ન થયા, પ્રફુલ્લિત થયા અને આનંદિત થયા પરંતુ બે દેવો આ પ્રશંસામાં સંમત થયા નહીં. તે બંને દેવો રાજા શ્રેણિકના સમક્તિની કસોટી કરવા મૃત્યુલોકમાં આવ્યા. વૈક્રિયલબ્ધિથી વિકુર્વણા કરીને અનેક પ્રકારે પરીક્ષા કરી; તે સર્વમાં ઈન્દ્રના વચન ખરા નીવડયા. અંતે તેઓ સાધુ–સાધ્વીનું રૂપ ધારણ કરી, તળાવના કાંઠે માછલા પકડવાની જાળ ફેલાવીને ઊભા રહ્યા. તે વખતે મહારાજ શ્રેણિક ક્રીડા નિમિત્તે ફરતાં ફરતાં ત્યાં આવી

પહોંચ્યા. તેમણે માછલા મારવા માટે ઉદ્યત થયેલા સાધુને જોઈને કહ્યું– ઓહ ! તમે સાધુ થઈ આ દુષ્ટ આચરણ શા માટે કરો છો ? ત્યારે તે સાધુવેષધારી દેવે કહ્યું– આ ગર્ભવતી સાધ્વીને માછલા ખાવાનો દોહદ થયો છે; તેના માટે આ ક્રિયા કરી રહ્યો છું. જાઓ રાજન્ ! એનું આપને શું પ્રયોજન ? સાધુના વચનો સાંભળીને રાજા શ્રેણિકે અત્યંત ગંભીર થઈને કહ્યું– અરે ! પ્રભુના શાસનમાં અહિંસાના ઉપાસક શ્રમણોની આ પ્રવૃત્તિ કેમ ચાલે ? તમે આ પ્રવૃત્તિ છોડી, પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થાઓ. પેલા સાધુવેષધારી દેવે નિર્લજ્જ–પણે કહ્યું– હે રાજન્ ! ગૌતમાદિ ૧૪૦૦૦ સાધુ અને ચંદનાદિ ૩૬૦૦૦ સાધ્વીજીઓ તમામે તમામ દુરાચારી છે; તેઓ માત્ર બહારથી જ સાધુપણાનો આડંબર દેખાડે છે. તો આપ મને એકલાને જ શું કહો છો ?

શ્રેણિકના અંતરમાં દઢતમ શ્રદ્ધા અને જિનધર્માનુરાગ હતો, જૈન શ્રમણો પ્રતિ તેને પૂર્ણ વિશ્વાસ હતો, તેથી તેઓએ અંતરના અવાજથી કઠોર અને સ્પષ્ટ શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો કે– અરિહંત પ્રભુ મહાવીર સ્વામીના અણગારોમાં આ પ્રકારની પ્રવૃત્તિ હોય શકે જ નહીં; તમે તમારા દોષને ઢાંકવા બીજાને બદનામ કરો તે યોગ્ય નથી. ગૌતમાદિ અણગારો અને ચંદનાદિ સાધ્વીજીઓ દરેકે દરેક આચારનિષ્ઠ, મર્યાદાશીલ અને મહાનગુણોના ભંડારરૂપ છે. તમે આવી પ્રવૃત્તિથી પોતાના આત્માને અને જિન શાસનને કલંકિત કરો છો. માટે તમે આ સાધુવેષને છોડી દો અને ચાલો મારા રાજ્યમાં; હું તમારી ઈચ્છિત બધી સગવડ કરી દઈશ પરંતુ તમે આ રીતે ધર્મને દૂષિત ન કરો. ત્યાર પછી તે બંને દેવોએ અવધિજ્ઞાન દ્વારા રાજાની ધર્મ શ્રદ્ધાને નિશ્ચલ જાણી, તેની પ્રશંસા કરવા લાગ્યા– હે રાજન્ ! ધન્ય છે આપની શ્રદ્ધાને; પ્રથમ દેવલોકના ઈન્દ્ર શક્રેન્દ્રે આપના જે ગુણાનુવાદ કર્યા છે તે યથાર્થ છે. તે ગુણો આપનામાં સાક્ષાત્ દેખાય છે.

આ રીતે પ્રશંસા કરતા દેવોએ પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરીને, દેવદર્શન અમોઘ હોય છે તેવા ભાવથી એક દેવે દિવ્ય અઢારસરો હાર અને બીજા દેવે માટીના બે ગોળા રાજાને ભેટ આપ્યા અને સ્વસ્થાને ચાલ્યા ગયા. આ રીતે અઢારસરો દિવ્ય હાર રાજા શ્રેણિકને દેવ દ્વારા પ્રાપ્ત થયેલ હતો.

## રોષ યુક્ત દૂતનું ગમન અને યુદ્ધઘોષણા :–

**૫૩ तए णं से कूणिए राया तस्स दूयस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म आसुरत्ते** *जाव* **मिसिमिसेमाणे तच्चं दूयं सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– गच्छह णं तुमं देवाणुप्पिया ! वेसालीए णयरीए चेडगस्स रण्णो वामेणं पाएणं पायपीढं अक्कमाहि, अक्कमित्ता कुंतग्गेणं लेहं पणावेहि, पणावित्ता आसुरत्ते** *जाव* **मिसिमिसेमाणे तिवलियं भिउडिं णिडाले साहट्टु चेडगं रायं एवं वयाहि– हं भो चेडगराया ! अपत्थियपत्थिया** *जाव* **परिवज्जिया ! एस णं कूणिए राया आणवेइ– पच्चप्पिणाहि णं कूणियस्स रण्णो सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं, वेहल्लं च कुमारं पेसेहि अहवा जुद्धसज्जे चिट्ठाहि । एस णं कूणिए राया सबले सवाहणे सखंधावारे णं जुद्धसज्जे हव्वमागच्छइ।**

**ભાવાર્થ :–** તે દૂત પાસેથી ચેડારાજાનો આ પ્રમાણેનો પ્રત્યુત્તર સાંભળી, અવધારીને કોણિક રાજા ગુસ્સાથી લાલચોળ થઈ ***યાવત્*** દાંત કચકચાવતા ફરીથી ત્રીજી વાર દૂતને બોલાવ્યો, બોલાવીને તેને આ પ્રમાણે કહ્યું– દેવાનુપ્રિય ! તું વૈશાલીનગરી જા અને ડાબા પગથી પાદપીઠને ઠોકર મારીને ચેડા રાજાને ભાલાની અણીથી આ પત્ર દેજે, પત્ર દઈને ક્રોધિત થઈને ***યાવત્*** દાંત કચકચાવતાં ભૃકુટી તાણી કપાળમાં ત્રિવલિ–ત્રણ કરચલી પાડીને ચેડા રાજાને આ પ્રમાણે કહેજે– હે અકાળ મૃત્યુને ઈચ્છનારા, અભાગી ***યાવત્*** નિર્લજ્જ ચેડારાજા ! કોણિક રાજા આ પ્રમાણે આદેશ આપે છે કે કોણિક રાજાને સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર પાછા આપો અને વેહલ્લકુમારને પાછો મોકલો અથવા યુદ્ધ માટે તૈયાર થાઓ. કોણિક રાજા સેના, વાહન તથા છાવણીઓ સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઈને શીઘ્ર આવી રહ્યા છે.

**૫૪ तए णं से दूए करयल** *जाव* **जेणेव चेडए राया तेणेव उवागच्छइ, उवागच्छित्ता करयल** *जाव* **वद्धावेत्ता एवं वयासी– एस णं सामी ! ममं विणयपडिवत्ती । इमा कूणियस्स रण्णो आण त्ति– चेडगस्स रण्णो वामेणं पाएणं पायपीढं अक्कमइ, अक्कमित्ता आसुरत्ते कुंतग्गेण लेहं पणावेइ, तं चेव सव्वं** *जाव* **सबले सवाहणे सखंधावारे णं जुद्धसज्जे इह हव्वमागच्छइ ।**

**ભાવાર્થ :–** ત્યારે દૂતે પૂર્વોક્ત પ્રકારે હાથ જોડી કોણિકના આદેશનો સ્વીકાર કર્યો. તે વૈશાલીનગરી પહોંચ્યો. જ્યાં ચેડારાજા હતા ત્યાં આવ્યો. આવીને હાથ જોડી ***યાવત્*** વધાઈ આપીને આ પ્રમાણે કહ્યું– હે સ્વામી ! આ તો મારો વિનય છે પરંતુ કોણિક રાજાની આજ્ઞા આ પ્રમાણે છે– એમ કહી ડાબા પગથી ચેડારાજાના પાદપીઠને ઠોકર મારી, ક્રોધિત થઈને ભાલાની અણીથી પત્ર આપ્યો વગેરે સર્વ વર્ણન કરવું ***યાવત્*** કોણિકરાજા સૈન્ય, વાહન, છાવણીઓ સાથે યુદ્ધ માટે સજ્જ બનીને શીઘ્ર આવી રહ્યા છે.

**૫૫ तए णं से चेडए राया तस्स दूयस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म आसुरत्ते** *जाव* **साहट्टु एवं वयासी– ण अप्पिणामि णं कूणियस्स रण्णो सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं, वेहल्लं च कुमारं णो पेसेमि, एस णं जुद्धसज्जे चिट्ठामि । तं दूयं असक्कारियं असम्माणियं अवद्दारेणं णिच्छुहावेइ ।**

**ભાવાર્થ :–** ત્યારે ચેડા રાજાએ દૂત પાસેથી આવી ધમકી સાંભળી, અવધારણ કરી, ક્રોધિત થઈ, ભૃકુટી ચઢાવી, આ પ્રમાણે ઉત્તર આપ્યો– કોણિકરાજાને સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર પાછા નહીં આપું અને વેહલ્લકુમારને પણ નહીં મોકલું, હું યુદ્ધ માટે તૈયાર છું. આ પ્રમાણે કહીને તે દૂતને અપમાનિત કરી પાછળના દરવાજેથી કાઢી મૂક્યો.

### યુદ્ધની તૈયારી અને વૈશાલી તરફ પ્રયાણ :–

**૫૬ तए णं से कूणिए राया तस्स दूयस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म आसुरत्ते**

**कालाईए दस कुमारे सद्दावेइ सद्दावित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! वेहल्ले कुमारे ममं असंविदिएण सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं अंतेउरं सभंडं च गहाय चंपाओ णिक्खमइ, णिक्खमित्ता वेसालिं अज्जगं *जाव* उवसंपज्जि- त्ताणं विहरइ । तए णं मए सेयणगस्स गंधहत्थिस्स अट्ठारसवंकस्स हारस्स अट्ठाए दूया पेसिया । ते य चेडएण रण्णा इमेणं कारणेणं पडिसेहिया अदुत्तरं च णं, ममं तच्चे दूए असक्कारिए असम्माणिए अवद्दारेणं णिच्छुहावेइ । तं सेयं खलु देवाणुप्पिया ! अम्हं चेडगस्स रण्णो जुत्तं गिण्हित्तए ।**

**तए णं कालाईया दस कुमारा कूणियस्स रण्णो एयमट्ठं विणएणं पडिसुणेंति।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોણિક રાજાએ દૂત પાસેથી આ સમાચાર સાંભળી અને તેના પર વિચાર કરી, ક્રોધિત થઈ, કાલ આદિ દશ કુમારોને બોલાવ્યા અને તેને બોલાવીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો! વેહલ્લકુમાર મને કોઈ વાત કર્યા વિના જ સેચનક ગંધહસ્તિ અને અઢારસરો હાર તથા પોતાના અંતઃપુર પરિવાર સહિત સંપૂર્ણ ગૃહસામગ્રી લઈને ચંપા નગરીથી ભાગી ગયો છે અને વૈશાલીનગરીમાં રાજા ચેડાના આશ્રયે રહેવા લાગ્યો છે. મેં હાથી તથા હાર લાવવા માટે બે વાર દૂત મોકલ્યો. ચેડા રાજાએ પૂર્વોક્ત કારણથી હાથી, હાર અને વેહલ્લકુમારને પાછા મોકલવાની ના પાડી અને મોકલેલા ત્રીજીવારના દૂતને અપમાનિત કરી પાછલા દરવાજેથી કાઢી મૂક્યો છે. માટે હે દેવાનુપ્રિયો ! આપણે ચેડા રાજાનો યોગ્ય નિગ્રહ કરવો જોઈએ, તેને દંડ આપવો જોઈએ.

તે કાલ આદિ દશ કુમારોએ કોણિકરાજાના આ વિચારનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

**૫૭ तए णं से कूणिए राया कालाईए दस कुमारे एवं वयासी– गच्छह णं तुब्भे देवाणुप्पिया, सएसु सएसु रज्जेसु; पत्तेयं पत्तेयं ण्हाया *जाव* विभूसिया हत्थि- खंधवरगया, पत्तेयं पत्तेयं तिहिं दंतिसहस्सेहिं एवं तिहिं रहसहस्सेहिं तिहिं आससहस्सेहिं तिहिं मणुस्सकोडीहिं सद्धिं संपरिवुडा सव्विड्डीए *जाव* दुंदुहिणिग्घोस- णाइयरवेणं सएहिंतो सएहिंतो णयरेहिंतो पडिणिक्खमह, पडिणिक्खमित्ता ममं अंतियं पाउब्भवह ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોણિક રાજાએ કાલ આદિ દશ કુમારોને આ પ્રમાણે કહ્યું– દેવાનુપ્રિયો ! તમે પોતપોતાના રાજ્યમાં જાઓ અને સ્નાન આદિ કરી ***યાવત્*** વિભૂષિત થઈ શ્રેષ્ઠ હાથી પર બેસીને તમે દરેક ત્રણ હજાર હાથી, ત્રણ હજાર રથ, ત્રણ હજાર ઘોડા અને ત્રણ કરોડ યોદ્ધાને સાથે લઈ સંપૂર્ણ ઋદ્ધિ– વૈભવ સહિત ***યાવત્*** દુન્દુભિના ઘોષ અને વાજિંત્રના શબ્દ સાથે પોત પોતાનાં નગરોથી પ્રસ્થાન કરી મારી પાસે આવો, અહીં ભેગા થાઓ.

**૫૮ तए णं ते कालाईया दस कुमारा कूणियस्स रण्णो एयमट्ठं सोच्चा सएसु**

**सएसु रज्जेसु पत्तेयं पत्तेयं ण्हाया** *जाव* **तिहिं मणुस्सकोडीहिं सद्धिं संपरिवुडा सव्विड्ढीए** *जाव* **रवेणं सएहिंतो सएहिंतो णयरेहिंतो पडिणिक्खमंति, पडिणिक्ख– मित्ता जेणेव अङ्ग जणवए, जेणेव चंपा णयरी, जेणेव कूणिए राया, तेणेव उवागया करयल** *जाव* **वद्धावेंति ।**

**ભાવાર્થ :–** તે કાલ આદિ દશે કુમારો કોણિક રાજાના આ વિચારને સાંભળી પોતપોતાના રાજ્યમાં ગયા. સ્નાનાદિ કર્યું, ત્રણ–ત્રણ હજાર હાથી, રથ, ઘોડા ***યાવત્*** ત્રણ કરોડ પાયદળ સૈનિકોને સાથે લઈને સંપૂર્ણ ઋદ્ધિ સહિત ***યાવત્*** વાજિંત્રના નાદ સાથે પોતપોતાનાં નગરમાંથી નીકળ્યા અને અંગદેશની ચંપાનગરીમાં રાજા કોણિકની પાસે આવ્યા અને હાથ જોડી રાજાને વધાવ્યા–તેનું અભિવાદન કર્યું.

**૫૯ तए णं से कूणिए राया कोडुंबियपुरिसे सद्दावइ सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! आभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह, हयगयरहजोह चाउरङ्गिणिं सेणं सण्णाहेह, ममं एयमाणत्तियं पच्चप्पिणह । तं चेव** *जाव* **पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** કાલ આદિ દશ કુમારો આવ્યા પછી કોણિક રાજાએ પોતાના સેવકોને બોલાવીને આ પ્રમાણે કહ્યું– દેવાનુપ્રિય ! શીઘ્ર અભિસિક્ત(અભિષેક કરવા યોગ્ય) હસ્તીરત્ન–હાથીઓમાં શ્રેષ્ઠ હાથીને સજાવો અને ઘોડા, હાથી, રથ તથા શ્રેષ્ઠ યોદ્ધાઓથી યુક્ત ચતુરંગિણી સેનાને તૈયાર કરો. પછી મારી આજ્ઞા પ્રમાણે કાર્ય કરીને મને ખબર આપો. સેવકોએ આજ્ઞા પ્રમાણે કાર્ય કરી કાર્ય સંપન્ન થયાની ખબર આપી.

**૬૦ तए णं से कूणिए राया जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ उवागच्छित्ता मज्जणघरं अणुपविसइ एवं जहा उववाइए** *जाव* **कप्परुक्खए चेव सुअलंकिय विभूसिए णरिंदे सकोरिंटमल्लदामेणं छत्तेणं धरिज्जमाणेणं** *जाव* **पडिणिग्गछइ पडिणिग्गच्छित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला** *जाव* **दुरूढे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોણિક રાજા જ્યાં સ્નાનગૃહ હતું ત્યાં આવ્યા, સ્નાનગૃહમાં પ્રવેશ કર્યો ***યાવત્*** કલ્પવૃક્ષની સમાન અલંકૃત અને વિભૂષિત થઈ નરેન્દ્ર કોણિક કોરંટપુષ્પની માળાઓથી યુક્ત છત્રને ધારણ કરીને ***યાવત્*** બહાર નીકળ્યા, નીકળીને જ્યાં બાહ્ય સભાભવન હતું ત્યાં આવ્યા ***યાવત્*** અંજન– ગિરિના શિખર સમાન વિશાળ હાથી ઉપર તે નરપતિ બેઠા.

**૬૧ तए णं से कूणिए राया तिहिं दंतिसहस्सेहिं** *जाव* **रवेणं चंपं णयरिं मज्झं मज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव कालाईया दस कुमारा तेणेव उवागच्छइ, उवागच्छित्ता कालाइएहिं दसहिं कुमारेहिं सद्धिं एगओ मेलायंति ।**

**तए णं से कूणिए राया तेत्तीसाए दंतिसहस्सेहिं तेत्तीसाए आससहस्सेहिं तेत्तीसाए रहसहस्सेहिं तेत्तीसाए मणुस्सकोडीहिं सद्धिं संपरिवुडे सव्विड्ढीए** *जाव* **रवेणं सुहेहिं वसईहिं सुहेहिं पायरासेहिं णाइविगिट्ठेहिं अंतरावासेहिं वसमाणे वसमाणे अङ्गजणवयस्स मज्झंमज्झेणं जेणेव विदेहे जणवए, जेणेव वेसाली णयरी तेणेव पहारेत्थ गमणाए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોણિકરાજા ત્રણ હજાર હાથી ***યાવત્*** વાજીંત્રના નાદપૂર્વક ચંપાનગરીના મધ્યભાગમાંથી નીકળ્યા, નીકળીને જ્યાં કાલ આદિ દસ કુમારો હતા ત્યાં આવ્યા અને કાલ આદિ દસ કુમારોને મળ્યા.

ત્યાર પછી તેત્રીસ હજાર હાથી, તેત્રીસ હજાર ઘોડા, તેત્રીસ હજાર રથ તથા તેત્રીસ કરોડ સૈનિકોથી ઘેરાયેલા અને સંપૂર્ણ યુદ્ધ સામગ્રી સહિત વાજતે–ગાજતે સુવિધાજનક પડાવ નાખતાં, સુખપૂર્વક ખાન–પાન કરતાં, અતિ દૂર પડાવ ન નાંખતાં, નજીક નજીક વિશ્રામ કરતાં અંગદેશની મધ્યમાં થઈને જ્યાં વિદેહ દેશ હતો, જ્યાં વૈશાલીનગરી હતી ત્યાં જવા માટે પ્રસ્થાન કર્યું.

### વિવેચન :–

**आभिसेक्कं हत्थिरयणं :–** અભિષિક્ત શ્રેષ્ઠ હાથી. મહાન અભિષેક–ઉત્સવ સાથે જેનો સત્કાર–સન્માન કરવામાં આવ્યું હોય તે અભિષિક્ત કહેવાય. આગમમાં આ વિશેષણ રાજા અને હાથી માટે પ્રયુક્ત થયું છે. હસ્તીરત્નનો અર્થ છે અનેક હાથીઓમાં શ્રેષ્ઠ.

### ચેડારાજાની ગણરાજાઓ સાથે મંત્રણા :–

**૬૨ तए णं से चेडए राया इमीसे कहाए लद्धट्ठे समाणे णव मल्लई णव लेच्छई कासीकोसलगा अट्ठारस वि गणरायाओ सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! वेहल्ले कुमारे कूणियस्स रण्णो असंविदिएणं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं गहाय इहं हव्वमागए । तए णं कूणिएणं सेयणगस्स गंधहत्थिस्स अट्ठारसवंकस्स य हारस्स अट्ठाए तओ दूया पेसिया । ते य मए इमेणं कारणेणं पडिसेहिया । तए णं से कूणिए ममं एयमट्ठं अपडिसुणमाणे चाउरंगिणीए सेणाए सद्धिं संपरिवुडे जुद्धसज्जे इहं हव्वमागच्छइ । तं किं णं देवाणुप्पिया ! सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं कूणियस्स रण्णो पच्चप्पिणामो ? वेहल्लं कुमारं च पेसेमो ? उदाहु जुज्झित्था ?**

**तए णं णव मल्लई णव लेच्छई कासीकोसलगा अट्ठारस वि गणरायाणो चेडगं रायं एवं वयासी– ण एयं सामी ! जुत्तं वा पत्तं वा रायसरिसं वा, जं णं सेयणगं गंधहत्थिं अट्ठारसवंकं च हारं कूणियस्स रण्णो पच्चप्पिणिज्जइ, वेहल्ले य कुमारे सरणागए पेसिज्जइ । तं जइ णं कूणिए राया चाउरंगिणीए सेणाए सद्धिं संपरिवुडे जुद्धसज्जे इहं हव्वमागच्छइ, तए णं अम्हे कूणिएणं रण्णा सद्धिं जुज्झामो।**

**ભાવાર્થ :–** ચેડા રાજાએ કોણિકની ચઢાઈના સમાચાર સાંભળી કાશી તથા કૌશલ દેશના નવ મલ્લવી જાતિના, નવ લિચ્છવી જાતિના, એમ અઢાર ગણરાજાઓને આમંત્રણ આપી બોલાવ્યા અને તેઓને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયો ! વેહલ્લકુમાર રાજા કોણિકને કહ્યા વિના સેચનક ગંધ હાથી તથા અઢારસરો હાર લઈને મારી પાસે આવ્યો છે. કોણિકે હાર અને હાથી લેવા માટે ત્રણવાર દૂતો અહીં મોકલ્યા પરંતુ મેં તેનો નિષેધ કર્યો છે કારણ કે રાજા શ્રેણિકે પોતાના જીવનકાલ દરમ્યાન જ તેને તે બે વસ્તુ આપી છે, છતાં પણ જો હાર અને હાથી તમે ઈચ્છો છો તો તેનું અર્ધું રાજ્ય આપો; આ પ્રમાણે ઉત્તર આપી મેં તે દૂતોને પાછા મોકલ્યા, પરંતુ કોણિકે મારી વાત માની નહીં અને ચતુરંગિણી સેના સાથે, લડાઈ માટે તૈયાર થઈને અહીં આવી રહ્યો છે. તો શું હે દેવાનુપ્રિયો ! સેચનક ગંધ હાથી અને અઢારસરો હાર રાજા કોણિકને આપી દેવો અને વેહલ્લકુમારને તેની પાસે મોકલી દેવો કે તેની સાથે લડાઈ કરવી ?

ત્યારે તે અઢારે ગણરાજાઓએ ચેડારાજાને આ પ્રમાણે કહ્યું– હે સ્વામી ! સેચનક ગંધહસ્તિ તથા અઢાર સરવાળો હાર, રાજા કોણિકને આપી દેવા અને શરણે આવેલા કુમાર વેહલ્લને પાછો મોકલી દેવો તે વાત યોગ્ય નથી, ન્યાય સંગત નથી, રાજકુળને યોગ્ય નથી પરંતુ શરણે આવેલાનું રક્ષણ કરવું જોઈએ. હે સ્વામી ! જો રાજા કોણિક ચતુરંગિણી સેના લઈને લડાઈ કરવા માટે તૈયારી કરીને આવે જ છે, તો આપણે કોણિક રાજા સાથે યુદ્ધ કરીએ.

**૬૩ तए णं से चेडए राया ते णव मल्लई णव लेच्छई कासीकोसलगा अट्ठारस वि गणरायाणो एवं वयासी– जइ णं देवाणुप्पिया ! तुब्भे कूणिएणं रण्णा सद्धिं जुज्झह, तं गच्छह णं देवाणुप्पिया ! सएसु सएसु रज्जेसु पत्तेयं पत्तेयं ण्हाया** *जाव* **मम अंतियं पाउब्भवह । तएणं ते णव मल्लई णव लेच्छई कासीकोसलगा अट्ठारसवि गणरायाणो** *जाव* **जेणेव चेडए राया तेणेव उवागया** *जाव* **जएणं विजएणं वद्धावेंति।**

**तए णं से चेडए राया कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! आभिसेक्कं हत्थिरयणं पडिकप्पेह एवं जहा कूणिए** *जाव* **दुरूढे ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે સાંભળીને ચેડારાજાએ તે અઢારે ગણરાજાઓને કહ્યું– હે દેવાનુપ્રિયો ! જો તમે

કોણિક સાથે યુદ્ધ કરવા તૈયાર છો, તો તમે પોતપોતાના રાજ્યમાં જાઓ અને સ્નાન આદિ કરી યુદ્ધ માટે સેના આદિથી સજ્જ થઈ પોતપોતાની ચતુરંગિણી સેનાની સાથે અહીંયા આવો. આ પ્રમાણે સાંભળી અઢારે રાજા પોતપોતાના રાજ્યમાં ગયા અને યુદ્ધને માટે સુસજ્જિત થઈને આવ્યા. આવીને ચેડા રાજાને જય–વિજય શબ્દોથી વધાવ્યા.

ત્યારે ચેડારાજાએ પણ સેવકોને બોલાવ્યા અને બોલાવીને આ પ્રમાણે આજ્ઞા આપી– હે દેવાનુપ્રિયો ! શીઘ્ર અભિષિક્ત હસ્તિરત્નને સજાવો આદિ કોણિક રાજાની જેમ ***યાવત્*** ચેડા રાજા હાથી પર આરુઢ થયા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ૧૮ દેશના ગણરાજાઓ સાથે ચેડા રાજાએ કરેલી મંત્રણાનું કથન છે.

ચેડા રાજાએ સત્ય હકીકત સંપૂર્ણપણે પ્રગટ કરી અને નિવેદન કર્યું કે આપણે શું કરવું છે ? હાર, હાથી સહિત વિહલ્લ કુમારને પાછો મોકલી દેવો કે યુદ્ધ કરવું ?

આ પ્રકારના નિવેદનમાં ચેડારાજાની ધીરતા, ગંભીરતા અને સરળતાના દર્શન થાય છે અને એક શ્રાવક તરીકેની પાત્રતા પ્રતીત થાય છે. પોતાના જ ગણરાજાઓને કોઈ પણ પ્રકારનો સીધો આદેશ ન દેતા તેઓએ તેમના વિચાર જાણવાનો પ્રયત્ન કર્યો છે.

ગણરાજાઓએ દીર્ઘ વિચાર કરીને, યુદ્ધનો નિર્ણય કર્યો.

## ચેડારાજા અને કોણિકનું યુદ્ધ :–

**૬૪ तए णं से चेडए राया तिहिं दंतिसहस्सेहिं एवं जहा कूणिए** *जाव* **वेसालिं णयरिं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव ते णव मल्लई णव लेच्छई कासिकोसलगा अट्ठारस वि गणरायाओ तेणेव उवागच्छइ ।**

**ભાવાર્થ :–** અઢાર ગણ રાજાઓના આવી ગયા પછી ચેડા રાજા કોણિક રાજાની જેમ ત્રણ હજાર હાથી આદિની સાથે વૈશાલીનગરીની મધ્યમાં થઈને જ્યાં તે અઢાર રાજાઓ હતા ત્યાં આવ્યા.

**૬૫ तए णं से चेडए राया सत्तावण्णाए दंतिसहस्सेहिं, सत्तावण्णाए आससहस्सेहिं, सत्तावण्णाए रहसहस्सेहिं सत्तावण्णाए मणुस्सकोडीहिं सद्धिं संपरिवुडे सव्विड्ढीए** *जाव* **रवेण, सुहेहिं वसहीहिं, पायरासेहिं, णाइविगिट्ठेहिं अंतरेहिं वसमाणे वसमाणे विदेहं जणवयं मज्झमज्झेणं जेणेव देसपंते तेणेव उवागच्छइ, उवागच्छित्ता खंधावार णिवेसणं करेइ, करित्ता कूणियं रायं पडिवालेमाणे जुद्ध सज्जे चिट्ठइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ચેડા રાજા સત્તાવન હજાર હાથી, સત્તાવન હજાર ઘોડા, સત્તાવન હજાર રથ તથા સત્તાવન કરોડ સૈનિકોને સાથે લઈને સર્વ ઋદ્ધિ સહિત ***યાવત્*** વાજતે ગાજતે, સુવિધા યુક્ત પડાવ નાંખતાં, પ્રાતઃ કાલે અલ્પાહાર કરતાં અને નજીક નજીક વિશ્રામ કરતાં, વિદેહ દેશની સીમામાં ચાલતાં ચાલતાં જ્યાં દેશની સરહદ હતી ત્યાં આવ્યા, આવીને પોતાની છાવણી તૈયાર કરાવી અને યુદ્ધ માટે રાજા કોણિકની રાહ જોવા લાગ્યા.

**૬૬ तए णं से कूणिए राया सव्विड्डीए** *जाव* **रवेणं जेणेव देसपंते तेणेव उवागच्छइ, उवागच्छित्ता चेडयस्स रण्णो जोयणंतरियं खंधावारणिवेसं करेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે કોણિકરાજા પણ સંપૂર્ણ ઋદ્ધિ–વૈભવ સહિત ***યાવત્*** વાજતે ગાજતે જ્યાં સરહદ હતી ત્યાં આવ્યો, આવીને ચેડા રાજાથી એક યોજન દૂર પોતાની છાવણી નંખાવી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં કોણિક રાજા અને ચેડા રાજાની સેનાઓનું સમરાંગણમાં આવવાનું કથન છે.

**બંને રાજાની સેનાઓની ગણના :–**

| રાજા | હાથી | ઘોડા | રથ | મનુષ્ય–પાયદળ સેના |
|---|---|---|---|---|
| કોણિકરાજા | ૩૩,૦૦૦ | ૩૩,૦૦૦ | ૩૩,૦૦૦ | ૩૩ કરોડ |
| ચેડારાજા | ૫૭,૦૦૦ | ૫૭,૦૦૦ | ૫૭,૦૦૦ | ૫૭ કરોડ |

કુલ ૨,૭૦,૦૦૦ વાહનો અને ૯૦ કરોડ મનુષ્યો હતા.

યુદ્ધક્ષેત્રમાં કોણિક અને ચેડારાજા પોત પોતાની જે સેના લઈને આવ્યા હતા તે સેનામાં ૨,૭૦,૦૦૦ વાહન અને ૯૦ કરોડ મનુષ્ય હોવાનો ઉલ્લેખ છે. એક યુદ્ધક્ષેત્રમાં ૯૦ કરોડ મનુષ્યોનો સમાવેશ શક્ય નથી. તેથી એમ જણાય છે કે સૂત્રમાં સૈન્યની આ જે સંખ્યા વર્ણવી છે તે તેઓની સંપદાનું વર્ણન છે પણ એકાંતે સાથે આવેલ સંખ્યાનું નહીં.

જે રીતે તીર્થંકરોના ગ્રામાનુગ્રામ વિચરણના વર્ણનમાં સર્વ સાધુ–સાધ્વીની સંપદા સાથે હોય તેમ વર્ણન હોવા છતાં સર્વ સાધુ–સાધ્વી સાથે જ વિચરણ કરે, તેમ માનવાનો આગ્રહ રાખી શકાય નહીં. માટે આ એક વર્ણન પદ્ધતિ છે. તેના પ્રમાણ માટે જુઓ આ સૂત્રનો વર્ગ–૩, અધ્યયન–૧, સૂત્ર–૫.

તે જ રીતે મગધ દેશ અને કાશી કોશલ દેશની કુલ જનસંખ્યા અને હાથી, ઘોડા, રથની કુલ સેના સંખ્યાનું નિરૂપણ પ્રસ્તુત સૂત્રોમાં છે. યુદ્ધમાં આવેલી અને નહીં આવેલી સર્વ સેના, ઋદ્ધિની અપેક્ષાએ રાજાની સાથે જ ગણાય.

### વ્યૂહ રચના સાથે યુદ્ધ પ્રારંભ :–

**૬૭ तए णं ते दोण्णि वि रायाणो रणभूमिं सज्जावेंति, सज्जावित्ता रणभूमिं जयंति । तए णं से कूणिए राया तेत्तीसाए दंतिसहस्सेहिं** *जाव* **मणुस्सकोडीहिं गरुलवूहं रएइ रइत्ता गरुलवूहेणं रहमुसलं संगामं ओयाए ।**

**तए णं से चेडए राया सत्तावण्णाए दंतिसहस्सेहिं** *जाव* **सत्तावण्णाए मणुस्स– कोडीहिं सगडवूहं रएइ रइत्ता सगडवूहेणं रहमुसलं संगामं ओयाए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે બંને રાજાઓએ રણભૂમિને તૈયાર કરી, તૈયાર કરીને રણભૂમિમાં પોતે પોતાના જય–વિજય માટે પ્રાર્થના કરી.

ત્યાર પછી તે કોણિકે તેત્રીસ હજાર હાથી ***યાવત્*** તેત્રીસ કોટિ સૈનિકોનો ગરુડવ્યૂહ તૈયાર કર્યો. ગરુડવ્યૂહની રચના કરીને રથમુસલ સંગ્રામનો પ્રારંભ કર્યો.

આ બાજુ ચેડા રાજા પણ સત્તાવન હજાર હાથી ***યાવત્*** સત્તાવન કરોડ સૈનિકોનો શકટવ્યૂહ (આગળ થોડું પાછળ ઘણું સૈન્ય હોય તેવી ગોઠવણી) બનાવીને રથમુસલ સંગ્રામમાં પ્રવૃત્ત થયા.

**૬૮ तए णं ते दोण्ह वि राईणं अणीया संणद्ध** *जाव* **गहियाउहपहरणा मग्गहिएहिं फलएहिं, णिकड्डाहिं असीहिं, अंसागएहिं तोणेहिं, सजीवेहिं धणूहिं, समुक्खित्तेहिं सरेहिं, समुल्लालियाहिं डावाहिं, ओसारियाहिं उरुघंटाहिं, छिप्पतूरेणं वज्जमाणेणं महया उक्किट्ठसीहणायबोलकलकलरवेण समुद्दरवभूयं पिव करेमाणा सव्विड्ढीए** *जाव* **दुंदुहि णिग्घोस णाइय रवेणं हयगया हयगएहिं, गयगया गयगएहिं, रहगया रहगएहिं, पायत्तिया पायत्तिएहिं अण्णमण्णेहिं सद्धिं संपलग्गा यावि होत्था ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી બંને રાજાઓની સેના યુદ્ધ માટે તત્પર થઈ ***યાવત્*** બંને રાજાઓની સેના અસ્ત્ર–શસ્ત્ર લઈ, પોતાના હાથોમાં ઢાલ બાંધી, મ્યાનમાંથી તલવારો બહાર કાઢી, ખંભા ઉપર રાખેલાં ભાથાઓમાંથી બાણ લઈ, ધનુષ્ય પર બાણ ચડાવી, ચઢાવેલાં ધનુષ્યોથી, છોડેલાં બાણોથી, સારી રીતે ફટકારતા ડાબી ભૂજાઓથી જંઘાઓમાં બાંધેલી ઘંટડીઓના રણકારથી, વાગતાં વાજાઓથી અર્થાત્ ઢોલ, ભેરી વગેરેના અવાજથી અને પ્રચંડ સિંહનાદ–ભયંકર હુંકારોથી તથા જન કોલાહલથી સમુદ્રની ગર્જના જેવો અવાજ કરતી તથા સંપૂર્ણ યુદ્ધ સામગ્રીથી યુક્ત હતી ***યાવત્*** દુંદુભિ વગેરે વાજિંત્રોના અવાજ સાથે ઘોડેસવારો ઘોડે સવારની સાથે, હાથીસવારો હાથીસવારોની સાથે રથીઓ રથીઓ સાથે અને પાયદલ પાયદલ સાથે યુદ્ધ કરવા લાગ્યા.

**૬૯ तए णं ते दोण्ह वि रायाणं अणीया णियगसामीसासणाणुरत्ता महया**

**जणक्खयं जणवहं जणप्पमद्दं जणसंवट्टकप्पं णच्चंतकबंधकरभीमं रुहिरकद्दमं करेमाणा अण्ण- मण्णेणं सद्धिं जुज्झंति ।**

**ભાવાર્થ :–** બંને રાજાઓની સેનાઓના સૈનિક પોત પોતાના સ્વામીની આજ્ઞા અનુસાર મનુષ્યોનો નાશ કરતાં, મનુષ્યનો વધ–મુશલાદિથી તાડન કરતાં, મનુષ્યોનું ગદા આદિથી મર્દન કરતાં, મનુષ્યોનો સંહાર કરતાં, મસ્તક રહિત નાચતા ધડોના સમૂહથી ભયંકર અને રણભૂમિને લોહીના કીચડવાળી બનાવતાં પરસ્પર લડવા લાગ્યા.

## કાલકુમારનું મૃત્યુ અને નરકગમન :–

**૭૦ तए णं से काले कुमारे तिहिं दंतिसहस्सेहिं** *जाव* **मणुस्सकोडीहिं गरुलवूहेणं एक्कारसमेणं खंधेणं रहमुसलं संगामं संगामेमाणे एवं जहा भगवया कालीए देवीए परिकहियं** *जाव* **जीवियाओ ववरोविए ।**

**तं एवं खलु गोयमा ! काले कुमारे एरिसएहिं आरंभेहिं** *जाव* **एरिसएणं असुभकड- कम्मपब्भारेणं कालमासे कालं किच्चा चउत्थीए पंकप्पभाए पुढवीए हेमाभे णरए णेरइयत्ताए उववण्णे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે કાલકુમાર ત્રણ હજાર હાથી ***યાવત્*** ત્રણ કરોડ મનુષ્ય સાથે ગરુડવ્યૂહના અગિયારમાં ભાગ દ્વારા રથમુસલ સંગ્રામમાં સંગ્રામ કરતાં, આ રીતે જેવું ભગવાને કાલીદેવીને કહ્યું હતું તે પ્રમાણે કાલકુમાર મૃત્યુ પામ્યા.

ભગવાને કહ્યું હે ગૌતમ ! તે કાલકુમાર આવા પ્રકારના આરંભોથી, આવા પ્રકારના અશુભ કાર્યોથી ઉત્પાદિત કર્મોના ભારથી ભારે બની, મૃત્યુના સમયે મરણ પામી, ચોથી પંકપ્રભા નરક પૃથ્વીના હેમાભ નરકાવાસમાં નૈરયિક રૂપે ઉત્પન્ન થયા છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં મહાસંગ્રામના હૃદયદ્રાવક વર્ણન પછી કાલકુમારની ગતિનું કથન છે. પ્રત્યેક વ્યક્તિની ગતિ પોતાના પરિણામ પ્રમાણે જ થાય છે.

યુદ્ધના પરિણામમાં જ કાલધર્મ પામીને કાલકુમાર ચોથી નરકના 'હેમાભ' નામના નરકાવાસમાં ઉત્પન્ન થયા.

આ અધ્યયનમાં કૂણિકનું વિસ્તૃત વર્ણન હોવા છતાં તેની ગતિનો ઉલ્લેખ નથી. કથાગ્રંથો અનુસાર કૂણિકરાજા છટ્ઠી નરકમાં ઉત્પન્ન થયા છે.

## કાલકુમારનું ભવિષ્ય :–

**૭૧** **काले णं भंते ! कुमारे चउत्थीए पुढवीए अणंतरं उव्वट्टित्ता कहिं गच्छिहिइ? कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे जाइं कुलाइं भवंति अड्ढाइं, एवं जहा दढपइण्णो** *जाव* **सिज्झिहिइ बुज्झिहिइ मुच्चिहिइ परिणिव्वाहिइ सव्वदुक्खाणं अंतं काहिइ ।**

**ભાવાર્થ** :– ગૌતમ સ્વામીએ પુનઃ પ્રશ્ન કર્યો– હે ભગવન્ ! તે કાલ કુમાર ચોથી નરકમાંથી નીકળીને કયાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! મહાવિદેહક્ષેત્રમાં ધનાઢ્ય કુલમાં જન્મ ધારણ કરીને, (ઔપપાતિક સૂત્ર વર્ણિત)દઢ પ્રતિજ્ઞની જેમ સિદ્ધ, બુદ્ધ, મુક્ત થઈ મોક્ષને પામશે, સંપૂર્ણ દુઃખનો અંત કરશે.

## ઉપસંહાર :–

**૭૨** **तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं णिरयावलियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । – त्ति बेमि ।**

**ભાવાર્થ** :– શ્રી સુધર્મા સ્વામીએ કહ્યું– હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ નિરયાવલિકા વર્ગના પ્રથમ અધ્યયનમાં આ પ્રકારના ભાવનું નિરૂપણ કર્યું છે. આ પ્રમાણે જેવું મેં ભગવાન પાસેથી સાંભળ્યું છે, તે પ્રમાણે કહ્યું છે.

## વિવેચન :–

આ અધ્યયનના ચોથા સૂત્રમાં જંબૂસ્વામીનો પ્રશ્ન છે કે 'હે ભગવાન ! પ્રથમ અધ્યયનમાં પ્રભુએ શું વર્ણન કર્યું છે ? તે પછી સૂત્ર ૫ થી ૭૧માં તેના ઉત્તરરૂપે કાલકુમારનું વર્ણન છે અને આ ૭૨માં સૂત્રમાં અધ્યયનનું સમાપન છે.

આ અંતિમ સૂત્રના અંતે **त्ति बेमि** શબ્દ આવે છે, તે પણ પરિસમાપ્તિ સૂચક શબ્દ છે. આ શબ્દથી સુધર્મા સ્વામી જંબૂસ્વામીને જણાવે છે કે આ રીતે મેં ભગવાન પાસેથી જેમ સાંભળ્યું છે, તેમજ સર્વ વર્ણન તમને કહ્યું છે. **त्ति बेमि** શબ્દ, વિષય કે અધ્યયનની સમાપ્તિનો સૂચક શબ્દ છે. પ્રત્યેક અધ્યયનના અંતે આ શબ્દ છે ત્યાં સર્વત્ર આ જ અર્થ સમજવો.

### ઉપસંહાર :–

(૧) માણસ ધારે છે કંઈ અને થાય છે કંઈક અન્ય. માટે જ અનૈતિક અને અનાવશ્યક ચિંતન ક્યારે ય પણ

કરવું ન જોઈએ.
(૨) માતાના ચરણ સ્પર્શ કરવા જવાના નિમિત્તે કોણિકની ચિંતન દશામાં પરિવર્તન આવી ગયું.
(૩) અભયકુમારે પોતાની બુદ્ધિ કૌશલ્યથી અસંભવ કાર્યને સંભવિત કરી બતાવ્યું.
(૪) અતિ લોભનું પરિણામ શૂન્યમાં આવે છે– ન હાર મળ્યો ન હાથી અને ભાઈ હણાયા દસ સાથી.
(૫) ઈર્ષ્યા કે મોહથી યુક્ત સ્ત્રીઓના તુચ્છ હઠાગ્રહથી માણસનું પતન થાય છે. તેથી મનુષ્યે તેવા સમયમાં ગંભીરતાપૂર્વક હાનિ–લાભ તથા ભવિષ્યનો વિચાર કરી સ્વતંત્ર નિર્ણય લેવો જોઈએ.
(૬) યુદ્ધમાં પ્રાયઃ આત્મપરિણામો ક્રૂર હોય છે તેથી તે અવસ્થામાં મરનારા પ્રાયઃ નરકગતિમાં જાય છે.
(૭) ચેલણા રાણીએ મન વિના પણ પતિની આજ્ઞાનો આદર કરી કોણિકનું લાલનપાલન કર્યું હતું.

ભૌતિક ક્ષણભંગુર વસ્તુઓની તીવ્રતમ મૂર્ચ્છા સ્વ–પરના જીવનમાં કેવું ભયંકર નુકસાન કરે છે, તે પ્રસ્તુત કથાનકથી જાણી શકાય છે. જેમ કે ભાઈ–ભાઈ સાથે અને નાના દોહિત્રા સાથે વૈરાનુબંધ, હૃદયદ્રાવક નરસંહાર, ઘણાં જીવોની દુર્ગતિ વગેરે અનેક દુષ્પરિણામોનું સર્જન થયું.

સંસાર આવા જ અનેક સંઘર્ષોથી ભરેલો છે. પરંતુ જે કર્મના સિદ્ધાંતને સમજે છે તે સંઘર્ષો વચ્ચે પણ રાણી ચેલણાની જેમ સમાધાન શોધી લે છે.

આ રીતે કર્માધીન જીવોની પલટાતી પરિસ્થિતિનું દર્શન કરાવતું પ્રસ્તુત અધ્યયન અનેક પ્રેરણા આપે છે.

**॥ વર્ગ–૧ અધ્ય.–૧ સંપૂર્ણ ॥**

# વર્ગ–૧, અધ્ય. ૨ થી ૧૦

# સુકાલાદિકુમારો

**સુકાલકુમાર :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं णिरयावलियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! अज्झयणस्स णिरया- वलियाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે ભંતે ! મુક્તિ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે નિરયાવલિકાના પ્રથમ અધ્યયનમાં આ ભાવનું નિરૂપણ કર્યું છે તો હે ભગવન્ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે નિરયાવલિકાના બીજા અધ્યયનમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं चंपा णामं णयरी होत्था । पुण्ण- भद्दे चेइए । कूणिए राया । पउमावई देवी । तत्थ णं चंपाए णयरीए सेणियस्स रण्णो भज्जा कूणियस्स रण्णो चुल्लमाउया सुकाली णामं देवी होत्था** *वण्णओ* **। तीसे णं सुकालीए देवीए पुत्ते सुकाले णामं कुमारे होत्था** *वण्णओ* **। तए णं से सुकाले कुमारे अण्णया कयाइ तिहिं दंतिसहस्सेहिं एवं जहा कालेकुमारे तं चेव णिरवसेसं भाणियव्वं** *जाव* **अंतं काहिइ ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાલે અને તે સમયે ચંપા નામની નગરી હતી. ત્યાં પૂર્ણભદ્ર નામનું ઉદ્યાન હતું. ત્યાં કોણિક રાજા નિવાસ કરતા હતા. તેને પદ્માવતી નામની પટ્ટરાણી હતી.

તે ચંપા નગરીમાં શ્રેણિક રાજાની પત્ની, કોણિક રાજાની વિમાતા, સુકાલી નામની રાણી હતી. જે સુકુમાર શરીર આદિથી યુક્ત હતી વગેરે વર્ણન જાણવું.

તે સુકાલીદેવીનો પુત્ર સુકાલ નામનો કુમાર હતો. તેનું સંપૂર્ણ વર્ણન કાલકુમારની જેમ જાણવું. તે સુકાલકુમાર એક વાર ત્રણ હજાર હાથી ઈત્યાદિ સહિત યુદ્ધમાં ગયો વગેરે સંપૂર્ણ વર્ણન કાલકુમારની જેમ જાણવું ***યાવત્*** તે પણ મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને, કર્મોનો અંત કરશે.

**મહાકાલકુમારાદિ :–**

**३ एवं सेसा वि अट्ठ अज्झयणा णेयव्वा पढमसरिसा, णवरं मायाओ सरिस- णामाओ, सेसं तं चेव ।**

**ભાવાર્થ :–** આ રીતે શેષ આઠ અધ્યયન પણ જાણવા જોઈએ પરંતુ વિશેષતા એ છે કે માતાઓના નામની સમાન પુત્રના નામ છે. [જેમ કે– મહાકાલી રાણીનો પુત્ર મહાકાલ, કૃષ્ણાદેવીનો પુત્ર કૃષ્ણ, સુકૃષ્ણાદેવીનો પુત્ર સુકૃષ્ણ આદિ.]શેષ સંપૂર્ણ વર્ણન પ્રથમ અધ્યયનની સમાન છે.

**વર્ગનો ઉપસંહાર :–**

**४ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं णिरयावलियाणं दस अज्झयणाणं अयमट्ठे पण्णत्ते । – त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! આ રીતે નિર્વાણપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ નિરયાવલિકાના દસ અધ્યયનોમાં આ ભાવ પ્રરૂપ્યો છે.

**વિવેચન :–**

પ્રથમ અધ્યયનના સુવિસ્તૃત વર્ણન પછી નવ અધ્યયનનો આ સૂત્રોમાં સંક્ષિપ્ત પાઠ છે. કારણ કે દશે ભાઈઓનું વર્ણન સમાન છે. આ રીતે દશ અધ્યયનમાં દશે ભાઈઓનું યુદ્ધમાં મૃત્યુ અને નરક ગમનનું નિરૂપણ છે. સાથે જ આ જ અધ્યયન દ્વારા દશે ભાઈઓનું મોક્ષગતિરૂપ ઉજ્જવળ ભવિષ્યનું દિગ્દર્શન પણ છે.

**ઉપસંહાર :–** આ રીતે કોણિક રાજાના સત્તાકીય નિર્ણયના કારણે દશ ભાઈઓનું મરણ થયું અને નાના ચેડા સાથે થયેલા આ સંગ્રામમાં ભગવતી સૂત્ર અનુસાર એક કરોડ એંસી લાખ મનુષ્યો મરણ–શરણ થયા તેમ છતાં પણ તેને હાર–હાથી મળ્યા નહીં.

આ ઘટના ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના વિચરણ કાળમાં થઈ છે. કોણિક અને ચેડા રાજા બંને ભગવાન મહાવીર સ્વામીના પરમ ભક્ત શ્રાવક હતા પરંતુ તથાપ્રકારની ભવિતવ્યતાના યોગે અને કર્મસંયોગે તેઓએ પ્રભુનું માર્ગદર્શન લીધું નહીં અને પ્રભુના વિચરણ કાળમાં મહાસંગ્રામ થયો.

એક વાત વિશેષ જાણવાની એ છે કે કૌરવો–પાંડવો માટે પ્રસિદ્ધ મહાભારતના યુદ્ધનો ઉલ્લેખ જૈનાગમોના મૌલિક પાઠમાં ઉપલબ્ધ નથી પરંતુ ભગવાન મહાવીરના શાસનમાં ઘટિત આ મહાસંગ્રામ જગત પ્રસિદ્ધ મહાભારતની તુલનામાં આવે તેવો છે. સતયુગ કહેવાતા કાલની આ રોમાંચકારી ઘટના છે.

દસ માતાઓ અને તેના દશ પુત્રોના નામ સંક્ષિપ્ત સૂત્રપાઠના કારણે અહીં મૂલપાઠમાં નથી. તે

આ પ્રમાણે સમજવા–

(૧) કાલીરાણી–કાલકુમાર (૨) સુકાલીરાણી–સુકાલકુમાર (૩) મહાકાલીરાણી–મહાકાલ–કુમાર (૪) કૃષ્ણારાણી–કૃષ્ણકુમાર (૫) સુકૃષ્ણારાણી–સુકૃષ્ણકુમાર (૬) મહાકૃષ્ણારાણી–મહાકૃષ્ણકુમાર (૭) વીરકૃષ્ણારાણી–વીરકૃષ્ણકુમાર (૮) રામકૃષ્ણારાણી–રામકૃષ્ણકુમાર (૯) પિતૃસેનકૃષ્ણારાણી–પિતૃસેનકૃષ્ણકુમાર (૧૦) મહાસેનકૃષ્ણારાણી–મહાસેનકૃષ્ણકુમાર.

આ દસ અધ્યયનોમાં કાલી આદિ દસ રાણીઓ દ્વારા પ્રશ્ન પૃચ્છા અને ઉપદેશ શ્રવણનું જ વર્ણન છે. દીક્ષા લેવાનું વર્ણન અંતગડ સૂત્રમાં છે.

કાલકુમાર આદિ દસ શ્રેણિક પુત્રો નરકે ગયા, તેઓના દશ પુત્રો દીક્ષા લઈ સ્વર્ગે ગયા અને માતાઓ મોક્ષે ગઈ.

શ્રેણિક રાજા અને કોણિક રાજા પણ બંને પિતા પુત્ર નરકે ગયા.

ચેડા રાજા અને વેહલ્લકુમારનું અંતિમ વર્ણન આ સૂત્રમાં નથી પરંતુ ચેડા રાજા બાર વ્રતધારી શ્રાવક હતા. કથાઓના વર્ણન પ્રમાણે તે બંનેએ દેવ સહાયથી ભગવાનના સમવસરણમાં પહોંચી, દીક્ષા અંગીકાર કરી હતી. દેવ દ્વારા હારનું અપહરણ થયું હતું અને હાથી અગ્નિમાં પડી મૃત્યુ પામ્યો હતો.

વેહલ્લકુમાર અનુત્તરોપપાતિક સૂત્ર પ્રમાણે ભગવાન મહાવીર પાસે પ્રવ્રજિત થઈ અનુત્તર વિમાનમાં ગયા.

પરંપરામાં આ ઘટના પ્રસંગે વેહલ્લ અને વેહાયશ બે ભાઈઓ ચેડારાજાના શરણમાં ગયા, તેવો ઉલ્લેખ મળે છે પરંતુ આ સૂત્રમાં સ્પષ્ટ રૂપે એક જ કુમારનું વર્ણન છે. તત્ત્વ કેવલીગમ્ય છે.

**॥ વર્ગ–૧ અધ્ય.–૨ થી ૧૦ સંપૂર્ણ ॥**

# બીજો વર્ગ

## કલ્પાવતંસિકા

**પરિચય :–**

આ વર્ગમાં દસ અધ્યયન છે. જેમાં દસે જીવોના કલ્પોપપન્ન દેવલોકમાં ઉત્પન્ન થવાનું પ્રતિપાદન છે. તેથી આ વર્ગનું ગુણસંપન્ન નામ કલ્પાવતંસિકા છે.

**પ્રથમ અધ્યયન : પદ્મકુમાર :–** પ્રાચીન કાળમાં ચંપા નામની નગરી હતી. ત્યાં કૂણિક રાજા રાજ્ય કરતા હતા. તેની અપરમાતા કાલી નામની રાણી હતી. તેને કાલકુમાર નામનો પુત્ર અને પદ્માવતી નામની પુત્રવધૂ હતી. એક વખત પદ્માવતીએ રાત્રિના સમયે સિંહનું સ્વપ્ન જોયું. તેના ફલસ્વરૂપે તેને એક પુત્રરત્નની પ્રાપ્તિ થઈ, તેનું નામ પદ્મકુમાર રાખ્યું. સમય વ્યતીત થતાં, પદ્મકુમારે યુવાવસ્થાને પ્રાપ્ત કરી, ત્યારે આઠ રાજકન્યાઓ સાથે તેના લગ્ન થયા.

એક વખત ચંપાનગરીમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પદ્મકુમાર પણ વંદન કરવા માટે ગયા; ધર્મદેશના સાંભળી; વૈરાગ્યમય વાણીથી માનવજીવનની ક્ષણભંગુરતાનો ખ્યાલ આવ્યો; ક્ષણિક ભોગ સુખોનું દારુણ પરિણામ અને મનુષ્ય ભવનું મહત્વ સમજાયું; વૈરાગ્ય ભાવ જાગૃત થયો. તેમણે ભગવાન સમક્ષ પ્રવ્રજ્યા અંગીકાર કરવાની ભાવના પ્રગટ કરી; પારિવારિકજનોની આજ્ઞા લઈ અને દીક્ષિત થયા. સંયમ લઈને પદ્મમુનિએ અગિયાર અંગસૂત્રોનું અધ્યયન કર્યું, તેમજ અનેક પ્રકારની તપશ્ચર્યા દ્વારા શરીર અને કર્મને કૃશ કર્યા. પાંચ વર્ષ સુધી સંયમ પર્યાયનું પાલન કરી, એક માસનો સંથારો કરી, કાલધર્મ પામી તેઓ પ્રથમ દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા.

ત્યાં બે સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ, સંયમ અંગીકાર કરી, સંપૂર્ણ કર્મોનો ક્ષય કરી મોક્ષ ગતિને પ્રાપ્ત કરશે.

**અધ્યયન – ૨ થી ૧૦ :–** પ્રથમ અધ્યયનમાં વર્ણિત કાલકુમાર આદિ દસે ભાઈઓના દશ પુત્રો અર્થાત્ શ્રેણિક રાજાના પૌત્રો અને રાજા કોણિકના ભત્રીજાઓનું કથાનક ક્રમશઃ આ એક એક અધ્યયનમાં છે. આ સર્વે આત્માઓએ ક્રમશઃ (૧) પાંચ (૨) પાંચ (૩) ચાર (૪) ચાર (૫) ચાર (૬) ત્રણ (૭) ત્રણ (૮) ત્રણ (૯) બે (૧૦) બે વર્ષ સંયમ પાળી, એક મહિનાનો સંથારો કર્યો. નવમા આનત અને અગિયારમા આરણ તે બે દેવલોક સિવાય દશે આત્માઓ ક્રમશઃ પહેલા દેવલોકથી બારમા દેવલોકમાં ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થયા.

❖❖❖❖❖

# બીજો વર્ગ : કલ્પાવતંસિકા

## પ્રથમ અધ્યયન : પદ્મકુમાર

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवंगाणं पढमस्स वग्गस्स णिरयावलियाणं अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! वग्गस्स कप्पवडिं- सियाणं समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं कइ अज्झयणा पण्णत्ता?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवंगाणं दोच्चस्स वग्गस्स कप्पवडिंसियाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा– पउमे, महापउमे, भद्दे, सुभद्दे, पउमभद्दे, पउमसेणे, पउमगुम्मे, णलिणिगुम्मे, आणंदे, णंदणे ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જો મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ઉપાંગ સૂત્રના નિરયાવલિકા નામના પ્રથમ વર્ગનો આ ભાવ કહ્યા છે, તો હે ભગવન્ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે બીજા વર્ગ કલ્પાવંતસિકાના કેટલા અધ્યયન કહ્યાં છે ?

હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કલ્પાવતંસિકાનાં દશ અધ્યયન કહ્યાં છે, તે આ પ્રમાણે છે– (૧) પદ્મ (૨) મહાપદ્મ (૩) ભદ્ર (૪) સુભદ્ર (૫) પદ્મ ભદ્ર (૬) પદ્મસેન (૭) પદ્મગુલ્મ (૮) નલિની ગુલ્મ (૯) આનંદ (૧૦) નંદન.

**२ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं कप्पवडिंसियाणं दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स कप्पवडिंसियाणं समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જો નિર્વાણ પ્રાપ્ત ભગવાન મહાવીર સ્વામીએ કલ્પાવતંસિકાના દશ અધ્યયન કહ્યાં છે, તો હે ભગવન્ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાને કલ્પાવતંસિકાના પ્રથમ અધ્યયનમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

**३ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं चम्पा णामं णयरी होत्था । पुण्णभद्दे चेइए । कूणिए राया । पउमावई देवी । तत्थ णं चंपाए णयरीए सेणियस्स**

**रण्णो भज्जा कूणियस्स रण्णो चुल्लमाउया काली णामं देवी होत्था** *वण्णओ* **। तीसे णं कालीए देवीए पुत्ते काले णामं कुमारे होत्था** *वण्णओ* **। तस्स णं कालस्स कुमारस्स पउमावई णामं देवी होत्था, सूमाल पाणिपाया** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાલે અને તે સમયે ચંપા નામની નગરી હતી. તેના ઈશાનખૂણામાં પૂર્ણભદ્ર નામનું ઉદ્યાન હતું. ત્યાં કોણિક નામનો રાજા હતો. તેને પદ્માવતી નામની પટ્ટરાણી હતી. તે ચંપાનગરીમાં શ્રેણિક રાજાની પત્ની કોણિક રાજાની વિમાતા કાલી નામની રાણી હતી. રાજા, રાણી આદિનું વર્ણન પૂર્વવત્ જાણવું. તે કાલીદેવીને કાલકુમાર નામનો સુકુમાલ અંગોપાંગવાળો પુત્ર હતો. તેને પદ્માવતી દેવી નામની પત્ની હતી. જે સુકોમળ હાથ–પગ આદિ આંગોપાંગથી યુક્ત હતી ***યાવત્*** સુખપૂર્વક રહેતી હતી.

## વિવેચન :–

પ્રથમ વર્ગમાં કાલી રાણી આદિના પુત્ર કાલકુમાર આદિનું વર્ણન છે અને આ વર્ગમાં તે કાલકુમાર આદિ દશ ભાઈઓના દસ પુત્રોનું વર્ણન છે અર્થાત્ કાલકુમાર આદિ પ્રત્યેકના એક–એક પુત્રનું વર્ણન છે. આ દશે પુત્રોના નામ પોતાની માતાના નામના આધારે છે. જેમ કે કાલકુમાર અને તેની પત્ની પદ્માવતીનો પુત્ર 'પદ્મકુમાર' છે. તેમજ ક્રમશઃ મહાપદ્મકુમાર વગેરે દશ નામ જાણવા. આ દશે કુમાર શ્રેણિક રાજા અને કાલી આદિ રાણીના પૌત્ર છે.

પ્રભુ મહાવીરના ઉપદેશે સંસારથી વિરક્ત થઈ પદ્મકુમાર આદિ દશે ભાઈઓ દીક્ષિત થયા હતા. તે દશે ભાઈઓ સંયમ આરાધના કરી દેવલોકે ગયા. આ બીજા વર્ગના દશ અધ્યયનોમાં તેઓનું વર્ણન છે.

## પદ્માવતીનું સ્વપ્નદર્શન :–

**૪ तए णं सा पउमावई देवी अण्णया कयाइ तंसि तारिसगंसि वासघरंसि अब्भिंतरओ सचित्तकम्मे** *जाव* **सीहं सुमिणे पासित्ताणं पडिबुद्धा । एवं जम्मणं जहा महाबलस्स** *जाव* **णामधेज्जं– जम्हा णं अम्हं इमे दारए कालस्स कुमारस्स पुत्ते पउमावईए देवीए अत्तए, तं होउ णं अम्हं इमस्स दारगस्स णामधेज्जं पउमे–पउमे । सेसं जहा महाबलस्स । अट्ठट्ठओ दाओ** *जाव* **उप्पिं पासायवरगए विहरइ । सामी समोसरिए । परिसा णिग्गया । कूणिए णिग्गए । पउमे वि जहा महाबले णिग्गए तहेव । अम्मापिइ आपुच्छणा** *जाव* **पव्वइए; अणगारे जाए– इरियासमिए** *जाव* **गुत्तबंभयारी ।**

**ભાવાર્થ :–** એક વાર તે પદ્માવતી દેવી પોતાના અતિ ઉત્તમ મનોહર ચિત્રોથી ચિત્રિત દિવાલ–વાળા વાસગૃહમાં સૂતી હતી. તેણીએ સ્વપ્નમાં સિંહને જોયો, જોઈને જાગૃત થઈ. સ્વપ્નફળ, પુત્રજન્મ અને

જન્મોત્સવ આદિ સર્વ વૃત્તાંત મહાબલકુમારની જેમ જાણવું. ***યાવત્*** તેનું નામકરણ કરવામાં આવ્યું કે– અમારો આ બાળક કાલકુમારનો પુત્ર તથા પદ્માવતી દેવીનો આત્મજ છે, તેથી અમારા આ બાળકનું નામ પદ્મ રહેશે. શેષ સર્વ વર્ણન મહાબલની જેમ જાણવું. યૌવનવયે આઠ કન્યાઓ સાથે તેનું પાણિગ્રહણ થયું. આઠ–આઠ વસ્તુઓ દહેજમાં આપવામાં આવી ***યાવત્*** તે પદ્મકુમાર મહેલની મેડી પર સુખપૂર્વક રહેવા લાગ્યા.

એકદા ભગવાન મહાવીર સ્વામી તે નગરીમાં પધાર્યા. પરિષદ ધર્મ શ્રવણ માટે નીકળી. કોણિક પણ વંદનાર્થે ગયા. મહાબલ કુમારની જેમ પદ્મકુમાર પણ દર્શન–વંદનાર્થે નીકળ્યા; ઉપદેશ શ્રવણ કરતાં તેને વૈરાગ્ય ભાવ જાગૃત થયો. મહાબલ કુમારની જેમ માતા–પિતાની આજ્ઞા લઈ તેણે દીક્ષા લીધી. ઈર્યા સમિતિવંત ***યાવત્*** ગુપ્ત બ્રહ્મચારી અણગાર થઈ ગયા.

### વિવેચન :-

આ એક જ સૂત્રમાં પદ્મકુમારનું ગર્ભમાં અવતરણ, નામકરણ, પાણિગ્રહણ વગેરે દીક્ષા લેવા પર્યંતનું વર્ણન અત્યંત સંક્ષિપ્તમાં સમાવિષ્ટ છે.

**जहा महाबलस्स :–** ભગવતી સૂત્ર શતક ૧૧ માં મહાબલ કુમારનું વિસ્તૃત વર્ણન છે. આ સૂત્રમાં પદ્મ–કુમારનું સંક્ષિપ્ત વર્ણન છે. તેથી સ્વપ્ન દર્શન, સ્વપ્ન પાઠકોનું આગમન, ગર્ભ ધારણ, સંરક્ષણ, જન્મ, સૂર્ય–ચંદ્ર દર્શન, નામકરણ વગેરે અનેક પ્રસંગોના વર્ણન મહાબલ કુમારની સમાન જાણવા. અન્ય શાસ્ત્રોમાં પણ આવા વર્ણનો માટે વિશેષ કરીને મહાબલ કુમારના વર્ણનનો અતિદેશ (સૂચન) કરવામાં આવે છે.

### પદ્મ અણગારની તપ–સંયમ સાધના :-

**५ तए णं से पउमे अणगारे समणस्स भगवओ महावीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अङ्गाइं अहिज्जइ, अहिज्जित्ता बहूहिं चउत्थछट्ठट्ठम** *जाव* **विचित्तेहिं तवो कम्मेहिं अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે પદ્મ અણગારે શ્રમણ ભગવાન મહાવીરના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિક આદિ અગિયાર અંગોનો અભ્યાસ કર્યો અને ઘણાં ઉપવાસ, છઠ–અટ્ઠમ આદિ વિવિધ પ્રકારની તપ સાધનાથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

**६ तए णं से पउमे अणगारे तेणं ओरालेणं जहा मेहो तहेव धम्मजागरिया, चिंता । एवं जहेव मेहो तहेव समणं भगवं महावीरं आपुच्छित्ता विउले पव्वए** *जाव* **पाओ- वगए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે પદ્મ અણગાર મેઘકુમારની જેમ તે ઉદાર, ઉત્તમ, મહાપ્રભાવશાળી તપ

આરાધનાથી શુષ્ક–રૂક્ષ થઈ ગયા તેમજ ધર્મ જાગરણ કરતાં તેને સંલેખના–સંથારાના ભાવ થયા. મેઘકુમારની જેમ શ્રમણ ભગવાનને પૂછીને, વિપુલગિરિ પર જઈને ***યાવત્*** પાદપોપગમન સંથારો અંગીકાર કર્યો.

**૭ एवं से पउमे अणगारे तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अङ्गाइं अहिज्जित्ता, बहुपडिपुण्णाइं पंच वासाइं सामण्णपरियागं पाउणित्ता, मासियाए संलेहणाए अप्पाणं झोसेत्ता, सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता आणुपुव्वीए कालगए । थेरा ओइण्णा ।**

**ભાવાર્થ :–** આ રીતે તે પદ્મ અણગાર તથારૂપ સ્થવિરો પાસેથી સામાયિક આદિથી લઈને અગિયાર અંગોનું અધ્યયન કરી, પૂર્ણ પાંચ વર્ષની શ્રમણ પર્યાયનું પાલન કરી, એક માસની સંલેખના દ્વારા શરીર તથા કષાયોને કૃશ કરી, સાઠ ભક્તોનું છેદન કરી, અનુક્રમે કાલધર્મ પામ્યા. તેને કાલગત જાણી, સ્થવિરો ભગવાન પાસે આવી ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પદ્મ અણગારની સાધનાનું સંક્ષિપ્ત વર્ણન છે. પદ્મ અણગારે પાંચ વર્ષની અલ્પ દીક્ષા પર્યાયમાં અગિયાર અંગનું અધ્યયન, ઉપવાસથી લઈને માસખમણ સુધીની વિવિધ તપસ્યાઓ અને અંતે એક માસની સંલેખના કરી.

આ સૂત્રના વર્ણન અનુસાર જેના પિતા અને પિતામહ–દાદા નરકગામી થયા હોય તોપણ તેના પૌત્ર ઉત્કૃષ્ટ કોટિની તપ–સંયમની સાધના અને જ્ઞાનની આરાધના કરીને, સદ્‌ગતિને પ્રાપ્ત કરી શકે છે. વ્યક્તિની સાધના સ્વતંત્ર છે. તેના કર્મો વ્યક્તિગત છે. તેથી ગમે તે વ્યક્તિ ગમે તે પરિસ્થિતિમાં આત્મોત્થાન કરી શકે છે.

**વિચિત્ર તપ :–** આશ્ચર્યજનક અથવા અદ્‌ભુત તપ. લઘુસિંહ નિષ્ક્રીડિત તપ, મહાસિંહ નિષ્ક્રીડિત તપ, ભિક્ષુ પ્રતિમા આદિ અભિગ્રહ વગેરે જે તપસ્યાઓનું વર્ણન વાંચતાં અને સાંભળતાં આશ્ચર્ય અને રોમાંચ થાય તે તપ વિચિત્ર કહેવાય છે.

## પદ્મ અણગારનું ભાવી :–

**૮ भगवं गोयमे पुच्छइ, सामी कहेइ *जाव* सट्ठिं भत्ताइं अणसणाए छेइत्ता आलोइयपडिक्कंते उड्ढं चंदिम सूर गहगण णक्खत्त तारारूवाणं सोहम्मे कप्पे देवत्ताए उववण्णे । दो सागराइं ठिई ।**

**ભાવાર્થ :–** ગૌતમ સ્વામીએ ભગવાનને પદ્મમુનિના ભવિષ્યના વિષયમાં પ્રશ્ન કર્યો. ભગવાને કહ્યું–

***યાવત્*** તે પદ્મ અણગાર અનશન દ્વારા સાઠ ભક્ત ભોજનને છોડી, આલોચના–પ્રતિક્રમણ કરી, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા આદિ જ્યોતિષ્ક વિમાનોની ઉપર સૌધર્મ કલ્પમાં બે સાગરોપમની સ્થિતિએ દેવ રૂપે ઉત્પન્ન થયા.

**९ से णं भंते ! पउमे देवे ताओ देवलोगाओ आउक्खएणं पुच्छा ? गोयमा ! महाविदेह वासे जहा दढपइण्णो *जाव* अंतं काहिइ ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! તે પદ્મદેવ આયુ(ભવ અને સ્થિતિ)ક્ષય થતાં તે દેવલોકથી ચ્યવીને ક્યાં ઉત્પન્ન થશે ?

ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દઢ પ્રતિજ્ઞની જેમ ***યાવત્*** જન્મ–મરણનો અંત કરશે.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં પદ્મકુમારનો મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ, દીક્ષા અને મોક્ષ પ્રાપ્તિનું સંક્ષિપ્ત વર્ણન છે.

તે વર્ણન માટે સૂત્રકારે **जहा दढ पइण्णे** પાઠ આપ્યો છે. શ્રી ઔપપાતિક સૂત્રમાં અંબડ પરિવ્રાજકના આગામી ભવનું વર્ણન છે. અંબડનો જીવ કાલધર્મ પામી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરશે. ત્યાં તેનું નામ દઢ પ્રતિજ્ઞ રાખશે. ત્યાં તેના જીવનનું મોક્ષ પ્રાપ્તિ પર્યંતનું વર્ણન મૂળપાઠમાં છે. તે પ્રમાણે અહીં સમજવું. અર્થાત્ પદ્મકુમાર પણ મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી, મોક્ષ ગતિને પ્રાપ્ત કરશે. અન્ય અનેક આગમમાં '**जहा दढ पइण्णे**' પાઠનો સંકેત છે.

### અધ્યયન ઉપસંહાર :–

**१० तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं कप्पवडिंसियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે કલ્પાવતંસિકા વર્ગના પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

**॥ વર્ગ–૨ અધ્ય.–૧ સંપૂર્ણ ॥**

# વર્ગ–૨ અધ્ય. ૨ થી ૧૦

# મહાપદ્માદિકુમારો

**મહાપદ્મકુમાર :–**

**१ जइ णं भंते समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं कप्पवडिंसियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે ભંતે ! જો મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાને કલ્પાવતંસિકાના પ્રથમ અધ્યયનના પૂર્વોક્ત ભાવ કહ્યા છે, તો હે ભગવન્ ! તેઓએ બીજા અધ્યયનમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं चंपा णामं णयरी होत्था । पुण्णभद्दे चेइए । कूणिए राया । पउमावई देवी । तत्थ णं चंपाए णयरीए सेणियस्स रण्णो भज्जा कूणियस्स रण्णो चुल्लमाउया सुकाली णामं देवी होत्था । तीसे णं सुकालीए पुत्ते सुकाले णामं कुमारे होत्था** *वण्णओ* **। तस्स णं सुकालस्स कुमारस्स महापउमा णामं देवी होत्था** *वण्णओ* **।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાળે તે સમયે ચંપા નામની નગરી હતી. પૂર્ણભદ્ર નામનું ઉદ્યાન હતું. ત્યાં કોણિક રાજા રાજ્ય કરતા હતા. તેને પદ્માવતી રાણી હતી. તે જ ચંપા નગરીમાં શ્રેણિક રાજાની રાણી કોણિક રાજાની વિમાતા સુકાલી નામની રાણી હતી. તે સુકાલીનો પુત્ર સુકાલ નામનો રાજકુમાર હતો. તેને મહાપદ્મા નામની પત્ની હતી. તે સુકુમાર આદિ વિશેષણ યુક્ત હતી. [નગરી, ઉદ્યાન, રાજા, રાજકુમાર, રાણી વગેરેનું વિસ્તૃત વર્ણન પૂર્વવત્ જાણવું]

**३ तए णं सा महापउमा देवी अण्णया कयाइ तंसि तारिसगंसि वासघरंसि एवं तहेव, महापउमे णामं दारए** *जाव* **सिज्झिहिइ । णवरं ईसाणे कप्पे उववाओ। उक्कोसट्ठिईओ ।**

**ભાવાર્થ :–** તે મહાપદ્મા દેવીએ કોઈ એક રાત્રિએ અતિ ઉત્તમ વાસગૃહમાં સુખદ શય્યા પર સૂતાં સ્વપ્ન જોયું વગેરે પૂર્વવત્ વર્ણન કરવું જોઈએ. બાળકનો જન્મ થયો. તેનું નામ મહાપદ્મ રાખ્યું ***યાવત્*** તે

દીક્ષા લઈ મહાવિદેહક્ષેત્રમાંથી સિદ્ધ થશે. વિશેષ એ છે કે મહાપદ્મ મુનિ કાલધર્મ પામી ઈશાન કલ્પમાં ઉત્પન્ન થયા. ત્યાં તેની સાધિક બે સાગરોપમની સ્થિતિ જાણવી.

**૪ एवं सेसा वि अट्ठ अज्झयणा णेयव्वा पढम सरिसा । मायाओ सरिस णामाओ । कालाईणं दसण्हं पुत्ताणं आणुपुव्वीए–**

**दोण्हं च पंच, चत्तारि तिण्हं, तिण्हं च होंति तिण्णे व ।**
**दोण्हं च दोण्णि वासा, सेणिय णत्तूण परियाओ ॥ १ ॥**

**उववाओ आणुपुव्वीए– पढमो सोहम्मे, बीओ ईसाणे, तइओ सणंकुमारे, चउत्थो माहिंदे, पंचमो बंभलोए, छट्ठो लंतए, सत्तमो महासुक्के, अट्ठमो सहस्सारे, णवमो पाणए, दसमो अच्चुए । सव्वत्थ उक्कोसट्ठिई भाणियव्वा । महाविदेहे सिज्झिहिंति ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે શેષ આઠ અધ્યયનો જાણવા. માતાઓના નામ પુત્રના નામની સમાન છે, જેમ કે– ભદ્ર કુમારની માતા ભદ્રા, સુભદ્રકુમારની માતા સુભદ્રા વગેરે. કાલકુમાર આદિ દશે કુમારોના પદ્મ વગેરે દશે પુત્રોની દીક્ષા પર્યાય અનુક્રમે આ પ્રમાણે હતી–

**ગાથાર્થ–** (૧–૨) પદ્મ અને મહાપદ્મ અણગારની પાંચ–પાંચ વર્ષની; (૩–૫) ભદ્ર, સુભદ્ર અને પદ્મભદ્રની ચાર–ચાર વર્ષ;(૬–૮) પદ્મસેન, પદ્મગુલ્મ અને નલિની ગુલ્મની ત્રણ–ત્રણ વર્ષની;(૯–૧૦) આનંદ અને નંદનની દીક્ષા પર્યાય બે–બે વર્ષની હતી.

તેઓનો દેવલોકમાં ઉપપાત(જન્મ) અનુક્રમથી આ પ્રમાણે જાણવો– પ્રથમનો(પદ્મકુમારનો) સૌધર્મ દેવલોકમાં, બીજાનો ઈશાન દેવલોકમાં, ત્રીજાનો સનત્કુમાર દેવલોકમાં, ચોથાનો માહેન્દ્ર દેવલોકમાં, પાંચમાનો બ્રહ્મ દેવલોકમાં, છટ્ઠાનો લાંતક દેવલોકમાં, સાતમાનો મહાશુક્ર દેવલોકમાં, આઠમાનો સહસ્રાર દેવલોકમાં, નવમાનો પ્રાણત દેવલોકમાં અને દશમાનો અચ્યુત દેવલોકમાં. તે સર્વે ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવી, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં આ વર્ગના દશે અધ્યયનની સંક્ષિપ્ત પાઠથી પરિસમાપ્તિ કરીને તેમાં રહેલી ભિન્નતા કે સમાનતાનો સંકેત કર્યો છે.

**ભિન્નતા :–** દશે અણગારોની દીક્ષા પર્યાય બે વર્ષથી પાંચ વર્ષ સુધીની ઉત્કૃષ્ટ હતી, તે સૂત્ર પાઠથી સ્પષ્ટ છે. સંયમની આરાધના કરી તે દશે ભાઈ સૌધર્મ આદિ જુદા જુદા દેવલોકમાં ગયા છે, તે પણ સૂત્ર પાઠથી સ્પષ્ટ છે.

દશ ભાઈ છે અને દેવલોક બાર છે, તેમાં નવમા અને અગિયારમાં દેવલોકમાં કોઈનો ઉપપાત થયો નથી. શેષ દશમાં અનુક્રમે ગયા છે. જેમ કે પહેલા પદ્મ અણગાર પ્રથમ દેવલોકમાં અને દશમાં નંદન

અણગાર બારમા દેવલોકમાં ઉત્પન્ન થયા છે. ત્યાં તેઓની ઉત્કૃષ્ટ સ્થિતિ આ પ્રમાણે છે–

(૧) સૌધર્મ દેવલોકમાં બે સાગરોપમની (૨) ઈશાન દેવલોકમાં સાધિક બે સાગરોપમ (૩) સનત્કુમાર દેવલોકમાં સાત સાગરોપમ (૪) માહેન્દ્ર દેવલોકમાં સાધિક સાત સાગરોપમ (૫) બ્રહ્મ દેવલોકમાં દશ સાગરોપમ (૬) લાંતક દેવલોકમાં ચૌદ સાગરોપમ (૭) મહાશુક્ર દેવલોકમાં સત્તર સાગરોપમ (૮) સહસ્રાર દેવલોકમાં અઢાર સાગરોપમ (૯) પ્રાણત દેવલોકમાં વીશ સાગરોપમ (૧૦) અચ્યુત દેવલોકમાં બાવીસ સાગરોપમ.

**વર્ગનો ઉપસંહાર :–**

**૫ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं कप्पवडिंसियाणं दस अज्जयणाणं अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! આ પ્રમાણે મુક્તિ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે કલ્પાવતંસિકા વર્ગના દસ અધ્યયનોમાં આ પ્રકારના ભાવોનું નિરૂપણ કર્યું છે.

**ઉપસંહાર :–**

એક જ પરિવારના દરેક જીવોની પોતપોતાના કર્મો અનુસાર ગતિ થાય છે. પિતા અને પુત્રો નરકમાં, માતા મોક્ષમાં, પૌત્રો સ્વર્ગમાં ગયા છે.

તે સર્વ જીવોને પુણ્યયોગે ભૌતિક સામગ્રી સમાન મળી હતી. પિતા, પુત્ર, માતા, પૌત્રો બધા એક જ રાજ્યના, એક જ પરિવારના સદસ્યો હતા, પણ પ્રાપ્ત સામગ્રીને કોઈકે ત્યાગી, કોઈક તેમાં આસક્ત બન્યા, કોઈકે તેના જ નિમિત્તે ઈર્ષા, વેરઝેર, ક્રોધાદિ ભાવો કર્યા અને તે પોતપોતાના ભાવાનુસાર ભિન્ન ભિન્ન ગતિને પામ્યા.

પુણ્યના ઉદયે સામગ્રી મળવા માત્રથી વ્યક્તિ પુણ્યશાળી કહેવાતી નથી. પુણ્યશાળી તો તે જ છે જે પ્રાપ્ત સામગ્રીનો સ્વેચ્છાએ ત્યાગ કરી, મનુષ્ય ભવની અમૂલ્ય ક્ષણોને આત્મ સાધનામાં પસાર કરે; સંપતિ–પરિવારાદિની અનિત્યતા સમજી તેની આસક્તિ ત્યાગે. તે આત્માઓ દેવાદિ સુગતિને પામે છે અને તપ તપ–ત્યાગની સાધનાની પરાકાષ્ટાએ પહોંચી, સંપૂર્ણતયા અનાસક્ત બની સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે.

જે ધન, સંપત્તિ, પરિવારાદિમાં આસક્ત રહે; તેના કારણે ક્રોધ, લોભ આદિ કષાય કરે છે તેઓ અજ્ઞાની–બાલ જીવો છે. તે મૂર્ખની જેમ મનુષ્યભવ વ્યર્થ ગુમાવી, અનંત કર્મોનો ભાર લઈને નરક, તિર્યંચ ગતિના મહેમાન બની દુઃખો ભોગવે છે.

**॥ વર્ગ–૨ અધ્ય.–૨ થી ૧૦ સંપૂર્ણ ॥**

# ત્રીજો વર્ગ

## પુષ્પિકા

**પરિચય :–**

પ્રથમ બે વર્ગમાં કેવળ શ્રેણિક રાજાના પરિવારિકજનોનું જીવન વૃત્તાંત છે. જ્યારે ત્રીજા વર્ગમાં કોઈ પણ એક પરિવારના વ્યક્તિઓનું નિરૂપણ નથી. તેમજ દસે અધ્યયનના દસે વ્યક્તિઓનો પરસ્પર સાંસારિક કોઈ સંબંધ પણ નથી. તે સર્વે વિખરાયેલા ફૂલની જેમ જુદા–જુદા હોવાથી આ વર્ગનું નામ પુષ્પિકા છે. દસે અધ્યયનનો સાર સ્વતંત્ર રીતે અધ્યયનના પ્રારંભમાં આપ્યો છે.

દશ અધ્યયનમાં ક્રમશઃ (૧) જ્યોતિષી ચંદ્રદેવના ત્રણ ભવ (૨) સૂર્યદેવના ત્રણ ભવ (૩) મહાગ્રહ શુક્રદેવના ત્રણ ભવ (૪) બહુપુત્રિકા દેવીના પાંચ ભવનું વર્ણન છે. અંતે (૫–૧૦) પૂર્ણભદ્ર આદિ દરેકના ત્રણ–ત્રણ ભવનું સંક્ષિપ્ત વર્ણન છે.

## પ્રથમ અધ્યયન

પ્રસ્તુત અધ્યયન ચન્દ્રદેવના પૂર્વભવનું જીવનદર્શન છે.

**ચંદ્રદેવ :–** એકદા ચંદ્રદેવ પ્રભુ મહાવીરના દર્શનાર્થે ભરતક્ષેત્રમાં આવ્યા. પ્રભુના દર્શન કરીને ૩ર પ્રકારની નાટ્યવિધિ બતાવીને તથા પોતાની ઋદ્ધિનું પ્રદર્શન કરીને સ્વસ્થાને ગયા. ત્યારપછી ગૌતમ સ્વામીની જિજ્ઞાસાના સમાધાનાર્થે પ્રભુએ ચંદ્રદેવનો પૂર્વ ભવ કહ્યો.

**પૂર્વભવ :–** શ્રાવસ્તી નગરીમાં અંગતિ નામના ધનસંપન્ન શેઠ રહેતા હતા. તે અનેક લોકોને આલંબનભૂત, આધારભૂત અને માર્ગદર્શક હતા.

એકદા પાર્શ્વનાથ ભગવાન ત્યાં પધાર્યા. અંગતિ શેઠ ભગવાનના દર્શન કરવા ગયા. ધર્મદેશના સાંભળી, સંસારથી વિરક્ત થયા. પુત્રને કુટુંબનો ભાર સોંપી ભગવાન પાસે દીક્ષિત થયા. અગિયાર અંગનો અભ્યાસ કર્યો. વિવિધ તપશ્ચર્યાઓ કરી. તપસંયમની સાધનાના અંતે પંદર દિવસનો સંથારો કરી, આયુષ્ય પૂર્ણ થતાં ચંદ્ર વિમાનમાં ઈન્દ્રપણે ઉત્પન્ન થયા. સંયમની આરાધનામાં કંઈક ઉણપ રહેવાથી વિરાધક થયા.

વર્તમાનમાં આપણે જે ચંદ્રવિમાનને જોઈએ છીએ, તેમાં આ અંગતિનો જીવ ઈન્દ્ર રૂપે છે. ત્યાં તેની ચાર અગ્રમહિષી દેવી, ૪૦૦૦ સામાનિક દેવ, ૧૬૦૦૦ આત્મરક્ષક દેવ આદિ ઋદ્ધિ છે.

ચંદ્રદેવ પોતાની એક લાખ વર્ષ સાધિક એક પલ્યોપમની સ્થિતિ પૂર્ણ કરીને, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરીને, સિદ્ધ ગતિને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# ત્રીજો વર્ગ : પુષ્પિકા

## પ્રથમ અધ્યયન : ચંદ્રદેવ

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवङ्गाणं दोच्चस्स वग्गस्स कप्पवडिंसियाणं अयमट्ठे पण्णत्ते, तच्चस्स णं भंते ! वग्गस्स पुप्फियाणं के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवङ्गाणं तच्चस्स वग्गस्स पुप्फियाणं दस अज्झयणा पण्णत्ता । तं जहा–**

**चंदे सूरे सुक्के, बहुपुत्तिय पुण्ण माणिभद्दे य ।**

**दत्ते सिवे बले य, अणाढिए चेव बोद्धव्वे ॥**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જો મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ઉપાંગ સૂત્રના બીજા વર્ગ કલ્પાવતંસિકાનો આ ભાવ પ્રતિપાદિત કર્યો છે, તો હે ભગવન્ ! તૃતીય વર્ગ પુષ્પિકામાં કયા ભાવ પ્રરૂપિત કર્યા છે ?

હે જંબૂ ! મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ઉપાંગ સૂત્રના તૃતીયવર્ગ પુષ્પિકાના દશ અધ્યયન કહ્યાં છે, તે આ પ્રમાણે છે– (૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) શુક્ર (૪) બહુ પુત્રિકા (૫) પૂર્ણભદ્ર (૬) મણિભદ્ર (૭) દત્ત (૮) શિવ (૯) બલ (૧૦) અનાદત.

**વિવેચન :–**

પહેલાં અને બીજા વર્ગમાં ૧૦–૧૦ અધ્યયનોમાં શ્રેણિકના પુત્ર અને પૌત્રોનું વર્ણન છે. તે સર્વે કથાનક અંતિમ તીર્થંકર ભગવાન મહાવીરના શાસનના છે.

પ્રસ્તુત સૂત્રમાં ત્રીજા વર્ગના દશ અધ્યયનોનો નામ નિર્દેશ છે. આ દશે જીવો પૂર્વ ભવમાં ભગવાન પાર્શ્વનાથના શાસનમાં ધર્મનો બોધ પામ્યા હતા. તેઓનો વર્તમાન ભવ દેવરૂપે વર્ણિત છે અને ભવિષ્યમાં તે દશે મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષે જશે.

**२ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं पुप्फियाणं**

**दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स समणेण भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જો મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકા નામના ત્રીજા વર્ગના દશ અધ્યયનો કહ્યાં છે, તો હે ભગવન્ ! મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પ્રથમ અધ્યયનમાં કયા ભાવોનું નિરૂપણ કર્યું છે ?

## જ્યોતિષેન્દ્ર ચંદ્રનું રાજગૃહમાં આગમન :–

**३ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे** *वण्णओ* **। गुण- सीलए चेइए । सेणिए राया । सामी समोसढे । परिसा णिग्गया ।**

**तेणं कालेणं तेणं समएणं चंदे जोइसिंदे जोइसराया चंदवडिंसए विमाणे सभाए सुहम्माए चंदंसि सीहासणंसि चउहिं सामाणीयसाहस्सीहिं** *जाव* **विहरइ । इमं च णं केवलकप्पं जंबुद्दीवं दीवं विउलेणं ओहिणा आभोएमाणे आभोएमाणे पासइ, पच्छा समणं भगवं महावीरं । एवं जहा सूरियाभे तहा आभिओगं देवं सद्दावेत्ता** *जाव* **सुरिंदाभिगमणजोग्गं करेत्ता तमाणत्तियं पच्चप्पिणंति । सुस्सरा घंटा** *जाव* **विउव्वणा, णवरं जाणविमाणं जोयणसहस्सवित्थिण्णं अद्धतेवट्ठिजोयणमूसियं, महिंदज्झओ पणुवीसं जोयणमूसिओ, सेसं जहा सूरियाभस्स** *जाव* **आगओ । णट्टविही । तहेव पडिगओ ।**

**भंते ! त्ति भगवं गोयमे समणं भगवं पुच्छा । कूडागारसाला दिट्ठंतो । सरीरं अणुपविट्ठा । पुव्वभव पुच्छा ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાલે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલ નામનું ઉદ્યાન હતું. શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. ત્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ દર્શનાર્થે નીકળી.

તે કાળે તે સમયે જ્યોતિષીઓના રાજા, જ્યોતિષ્કેન્દ્ર ચંદ્ર ચંદ્રાવતંસક વિમાનની સુધર્માસભામાં ચંદ્ર નામના સિંહાસન ઉપર બેસીને ચાર હજાર સામાનિક દેવો સહિત ***યાવત્*** સુખપૂર્વક રહેતા હતા. ત્યારે તેણે પોતાના વિપુલ અવધિ જ્ઞાનથી સંપૂર્ણ જંબૂદ્વીપને જોયો અને શ્રમણ ભગવાન મહાવીરને પણ જોયા. ત્યાર પછી તેણે સૂર્યાભદેવની જેમ પોતાના આભિયોગિક(સેવક) દેવોને બોલાવ્યા ***યાવત્*** રાજગૃહી નગરીને દેવ–દેવેન્દ્રોના ગમનાગમનને યોગ્ય કરવાની આજ્ઞા આપી અને તે પ્રમાણે કાર્ય થઈ જવાની સૂચના આપવા કહ્યું. આભિયોગિક દેવોએ તે પ્રમાણે કર્યું.

ત્યારપછી પોતાના પદાતીસેના નાયકને આજ્ઞા આપી કે સુસ્વરા ઘંટાને વગાડીને સર્વ દેવ–દેવીઓને ભગવાનના દર્શન માટે આવવાની સૂચના કરો. તે સેના નાયકે પણ તે પ્રમાણે જ કર્યું ***યાવત્*** સૂર્યાભદેવની જેમ યાન વિમાનની વિકુર્વણા કરી. પરંતુ વિશેષતા એ છે કે તે વિમાન એક હજાર યોજન વિસ્તારવાળું હતું અને ૬૨૧/૨ યોજન ઊંચુ હતું. મહેન્દ્ર ધ્વજની ઊંચાઈ ૨૫ યોજનની હતી. તે સિવાય શેષ વર્ણન સૂર્યાભદેવની જેમ જાણવું જોઈએ ***યાવત્*** તે ભગવાનની પાસે આવ્યા, નાટ્યવિધિ કરીને પાછા ગયા.

હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરીને ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને દેવની ઋદ્ધિ સંબંધમાં પ્રશ્ન પૂછ્યો. ભગવાને કૂટાકાર શાળાના દષ્ટાંત દ્વારા સમજાવ્યું કે તે સર્વ દિવ્ય ઋદ્ધિ આદિ તેના શરીરમાં અંતર્હિત થઈ ગઈ. ત્યાર પછી ગૌતમ સ્વામીએ તે ચંદ્ર દેવના પૂર્વભવની પૃચ્છા કરી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રના ભગવાન સમીપે થયેલા ચન્દ્ર દેવના આગમનનું સંક્ષિપ્ત વર્ણન છે. દેવો પોતાની ઋદ્ધિ દેખાડવા સેંકડો રૂપોની વિકુર્વણા કરી વિવિધ નાટક દેખાડે છે. પછી તે બધા રૂપો શરીરમાં અંતર્હિત થઈ જાય છે.

**કૂટાકાર શાળાનું દષ્ટાંત :–** કોઈ અંદર–બહાર છાણથી લીંપેલી, બહારથી ચારે બાજુ કોટથી ઘેરાયેલી, ગુપ્ત દ્વારો વાળી, મજબૂત દ્વારવાળી, દરવાજામાંથી પવનનો પ્રવેશ થવો પણ અશક્ય હોય તેવી વિશાળ કૂટાકાર શાળા(શિખરના આકારવાળી શાળા) હોય અને તે કૂટાકાર શાળાની નજીક એક મોટો જનસમૂહ બેઠો હોય તે પોતાની તરફ આવતાં ખૂબ મોટા મેઘપટલને અથવા પાણી વરસાવે તેવા વાદળાને અથવા પ્રચંડ વાવાઝોડાંને આકાશમાં જોઈને તરત જ પોતાની સુરક્ષા માટે જનસમૂહ તે કૂટાકારશાળામાં પ્રવેશ કરી જાય છે. તે જ રીતે વિકુર્વણા કરેલી તે દિવ્ય દેવઋદ્ધિ આદિ શરીરમાં પ્રવિષ્ટ થઈ જાય છે.

**पुव्वभव पुच्छा :–** ગૌતમ સ્વામી દ્વારા પૂર્વભવને જાણવાનો પાઠ અહીં ***जाव*** શબ્દથી સંક્ષિપ્ત છે. તેનો વિસ્તૃત પ્રશ્ન આ પ્રમાણે જાણવો. હે ભગવન્ ! તે દેવને આ પ્રકારની દિવ્યઋદ્ધિ ***યાવત્*** દિવ્ય દેવપ્રભાવ તેને કેવી રીતે મળ્યા ? કેવી રીતે પ્રાપ્ત થયા ? પૂર્વભવમાં તે કોણ હતા ? તેનું શું નામ અને કયુ ગોત્ર હતું ? કયા ગામ, નગર, નિગમ(વ્યાપાર પ્રધાન નગર), રાજધાની, ખેડ, કર્બટ(નીચા નીચા ઘરવાળું ગામ), મડંબ(જેની આસપાસ ચારે બાજુ એક યોજન સુધી બીજું કોઈ ગામ ન હોય), પત્તન(સમુદ્રની નજીકનું ગામ–નગર), દ્રોણમુખ(જલ અને સ્થલ માર્ગ સાથે જોડાયેલું નગર), આકર, આશ્રમ, સંબાહ (યાત્રીઓ, પથિકોને વિશ્રામ યોગ્ય ગ્રામ અથવા નગર), સન્નિવેશ(સાધારણ મનુષ્યોની વસતી)નો નિવાસી હતો ? તેણે એવું કયું દાન દીધું, કયા પુણ્યના કાર્યો કર્યા કે જેથી તે દેવે તે દિવ્યઋદ્ધિ ***યાવત્*** દૈવિક પ્રભાવ પ્રાપ્ત કર્યા છે ?

## ચંદ્રનો પૂર્વભવ : અંગતિ ગાથાપતિ :–

**૪** **एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं सावत्थी णामं णयरी होत्था ।**

**कोट्ठए चेइए । तत्थ णं सावत्थीए णयरीए अङ्गई णामं गाहावई होत्था– अड्ढे दित्ते वित्ते वित्थिण्णविउलभवण–सयणासण–जाणवाहणे बहुधणबहुजायरूवरयए आओग–पओगसंपउत्ते विच्छड्डियपउरभत्तपाणे बहुदासीदास–गोमहिसगवेलगप्पभूए बहुजणस्स अपरिभूए ।**

**तए णं से अङ्गई गाहावई सावत्थीए णयरीए बहूणं णगरणिगम सेट्ठिसेणावइ–सत्थवाह–दूय–संधिवालाणं बहुसु कज्जेसु य कारणेसु य कुडुंबेसु मंतेसु य य गुज्झेसु य रहस्सेसु य णिच्छएसु य ववहारेसु य आपुच्छणिज्जे पडिपुच्छणिज्जे, सयस्स वि य णं कुडुंबस्स मेढी, पमाणं, आहारे, आलंबणं, चक्खु; मेढीभूए** *जाव* **चक्खुभूए सव्व– कज्जवड्ढावए यावि होत्था ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! તે કાલ અને તે સમયે શ્રાવસ્તી નામની નગરી હતી. ત્યાં કોષ્ઠક નામનું ઉદ્યાન હતું. તે શ્રાવસ્તી નગરીમાં અંગતિ નામના ગાથાપતિ(શેઠ) રહેતા હતા. તે ધનાઢ્ય, તેજસ્વી, સર્વ પ્રકારે સંપન્ન, વિશાળ અને ઘણા ઘર, શય્યા, આસન, રથ, ગાડી, ઘોડા, બહુ ધન, સોના–ચાંદી આદિના માલિક હતા અને વ્યાપાર દષ્ટિથી ધનનું આદાન–પ્રદાન કરતા હતા. જમ્યા પછી પણ તેના ઘરમાં પુષ્કળ ખાદ્ય પદાર્થ વધતા હતા. જે અનાથ–ગરીબ મનુષ્યો તથા પશુ–પક્ષીઓને આપી દેવાતા હતા. તેના ઘરમાં ઘણા દાસ–દાસી, ગાય–ભેંસ, બળદ, બકરાં આદિ હતાં. તે સમૃદ્ધિ આદિના કારણે અપરિભૂત–પ્રતિષ્ઠા પ્રાપ્ત હતા અર્થાત્ પ્રભાવશાળી વ્યક્તિત્વના કારણે તેનું કોઈ અપમાન, તિરસ્કાર કે અનાદર કરી શકતું ન હતું.

તે અંગતિ ગાથાપતિ(આનંદ શ્રાવકની જેમ) શ્રાવસ્તી નગરીના ઘણાં નગરજનો, વ્યાપારી, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલક– સીમારક્ષક આદિના અનેક કાર્યોમાં, કારણોમાં, મંત્રણાઓમાં, પારિવારિક સમસ્યાઓમાં, ગુપ્તવાતોમાં, રહસ્યોમાં નિર્ણયો લેવામાં, સામાજિક વ્યવહારોમાં પૂછવા યોગ્ય અને વિચાર–વિમર્શ કરવા યોગ્ય હતા. તે સિવાય પોતાના કુટુંબ પરિવારના કેન્દ્ર સ્થાનભૂત– મેઢીભૂત, આધારભૂત, આલંબનરૂપ, ચક્ષુભૂત, માર્ગદર્શક તથા બધા પ્રકારના કાર્યોને આગળ વધારનાર હતા.

### ભગવાન પાર્શ્વનાથનું પદાર્પણ :–

**५ तेणं कालेणं तेणं समएणं पासे णं अरहा पुरिसादाणीए आइगरे एवं जहा उववाइए महावीरो, णवरं णवहत्थुस्सेहे सोलसेहिं समणसहस्सेहिं अट्ठतीसाए अज्जियासहस्सेहिं** *जाव* **सुहं सुहेणं विहरमाणे सावत्थीए णयरीए कोट्ठए चेइए समोसढे । परिसा णिग्गया ।**

**ભાવાર્થ :–** તે કાલે અને તે સમયે પુરુષાદાનીય અરિહંત પાર્શ્વનાથ ભગવાન ધર્મની આદિ કરનારા

ઈત્યાદિ ઉવવાઈ સૂત્ર વર્ણિત શ્રમણ ભગવાન મહાવીરની સમાન વિશેષણોથી યુક્ત પરંતુ વિશેષતા એ છે કે તે નવ હાથની અવગાહનાવાળા અને સોળ હજાર શ્રમણો તથા આડત્રીસ હજાર સાધ્વીઓના સમુદાયની સાથે વિહાર કરતાં ***યાવત્*** કોષ્ઠક નામના ઉદ્યાનમાં પધાર્યા. પરિષદ દર્શનાર્થે નીકળી.

**६ तए णं से अङ्गई गाहावई इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठे, जहा कत्तिओ सेट्ठी तहा णिग्गच्छइ** *जाव* **पज्जुवासइ । धम्मं सोच्चा णिसम्म, जं णवरं देवाणुप्पिया! जेट्ठपुत्तं कुडुंबे ठावेमि, तए णं अहं देवाणुप्पियाणं अंतिए** *जाव* **पव्वयामि । जहा गङ्गदत्ते तहा पव्वइए** *जाव* **गुत्तबंभयारी ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે અંગતિ ગાથાપતિ ભગવાન પાર્શ્વનાથના પદાર્પણના સમાચાર સાંભળી, હર્ષિત થયા. કાર્તિકશેઠની જેમ પોતાના ઘરેથી નીકળ્યા ***યાવત્*** વંદન–નમસ્કાર કરી ભગવાનની પર્યુ–પાસના કરી, ધર્મને સાંભળીને, હૃદયમાં ધારીને તેણે ભગવાનને આ પ્રમાણે પ્રાર્થના કરી– હે ભગવન્! હું મારા મોટા પુત્રને કુટુંબનો ભાર સોંપીને આપની પાસે સંયમ ગ્રહણ કરવા ઈચ્છું છું. ત્યારપછી ભગવતી સૂત્રવર્ણિત ગંગદત્તની જેમ તેણે દીક્ષા લીધી ***યાવત્*** ગુપ્ત બ્રહ્મચારી અણગાર થઈ ગયા.

### અંગતિ અણગારનો દેવ રૂપે જન્મ :–

**७ तए णं से अङ्गई अणगारे पासस्स अरहओ तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अङ्गाइं अहिज्जइ, अहिज्जित्ता बहूहिं चउत्थ** *जाव* **विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहूइं वासाइं सामण्णपरियागं पाउणइ, पाउणित्ता अद्धमासियाए संलेहणाए तीसं भत्ताइं अणसणाए छेइत्ता विराहियसामण्णे कालमासे कालं किच्चा चंदवडिंसए विमाणे उववाय सभाए देवसयणिज्जंसि देवदूसंतरिए चंदे जोइसिंदत्ताए उववण्णे ।**

**तए णं से चंदे जोइसिंदे जोइसियराया अहुणोववण्णे पंचविहाए पज्जत्तीए पज्जत्तीभावं गच्छइ, तं जहा– आहारपज्जत्तीए सरीरपज्जत्तीए इंदियपज्जत्तीए सासोसास– पज्जत्तीए भासमणपज्जत्तीए ।**

**ભાવાર્થ :–** ત્યારપછી અંગતિ અણગારે અર્હંત પાર્શ્વનાથના તથારૂપ સ્થવિરો પાસે સામાયિક આદિથી લઈને અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. અભ્યાસ કરીને ચતુર્થભક્ત (ઉપવાસ) આદિ વિવિધ તપશ્ચર્યા દ્વારા આત્માને ભાવિત કરતાં ઘણા વર્ષો સુધી શ્રમણપર્યાયનું પાલન કરીને, અર્ધમાસિક સંલેખના– પૂર્વક અનશનદ્વારા ત્રીસ ભક્ત(ભોજન)નો ત્યાગ કરીને, મૃત્યુ સમયે કાળ કરીને સંયમ વિરાધનાના કારણે ચંદ્રાવતંસક વિમાનની ઉપપાત સભામાં દેવદૂષ્યથી આચ્છાદિત દેવશય્યામાં જ્યોતિષેન્દ્ર ચંદ્ર રૂપે ઉત્પન્ન થયા.

ત્યારપછી તે તુરંત ઉત્પન્ન થયેલા જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્કરાજ ચંદ્ર પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત થયા, યથા– આહારપર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઈન્દ્રિયપર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસપર્યાપ્તિ અને ભાષા–મનઃપર્યાપ્તિ.

**૮ चंदस्स णं भंते ! जोइसिंदस्स जोइसरण्णो केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! पलिओवमं वाससयसहस्सब्भहियं ।**

**एवं खलु गोयमा ! चंदस्स जोइसिंदस्स जोइसरण्णो सा दिव्वा देविड्ढी** *जाव* **अभिसमण्णागया ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જ્યોતિષ્કેન્દ્ર, જ્યોતિષ્કરાજ ચંદ્રની કેટલી સ્થિતિ છે ? હે ગૌતમ ! એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની સ્થિતિ કહી છે.

હે ગૌતમ ! આ પ્રમાણે તે જ્યોતિષરાજ ચંદ્રે તે દિવ્ય દેવઋદ્ધિ પ્રાપ્ત કરી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અંગતિ અણગારની આદર્શ તપ–સંયમ સાધનાનું પ્રતિપાદન છે.

તેમણે તીર્થંકર પાસે દીક્ષિત થઈને, સ્થવિરો પાસે અગિયાર અંગનું અધ્યયન કર્યું; માસખમણ સુધીની વિવિધ અને વિચિત્ર તપસ્યાઓ કરી; અંતે ૧૫ દિવસનો સંથારો કર્યો અને કાલધર્મ પામી જ્યોતિષી દેવમાં ચંદ્રદેવ તરીકે ઉત્પન્ન થયા.

ભગવતી સૂત્રાનુસાર સંયમીની ગતિ વૈમાનિક દેવની જ થાય છે. પરંતુ અંગતિ અણગાર જ્યોતિષી દેવ તરીકે ઉત્પન્ન થયા. શાસ્ત્રકારે તેના સમાધાન માટે **विराहिय सामण्णे** શબ્દનો પ્રયોગ કર્યો છે.

**विराहिय सामण्णे :–** સંયમની વિરાધના કરીને. **સંયમની વિરાધના** આ શબ્દ ઘણો ગંભીર અને વિશાળ છે. તેમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણેની વિરાધના સમાવિષ્ટ થઈ જાય છે.

ચારિત્રના મૂળગુણ કે ઉત્તરગુણમાં દોષ સેવન કરનાર બકુશ કે પ્રતિસેવના નિર્ગ્રંથો કાળધર્મ પામીને વૈમાનિકની ગતિ પામે છે. પરંતુ ચારિત્રની વિરાધના સાથે દર્શન વિરાધક જ ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષીમાં ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વી મનુષ્યો જ ભવનપતિ, વ્યંતર અને જ્યોતિષી દેવનું આયુષ્ય બાંધે છે.

આયુષ્ય બંધના ઉપરોક્ત સિદ્ધાંતથી સ્પષ્ટ થાય છે કે અંગતિ અણગારે પૂર્વે મિથ્યાત્વાવસ્થામાં જ્યોતિષી દેવનું આયુષ્ય બાંધ્યું હોય, તો જ તેની જ્યોતિષી દેવમાં ઉત્પત્તિ સંભવે છે.

સૂત્રમાં અંગતિ અણગારની ઉચ્ચ પ્રકારની તપ–સંયમ સાધનાના વર્ણન સાથે તેને માટે '**विराहिय**

**सामण्णे**' શબ્દ પ્રયોગ છે. પરંતુ તેણે કયા નિમિત્તથી, કેવી રીતે દર્શનની, જ્ઞાનની કે ચારિત્રના મૂળગુણ અથવા ઉત્તરગુણની વિરાધના કરી, તે વાતની સૂત્રમાં કોઈ સ્પષ્ટતા જણાતી નથી. તેમ છતાં **विराहियं सामण्णे** એક જ શબ્દ પ્રયોગના કારણે અને જ્યોતિષીમાં ઉત્પન્ન થયા તેથી નિશ્ચિત થાયછે કે તેઓએ સમકિતની અને ચારિત્રની કોઈ અક્ષમ્ય વિરાધના અવશ્ય કરી હતી.

### ચંદ્રદેવનું ભવિષ્ય :-

**९ चंदे णं भंते ! जोइसिंदे जोइसराया ताओ देवलोगाओ आउक्खएणं** *जाव* **चइत्ता कहिं गच्छिहिइ कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ ચંદ્ર તે દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી, ત્યાંથી ચ્યવીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી સિદ્ધ થશે.

### અધ્યયનનો ઉપસંહાર :-

**१० तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पुप्फियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! આ પ્રમાણે મોક્ષ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકા વર્ગના પ્રથમ અધ્યયનનો આ ભાવ કહ્યો છે.

**॥ વર્ગ–૩ અધ્ય.–૧ સંપૂર્ણ ॥**

# વર્ગ–૩ અધ્ય. ૨

**પરિચય :–**

આ અધ્યયનમાં સૂર્યદેવના પૂર્વભવનું જીવન વૃત્તાંત છે.

એકદા જ્યોતિષ્કેન્દ્ર સૂર્યદેવ પ્રભુના દર્શનાર્થે આવ્યા. પોતાની ઋદ્ધિ આદિનું પ્રદર્શન કરીને સ્વસ્થાને ગયા. ત્યાર પછી શ્રી ગૌતમ સ્વામીના પૂછવાથી પ્રભુએ તેનો પૂર્વભવ કહ્યો.

**સૂર્યદેવનો પૂર્વભવ :–** શ્રાવસ્તી નગરીમાં સુપ્રતિષ્ઠિત નામનો વણિક રહેતો હતો. તેનું સંપૂર્ણ વર્ણન અંગતિની સમાન જાણવું અર્થાત્ સાંસારિક ઋદ્ધિ, સંયમગ્રહણ, જ્ઞાન, તપ, સંલેખના, સંયમની વિરાધનાદિ અંગતિના પ્રથમ અધ્યયન સમાન જ છે. આયુષ્ય પૂર્ણ કરીને તે જ્યોતિષેન્દ્ર સૂર્યદેવ થયા. તેની ઋદ્ધિ પણ ચંદ્રદેવની સમાન છે.

સૂર્યદેવ પોતાની એક હજાર વર્ષ સાધિક એક પલ્યોપમની સ્થિતિ પૂર્ણ કરીને, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય જન્મ ધારણ કરી, તપ–સંયમનું પાલન કરી, સંપૂર્ણ કર્મક્ષય કરી શિવગતિને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# વર્ગ–૩ અધ્ય.–૨

# સૂર્યદેવ

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पुप्फियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! अज्झयणस्स समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જો મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકા નામક ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનના પૂર્વોક્ત ભાવોનું નિરૂપણ કર્યું છે, તો હે ભગવન્ ! તેઓએ બીજા અધ્યયનમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

**સૂર્યદેવનું સમવસરણમાં આગમન :–**

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे । गुणसीलए चेइए । सेणिए राया । समोसरणं । जहा चंदो तहा सूरो वि आगओ** *जाव* **णट्टविहिं उवदंसित्ता पडिगओ । पुव्वभवपुच्छा । सावत्थी णगरी । सुपइट्ठे णामं गाहावई होत्था– अड्ढे जहेव अङ्गई** *जाव* **विहरइ । पासो समोसढो । जहा अङ्गई तहेव पव्वइए, तहेव विराहियसामण्णे** *जाव* **महाविदेहे वासे सिज्झिहिइ ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાલે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલ નામનું ઉદ્યાન હતું. શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. જેવી રીતે ચંદ્રદેવ દર્શનાર્થે આવ્યા હતા, તેમ સૂર્ય ઈન્દ્ર પણ આવ્યા. નૃત્યવિધિ બતાવીને ચાલ્યા ગયા.

ત્યાર પછી ગૌતમ સ્વામીએ સૂર્યના પૂર્વભવના વિષયમાં પૂછ્યું; ભગવાને ઉત્તર આપ્યો– શ્રાવસ્તી નામની નગરી હતી. તેમાં ધન–વૈભવ આદિથી સંપન્ન સુપ્રતિષ્ઠ નામના ગાથાપતિ રહેતા હતા. તે પણ અંગતિની જેવા જ ધનાઢ્ય અને પ્રભાવશાળી હતા. ત્યાં પાર્શ્વનાથ ભગવાન પધાર્યા. અંગતિની જેમ તે પણ પ્રવ્રજિત થયા અને તે જ પ્રમાણે સંયમની વિરાધના કરી, મૃત્યુના અવસરે મૃત્યુ પામીને સૂર્ય વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થશે ત્યારે ત્યાંથી ચ્યવીને, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ સિદ્ધ થશે.

**અધ્યયનનો ઉપસંહાર :–**

**३ तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं पुप्फियाणं दोच्चस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! આ પ્રમાણે શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકાના બીજા અધ્યયનના ભાવનું નિરૂપણ કર્યું છે.

**ઉપસંહાર :–** વૈજ્ઞાનિકો જ્યોતિષેન્દ્ર સૂર્યદેવના વિમાનને અગ્નિનો ગોળો સમજે છે અને ચંદ્રને પૃથ્વીનો ટુકડો માને છે. જ્યારે જૈન સિદ્ધાંતમાં તેને રત્નોના વિમાન કહ્યાં છે. આ વિમાનો જ્યોતિષેન્દ્ર ચંદ્રદેવ અને સૂર્યદેવના સંપૂર્ણ પરિવારના નિવાસ સ્થાન અને જન્મ સ્થાન છે. તેમાં હજારો દેવ–દેવીઓ ઉત્પન્ન થાય છે અને નિવાસ કરે છે. સૂર્યવિમાન સમભૂમિથી ૮૦૦ યોજન ઊંચે રહેતાં નિરંતર ભ્રમણ કરે છે અને ચંદ્રવિમાન ૮૮૦ યોજન ઊંચે રહેતાં ભ્રમણ કરે છે.

**॥ વર્ગ–૩ અધ્ય.–૨ સંપૂર્ણ ॥**

# વર્ગ–૩ અધ્ય. ૩

**પરિચય :–**

આ ઉદ્દેશકમાં શુક્ર નામના મહાગ્રહ દેવના પૂર્વભવ સોમિલ બ્રાહ્મણનું જીવન વૃત્તાંત છે.

એકદા શુક્ર દેવ પ્રભુ દર્શનાર્થે આવ્યા. પોતાની ઋદ્ધિ, નાટકનું પ્રદર્શન કરી પાછા ચાલ્યા ગયા. ત્યારપછી ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાં પ્રભુએ તેનો પૂર્વભવ કહ્યો.

**શુક્રદેવનો પૂર્વભવ :–** વારાણસી નગરીમાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ચાર વેદ તથા અનેક વૈદિક શાસ્ત્રોમાં નિષ્ણાત હતો. એક વખત તે નગરીમાં પ્રભુ પાર્શ્વનાથ પધાર્યા. પ્રભુનું પદાર્પણ થયું છે એમ જાણીને સોમિલ બ્રાહ્મણ પણ પોતાના પ્રશ્નોનું સમાધાન કરવા પ્રભુ સમીપે ગયા. પ્રભુએ તેની શંકાઓનું સમાધાન કર્યું. પ્રભુના સમાગમે તેણે જૈન ધર્મ અને શ્રાવકના બાર વ્રતનો સ્વીકાર કર્યો.

સમય વ્યતીત થતાં સંત સમાગમના અભાવે તેની ધર્મશ્રદ્ધા ઘટી ગઈ. તેના આચાર વિચારમાં પરિવર્તન આવ્યું, તેણે અનેક આમ્રાદિ ફળોનાં ઉદ્યાન બનાવ્યા. કાલાન્તરે તેમણે દિશા પ્રોક્ષિક તાપસ પ્રવ્રજ્યા અંગીકાર કરી અને દિક્ચક્રવાલ તપની આરાધના શરૂ કરી. તેમાં તે છઠના પારણે છઠની તપસ્યા અને પારણાના દિવસે ક્રમશઃ એક એક દિશાનું પૂજન કરી, તે દિશાના સ્વામી લોકપાલ દેવની આજ્ઞાપૂર્વક કંદ, મૂળ આદિ ગ્રહણ કરીને, આહાર કરતા હતા. તેણે વર્ષો સુધી તાપસ પ્રવ્રજ્યાનું પાલન કરીને મહામૃત્યુ માટે પ્રસ્થાન કરવાનો વિચાર કર્યો અને સંકલ્પ કર્યો કે "મારે ઉત્તર દિશામાં ચાલતાં ચાલતાં જવું અને રસ્તામાં જ્યાં પડી જાઉં ત્યાંથી ઊઠવું નહીં." આ પ્રમાણે અભિગ્રહ કરી તેણે ઉત્તર દિશામાં ચાલવાનું શરૂ કર્યું. આખો દિવસ ચાલીને સાંજે યોગ્ય સ્થાને વૃક્ષ નીચે નિયમાનુસાર વિધિ વિધાન કરી, કાષ્ઠ મુદ્રાથી મુખ બાંધી ધ્યાનસ્થ બની ગયા. રાત્રે એક દેવે પ્રગટ થઈને કહ્યું– હે સોમિલ ! તારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે.

સોમિલે દેવના વચનની અવગણના કરીને, બીજે, ત્રીજે, ચોથે દિવસે પણ ચાલવાનું ચાલુ રાખ્યું. ચોથી રાત્રે પુનઃ દેવ પ્રગટ થયા અને સોમિલને પૂર્વવત્ સૂચન કર્યું.

પાંચમી રાત્રે પણ પૂર્વવત્ ઘટના ઘટી. ત્યારે સોમિલે પૂછ્યું, હે દેવ ! મારી પ્રવ્રજ્યાને દુષ્પ્રવ્રજ્યા શા માટે કહો છો ? મારે તેમાં શું પરિવર્તન કરવું ?

તેના ઉત્તરમાં દેવે તેને ફરીવાર શ્રાવક ધર્મ સ્વીકારવાનું સૂચન કર્યું. દેવની સૂચનાનુસાર સોમિલે સ્વયં બાર વ્રત અંગીકાર કર્યા. ત્યારપછી ઉપવાસથી લઈને માસમાખણ સુધીની તપશ્ચર્યા કરી. અનેક

વર્ષો સુધી શ્રાવક વ્રતનું પાલન કરી, પંદર દિવસનું અનશન કરી, આલોચના આદિ કર્યા વિના મૃત્યુ પામી શુક્રાવતંસક વિમાનમાં શુક્રમહાગ્રહ દેવપણે ઉત્પન્ન થયા.

વ્રતભંગ અને તાપસી દીક્ષા સ્વીકાર કરવાની આલોચના–પ્રતિક્રમણ ન કરવાથી તે સોમિલ વિરાધક થઈ, જ્યોતિષીમાં ઉત્પન્ન થયા. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ, સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# વર્ગ-૩ અધ્ય.-૩

## મહાશુક્ર

**અધ્યયન પ્રારંભ :-**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेण पुप्फियाणं दोच्चस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, तच्चस्स णं भंते ! अज्झयणस्स समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :-** જંબૂ સ્વામીએ આર્ય સુધર્મા સ્વામીને પૂછ્યું– હે ભગવન્ ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકા વર્ગના બીજા અધ્યયનનો આ ભાવ કહ્યો છે, તો હે ભગવન્ ! તેઓએ ત્રીજા અધ્યયનમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે.

**પ્રભુ દર્શને મહાશુક્ર દેવનું આગમન :-**

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसीलए चेइए । सेणिए राया । सामी समोसढे । परिसा णिग्गया ।**

**ભાવાર્થ :-** હે જંબૂ ! તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલ નામનું ઉદ્યાન હતું. ત્યાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ ધર્મદેશના સાંભળવા નીકળી.

**३ तेणं कालेणं तेणं समएणं सुक्के महग्गहे सुक्कवडिंसए विमाणे सुक्कंसि सीहासणंसि चउहिं सामाणियसाहस्सीहिं *जाव* विहरइ एवं जहेव चंदो तहेव आगओ, णट्टविहिं उवदंसित्ता पडिगओ । भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं पुच्छा । कूडागारसाला दिट्ठंतो । पुव्वभव पुच्छा ।**

**ભાવાર્થ :-** તે કાળે અને તે સમયે શુક્ર મહાગ્રહ દેવ શુક્રાવતંસક વિમાનમાં, ચાર હજાર સામાનિક (ઈન્દ્રસમાન ઋદ્ધિવાળા)દેવોથી પરિવૃત્ત થઈને, શુક્ર સિંહાસન ઉપર બેઠા હતા. તે મહાશુક્ર દેવ, ચંદ્રની જેમ ભગવાનના દર્શન કરવા સમવસરણમાં આવ્યા, નૃત્યવિધિ બતાવીને ચાલ્યા ગયા.

હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરી ગૌતમ સ્વામીએ શ્રમણ ભગવાન મહાવીરને તે શુક્ર મહાગ્રહની દૈવિક ઋદ્ધિ અંતર્લીન થયાના સંબંધમાં પૂછ્યું. ભગવાને કૂટાકારશાલાના દૃષ્ટાંતથી ગૌતમનું સમાધાન કર્યું. ગૌતમે પુનઃ તેના પૂર્વભવ વિષે પૂછ્યું.

**વિવેચન :–**

આકાશમાં જે પ્રકાશમાન સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા દેખાય છે, તે પાંચ પ્રકારના જ્યોતિષી દેવોના વિમાન છે. સર્વ જ્યોતિષી દેવોના વિમાન–આવાસ આ સમભૂમિથી ૭૯૦ યોજન ઉપર છે. અઢીદ્વીપમાં આ વિમાનો ચાલતા જ રહે છે. તેમ છતાં દેવ તે વિમાનોમાં રહેલી શય્યામાં જન્મે છે, રહે છે. અઢીદ્વીપ બહાર જ્યોતિષીઓના વિમાનો સ્થિર છે. આ વિમાનોના આકાર, પ્રકાર આદિ વિસ્તૃત વર્ણન જૈનાગમોમાં છે. તેના વિસ્તૃત વિવેચન માટે જુઓ– **જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર**નો સાતમો વક્ષસ્કાર અને સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર. પ્રસ્તુત અધ્યયનમાં શુક્રનામના મહાગ્રહદેવનું વર્ણન છે.

## શુક્ર મહાગ્રહનો પૂર્વભવ–સોમિલ બ્રાહ્મણ :–

**૪ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं वाणारसी णामं णयरी होत्था। तत्थ णं वाणारसीए णयरीए सोमिले णामं माहणे परिवसइ । अड्ढे** *जाव* **अपरिभूए; रिउव्वेय–जउव्वेय–सामवेयाथव्वाणं इतिहासपंचमाणं णिघंटुछट्ठाणं संगोवंगाणं सरहस्साणं सारए वारए धारए पारए सडङ्गवी सट्ठितंतविसारए संखाणे सिक्खाकप्पे वागरणे छंदे णिरुत्ते जोइसामयणे अण्णेसु य** *जाव* **बहुसु बंभण्णएसु सत्थेसु सुपरिणिट्ठिए । पासे समोसढे । परिसा पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! તે કાળ તે સમયે વારાણસી નામની નગરી હતી. ત્યાં સોમિલ નામનો બ્રાહ્મણ રહેતો હતો. તે ધન–ધાન્ય આદિથી સંપન્ન–સમૃદ્ધ અપરાભૂત હતો. તે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદ, પાંચમો ઈતિહાસ, છટ્ઠો નિઘંટુ(કોશ)ને સાંગોપાંગ રહસ્ય સહિત જાણતો હતો તથા તે વેદ શાસ્ત્રોનો સારક(વેદ પાઠોને સ્મરણ કરાવનાર પાઠક), વારક(અશુદ્ધ પાઠ બોલતા રોકનાર), ધારક(વેદ આદિ ધારણ કરનાર, વેદાદિને નહીં ભૂલનાર) અને પારક(વેદાદિ શાસ્ત્રોનો પારગામી) હતો. આ રીતે તે ષષ્ટાંગવિદ્ હતો અને સાંખ્ય શાસ્ત્રમાં વિશારદ–પ્રવીણ હતો. ગણિતશાસ્ત્ર, શિક્ષા, કલ્પ(તથા પ્રકારના આચાર શાસ્ત્ર બતાવનાર), વ્યાકરણ, છંદ શાસ્ત્ર, નિરુક્ત શાસ્ત્ર, જ્યોતિષ શાસ્ત્રમાં નિપુણ હતો. તથા બીજા ઘણાં બ્રાહ્મણશાસ્ત્રો સંબંધી નીતિ અને દર્શનશાસ્ત્ર આદિમાં અત્યંત નિષ્ણાત હતો. તે નગરીમાં પુરુષાદાનીય અર્હત્ પાર્શ્વપ્રભુ પધાર્યા. પરિષદ નીકળી અને પર્યુપાસના કરવા લાગી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સોમિલ બ્રાહ્મણનો સંક્ષિપ્ત પરિચય છે. સોમિલ બ્રાહ્મણ વેદ વેદાંગનો જ્ઞાતા હતો.

**रिउव्वेय :–** બ્રાહ્મણ મતમાં છ અંગ કહ્યા છે જેમાં ઋગ્વેદ આદિ ચાર વેદ, પાંચમું અંગ ઈતિહાસ ગ્રંથ અને છટ્ઠો ગ્રંથ નિઘંટુ નામનો કોશ છે. આ છ અંગોના જાણનાર માટે **सडंगवी = षष्टांगविद्** શબ્દ પ્રયોગ થાય છે.

**वाणारसी :–** શાસ્ત્રમાં **वाणारसी** અને **वाराणसी** બે શબ્દપ્રયોગ પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત સૂત્રમાં **वाणारसी** પાઠ સ્પષ્ટ છે. ગુજરાતી ભગવદ્ ગોમંડલ કોશમાં વારાણસી શબ્દ છે અને અભિધાન રાજેન્દ્ર કોશ અને અર્ધમાગધી કોશમાં **वाणारसी** શબ્દ છે. નગરીના નામ કરણ માટે કોશોમાં સ્પષ્ટ કર્યું છે કે **वारण** અને **असी** નામની બે નદીઓની વચ્ચે વસેલી હોવાથી તે નગરીનું નામ **वारण+असी** = **वाराणसी** પડ્યું છે. વર્તમાનમાં આ નગરીનું નામ **બનારસરૂપે** પ્રસિદ્ધ છે. તે ઉત્તર પ્રદેશમાં છે.

## સોમિલ બ્રાહ્મણ દ્વારા શ્રાવકધર્મ સ્વીકાર :-

**५ तए णं तस्स सोमिलस्स माहणस्स इमीसे कहाए लद्धट्ठस्स समाणस्स इमे एयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु पासे अरहा पुरिसादाणीए पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **अप्पाणं भावेमाणे विहरइ । तं गच्छामि णं पासस्स अरहओ अंतिए पाउब्भवामि, इमाइं च णं एयारूवाइं अट्ठाइं हेऊइं पसिणाइं कारणाइं वागरणाइं पुच्छिस्सामि एवं जहा पण्णत्तीए सोमिलो तहा णिग्गओ** *जाव* **संबुद्धे, सावगधम्मं पडिवज्जित्ता पडिगए । तए णं पासे अरहा अण्णया कयाइ वाणारसीओ णयरीओ अंबसालवणाओ चेइयाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ભગવાન પધાર્યા છે, તે સમાચાર જાણીને સોમિલ બ્રાહ્મણના મનમાં આ પ્રકારનો વિચાર આવ્યો– "પુરુષાદાનીય અરિહંત પાર્શ્વનાથ ભગવાન પૂર્વાનુપૂર્વી અનુક્રમથી વિહાર કરતાં ***યાવત્*** આમ્રશાલવનમાં બિરાજી રહ્યા છે, તેથી હું જાઉં અને પાર્શ્વનાથ ભગવાનના સાનિધ્યમાં પહોંચીને મારા મનમાં મુંઝવતા શબ્દોના અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ અને વ્યાખ્યા પૂછું." આ રીતે ભગવતી સૂત્ર વર્ણિત સોમિલની જેમ પ્રશ્નો પૂછ્યા અને પ્રભુના યથોચિત ઉત્તર સાંભળી, બોધ પામી, શ્રાવકધર્મ સ્વીકારીને પાછો ફર્યો. ત્યાર પછી કોઈ સમયે ભગવાન પાર્શ્વનાથ વારાણસી નગરીના આમ્રશાલ ઉદ્યાનમાંથી બહાર નીકળ્યા, નીકળીને બહારના દેશમાં વિચરવા લાગ્યા.

## દષ્ટિ પરિવર્તન–મિથ્યાત્વની પ્રાપ્તિ :-

**६ तए णं से सोमिले माहणे अण्णया कयाइ असाहुदंसणेण य अपज्जुवासणयाए य मिच्छत्तपज्जवेहिं परिवड्ढमाणेहिं परिवड्ढमाणेहिं सम्मत्तपज्जवेहिं परिहायमाणेहिं**

**परिहायमाणेहिं मिच्छत्तं पडिवण्णे ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમિલ બ્રાહ્મણ ક્યારેક અસાધુદર્શન– મહાવ્રતધારી સાધુઓના દર્શન અને તેમની પર્યુપાસના ન કરવાથી તથા મિથ્યાત્વ પર્યાય વધવાથી અને સમ્યક્ત્વ પર્યાય ઘટવાથી મિથ્યાત્વ (વિપરીત શ્રદ્ધા)ને પ્રાપ્ત થયો.

## વિવેચન :–

સોમિલ, બ્રાહ્મણ સમાજમાં અગ્રણીય વિદ્વાન હોવા છતાં તે નગરીમાં પ્રભુ પાર્શ્વનાથ પધાર્યા ત્યારે પ્રસન્ન ભાવે દર્શન અને પ્રશ્નોના સમાધાન માટે ગયો. ધર્મદેશના સાંભળીને બાર વ્રતધારણ કરવા રૂપ શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પરંતુ પૂર્વ સંસ્કારોની પ્રગાઢતા અને નૂતન સ્વીકૃત વીતરાગ ધર્મના સંસ્કારોની પુષ્ટીનું નિમિત્ત ન મળતાં તે શ્રાવકધર્મ વિસરીને શ્રદ્ધાવિહીન બની ગયો.

ઉત્તરા. અ. ૨૮માં ઉત્તરાધ્યયન સૂત્ર ૨૮માં શ્રદ્ધાની સુરક્ષા માટે **શ્રદ્ધાના ચાર અંગ** કહ્યા છે, યથા–

**परमत्थ संथवो वा, सुदिट्ठ परमत्थ सेवणा वावि ।**
**वावण्ण कुदंसण वज्जणा, इय सम्मत्त सद्दहणा ॥**

આ ગાથાનું તાત્પર્ય એ છે કે સમ્યક્ત્વ–શ્રદ્ધાનને સુરક્ષિત રાખવા માટે (૧) પરમાર્થ પરિચય– જિનભાષિત તત્ત્વનો, પરમાર્થને પામેલી વ્યક્તિનો પરિચય કરવો. (૨) પરમાર્થ સેવા– પરમાર્થને પામેલા જ્ઞાની શ્રમણોનું સત્સંગ, ધર્મદેશના વગેરેનો લાભ લેવો; સેવા, પર્યુપાસના કરવી. (૩) વાવન્ન– જેની શ્રદ્ધા પ્રરૂપણા વિકૃત થઈ ગઈ હોય તે વ્યક્તિઓના સંગનો ત્યાગ કરવો. (૪) કુદર્શન વર્જના– કુદર્શની– જિન માર્ગથી વિપરીત પ્રરૂપણા કરનાર મિથ્યાત્વીઓના સંગનો ત્યાગ કરવો. આ ચારે અંગના સેવનથી શ્રદ્ધાની સંપૂર્ણ સુરક્ષા અને સ્થિરતા જળવાઈ રહે છે.

સોમિલ બ્રાહ્મણ સાક્ષાત્ ભગવાન પાર્શ્વનાથ પ્રભુની પાસે પ્રતિબોધિત થયો હતો છતાં સત્સંગના અભાવે શ્રાવકધર્મથી ચ્યુત થઈ ગયો.

## સોમિલ દ્વારા ઉદ્યાન નિર્માણ :–

**૭ तए णं तस्स सोमिलस्स माहणस्स अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणस्स अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु अहं वाणारसीए णयरीए सोमिले णामं माहणे अच्चंतमाहणकुलप्पसूए । तएणं मए वयाइं चिण्णाइं, वेया य अहीया, दारा आहुया, पुत्ता जणिया, इड्ढीओ समाणीयाओ, पसुबंधा कया, जण्णा जट्ठा, दक्खिणा दिण्णा, अतिही पूइया, अग्गी हूया, जूवा णिक्खित्ता । तं सेयं खलु ममं इयाणिं कल्लं** *जाव* **जलंते**

**वाणारसीए णयरीए बहिया बहवे अंबारामा रोवावित्तए; एवं माउलिङ्गा बिल्ला कविट्ठा चिंचा पुप्फारामा रोवावित्तए; एवं संपेहेइ, संपेहित्ता कल्लं *जाव* जलंते वाणारसीए णयरीए बहिया अंबारामे *जाव* पुप्फारामे य रोवावेइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી એક વખત મધ્યરાત્રિમાં કુટુંબ જાગરણ કરતાં તે સોમિલ બ્રાહ્મણને આ પ્રકારનો આંતરિક સંકલ્પ થયો. કે "હું વારાણસી નગરીમાં રહેનારો અને અત્યંત શુદ્ધ બ્રાહ્મણકુળમાં જન્મેલો છું. મેં વ્રત ગ્રહણ કર્યા છે, વેદનો અભ્યાસ કર્યો, લગ્ન કર્યા, વંશ પરંપરાની વૃદ્ધિ માટે પુત્રવાન બન્યો, સમૃદ્ધિ ભેગી કરી–અર્થોપાર્જન કર્યું, પશુબંધ કર્યા– ગાય, ભેંસોનું પાલન કર્યું, યજ્ઞ કર્યા, દક્ષિણા આપી, અતિથિ પૂજા–સત્કાર કર્યા, અગ્નિમાં આહુતિ આપી, યજ્ઞ સ્થંભ નાંખ્યા વગેરે ગૃહસ્થ સંબંધી સર્વ કાર્ય કરી લીધા છે. હવે મારે માટે યોગ્ય છે કે કાલે સૂર્યોદય થતાં વારાણસી નગરીની બહાર આંબાનાં વૃક્ષોનો બગીચો બનાવું તથા માતુલિંગ–બિજોરા, બિલા, કોઠા, ચિંચા–આમલી તથા ફૂલોની વાડી બનાવું." આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને, રાત્રિ પૂર્ણ થતાં, સૂર્યોદય થતાં જ તેણે વારાણસી નગરીની બહાર આંબાના ઘણાં બગીચાથી લઈને ફૂલની વાડી સુધીનાં પૂર્વોક્ત સર્વ સ્થળો બનાવરાવ્યા.

**૮ तए णं बहवे अंबारामा य *जाव* पुप्फारामा य अणुपुव्वेणं सारक्खिज्जमाणा संगोविज्जमाणा संवड्ढिज्जमाणा आरामा जाया किण्हा किण्होभासा *जाव* रम्मा महामेह णिकुरंबभूया पत्तिया पुप्फिया फलिया हरियगरेरिज्जमाणा सिरीए अईव–अईव उवसोभेमाणा उवसोभेमाणा चिट्ठंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે આમ્રવન ***યાવત્*** પુષ્પવાડી વગેરે ધીમે ધીમે અનુક્રમથી સંરક્ષિત–જીવાદિકના ભયથી રક્ષણ કરાતાં, સંગોપિત–વાયુ આદિથી ગુપ્ત કરાતાં, સંવર્ધિત–પાણી સિંચન દ્વારા વિકાસ કરાતાં વૃદ્ધિ પમાડાતાં, દર્શનીય બની ગયા. તે લીલાછમ, લીલીછમ કાન્તિવાળા, પાણીથી ભરેલાં વાદળા હોય તેવા ઘનીભૂત રંગવાળા, પત્ર તથા પુષ્પોવાળા અને ફળોવાળા, હરિયાળા અને અત્યંત સુશોભિત થઈ ગયા.

### સોમિલનો ગૃહત્યાગ વિચાર :–

**९ तए णं तस्स सोमिलस्स माहणस्स अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणस्स अयमेयारूवे अज्झत्थिए *जाव* समुप्पज्जित्था– एवं खलु अहं वाणारसीए णयरीए सोमिले णामं माहणे अच्चंतमाहणकुलप्पसूए । तए णं मए वयाइं चिण्णाइं *जाव* जूवा णिक्खित्ता । तए णं मए वाणारसीए णयरीए बहिया बहवे अंबारामा *जाव* पुप्फारामा य रोवाविया । तं सेयं खलु मए इयाणिं कल्लं *जाव* जलंते सुबहुं लोहकडाहकडुच्छुयं तंबियं तावसभण्डं घडावेत्ता विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेत्ता मित्तणाइणियगसंबंधिपरिजणं आमंतेत्ता**

**तं मित्तणाइ णियगसंबंधिपरिजणं विउलेणं असणपाणखाइमसाइमेणं वत्थगंध मल्लालंकारेण य सक्कारेत्ता सम्माणेत्ता तस्सेव मित्तणाइणियगसंबधिपरिजणस्स पुरओ जेट्ठपुत्तं कुडुंबे ठवित्ता तं मित्तणाइणियगसंबंधिपरिजणं जेट्ठपुत्तं च आपुच्छित्ता सुबहुं लोहकडाहकडुच्छयं तंबियं तावसभण्डगं गहाय जे इमे गङ्गाकूला वाणपत्था तावसा भवंति, तं जहा– होत्तिया पोत्तिया कोत्तिया जण्णई सड्ढई थालई हुंबउट्ठा दंतुक्खलिया उम्मज्जगा संमज्जगा णिमज्जगा संपक्खालगा दक्खिणकूला उत्तरकूला संखधमा कूलधमा मियलुद्धया हत्थितावसा उद्दंडा दिसापोक्खिणो वक्कलवासिणो बिलवासिणो जलवासिणो रुक्खमूलिया अंबुभक्खिणो वाउभक्खिणोसेवाल भक्खिणो मूलाहारा कंदाहारा तयाहारा पत्ताहारा पुप्फाहारा फलाहारा बीयाहारा परिसडिय– कंदमूलतय–पत्तपुप्फफलाहारा जलाभिसेयकढिणगायभूया आयावणाहिं पंचग्गितावेहिं इंगालसोल्लियं कंदुसोल्लियं पिव अप्पाणं करेमाणा विहरंति । तत्थ णं जे ते दिसापोक्खिया तावसा तेसिं अंतिए दिसापोक्खियत्ताए पव्वइत्तए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી કોઈ સમયે કુટુંબ જાગરણ કરતાં તે સોમિલ બ્રાહ્મણને આ પ્રકારનો અધ્યવસાય– આત્મવિચાર ઉત્પન્ન થયો કે– વારાણસી નગરીનો વાસી હું સોમિલ અત્યંત શુદ્ધ–પ્રસિદ્ધ બ્રાહ્મણકુળમાં જન્મેલો છું. મે વ્રતોનું પાલન કર્યું, વેદોનો અભ્યાસ કર્યો, યજ્ઞસ્થંભ રોપાવ્યા અને ત્યાર પછી વારાણસી નગરીની બહાર આંબાના ઘણાં બગીચા અને ફૂલવાડી બનાવ્યા. હવે મારે માટે યોગ્ય છે કે કાલે પ્રાતઃ કાલ થતાં જ લોઢાની કડાઈ, કડછી, તામ્રપાત્ર આદિ તાપસો માટેના અનેક ઉપકરણ બનાવીને તથા અશન, પાન, ખાદિમ, સાદિમ આદિ પદાર્થો વિપુલ માત્રામાં તૈયાર કરાવીને;મિત્રો, જ્ઞાતિબંધુઓ, સ્વજનો, સંબંધીઓ અને પરિચિતોને આમંત્રિત કરી; વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, ગંધ, માળા અને અલંકારોથી સત્કાર–સન્માન કરીને; તે જ મિત્રો જ્ઞાતિબંધુઓ, સ્વજનો, સંબંધીઓ અને પરિચિતોની સામે જ્યેષ્ઠ પુત્રને કુટુંબનો ભાર સોંપીને તથા મિત્રો, જ્ઞાતિબંધુઓ, સ્વજનો, પરિચિતોને અને જ્યેષ્ઠ પુત્રને પૂછીને તે લોઢાની કડાઈ, કડછી આદિ તાપસોના ઉપકરણો લઈને, જે ગંગાતટ વાસી વાનપ્રસ્થ તાપસ છે, જેમ કે– (૧) હોત્રિક–અગ્નિહોત્રી (૨) પોતિક–વસ્ત્રધારી (૩) કૌત્રિક–ભૂમિશાયી (૪) યાજ્ઞિક–યજ્ઞ કરનારા (૫) શ્રાદ્ધકી–શ્રાદ્ધ કરનારા (૬) સ્થાલકી–પાત્ર ધારણ કરનારા (૭) હુંડિકા–એક કમંડળને જ ધારણ કરનારા (૮) દંતોદ્‌ખલિક–દાંતથી ધાન્યને ફોતરા રહિત કરીને માત્ર ચાવીને ખાનારા (૯) ઉન્મજ્જક–શરીર પર એક વાર પાણી નાંખી સ્નાન કરનાર (૧૦) સંમજ્જક – વારંવાર પાણી નાંખી સ્નાન કરનાર (૧૧) નિમજ્જક–પાણીમાં ડૂબકી મારી સ્નાન કરનાર (૧૨) સંપ્રક્ષાલક– માટીથી શરીરને ચોળીને સ્નાન કરનારા (૧૩) દક્ષિણકૂલવાસી–ગંગા નદીના દક્ષિણ કિનારે રહેનારા (૧૪) ઉત્તરકૂલવાસી (૧૫) શંખધૂમા–શંખ વગાડીને ભોજન કરનારા અર્થાત્ શંખનો અવાજ સાંભળીને કોઈ અતિથિ આવે તો તેને જમાડીને પછી જમનારા (૧૬) કૂલધ્મા–કિનારા ઉપર ઊભા રહીને અવાજ કર્યા

પછી ભોજન કરનારા (૧૭) મૃગ લુબ્ધક–હરણનું માંસ ખાઈ જીવન વ્યતીત કરનારા (૧૮) હસ્તીતાપસ–હાથીનું માંસ ખાઈ જીવન વ્યતીત કરનારા (૧૯) ઉદંડક–દંડને ઊંચો ઉપાડી ચાલનારા (૨૦) દિશાપ્રોક્ષિક–પાણી છાંટીને દિશાઓની પૂજા કરનારા (૨૧) વલ્કલવાસી–વૃક્ષની છાલને પહેરનારા (૨૨) બિલવાસી–ભૂમિની નીચેની ગુફામાં–ભોયરામાં રહેનારાં (૨૩) જલવાસી–જલમાં રહેનારા (૨૪) વૃક્ષમૂલિક–વૃક્ષના થડ પાસે જ રહેનારા (૨૫) જલભક્ષી–માત્ર જલનો જ આહાર કરનારા (૨૬) વાયુભક્ષી–વાયુ માત્રથી જ જીવનારા (૨૭) સેવાળભક્ષી (૨૮) મૂલાહારી (૨૯) કંદાહારી (૩૦) ત્વચાહારી (૩૧) પત્રાહારી–બિલીપત્ર આદિ પાંદડાં ખાનારા (૩૨) પુષ્પાહારી (૩૩) ફલહારી (૩૪) બીજાહારી (૩૫) સરી ગયેલાં કંદમૂળ, છાલ, પાન, ફૂલ તથા ફલને ખાનારા (૩૬) જલના અભિષેકથી કઠણ શરીરવાળા (૩૭) સૂર્યની આતાપના અને પંચાગ્નિ તાપથી પોતાના દેહને અંગારપક્વ(અંગારામાં પકાવેલ) અને કંદુપક્વ(કડાઈમાં શેકેલ)ની જેમ તપાવનાર અર્થાત્ પોતાના શરીરને ઉપરોક્ત કષ્ટ આપનારા; આમ અનેક વાનપ્રસ્થ તાપસો વિચરે છે, તેમાંથી જે દિશાપ્રોક્ષિક તાપસ છે, તેની પાસે હું દિશાપ્રોક્ષિક રૂપે પ્રવ્રજિત બનવાની ઈચ્છા રાખું છું.

**૧૦ पव्वइए वि य णं समाणे इमं एयारूवं अभिग्गहं अभिगिण्हिस्सामि– कप्पइ मे जावज्जीवाए छट्ठंछट्ठेणं अणिक्खित्तेणं दिसाचक्कवालेणं तवोकम्मेणं उड्ढं बाहाओ पगिज्झिय पगिज्झिय सूराभिमुहस्स आयावणभूमीए आयावेमाणस्स विहरित्तए त्ति कट्टु एवं संपेहेइ, संपेहित्ता कल्लं** *जाव* **जलंते सुबहुं लोहकडाह** *जाव* **दिसा- पोक्खियतावसत्ताए पव्वइए । पव्वइए वि य णं समाणे अभिग्गहं अभिगिण्हित्ता पढमं छट्ठक्खमणं उवसंपज्जित्ताणं विहरइ ।**

**ભાવાર્થ :–** પ્રવજિત થયા પછી પણ હું આ પ્રકારનો અભિગ્રહ ધારણ કરીશ કે– "જ્યાં સુધી જીવું ત્યાં સુધી નિરંતર છઠ–છઠ કરતો દિશા ચક્રવાલ તપસ્યા કરીને, સૂર્યની સામે બે હાથ ઊંચા રાખીને આતાપના ભૂમિમાં આતાપના લઈશ," તેણે આ પ્રમાણે વિચાર કર્યો, વિચાર કરીને સૂર્યોદય થતાં લોઢાની કડાઈ, કડછી આદિ તાપસોચિત વિવિધ ઉપકરણો સાથે દિશા પ્રોક્ષિક તાપસ રૂપે પ્રવ્રજિત થયો. તાપસ થઈને, પૂર્વોક્ત અભિગ્રહ ધારણ કરીને પ્રથમ છઠ તપ સ્વીકારી વિચરવા લાગ્યો.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં શ્રાવક વ્રતથી ભ્રષ્ટ થયેલા સોમિલ બ્રાહ્મણની લૌકિક રુચિનું અને ત્યાર પછી તાપસી પ્રવ્રજ્યા માટે ગૃહત્યાગની ઉત્કટ ભાવનાનું દિગ્દર્શન કરાવ્યું છે.

નવમા સૂત્રમાં વિવિધ પ્રકારની તાપસ પ્રવ્રજ્યાનો નિર્દેશ કર્યો છે જેની સંખ્યા સાડત્રીસ થાય છે. તેમાંથી સોમિલ દિશાપ્રોક્ષિક તાપસો પાસે પ્રવ્રજિત થયો અને તેમાં પણ આજીવન છઠ–છઠના તપનો સ્વીકાર કર્યો. આ વર્ણનથી તેની ધર્મ પ્રત્યેની અને તપ સાધના પ્રત્યેની ઉત્કૃષ્ટ ભાવના પ્રગટ થાય છે.

## સોમિલની દિશાપ્રોક્ષિક સાધના :–

**११** तए णं सोमिले माहणरिसी पढमछट्ठक्खमणपारणंसि आयावणभूमीए पच्चोरुहइ, पच्चोरुहित्ता वागलवत्थणियत्थे जेणेव सए उडए तेणेव उवागच्छइ, उवागच्छित्ता किढिणसंकाइयं गेण्हइ, गेण्हित्ता पुरत्थिमं दिसिं पोक्खेइ पोक्खेत्ता एवं वयासी– अहो णं पुरत्थिमाए दिसाए सोमे महाराया! पत्थाणे पत्थियं अभिरक्खउ सोमिल– माहणरिसिं, अभिरक्खउ सोमिलमाहणरिसिं । जाणि य तत्थ कंदाणि य मूलाणि य तयाणि य पत्ताणि य पुप्फाणि य फलाणि य बीयाणि य हरियाणि य ताणि अणुजाणउ त्ति कट्टु पुरत्थिमं दिसं पसरइ, पसरित्ता जाणि य तत्थ कंदाणि य *जाव* हरियाणि य ताइं गेण्हइ, गेण्हित्ता किढिणसंकाइयगं भरेइ, भरित्ता दब्भे य कुसे य पत्तामोडं च समिहाओ कट्ठाणि य गेण्हेइ, गेण्हित्ता जेणेव सए उडए तेणेव उवागच्छइ, उवागच्छित्ता किढिणसंकाइयगं ठवेइ, ठवेत्ता वेइं वड्ढेइ, वड्ढेत्ता उवलेवणसम्मज्जणं करेइ, करेत्ता दब्भकलस–हत्थगए जेणेव गंगा महाणई तेणेव उवागच्छइ उवागच्छित्ता गंगं महाणइं ओगाहइ ओगाहित्ता जलमज्जणं करेइ, करेत्ता जलकिड्डं करेइ, करेत्ता जलाभिसेयं करेइ, करेत्ता आयंते चोक्खे परमसुइभूए देवपिउकयकज्जे दब्भकलसहत्थगए गंगाओ महाणईओ पच्चुत्तरइ, पच्चुत्तरित्ता जेणेव सए उडए तेणेव उवागच्छइ, उवागच्छित्ता दब्भे य कुसे य वालुयाए य वेइं रएइ, रएत्ता सरयं करेइ, करेत्ता अरणिं करेइ, करेत्ता सरए णं अरणिं महेइ, महेत्ता, अग्गिं पाडेइ, पाडेत्ता अग्गिं संधुक्केइ, संधुक्कित्ता समिहा कट्ठाणि पक्खिवइ, पक्खिवित्ता अग्गिं उज्जालेइ, उज्जालेत्ता अग्गिस्स दाहिणे पासे सत्तंगाइं समादहे, तं जहा–

सकथं वक्कलं ठाणं, सेज्जभंडं कमंडलुं ।
दण्डदारुं तहप्पाणं, अह ताइं समादहे ॥ १ ॥

महुणा य घएण य तंदुलेहि य अग्गिं हुणइ । चरुं साहेइ, साहित्ता बलिं वइस्सदेवं करेइ, करेत्ता अतिहिपूयं करेइ, करेत्ता तओ पच्छा अप्पणा आहारं आहारेइ ।

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમિલ બ્રાહ્મણે પ્રથમ છઠના પારણાના દિવસે આતાપના ભૂમિથી નીચે

ઊતરીને વલ્કલ(છાલ)નાં વસ્ત્ર પહેર્યા અને જ્યાં પોતાની કુટિર હતી, ત્યાં આવ્યો, આવીને કાવડ લીધી અને પૂર્વ દિશાનું જલથી સિંચન કર્યું અને કહ્યું– હે પૂર્વ દિશાના લોકપાલ સોમ મહારાજ ! સાધનામાર્ગમાં પ્રસ્થિત(પ્રવૃત્ત) એવા આ સોમિલ બ્રાહ્મણ ઋષિની રક્ષા કરો અને અહીં(પૂર્વ દિશામાં) જે કાંઈ કંદ, મૂળ, છાલ, પાંદડા, પુષ્પ, ફલ, બીજ અને લીલોતરી આદિ છે તે લેવાની આજ્ઞા આપો" એમ કહીને પૂર્વ દિશામાં ગયો. ત્યાં જઈને જે કાંઈ કંદ, મૂલ, આદિ હતાં તે ગ્રહણ કર્યા અને પોતાની કાવડમાં રાખ્યાં; પછી ડાભ, કુશ, તોડેલાં પાંદડા અને સમિધ(હોમનાં કાષ્ઠ) લઈને, જ્યાં પોતાની કુટિર હતી ત્યાં આવ્યો અને કાવડ નીચે રાખી. પછી તેણે વેદિકા(દેવને પૂજવાનું સ્થાન)ને સાફ કરી, લીપીને શુદ્ધ બનાવી, દર્ભ તથા કલશને હાથમાં લઈને ગંગા નદી હતી ત્યાં આવ્યો અને તેમાં પ્રવેશ કરીને સ્નાન કર્યું, જલક્રીડા કરી અને શરીર પર પાણીનું સિંચન કર્યું, પછી આચમન કરીને સ્વચ્છ અને અત્યંત શુદ્ધ થઈને દેવતા, પિતૃ સંબંધી કાર્ય(તર્પણ વગેરે) કરીને, દર્ભ તથા કલશને હાથમાં લઈ, ગંગા નદીમાંથી બહાર નીકળ્યો અને પોતાની કુટીરમાં આવ્યો, આવીને ડાભ(મૂળ સહિત હોય તે દર્ભ), કુશ(મૂળ રહિત હોય તે) અને રેતીથી વેદી બનાવી, શરક–જે અગ્નિ ઉત્પન્ન કરવા માટે ઘસવામાં આવતું કાષ્ઠ અને અરણિ–જેના ઉપર શરક કાષ્ઠ ઘસાય તે; આ બંને કાષ્ઠને તૈયાર કર્યા પછી અગ્નિ પ્રજ્વલિત કરવા માટે શરકથી અરણિ કાષ્ઠને ઘસ્યું, ઘસીને તેમાંથી અગ્નિ પ્રગટ કર્યો, ફૂંક મારી તેને પ્રગટાવ્યો. તેમાં સમિધનાં કાષ્ઠ નાંખીને વધારે પ્રજ્વલિત કર્યો. પછી અગ્નિની જમણી બાજુ સાત વસ્તુઓ રાખી (૧) સકત્થ(તાપસોનું ઉપકરણ વિશેષ) (૨) વલ્કલ (૩) સ્થાન(આસન) (૪) શય્યાભાંડ (૫) કમંડળ (૬) લાકડીનો દંડ (૭) પોતાનું શરીર. પછી મધ, ઘી અને ચોખાથી અગ્નિમાં હવન કર્યો. ઘી ચોપડીને હાંડલીમાં ચોખા રાંધ્યા, અગ્નિ દેવતાને બલિ–તર્પણ કરીને, અતિથિને જમાડીને પછી પોતે ભોજન ગ્રહણ કર્યું.

**१२ तए णं सोमिले माहणरिसी दोच्चं छट्ठक्खमणपारणगंसि, तं चेव सव्वं भाणियव्वं** *जाव* **आहारं आहारेइ । णवरं इमं णाणत्तं दाहिणं दिसिं पोक्खेइ पोक्खेत्ता एवं वयासी– अहो णं दाहिणाए दिसाए जमे महाराया ! पत्थाणे पत्थियं अभिरक्खउ सोमिलं माहणरिसिं, अभिरक्खउ सोमिलं माहणरिसिं । जाणि य तत्थ कंदाणि य** *जाव* **हरियाणि य, ताणि अणुजाणउ त्ति कट्टु दाहिणं दिसिं पसरइ । एवं पच्चत्थिमेणं वरुणे महाराया** *जाव* **पच्चत्थिमं दिसिं पसरइ । उत्तरेणं वेसमणे महाराया** *जाव* **उत्तरं दिसिं पसरइ । पुव्वदिसागमेणं चत्तारि वि दिसाओ भाणियव्वाओ** *जाव* **आहारं आहारेइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી સોમિલ બ્રાહ્મણે બીજો છઠ કર્યો. બીજા છઠના પારણાના દિવસે પણ આતાપના ભૂમિથી નીચે ઊતર્યો. વલ્કલના વસ્ત્ર પહેર્યા વગેરે પ્રથમ પારણામાં જે વિધિ કરી હતી તે જ પ્રમાણે બીજા પારણામાં પણ સર્વ વિધિ કરીને પછી આહાર કર્યો. તેમાં વિશેષતા એ છે કે તેણે દક્ષિણ દિશામાં જઈને કહ્યું– હે દક્ષિણ દિશાના લોકપાલ યમ મહારાજ ! સાધના માટે પ્રવૃત્ત સોમિલ બ્રહ્મર્ષિની રક્ષા કરો અને તે દિશામાં જે કંદમૂલ આદિ છે તે લેવાની આજ્ઞા આપો. આ પ્રમાણે કહીને દક્ષિણ દિશામાં ગયો.

તે જ રીતે ત્રીજા છઠના પારણે પશ્ચિમના લોકપાલ વરુણ મહારાજાની આજ્ઞા લઈ પશ્ચિમ દિશામાં

ગયો અને ચોથા છઠના પારણે ઉત્તરદિશાના લોકપાલ વૈશ્રમણ મહારાજની આજ્ઞા લઈ ઉત્તર દિશામાં કંદમૂલ આદિ સામગ્રી લેવા માટે ગયો. આ રીતે પૂર્વ દિશાના વિસ્તૃત વર્ણન પ્રમાણે ચારે ય દિશા સંબંધી વિધિનું કથન કરવું જોઈએ ***યાવત્*** અંતે તે બ્રહ્મર્ષિએ અતિથિને જમાડી સ્વયં ભોજન કર્યું.

## વિવેચન :-

**दिसापोक्खिय :–** દિશાપ્રોક્ષિક તાપસી પ્રવ્રજ્યામાં દિશાની પ્રમુખતાથી તેના અધિપતિ દેવોની પૂજા ભક્તિ કરવામાં આવે છે અને તેઓની આજ્ઞાથી તે દિશામાંથી યજ્ઞ સામગ્રી અને ખાદ્ય સામગ્રી ગ્રહણ કરવામાં આવે છે. ચારે ય દિશાઓના અધિપતિ દેવ શક્રેંદ્રના લોકપાલ સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ છે.

**किठिण संकाइयं** = કાવડ, **चरुं** = હાંડલી, મટકી, **चरुं साहेइ** = હાંડલીમાં ચોખા પકાવ્યા. **वइस्स देवं** = વૈશ્વદેવ, અગ્નિદેવતા. **बलिं वइस्सदेवं करेइ** = અગ્નિદેવતાને ભોજન સામગ્રી તર્પણ કરી.

## સોમિલનું મહાપ્રયાણ માટે પ્રસ્થાન :-

**१३ तए णं तस्स सोमिलमाहणरिसिस्स अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि अणिच्चजागरियं जागरमाणस्स अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु अहं वाणारसीए णयरीए सोमिले णामं माहणरिसी अच्चंतमाहणकुलप्पसूए । तए णं मए वयाइं चिण्णाइं** *जाव* **जूवा णिक्खित्ता । तए णं मए वाणारसीए णयरीए बहिया** *जाव* **पुप्फारामा य रोविया । तए णं अहं** *जाव* **दिसापोक्खिय तावसत्ताएपव्वइए । पव्वइए वि य णं समाणे छट्ठं छट्ठेणं** *जाव* **विहरिए ।**

**तं सेयं खलु ममं इयाणिं कल्लं** *जाव* **जलंते बहवे तावसे दिट्ठाभट्ठे य पुव्व–संगइए य परियायसंगइए य आपुच्छित्ता आसम–संसियाणि य बहूइं सत्तसयाइं अणुमाणइत्ता वागलवत्थणियत्थस्स किढिणसंकाइयगहियसभण्डोवगरणस्स कट्ठमुद्दाए मुहं बंधित्ता उत्तरदिसाए उत्तराभिमुहस्स महापत्थाणं पत्थावेत्तए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી એક વખત મધ્યરાત્રિએ અનિત્ય જાગરણ કરતાં સોમિલ બ્રહ્મર્ષિને આ પ્રકારનો વિચાર આવ્યો કે– હું વારાણસી નગરીનો રહેવાસી, અત્યંત ઊંચા કુળમાં જન્મેલો, સોમિલ નામનો બ્રહ્મર્ષિ છું. મેં ગૃહસ્થાશ્રમમાં વ્રત પાલન કર્યાં છે, યજ્ઞ આદિથી લઈ યજ્ઞસ્થંભ રોપાવ્યા સુધીના કાર્ય કર્યાં છે. ત્યાર પછી મેં વારાણસી નગરીની બહાર આમ્રવનથી ફૂલોના બાગ બનાવવા સુધીના કાર્ય કર્યાં છે. ત્યાર પછી હું દિક્ષાપ્રોક્ષિક તાપસરૂપે પ્રવ્રજિત થયો અને તે દિવસથી જ નિરંતર છઠ છઠ તપશ્ચર્યા સ્વીકારીને વિચરું છું.

પરંતુ હવે મારા માટે એ યોગ્ય છે કે કાલે સૂર્યોદય થતાં જ અનેક દષ્ટ–ભાષિત(પૂર્વે જોયેલા કે

વાતચીતના પ્રસંગમાં આવેલા), પૂર્વ સંગતિક–ગૃહસ્થ જીવનના સાથી અને પર્યાય સંગતિક–તાપસ પર્યાયના સાથીઓને પૂછીને, આશ્રમમાં રહેનારા અનેક સેંકડો પ્રાણીઓને વચન આદિથી સન્માન આપી, વલ્કલ વસ્ત્ર પહેરીને, કાવડમાં પોતાના ભંડોપકરણ લઈને તથા કાષ્ઠમુદ્રાથી મોઢાને બાંધીને, ઉત્તરાભિમુખ થઈ ઉત્તર દિશામાં મૃત્યુ માટે મહા પ્રસ્થાન કરું.

**१४ एवं संपेहेइ, संपेहित्ता कल्लं पाउप्पभाए रयणीए *जाव* कट्ठमुद्दाए मुहं बंधइ, बंधित्ता अयमेयारूवं अभिग्गहं अभिगिण्हइ– जत्थेव णं अहं जलंसि वा थलंसि वा दुग्गंसि वा णिण्णंसि वा पव्वयंसि वा विसमंसि वा गड्डाए वा दरीए वा पक्खलिज्ज वा पवडिज्ज वा, णो खलु मे कप्पइ पच्चुट्ठित्तए त्ति अयमेयारूवं अभिग्गहं अभिगिण्हइ, अभिगिण्हित्ता उत्तराए दिसाए उत्तराभिमुहं महापत्थाणं पत्थिए ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે વિચાર કરીને સોમિલે બીજા દિવસે સૂર્યોદય થતાં રાત્રિએ વિચાર્યા પ્રમાણે સર્વ વિધિ કરી, કાષ્ઠમુદ્રા વડે પોતાનું મોઢું બાંધ્યું અને એવો અભિગ્રહ લીધો કે હું ચાલતાં ચાલતાં જ્યાં જળ, સ્થળ, દુર્ગ(વિકટ સ્થાન), નીચો પ્રદેશ, પર્વત, વિષમભૂમિ, ખાડો કે ગુફા; ગમે તે સ્થાનમાં હું સ્ખલના પામું કે પડી જાઉં, તો મારે ત્યાંથી ઊઠવું કલ્પે નહીં અર્થાત્ ત્યાંથી ઊઠીશ નહીં, આ પ્રમાણે અભિગ્રહ કર્યો. ત્યાર પછી ઉત્તરાભિમુખ થઈ મહાપ્રસ્થાન માટે સોમિલબ્રહ્મર્ષિએ ઉત્તરદિશા તરફ પ્રયાણ કર્યું.

**१५ तए णं से सोमिले माहणरिसी पच्छावरण्हकालसमयंसि जेणेव असोगवरपायवे तेणेव उवागए, असोगवरपायवस्स अहे किढिणसंकाइयं ठवेइ, ठवित्ता वेइं वड्डेइ, वेड्डित्ता उवलेवणसंमज्जणं करेइ, करित्ता दब्भकलसहत्थगए जेणव गङ्गा महाणई, जहा सिवो *जाव* गङ्गाओ महाणईओ पच्चुत्तरइ, पच्चुत्तरित्ता जेणेव असोगवरपायवे तेणेव उवागच्छइ, उवागच्छित्ता दब्भेहि य कुसेहि य वालुयाए य वेइं रएइ, रएत्ता सरगं करेइ करित्ता *जाव* बलिं वइस्सदेवं करेइ, करित्ता कट्ठमुद्दाए मुहं बंधइ, बंधित्ता तुसिणीए संचिट्ठइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચાલતાં ચાલતાં તે સોમિલ બ્રહ્મર્ષિ દિવસના ત્રીજાપ્રહરમાં જ્યાં સુંદર અશોકવૃક્ષ હતું ત્યાં આવ્યો. તે અશોકવૃક્ષની નીચે પોતાની કાવડ રાખી; ત્યારપછી વેદિકા (બેસવાની જગ્યા) સાફ કરી, તે લીંપી(પોતી)ને સ્વચ્છ બનાવી; પછી ડાભ સહિત કલશને હાથમાં લઈને જ્યાં ગંગા મહાનદી હતી ત્યાં આવ્યો અને શિવરાજર્ષિની જેમ તે ગંગામહાનદીમાં સ્નાન આદિ ક્રિયા કરી ત્યાંથી બહાર નીકળ્યો; જ્યાં અશોકવૃક્ષ હતું ત્યાં આવીને ડાભ કુશ અને રેતીથી વેદી બનાવી; શરક તથા અરણીથી અગ્નિ પ્રજવલિત કર્યો વગેરે પૂર્વોક્ત વિધિ અનુસાર કાર્ય કરી, વૈશ્વદેવને તર્પણ કરી, કાષ્ઠમુદ્રાથી મુખ બાંધી, મૌન ધારણ કરીને બેસી ગયો.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં દિશાપ્રોક્ષિક તાપસ પ્રવ્રજ્યાધારી સોમિલ બ્રહ્મર્ષિના સંલેખના–સંથારા સંબંધી વર્ણન છે. છઠ–છઠના પારણા યુક્ત ઉગ્ર તપશ્ચર્યા કરતાં તે બ્રહ્મર્ષિને સંથારો–અંતિમ પ્રસ્થાન (મહા–પ્રસ્થાન) કરવાનો સંકલ્પ થયો. આ પ્રમાણે સોમિલ બ્રહ્મર્ષિના પરિણામોમાં તપ અને ત્યાગના ભાવો ઉત્તરોત્તર વૃદ્ધિંગત થતા જોઈ શકાય છે.

**दिट्ठाभट्ठे :–** દષ્ટ + આભૃષ્ટ = જોયેલા અને વાતચીત કરેલા.

**બ્રહ્મર્ષિના ચલ સંથારાની વિશેષતાઓ :–** કાષ્ઠમુદ્રાથી મુખ બાંધીને વિહાર કરવો. પ્રતિદિન ઉત્તર દિશામાં ચાલવુ. ત્રીજા પ્રહરમાં રોકાઈને સ્નાન, હવન વગેરે સર્વ યજ્ઞવિધિ કરવી. પછી અગ્નિદેવતાને બલિ તર્પણ કરી કાષ્ઠમુદ્રાથી મુખ બાંધી મૌનધારણ કરી ધ્યાનમાં બેસી જવું. બીજે દિવસે ફરી એ જ ક્રમથી દિનચર્યા કરવી.

## દેવ દ્વારા સોમિલને પ્રતિબોધ :-

**१६ तए णं तस्स सोमिलमाहणरिसिस्स पुव्वरत्तावरत्तकालसमयंसि एगे देवे अंतियं पाउब्भूए । तए णं से देवे अंतलिक्खपडिवण्णे सोमिलमाहणं एवं वयासी– हं भो सोमिलमाहणा ! पव्वइया दुप्पव्वइयं ते । तए णं से सोमिले तस्स देवस्स एयमट्ठं णो आढाइ, णो परिजाणइ, अणाढायमाणे अपरिजाणमाणे तुसिणीए संचिट्ठइ ।**

**तएणं से देवे सोमिलं माहणं दोच्चंपि तच्चंपि एवं वयासी– हं भो सोमिल माहणा ! पव्वइया दुप्पव्वइयं ते । तए णं से सोमिले तस्स देवस्स दोच्चंपि तच्चंपि एवं वुत्ते समाणे णो आढाइ** *जाव* **तुसीणीए संचिट्ठइ । तए णं से देवे सोमिलेणं माहणरिसिणा अणाढाइज्जमाणे जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી મધ્યરાત્રિના સમયે સોમિલ બ્રહ્મર્ષિની સમક્ષ એક દેવ પ્રગટ થયો. તે દેવે આકાશમાં રહીને સોમિલ બ્રહ્મર્ષિને આ પ્રમાણે કહ્યું– હે સોમિલ બ્રાહ્મણ ! તમારી આ પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે. સોમિલ બ્રહ્મર્ષિએ તે દેવની વાતનો આદર કર્યો નહીં, તેના કહેવા પર ધ્યાન આપ્યું નહીં, દેવના કથન પર આદર અને ધ્યાન ન આપતાં તે મૌન જ રહ્યો.

ત્યાર પછી દેવે બીજી અને ત્રીજી વાર પણ આ પ્રમાણે કહ્યું– હે સોમિલ બ્રાહ્મણ ! તમારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે. ત્યારે સોમિલે બીજી ત્રીજીવાર પણ દેવની આ વાત પર ધ્યાન આપ્યું નહીં, મૌન

રહ્યો. ત્યાર પછી સોમિલ બ્રહ્મર્ષિ દ્વારા અનાદર પામેલો તે દેવ જે દિશામાંથી આવ્યો હતો તે દિશામાં પાછો ચાલ્યો ગયો.

**१७ तए णं से सोमिले कल्लं** *जाव* **जलंते वागलवत्थणियत्थे किढिणसंकाइयं गहाय गहियभण्डोवगरणे कट्ठमुद्दाए मुहं बंधइ, बंधित्ता उत्तराए दिसाए उत्तराभिमुहे संपत्थिए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી બીજે દિવસે સૂર્યોદય થતાં વલ્કલ વસ્ત્રધારી સોમિલે કાવડ, ભંડોપકરણ આદિ લઈને, કાષ્ઠમુદ્રાથી મુખ બાંધીને, ઉત્તરાભિમુખ થઈ, ઉત્તરદિશા તરફ પ્રયાણ કર્યું.

**१८ तए णं से सोमिले बिइयदिवसम्मि पच्छावरण्हकालसमयंसि जेणेव सत्तिवण्णे तेणेव उवागए । सत्तिवण्णस्स अहे किढिणसंकाइयं ठवेइ, ठवित्ता वेइं वड्ढेइ, एवं जहा असोगवरपायवे** *जाव* **अग्गिं हुणइ, कट्ठमुद्दाए मुहं बंधइ, तुसिणीए संचिट्ठइ ।**

**तए णं तस्स सोमिलस्स पुव्वरत्तावरत्तकालसमयंसि एगे देवे अंतियं पाउब्भूए । तए णं से देवे अंतलिक्खपडिवण्णे जहा असोगवरपायवे** *जाव* **पडिगए । तए णं से सोमिले कल्लं** *जाव* **जलंते वागलवत्थणियत्थे किढिणसंकाइयं गेण्हइ, गिण्हित्ता कट्ठमुद्दाए मुहं बंधइ, बंधित्ता उत्तराए दिसाए उत्तराभिमुहे संपत्थिए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી બીજા દિવસના અપરાહ્નકાલના અંતિમ પ્રહરમાં (સાંજે) સોમિલબ્રહ્મર્ષિ જ્યાં સપ્તપર્ણ વૃક્ષ હતું ત્યાં આવ્યો. તે સપ્તપર્ણ વૃક્ષની નીચે કાવડ રાખીને વેદિકા–બેસવાના સ્થાનને સાફ કર્યું ઈત્યાદિ જેવી રીતે અશોકવૃક્ષની નીચે પહેલાં જે વિધિ કરી હતી તે સર્વ વિધિ અહીં પણ કરી ***યાવત્*** અગ્નિમાં આહુતિ આપી અને કાષ્ઠમુદ્રાથી પોતાનું મુખ બાંધી બેસી ગયો.

ત્યારે મધ્યરાત્રિમાં સોમિલ બ્રહ્મર્ષિની સમક્ષ ફરીથી દેવ પ્રગટ થયો અને આકાશમાં રહીને અશોકવૃક્ષની નીચે જે પ્રમાણે કહ્યું હતું તે જ પ્રમાણે ફરીથી કહ્યું. પરંતુ તે દેવની વાત પર સોમિલે કાંઈ ધ્યાન ન આપ્યું અને મૌન જ રહ્યો ***યાવત્*** તે દેવ ફરીથી પાછો ગયો.

ત્યાર પછી ત્રીજે દિવસે વલ્કલ વસ્ત્રધારી સોમિલે સૂર્યના પ્રકાશિત થવા પર પોતાનાં કાવડ આદિ ઉપકરણ લીધાં અને કાષ્ઠમુદ્રાથી મુખને બાંધીને, ઉત્તર તરફ મુખ રાખીને ઉત્તર દિશામાં પ્રસ્થાન કર્યું.

**१९ तए णं से सोमिले तइयदिवसम्मि पच्छावरण्हकालसमयंसि जेणेव असोग–वरपायवे तेणेव उवागच्छइ, उवागच्छित्ता असोगवरपायवस्स अहे किढिणसंकाइयं ठवेइ, ठवित्ता** *जाव* **कट्ठमुद्दाए मुहं बंधइ, बंधित्ता तुसिणीए संचिट्ठइ ।**

**तए णं तस्स सोमिलस्स पुव्वरत्तावरत्तकाले एगे देवे अंतियं पाउब्भवित्था, तं चेव भणइ** *जाव* **पडिगए ।**

**तए णं से सोमिले कल्लं** *जाव* **जलंते वागलवत्थणियत्थे किढिणसंकाइयं गहाय गहियभंडोवगरणे कट्ठमुद्दाए मुहं बंधइ, बंधित्ता उत्तराए दिसाए उत्तराभिमुहे संपत्थिए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમિલ બ્રહ્મર્ષિ ત્રીજા દિવસે ત્રીજા પ્રહરમાં જ્યાં ઉત્તમ અશોકવૃક્ષ હતું. ત્યાં આવ્યો, આવીને તે અશોકવૃક્ષની નીચે કાવડ રાખી વગેરે પૂર્વવત્ સર્વ વિધિ કરી, કાષ્ઠમુદ્રાથી મુખ બાંધીને મૌન બેસી ગયો.

ત્યાર પછી મધ્યરાત્રિમાં સોમિલની સમક્ષ પુનઃ એક દેવ પ્રગટ થયો. તેણે તે જ પ્રમાણે કહ્યું ***યાવત્*** તે દેવ પાછો ગયો.

ત્યાર પછી સૂર્યોદય થયો ત્યારે તે સોમિલ બ્રહ્મર્ષિએ વલ્કલ વસ્ત્ર ધારણ કર્યા, કાવડ અને ભંડોપ–કરણ લઈને તથા કાષ્ઠમુદ્રાથી મુખને બાંધીને ઉત્તરાભિમુખ થઈને ઉત્તર દિશા તરફ ચાલવા લાગ્યો.

**૨૦ तए णं से सोमिले चउत्थे दिवसे पच्छावरण्हकालसमयंसि जेणेव वडपायवे तेणेव उवागए । वडपायवस्स अहे कढिणसंकाइयं ठवेइ** *जाव* **कट्ठमुद्दाए मुहं बंधइ, बंधित्ता तुसिणीए संचिट्ठइ ।**

**तए णं तस्स सोमिलस्स पुव्वरत्तावरत्तकाले एगे देवे अंतियं पाउब्भवित्था, तं चेव भणइ** *जाव* **पडिगए । तए णं से सोमिले माहणे कल्लं** *जाव* **उत्तराए दिसाए उत्तराभिमुहे संपत्थिए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ચાલતાં ચાલતાં સોમિલ બ્રહ્મર્ષિ ચોથા દિવસના ત્રીજા પ્રહરમાં જ્યાં વડનું વૃક્ષ હતું ત્યાં આવ્યો, આવીને વડના વૃક્ષની નીચે કાવડ રાખી ***યાવત્*** પૂર્વવત્ સંપૂર્ણ વિધિ કરીને કાષ્ઠમુદ્રાથી મુખ બાંધ્યું અને મૌન થઈને બેઠો.

ત્યાર પછી મધ્યરાત્રિના સમયે સોમિલની સમક્ષ તે દેવ પુનઃ પ્રગટ થયો અને તેને પહેલાંની જેમ કહીને ***યાવત્*** અંતર્ધ્યાન થઈ ગયો. રાત્રિ વ્યતીત થયા પછી બીજા દિવસે તે સૂર્યોદય થયા પછી તે સોમિલ પૂર્વવત્ ઉત્તરાભિમુખ થઈને ઉત્તરદિશામાં ચાલવા લાગ્યો.

**૨૧ तए णं से सोमिले पंचमे दिवसे पच्छावरण्हकालसमयंसि जेणेव उंबरपायवे तेणेव उवागच्छइ । उंबरपायवस्स अहे किढिणसंकाइयं ठवेइ** *जाव* **कट्ठमुद्दाए मुहं**

**बंधइ, बंधित्ता तुसीणीए संचिट्ठइ ।**

**तए णं तस्स सोमिलमाणहस्स पुव्वरत्तावरत्तकाले एगे देवे अंतियं पाउब्भूए । तए णं से देवे अंतलिक्खपडिवण्णे सोमिलमाहणं एवं वयासी– हंभो सोमिला ! पव्वइया दुप्पव्वइयं ते । तएणं से सोमिले** *जाव* **तुसिणीए संचिट्ठइ । तए णं से देवे सोमिलं माहणं दोच्चं पि तच्चं पि एवं वयइ– हंभो सोमिला ! पव्वइया दुप्पव्वइयं ते । तए णं से सोमिले तेणं देवेणं दोच्चं पि तच्चं पि एवं वुत्ते समाणे तं देवं एवं वयासी– कहं णं देवाणुप्पिया ! मम दुप्पव्वइयं ?**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમિલ બ્રહ્મર્ષિ પાંચમા દિવસના ત્રીજા પ્રહરમાં જ્યાં ઉંબરાનું વૃક્ષ હતું ત્યાં આવ્યો. તે ઉંબરાના વૃક્ષની નીચે કાવડ રાખી ***યાવત્*** કાષ્ઠમુદ્રાથી મુખ બાંધ્યું અને મૌન થઈને બેસી ગયો.

ત્યાર પછી મધ્યરાત્રિમાં પુનઃ સોમિલ બ્રાહ્મણની સમક્ષ એક દેવ પ્રગટ થયો અને તેણે આકાશમાં રહીને જ સોમિલ બ્રાહ્મણને આ પ્રમાણે કહ્યું– સોમિલ ! તમારી આ પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે. તે દેવની વાણી સાંભળીને સોમિલ મૌન રહ્યો. ત્યાર પછી દેવે બીજી અને ત્રીજીવાર પણ આ પ્રમાણે કહ્યું– હે સોમિલ ! તમારી આ પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે. દેવે બીજી, ત્રીજીવાર પણ આ પ્રમાણે કહ્યું, ત્યારે સોમિલે દેવને પૂછ્યું– હે દેવાનુપ્રિય ! મારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા કેમ છે ?

**२२ तए णं से देवे सोमिलं माहणं एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! तुमं पासस्स अरहओ पुरिसादाणीयस्स अंतियं पंचाणुव्वए सत्तसिक्खावए दुवालसविहे सावगधम्मे पडिवण्णे । तए णं तव अण्णया कयाइं असाहुदंसणेणं** *जाव* **पुव्वरत्ता- वरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणस्स अयमेयारूवे अज्झत्थिए एवं पुव्व- चिंतियं देवो उच्चारेइ** *जाव* **जेणेव असोगवरपायवे तेणेव उवागच्छसि, उवागच्छित्ता किढिणसंकाइयं ठवेइ** *जाव* **तुसिणीए संचिट्ठसि । तए णं अहं पुव्वरत्तावरत्तकाले तव अंतियं पाउब्भवामि, हंभो सोमिला ! पव्वइया दुप्पवइयं ते, तह चेव देवो णियवयणं भणइ** *जाव* **पंचमदिवसम्मि पच्छावरण्हकालसमयंसि जेणेव उंबरपायवे, तेणेव उवागए किढिणसंकाइयं ठवेसि वेइं वड्ढेसि, उवलेवणं सम्मज्जणं करेसि, करेत्ता कट्ठमुद्दाए मुहं बंधेसि, बंधित्ता तुसिणीए संचिट्ठसि । तं एवं खलु देवाणुप्पिया! तव दुप्पव्वइयं ।**

**ભાવાર્થ :–** ત્યારે તે દેવે સોમિલને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! તમે પહેલાં પુરુષાદાનીય પાર્શ્વનાથ અરિહંત પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતરૂપ બાર પ્રકારનો શ્રાવકધર્મ અંગીકાર કર્યો

હતો પરંતુ ત્યાર પછી સુસાધુઓના દર્શન તથા ઉપદેશ આદિનો સંયોગ નહીં મળવાથી અને અસાધુઓના દર્શન તથા ઉપદેશનો સંયોગ મળવાથી, તેમજ મિથ્યાત્વ પર્યાય વધવાથી, સ્વીકારેલા શ્રાવકધર્મને છોડી દીધો. ત્યાર પછી એકદા રાત્રિમાં કુટુંબ સંબંધી વિચાર કરતાં તમારા મનમાં વિચાર આવ્યો, વગેરે સર્વ હકીકત દેવે કહી ***યાવત્*** જ્યાં અશોકવૃક્ષ હતું ત્યાં આવ્યા અને કાવડ રાખી ***યાવત્*** મૌન બેસી ગયા. ત્યાર પછી તે પ્રથમ દિવસે જ મધ્યરાત્રિના સમયમાં હું તમારી પાસે આવ્યો અને તમને પ્રતિબોધિત કર્યા– હે સોમિલ ! તમારી આ પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે પરંતુ તમે તેના પર ધ્યાન ન આપ્યું અને મૌન જ રહ્યા. આ પ્રમાણે મેં તમને ચાર દિવસ સુધી સમજાવ્યા. પરંતુ તમે વિચાર ન કર્યો. આજે પાંચમા દિવસે ત્રીજા પ્રહરમાં તમે આ ઉંબરાના વૃક્ષની નીચે આવ્યા અને કાવડ રાખી, બેસવાના સ્થાનને સાફ કર્યું લીંપી પોતીને સ્વચ્છ કર્યું, અગ્નિમાં હવન કર્યો અને કાષ્ઠમુદ્રાથી મુખ બાંધીને, તમે મૌન થઈને બેસી ગયા. આ પ્રમાણે હે દેવાનુપ્રિય ! તમારી પ્રવ્રજ્યા દુષ્પ્રવ્રજ્યા છે.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રોમાં સોમિલની મહાપ્રયાણ વિહાર યાત્રાના પાંચ દિવસોનું વર્ણન છે. વિહાર સમયે અને હવન પછીના મૌન ધ્યાનના સમયે તે સોમિલ કાષ્ઠમુદ્રા મુખ પર બાંધતો હતો. તે સિવાય સ્નાન, દિશા પૂજન, હવન અને અગ્નિદેવતાને તર્પણ આપતો હતો. પરંતુ આ પાંચ દિવસોના વર્ણનમાં અતિથિ ભોજન અને સ્વયંના ભોજનનું વર્ણન નથી. તેથી અને મહાપ્રયાણ પ્રસ્થાન શબ્દથી સ્પષ્ટ થાય છે કે આ તેની ચલ સંથારાની એક પ્રકારની વિધિ હતી.

**देवे पाउब्भूए :–** સોમિલની મહાપ્રયાણ યાત્રાથી આકૃષ્ટ થઈ કોઈ સમ્યગ્ દષ્ટિ દેવ તેના રાત્રિધ્યાનના સમયે આવી આકાશવાણી કરતો હતો. પાંચ દિવસના પ્રયત્ન પછી તે દેવ સોમિલના ભાવને ચલિત કરી શક્યો. પ્રસ્તુત પ્રસંગ સોમિલની દઢતા અને સાધનાની મસ્તીને સૂચિત કરે છે. જે દેવલોકના દેવના સૂચનથી પણ ચંચળ બન્યો નહીં. પરંતુ પાંચ પાંચ દિવસના પ્રયત્ન પછી સોમિલનું ચિત્ત ક્ષુભિત બન્યું અને પોતાની ભૂલને જાણવા માટે તેણે દેવને પ્રતિપ્રશ્ન કર્યો. અહીં સોમિલની સત્યને પામવાની યોગ્યતા જણાય છે. પ્રભુ પાર્શ્વનાથ અને તેની પાસે સ્વીકારેલા વ્રત ગ્રહણના સ્મરણથી તેના પરિણામોમાં પરિવર્તન થયેલું જણાય છે.

**पाउप्पभाए रयणीए** *जाव* **जलंते :–** આ સૂત્રથી જણાય છે કે તે જમાનામાં તાપસ પણ સૂર્યોદયથી સૂર્યાસ્તની વચ્ચે અર્થાત્ દિવસે જ વિહાર કરતા હતા અને રાત્રિએ શાંત, મૌન, ધ્યાનમાં લીન રહેતા હતા.

## સોમિલ દ્વારા પુનઃ શ્રાવકધર્મ ગ્રહણ :-

**૨૩** **तए णं से सोमिले तं देवं एवं वयासी– कहं णं देवाणुप्पिया ! मम सुप्पव्वइयं ?**

**तए णं से देवे सोमिलं एवं वयासी– जइ णं तुमं देवाणुप्पिया !**

**इयाणिं पुव्वपडिवण्णाइं पंच अणुव्वयाइं सयमेव उवसंपज्जित्ताणं विहरसि, तो णं तुज्झ इयाणिं सुपव्वइयं भवेज्जा । तएणं से देवे सोमिलं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए ।**

**तए णं से सोमिले माहणरिसी तेणं देवेणं एवं वुत्ते समाणे पुव्वपडिवण्णाइं पंच अणुव्वयाइं सयमेव उवसंपज्जित्ताणं विहरइ ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે બધુ સાંભળીને સોમિલે દેવને કહ્યું– હે દેવાનુપ્રિય ! હવે આપ જ બતાવો કે હું કેવી રીતે સુપ્રવ્રજિત બનું ? અર્થાત્ મારી પ્રવ્રજ્યા સુપ્રવ્રજ્યા કેવી રીતે થાય ?

તેના જવાબમાં દેવે સોમિલ બ્રાહ્મણને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! જો તમે પૂર્વે ગ્રહણ કરેલા પાંચ અણુવ્રતને સ્વયમેવ સ્વીકારીને વિચરો તો તમારી આ પ્રવ્રજ્યા સુપ્રવ્રજ્યા થશે.

ત્યાર પછી દેવે સોમિલ બ્રાહ્મણને વંદન–નમસ્કાર કર્યા અને જે દિશામાંથી તે આવ્યો હતો તે જ દિશામાં અંતર્ધાન થઈ ગયો.

તે દેવના અંતર્ધાન થયા પછી તેના કહેવા પ્રમાણે સોમિલ બ્રહ્મર્ષિ પૂર્વે સ્વીકારેલાં પાંચ અણુવ્રતોનો સ્વીકાર કરીને વિચરણ કરવા લાગ્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દેવનું સન્માર્ગદર્શન અને તેનો સોમિલે કરેલો સ્વીકાર, તે વિષયનું પ્રતિપાદન છે.

સોમિલને સત્ય તત્ત્વને પામવાની તમન્ના હતી, તેથી દેવના સૂચનને તરત જ સ્વીકારીને, પુનઃ અણુવ્રત રૂપે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો.

મૂળપાઠમાં દેવના ઉત્તરમાં પાંચ અણુવ્રત ધારણ કરવાનો સંદેશ છે અને સોમિલ દ્વારા સ્વીકાર કરવાના પાઠમાં પણ પાંચ અણુવ્રતનો ઉલ્લેખ છે. પૂર્વ સૂત્રમાં સોમિલે ભૂતકાળમાં પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાન પાસે પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બારવ્રત ગ્રહણ કર્યાનો ઉલ્લેખ છે, તેના આધારે અહીં ઉપલક્ષણથી બાર વ્રત ગ્રહણ કરી શકાય.

મધ્યમના બાવીસ તીર્થંકરોના શાસનમાં સાધુઓ માટે ચાતુર્યામ ધર્મ હોય છે. શ્રાવકો માટે તો દરેક શાસનમાં પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત રૂપ બાર વ્રતો જ હોય છે. **ચાતુર્યામ ધર્મ** શ્રમણના ચાર મહાવ્રતની અપેક્ષાએ જ કહેવાય છે. તેથી સોમિલે પાંચ અણુવ્રત સહિત બાર વ્રત ધારણ કર્યા હતા.

**સોમિલની શુક્ર મહાગ્રહમાં ઉત્પત્તિ :–**

**૨૪ तए णं से सोमिले बहूहिं चउत्थछट्ठट्ठमं** *जाव* **मासद्धमासखमणेहिं**

**विचित्तेहिं तवोवहाणेहिं अप्पाणं भावेमाणे बहूइं वासाइं समणोवासगपरियागं पाउणइ, पाउणित्ता अद्धमासियाए संलेहणाए अत्ताणं झूसेइ, झूसित्ता तीसं भत्ताइं अणसणाए छेदेइ, छेदित्ता तस्स ठाणस्स अणालोइय अपडिक्कंते विराहियसम्मत्ते कालमासे कालं किच्चा सुक्कवडिंसए विमाणे उववायसभाए देवसयणिज्जंसि देवदूसंतरिए अंगुलस्स असंखेज्जइ भागमित्ताए ओगाहणाए सुक्कमहग्गहत्ताए उववण्णे ।**

**तए णं से सुक्के महग्गहे अहुणोववण्णे समाणे पंचविहाए पज्जत्तीए पज्जत्ति- भावमुवगए** *जाव* **भासामणपज्जत्तीए ।**

**एवं खलु गोयमा ! सुक्केणं महग्गहेणं सा दिव्वा देविड्ढी** *जाव* **अभिसमण्णा- गए । एगं पलिओवमं ठिई ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સોમિલે ઘણા ઉપવાસ, છઠ, અઠ્ઠમ ***યાવત્*** અર્ધમાસખમણ, માસખમણ રૂપ વિવિધ તપશ્ચર્યાથી પોતાના આત્માને ભાવિત કરતાં ઘણાં વર્ષો સુધી શ્રાવક પર્યાયનું પાલન કર્યું. અંતે અર્ધમાસિક સંલેખના દ્વારા આત્માની આરાધના કરી અને ત્રીસ ભક્ત(ભોજન)નો અનશન દ્વારા ત્યાગ કરી, તે પૂર્વકૃત પાપસ્થાન(દુષ્પ્રવ્રજ્યારૂપ કરેલા પ્રમાદ)ની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના સમ્યક્ત્વની વિરાધનાના કારણે કાળના સમયે કાળ કરીને, શુક્રાવતંસક વિમાનની ઉપપાત સભામાં દેવદૂષ્યથી આચ્છાદિત દેવશય્યા પર દેવદુષ્યની અંદર અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાથી શુક્ર મહાગ્રહ દેવરૂપે રૂપ ઉત્પન્ન થયા.

તત્કાલ ઉત્પન્ન થઈને તે શુક્ર મહાગ્રહ દેવ પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત ભાવને પામ્યા. યથા– આહાર પર્યાપ્તિ ***યાવત્*** ભાષા–મન પર્યાપ્તિ.

અંતે પોતાના કથનનો ઉપસંહાર કરતાં ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું– હે ગૌતમ ! આ શુક્ર– મહાગ્રહ દેવે આ તથાપ્રકારની દિવ્ય દેવ ૠદ્ધિ, દ્યુતિ ***યાવત્*** દિવ્ય પ્રભાવ પ્રાપ્ત કર્યા છે. ત્યાં તેની એક પલ્યોપમની સ્થિતિ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સોમિલના જીવનનો અંત અને તેના પરિણામ સ્વરૂપે થયેલી તેની ગતિનું દિગ્દર્શન છે.

શ્રાવક ધર્મનું પાલન કરનારની ગતિ વૈમાનિક દેવની થાય છે. સોમિલે દેવની પ્રેરણાથી અંતે વ્રત ધારણ કર્યા પરંતુ સમ્યગ્દર્શનની શુદ્ધિ કરી નહીં. મૂળપાઠમાં **'विराहिय सम्मत्ते'** શબ્દ પ્રયોગ છે, સમ્યક્ત્વની વિરાધના કરીને, પૂર્વકૃત પાપની આલોચનાદિ કર્યા વિના જ કાલધર્મ પામ્યા. તેથી તે જ્યોતિષી દેવોમાં શુક્ર મહાગ્રહ દેવરૂપે ઉત્પન્ન થયા. અહીં સમ્યગ્દર્શન–શ્રદ્ધાની મહત્તા પ્રતીત થાય છે. સમ્યગ્દર્શન વિનાનું ચારિત્રપાલન સફળ થતું નથી.

ગ્રહ અઠ્યાસી હોય છે. તેમાં નવ ગ્રહોની ગણતરી મહાગ્રહમાં થાય છે. સોમિલ બ્રહ્મર્ષિ તપના પ્રભાવે ઋદ્ધિશાળી મહાગ્રહ દેવ થયા છે.

**શુક્રમહાગ્રહ દેવનું ભવિષ્ય :-**

**૨૫ सुक्के णं भंते ! महग्गहे ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं कहिं गच्छिहिइ कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ** *जाव* **सव्वदुक्खाणं अंतं काहिइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે શુક્રમહાગ્રહ દેવ આયુક્ષય, ભવ ક્ષય અને સ્થિતિનો ક્ષય થયા પછી દેવલોકમાંથી ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ઉત્તર– હે ગૌતમ ! તે શુક્રમહાગ્રહ દેવ આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણા કરીને સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

**અધ્યયન ઉપસંહાર :-**

**૨૬ तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पुप्फियाणं तच्चस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! આ પ્રમાણે મુક્તિપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકા વર્ગના ત્રીજા અધ્યયનમાં આ ભાવનું નિરૂપણ કર્યું છે.

**॥ વર્ગ–૩ અધ્ય.–૩ સંપૂર્ણ ॥**

# વર્ગ–૩ અધ્ય. ૪

**પરિચય :–**

આ ઉદ્દેશકમાં બહુપુત્રિકા દેવીના પૂર્વ–પશ્ચાદ્ પાંચ ભવનું નિરૂપણ કરીને, આસક્તિભાવની પરંપરા અને તેના ફળનું પ્રતિપાદન કર્યું છે.

એકદા પ્રથમ દેવલોકની બહુપુત્રિકા નામની દેવી પ્રભુ મહાવીરના સમવસરણમાં આવી. તેણે પોતાની બંને ભુજાઓમાંથી ૧૦૮ બાળક અને ૧૦૮ બાલિકાઓ કાઢ્યા. તે સિવાય અન્ય અનેક બાળકોની વિકુર્વણા કરી, નાટયવિધિ બતાવી, વૈક્રિય લબ્ધિનું સંહરણ કરીને, સ્વસ્થાને ગઈ. ત્યાર પછી શ્રી ગૌતમ સ્વામીના સંશયના સમાધાન રૂપે પ્રભુએ તેનો પૂર્વભવ કહ્યો.

**(૧) પૂર્વભવ : સુભદ્રા :–** વારાણસી નગરીમાં ભદ્ર નામનો સાર્થવાહ રહેતો હતો. તેની પત્નીનું નામ સુભદ્રા હતું. પૂર્વના કર્મયોગે તે વંધ્યા હતી. પુત્ર ન થવાથી તે અત્યંત દુઃખી રહેતી હતી. સંતાન ઉત્પત્તિ માટે અનેક પ્રયત્નો કરવા છતાં તેને સફળતા મળી નહીં. તેને સંતાન પ્રાપ્તિની તીવ્રતમ ઝંખના હતી.

એકદા સુવ્રતા આર્યાની શિષ્યાઓ તેના ઘરે ગોચરી અર્થે પધાર્યા. સુભદ્રાએ તેમને આહાર–પાણી વહોરાવી; વિદ્યા, મંત્ર, ઔષધ વગેરેથી સંતાનોત્પત્તિનો ઉપાય પૂછ્યો. સાધ્વીજીઓએ પોતાના સાધ્વા–ચારના નિયમ અનુસાર મંત્ર–તંત્ર ઔષધ ઉપચાર દ્વારા પુત્ર પ્રાપ્તિનો ઉપાય ન બતાવતાં ધર્મનો ઉપદેશ આપ્યો. ઉપદેશ શ્રવણ કરી તે શ્રમણોપાસિકા બની.

કેટલોક સમય પસાર થયા પછી તેણે સંયમ અંગીકાર કર્યો પરંતુ સંતાન પ્રાપ્તિની અતૃપ્ત ઈચ્છાથી બાળક–બાલિકાઓ ઉપર તેનો સ્નેહ વધવા લાગ્યો. સંયમ મર્યાદાનું ઉલ્લંઘન કરી બાળક–બાલિકાઓની સાથે સ્નેહ, ક્રીડા, શ્રૃંગાર, શુશ્રૂષા આદિ પ્રવૃત્તિઓ કરવા લાગી.

ગુરુણી દ્વારા અને અન્ય આર્યાઓ દ્વારા તે પ્રવૃત્તિનો નિષેધ કરવા છતાં અને સમજાવવા છતાં, તેની ઉપેક્ષા કરી તે અન્ય સ્થાન(ઉપાશ્રય)માં જઈ રહેવા લાગી. સંયમ તપનું પાલન કરતાં, અંતે પંદર દિવસનો સંથારો કરી ઉક્ત દૂષિત પ્રવૃત્તિઓની આલોચના કર્યા વિના વિરાધક બનીને, કાળધર્મ પામી, પ્રથમ દેવલોકમાં બહુપુત્રિકા દેવીપણે ઉત્પન્ન થઈ.

**(૨) વર્તમાન ભવ : બહુપુત્રિકા દેવી :–** સુભદ્રા સાર્થવાહી ચારિત્ર પાલનના અભાવે સૌધર્મ દેવલોકના બહુપુત્રિક વિમાનમાં, બહુપુત્રિકા દેવીપણે ઉત્પન્ન થઈ. ત્યાં તે બહુપુત્રિકા નામના સિંહાસન ઉપર ૪૦૦૦ સામાનિક દેવો વગેરે સહિત સૂર્યાભદેવની સમાન દિવ્ય ઋદ્ધિનો અનુભવ કરે છે. ત્યાં તેની ચાર પલ્યોપમની

સ્થિતિ છે.

તે પૂર્વભવની સંતાન પ્રાપ્તિની અતૃપ્ત કામનાને વિવિધ પ્રકારની વિક્રિયા દ્વારા પૂર્ણ કરે છે, અનેક બાલક–બાલિકાના રૂપોની વિકુવર્ણા કરતી, દેવસભામાં આમોદ–પ્રમોદ કરતી બહુપુત્રિકા નામને સાર્થક કરે છે. વાસ્તવમાં દેવોને સંતાનોત્પત્તિ હોતી નથી.

**(૩) આગામી ભવ : સોમા :–** બહુપુત્રિકા દેવી દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી, બ્રાહ્મણના ઘરે સોમા નામની પુત્રી તરીકે જન્મ ધારણ કરશે. યુવાવસ્થામાં પ્રવેશતાં માતા–પિતા પોતાના ભાણેજ રાષ્ટ્રકૂટ સાથે તેના લગ્ન કરશે. પૂર્વભવમાં સંતાન પ્રાપ્તિની તીવ્ર તમન્ના સાથે સંયમ તપનું પાલન કરવાના કારણે લગ્ન થયાં પછી પ્રતિવર્ષ સોમા બે–બે બાળકોને તેમ સોળ વર્ષમાં કુલ બત્રીસ બાળકોને જન્મ આપશે.

એક સાથે આટલા બાળકોનો ઉછેર કરતાં તે હેરાન થઈ જશે. તેમાંથી કેટલાંક નાચશે, કૂદશે, રડશે, હસશે, એક બીજાનું ભોજન છીનવી લેશે અને કેટલાંક સોમાના શરીર ઉપર વમન કરશે, તો કોઈ મળમૂત્ર કરશે અને તે દુઃખી–દુઃખી થઈ જશે.

ત્યારપછી ગોચરીએ પધારેલા કોઈ સાધ્વીજી પાસે સોમા પોતાના દુઃખનું વર્ણન કરશે અને પ્રત્યુત્તરમાં તે સાધ્વીઓ પાસેથી ધર્મશ્રવણ કરી દીક્ષા અંગીકાર કરવા ઈચ્છશે પરંતુ પતિનો અધિક આગ્રહ થવાથી તે શ્રમણોપાસિકા બનશે. કાલાંતરે સંયમ ગ્રહણ કરી શુદ્ધ આરાધના કરશે. અંતે એક માસનો સંથારો કરી, આલોચનાદિ કરીને સમાધિભાવે કાલધર્મને પ્રાપ્ત કરશે.

**(૪) દેવ ભવ : સોમા :–** સોમા સાધ્વી આયુષ્ય પૂર્ણ કરીને પ્રથમ દેવલોકમાં ઈન્દ્રના સામાનિક દેવપણે ઉત્પન્ન થશે. ત્યાંની બે સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરશે.

**(૫) મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય ભવ :–** દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય રૂપે જન્મ ધારણ કરી, સંયમ–તપની સાધના દ્વારા સર્વ કર્મોનો ક્ષય કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

આ રીતે બહુપુત્રિકા દેવીની ભવ પરંપરાથી કર્મનો સિદ્ધાંત સ્પષ્ટ થાય છે તેમજ આસક્તિની પરંપરા તૂટે, ત્યાર પછી જ મોક્ષ સુધીનો આત્મવિકાસ થઈ શકે છે, તેમ સમજાય છે.

❖❖❖❖❖

# વર્ગ–૩ અધ્ય.–૪

## બહુપુત્રિકાદેવી

### અધ્યયન પ્રારંભ :–

**१ जइ णं भंते ! समणेण भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पुप्फियाणं तच्चस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, चउत्थस्स णं भंते ! अज्झयणस्स पुप्फियाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** જંબૂ સ્વામીએ સુધર્મા સ્વામીને પૂછ્યું– હે ભગવન્ ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકાના ત્રીજા અધ્યયનના ભાવનું આ પ્રમાણે વર્ણન કર્યું છે તો હે ભગવન્ ! તે મુક્તિપ્રાપ્ત ભગવાન મહાવીરે પુષ્પિકાના ચોથા અધ્યયનમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

### ભગવાન મહાવીરનું પદાર્પણ :–

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे । गुणसीलए चेइए । सेणिए राया । सामी समोसढे । परिसा णिग्गया ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાલે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશીલ નામનું ઉદ્યાન હતું. તે નગરમાં રાજા શ્રેણિક નિવાસ કરતા હતા. એકદા ત્યાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ ધર્મદેશના સાંભળવા નીકળી.

### બહુપુત્રિકાદેવીનું દર્શનાર્થે આગમન :–

**३ तेणं कालेणं तेणं समएणं बहुपुत्तिया देवी सोहम्मे कप्पे, बहुपुत्तिए विमाणे, सभाए सुहम्माए, बहुपुत्तियंसि सीहासणंसि, चउहिं सामाणियसाहस्सीहिं चउहिं महत्तरियाहिं एवं जहा सूरियाभे** *जाव* **विहरइ; इमं च णं केवलकप्पं जंबुद्दीवं विउलेणं ओहिणा आभोएमाणी आभोएमाणी पासइ, पासित्ता य समणं भगवं महावीरं, जहा सूरियाभो** *जाव* **णमंसित्ता सीहासणवरंसि पुरत्थाभिमुहा सण्णिसण्णा।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે સૌધર્મકલ્પના બહુપુત્રિક વિમાનની સુધર્માસભામાં બહુપુત્રિકા દેવી

હતી. તે બહુપુત્રિક સિંહાસન ઉપર, ચાર હજાર સામાનિક દેવીઓ અને ચાર હજાર મહત્તરિકા–મુખ્ય દેવીઓની સાથે ***યાવત્*** સૂર્યાભદેવની જેમ સુખ ભોગવતી રહેતી હતી. તે સમયે તેણે પોતાના વિપુલ અવધિજ્ઞાનથી આ સંપૂર્ણ જંબૂદ્વીપ નામના દ્વીપને જોયો અને સાથે રાજગૃહનગરમાં પધારેલા ભગવાન મહાવીર સ્વામીને જોયા, જોઈને સૂર્યાભદેવની જેમ સિંહાસન ઉપરથી ઊભી થઈ અને તે દિશામાં સાત આઠ પગલાં જઈને, પ્રભુને વંદના નમસ્કાર કરીને, પોતાના શ્રેષ્ઠ સિંહાસન ઉપર પૂર્વ દિશા તરફ મોઢુ રાખીને બેઠી.

**૪ तए णं तीसे बहुपुत्तियादेवीए इमेयारूवे अज्झत्थिए** *जाव* **मणोगयसंकप्पे समुप्पण्णे** *जाव* **आभिओगे देवे सद्दावेइ, एवं जहा सूरियाभे णवरं जोयणसहस्स-वित्थिण्णं जाणविमाणं विउव्वइ** *जाव* **उत्तरिल्लेणं णिज्जाणमग्गेण जोयणसाहस्सिएहिं विग्गहेहिं आगया** *जाव* **विणएणं पंजलिउडा पज्जुवासइ । धम्मकहा समत्ता ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે બહુપુત્રિકા દેવીને પ્રભુ દર્શનના ભાવ જાગૃત થયા તેમજ મનોગત સંકલ્પ વગેરે ઉત્પન્ન થયા. તેણે આભિયોગિક(સેવક) દેવોને બોલાવ્યા. આ રીતે સૂર્યાભદેવની જેમ પ્રભુ દર્શન માટે જવાનું સંપૂર્ણ કથન કરવું. વિશેષતા એ છે કે તેની આજ્ઞા પ્રમાણે આભિયોગિક દેવોએ હજાર યોજનના વિમાનની વિકુવર્ણા કરી અને દેવલોકથી નીકળવાના ઉત્તરદિશાના માર્ગેથી નીકળીને હજારો યોજનની વિગ્રહ–અંતરાલ ગતિએ ચાલતાં યાન–વિમાન દ્વારા તે દેવી ભગવાનના સમવસરણમાં આવી ***યાવત્*** વિનયપૂર્વક હાથ જોડીને પ્રભુની પર્યુપાસના કરવા લાગી. ભગવાને ધર્મદેશના આપી; ધર્મદેશના પૂર્ણ થઈ.

**૫ तए णं सा बहुपुत्तिया देवी जहा सूरियाभे** *जाव* **"अणुजाणउ मे भगवं" त्ति कट्टु** *जाव* **दाहिणं भुयं पसारेइ, पसारित्ता देवकुमाराणं अट्ठसयं, देवकुमारियाण य वामाओ भुयाओ अट्ठसयं णिग्गच्छइ । तयाणंतरं च णं बहवे दारगा य दारियाओ य डिम्भए य डिम्भियाओ य विउव्वइ । णट्टविहिं जहा सूरियाभो तहा उवदंसेइ** *जाव* **जामेव दिसिं पाउब्भूया तामेव दिसिं पडिगया ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે બહુપુત્રિકા દેવીએ સૂર્યાભ દેવની સમાન પ્રભુની સમક્ષ પોતાની નાટ્ય પ્રદર્શનની ઈચ્છા પ્રગટ કરી. પ્રભુ તરફથી કોઈ ઉત્તર ન મળતાં "હે ભગવન્ ! આપની આજ્ઞા છે," એમ કહીને ***યાવત્*** પોતાની જમણી ભુજા(હાથ)ને ફેલાવીને તેમાંથી એકસો આઠ દેવકુમારોને કાઢ્યા અને ડાબી ભુજાને ફેલાવી એકસો આઠ દેવકુમારીઓને કાઢી, ત્યાર પછી તે દેવીએ ઘણાં દારક અને દારિકાઓ–મોટી ઉંમરના છોકરા, છોકરીઓ અને ડિમ્ભક, ડિમ્ભિકાઓ–નાની ઉંમરના બાલક બાલિકાઓને વૈક્રિય–શક્તિથી બનાવ્યા. ત્યાર પછી સૂર્યાભદેવની જેમ નાટ્યવિધિ બતાવીને, ભગવાનને વંદના નમસ્કાર કરીને પોતાના યાન–વિમાનમાં બેસીને જે દિશામાંથી આવી હતી તે દિશામાં અર્થાત્ સ્વસ્થાને પાછી ગઈ.

### વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં બહુ પુત્રિકા દેવીની જિન ધર્મ પ્રતિ શ્રદ્ધા અને ભક્તિનું દિગ્દર્શન છે. દેવલોકના

દિવ્ય ભોગની વચ્ચે પણ અવધિજ્ઞાન દ્વારા પ્રભુના દર્શન થતાં જ, સિંહાસન ઉપરથી નીચે ઉતરવું, સાત આઠ કદમ પ્રભુની દિશામાં જવું, દેવલોકમાંથી જ પ્રભુને ભાવ વંદન કરવા, ત્યાર પછી તુરંત જ સાક્ષાત્ પ્રભુના દર્શનાર્થે આવવાની તૈયારી વગેરે પ્રત્યેક ક્રિયા તેની જિન ભક્તિનું સૂચન કરે છે.

બહુપુત્રિકા દેવીએ સંયમની વિરાધના કરી હતી. તેથી તે સ્ત્રીરૂપે–બહુપુત્રિકા દેવીરૂપે ઉત્પન્ન થઈ હતી. તેમ છતાં તપ–સંયમના પ્રભાવે તેણીએ સૂર્યાભ દેવની સમાન દિવ્ય ઋદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમાં વિશેષતા એ છે કે સંયમ વિરાધનામાં પણ તેની ધર્મની શ્રદ્ધા ભક્તિ અને નિષ્ઠા સુરક્ષિત હતી; તેથી તે વૈમાનિક દેવી રૂપે ઉત્પન્ન થઈ અને ત્યાં પણ તેની ધર્મભાવના યથાવત્ રહી હતી. તેથી જ તે પ્રભુના દર્શન કરવા આવી.

## બહુપુત્રિકાદેવી-પૂર્વભવ સુભદ્રા :-

**૬ भंते ! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ** *जाव* **पुच्छा । कूडागारसाला दिट्ठंतो ।**

**ભાવાર્થ :–** દેવીના ગયા પછી ગૌતમ સ્વામીએ ભગવાન મહાવીરને વંદન–નમસ્કાર કર્યા અને હે ભગવન્ ! આ પ્રમાણે સંબોધન કરી તે બહુપુત્રિકાદેવીની ઋદ્ધિના વિલીન થવાના સંબંધમાં પ્રશ્ન કર્યો. ભગવાને કૂટાકારશાળાના દૃષ્ટાંતથી સમજાવ્યું. તે સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું.

**૭ बहुपुत्तियाए णं भंते ! देवीए सा दिव्वा देविड्ढी किण्णा लद्धा पत्ता अभि- समण्णागया ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! બહુપુત્રિકા દેવીને આ પ્રકારની દિવ્ય–દેવઋદ્ધિ આદિ કેવી રીતે મળી, કેવી રીતે પ્રાપ્ત થઈ અને કેવી રીતે તેના ઉપભોગમાં આવી છે ?

**૮ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं वाणारसी णामं णयरी होत्था। अंबसालवणे चेइए । तत्थ तं वाणारसीए णयरीए भद्दे णामं सत्थवाहे होत्था- अड्ढे** *जाव* **अपरिभूए । तस्स णं भद्दस्स सत्थवाहस्स सुभद्दा णामं भारिया सुउमाला वंझा अवियाउरी जाणुकोप्परमाया यावि होत्था ।**

**ભાવાર્થ :–** ઉત્તર– હે ગૌતમ ! તે કાળે અને તે સમયે વારાણસી નામની નગરી હતી. તે નગરીમાં આમ્રશાલવન નામનું ઉદ્યાન હતું. તે વારાણસી નગરીમાં ભદ્ર નામનો સાર્થવાહ રહેતો હતો. તે ધન–ધાન્યાદિથી સમૃદ્ધ ***યાવત્*** બીજાઓથી અપરિભૂત હતો. તે ભદ્ર સાર્થવાહને સુભદ્રા નામની પત્ની હતી. તે અત્યંત સુકુમાર અંગોપાંગવાળી હતી પરંતુ વંધ્યા હોવાથી તેણીએ એક પણ સંતાનને જન્મ આપ્યો ન હતો. તે માત્ર જાનુકુર્પરમાતા હતી અર્થાત્ તેના સ્તનોને કેવળ ગોઠણ અને કોણીઓ જ સ્પર્શ કરતી હતી,

સંતાન નહીં.

**સુભદ્રાને સંતાનપ્રાપ્તિની ઝંખના :–**

**९ तए णं तीसे सुभद्दाए सत्थवाहीए अण्णया कयाइं पुव्वरत्तावरत्तकाले कुडुंबजागरियं जागरमाणीए इमेयारूवे अज्झत्थिए पत्थिए चिंतिए मणोगयसंकप्पे समुप्पजित्था– एवं खलु अहं भद्देणं सत्थवाहेणं सद्धिं विउलाइं भोगभोगाइं भुंजमाणी विहरामि, णो चेव णं अहं दारगं वा दारियं वा पयाया । तं धण्णाओ णं ताओ अम्मयाओ, सपुण्णाओ णं ताओ अम्मयाओ, कयत्थाओ णं ताओ अम्मयाओ, सुलद्धे णं तासिं अम्मयाणं मणुयजम्मजीवियफले, जासिं मण्णे णियकुच्छिसंभूयगाइं थणदुद्धलुद्धगाइं महुरसमुल्लावगाणि मम्मणप्पजंपियाणि थणमूलकक्खदेसभागं अभि– सरमाणगाणि पण्हयंति, पुणो य कोमलकमलोवमेहिं हत्थेहिं गिण्हिऊणं उच्छङ्ग– णिवेसियाणि देंति, समुल्लावए सुमहुरे पुणो पुणो मम्मणप्पभणिए । अहं णं अधण्णा अपुण्णा एत्तो एगमवि ण पत्ता । ओहय मणसंकप्पा *जाव* झियाइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ક્યારેક પૂર્વ કે અપરરાત્રિના સમયે સાંસારિક વિચારણા કરતા સુભદ્રાને આ પ્રકારનો અધ્યવસાય–આત્મભાવ, ઈચ્છા–અભિલાષા, ચિંતન–વિચારણા અને મનોગત સંકલ્પ વિકલ્પ ઉત્પન્ન થયો કે હું ભદ્ર સાર્થવાહની સાથે વિપુલ ભોગોને ભોગવતી સમય વ્યતીત કરું છું પરંતુ આજ સુધીમાં મેં એક પણ સંતાનને જન્મ આપ્યો નથી. તે માતાને ધન્ય છે, તે માતા પુણ્યશીલ છે, તે માતા કૃતાર્થ છે, તે માતાઓને પોતાના મનુષ્ય જન્મ અને જીવનનું ફળ સુંદર રીતે પ્રાપ્ત થયું છે કે જે માતાઓ પોતાના ઉદરથી ઉત્પન્ન થયેલા અને સ્તનના દૂધમાં લુબ્ધ બનેલાં, કર્ણપ્રિય વાણી બોલતાં, તોતડું બોલતાં, સ્તનમૂળ અને કાંખના વચલા ભાગમાં અભિસરણ કરતાં(સરકતાં)સંતાનને દૂધ પીવડાવે છે. પછી કમળ જેવા કોમળ હાથથી લઈને તેને ખોળામાં બેસાડે છે. કર્ણપ્રિય મધુર મધુર શબ્દોથી મનોરંજન કરે છે. પરંતુ હું ભાગ્યહીન, પુણ્યહીન છું કે સંતાન સંબંધી એક પણ સુખ મને મળ્યું નથી. આ પ્રકારના વિચારોથી નિરુત્સાહ થઈને આર્તધ્યાન કરવા લાગી.

**સુવ્રતા આર્યાનું વારાણસીમાં આગમન :–**

**१० तेणं कालेणं तेणं समएणं सुव्वयाओ णं अज्जाओ इरियासमियाओ भासा– समियाओ एसणासमियाओ आयाणभंडमत्तणिक्खेवणासमियाओ उच्चार पासवण खेलजल्लसिंघाणपारिट्ठावणा समियाओ मणगुत्तीओ वयगुत्तीओ कायगुत्तीओ गुत्तिंदियाओ गुत्तबंभयारिणीओ बहुस्सुयाओ**

**बहुपरिवाराओ पुव्वाणुपुव्विं चरमाणीओ गामाणुगामं दूइज्जमाणीओ जेणेव वाणारसी णयरी तेणेव उवागयाओ, उवागच्छित्ता अहापडिरूवं उग्गहं ओगिण्हित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणीओ विहरंति ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાન–ભાંડમાત્ર નિક્ષેપણા સમિતિ, ઉચ્ચાર–પ્રસ્રવણ–શ્લેષ્મ–જલ્લ–સિંઘાણ પરિષ્ઠાપના સમિતિ તે પાંચ સમિતિ અને મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ તે ત્રણ ગુપ્તિથી યુક્ત, ઈન્દ્રિયોનું દમન કરનારા, ગુપ્ત બ્રહ્મચારિણી, બહુશ્રુતા(ઘણાં શાસ્ત્રોમાં નિષ્ણાત) અને વિશાળ પરિવારના ધારક સુવ્રતા નામના આર્યા અનુક્રમે ગ્રામાનુ–ગ્રામ વિહાર કરતાં જ્યાં વારાણસી નગરી હતી ત્યાં આવ્યા, આવીને સંયમ કલ્પાનુસાર યથાયોગ્ય સ્થાન–ઉપાશ્રયની આજ્ઞા લઈને ત્યાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં રહેવા લાગ્યા.

### સુભદ્રાની જિજ્ઞાસા : આર્યાઓનો ઉત્તર :–

**११ तए णं तासिं सुव्वयाणं अज्जाणं एगे संघाडए वाणारसी णयरीए उच्चणीय मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडमाणे भद्दस्स सत्थवाहस्स गिहं अणुप्पविट्ठे । तए णं सुभद्दा सत्थवाही ताओ अज्जाओ एज्जमाणीओ पासइ, पासित्ता हट्ठतुट्ठा खिप्पामेव आसणाओ अब्भुट्ठेइ, अब्भुट्ठित्ता सत्तट्ठ पयाइं अणुगच्छइ, अणुगच्छित्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता विउलेणं असणपाणखाइमसाइमेणं पडिलाभेत्ता एवं वयासी–**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સુવ્રતા આર્યાનો એક સંઘાડો–બે સાધ્વીજીઓ વારાણસી નગરીના સામાન્ય, મધ્યમ અને ઉચ્ચકુળોમાં સામૂહિક ભિક્ષા માટે ફરતાં ફરતાં ભદ્ર સાર્થવાહના ઘેર ગયા. ત્યારે તે સુભદ્રા સાર્થવાહીએ તે આર્યાઓને આવતાં જોયા, જોઈને તે ખુશ થઈ, સંતુષ્ટ થઈ અને તુરત જ પોતાના આસનેથી ઊઠી, ઊઠીને સાત–આઠ પગલાં સામે ગઈ અને વંદન–નમસ્કાર કર્યા. ત્યાર પછી વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ આહારને વહોરાવીને આ પ્રમાણે કહ્યું–

**१२ एवं खलु अहं अज्जाओ ! भद्देणं सत्थवाहेणं सद्धिं विउलाइं भोगभोगाइं भुंजमाणी विहरामि, णो चेव णं अहं दारगं वा दारियं वा पयायामि । तं धण्णाओ णं ताओ अम्मयाओ *जाव* एत्तो एगमवि ण पत्ता ।**

**तं तुब्भेणं अज्जाओ ! बहुणायाओ बहुपढियाओ बहूणि गामागरणगर *जाव* सण्णिवेसाइं आहिंडह, बहूणं राईसरतलवर *जाव* सत्थवाहप्पभिईणं गिहाइं अणुपविसह, अत्थि से केइ कहिंचि विज्जापओए वा मंतप्पओए वा वमणं वा विरेयणं वा वत्थिकम्मे वा ओसहे वा भेसज्जे वा उवलद्धे, जेणं अहं दारगं वा**

**दारियं वा पयाएज्जा ?**

**ભાવાર્થ :–** હે સાધ્વીજીઓ ! હું ભદ્ર સાર્થવાહની સાથે અનેક પ્રકારના વિપુલ ભોગ ભોગવી રહી છું, પરંતુ આજ સુધી મેં એક પણ સંતાનને જન્મ આપ્યો નથી. તે માતાઓને ધન્ય છે, તે પુણ્યશીલ છે જે સંતાનનું સુખ ભોગવે છે ***યાવત્*** હું અધન્યા, પુણ્યહીના છું જેથી મેં સંતાનના એક પણ સુખને પ્રાપ્ત કર્યું નથી.

હે દેવાનુપ્રિયો ! આપ ઘણા જ્ઞાની છો, ઘણા શિક્ષિત છો અને ઘણા ગામ, નગર ***યાવત્*** દેશોમાં વિચરો છો. અનેક રાજા, ઈશ્વર, તલવર સાર્થવાહ આદિના ઘરોમાં ભિક્ષા લેવા માટે પ્રવેશ કરો છો, તો શું કોઈ વિદ્યાપ્રયોગ, મંત્ર પ્રયોગ, વમન, વિરેચન, બસ્તિકર્મ, ઔષધ અથવા ભેષજ એવું કાંઈ જાણો છો કે જેથી હું પુત્ર કે પુત્રીને જન્મ આપું ?

**१३ तए णं ताओ अज्जाओ सुभद्दं सत्थवाहिं एवं वयासी– अम्हे णं देवाणुप्पिए! समणीओ णिग्गंथीओ इरियासमियाओ** *जाव* **गुत्तबंभयारिणीओ । णो खलु कप्पइ अम्हं एयमट्ठं कण्णेहि वि णिसामेत्तए किमङ्ग पुण उद्दिसित्तए वा समायरित्तए वा ? अम्हे णं देवाणुप्पिए ! णवरं तव विचित्तं केवलिपण्णत्तं धम्मं परिकहेमो ।**

**ભાવાર્થ :–** ત્યારે સાધ્વીજીઓએ સુભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! અમે નિર્ગ્રંથી શ્રમણીઓ–સાધ્વીજીઓ છીએ. ઈર્યાસમિતિ આદિ સમિતિ અને ત્રણ ગુપ્તિથી યુક્ત, ઈન્દ્રિયોનું દમન કરનારા, ગુપ્ત બ્રહ્મચારિણી છીએ. અમોને આવી વાતો કાનથી સાંભળવી પણ કલ્પતી નથી તો પછી તેનો ઉપદેશ અથવા આચરણ કેવી રીતે કરીએ ? પણ હે દેવાનુપ્રિયે ! અમે તમને કેવળી પ્રરૂપિત દાન–શીલ આદિ અનેક પ્રકારના ધર્મનો ઉપદેશ સંભળાવી શકીએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સુભદ્રા સાર્થવાહીની સાંસારિક મનોવૃત્તિનું અને સાધ્વીજીઓની સંયમભાવની પરિપક્વતાનું દિગ્દર્શન છે.

ગૃહસ્થો સાધુ–સાધ્વીઓ પ્રતિ શ્રદ્ધા અને ભક્તિ ભાવ રાખે છે, તેમની યથા યોગ્ય સેવા પણ કરે છે, પરંતુ ક્યારેક તેઓ ભાવાવેગમાં વિવેકને ભૂલી જાય છે અને સંસાર ત્યાગી, આત્મભાવમાં રમણ કરતા સંત સતીજીઓને ગૃહસ્થ જીવન સંબંધિત અનેક પ્રશ્નો પૂછે છે. પોતાની સમસ્યાનું સમાધાન ઈચ્છે છે. આ પરિસ્થિતિમાં સાધુ–સાધ્વીઓએ કેવી રીતે સાવધાન રહેવું જોઈએ તે સુભદ્રા સાર્થવાહી અને સુવ્રતા આર્યા વચ્ચેના વાર્તાલાપથી સમજી શકાય છે.

સુભદ્રાને સંતાન પ્રાપ્તિની તીવ્રતમ ઝંખના હતી. સાધ્વીજીને આહાર દાન આપીને, ત્યાં જ સંતાન પ્રાપ્તિ માટેના મંત્ર, તંત્ર, ઔષધ, ભેષજ આદિ ઉપાય પૂછી લીધા, ત્યારે સંયમમાં સાવધાન સાધ્વીજીએ

વિવેકપૂર્વક સાધ્વાચારને ઉચિત ઉત્તર આપ્યો અને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું.

**विचित्तं केवली पण्णत्तं धम्मं :–** વિચિત્રનો અર્થ છે વિશિષ્ટ, અદ્‌ભુત, વિવિધ, આશ્ચર્ય ઉત્પન્ન કરાવનાર. કેવલી ભાષિત અહિંસા પ્રધાન, દયા પ્રધાન અને અનેક વિશેષતાઓથી યુક્ત હોય છે. તેમાં ગતાનુગતિક સંસારી લોકોને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા તત્ત્વો અને આચરણના સિદ્ધાંતો હોવાથી તેને અહીં વિચિત્ર વિશેષણથી સૂચિત કર્યો છે. કેવલી પ્રરૂપિત ધર્મના બે પ્રકાર છે– સાધ્વાચાર અને શ્રાવકાચાર.

**શ્રાવકાચારની વિચિત્રતાઓ–વિશેષતાઓ :–** કેવલીપ્રજ્ઞપ્ત શ્રાવકાચારનું પાલન કરનાર ગૃહસ્થના વિચાર વર્તન ખાનપાન, જીવન વ્યવહારમાં ક્રમશઃ અનેક પ્રકારની વિશેષતા આવી જાય છે. તેઓની ભાષા પણ વિવેકપૂર્ણ થઈ જાય છે. જ્ઞાતાધર્મકથા સૂત્રમાં વર્ણિત સુબુદ્ધિ પ્રધાનના દષ્ટાંતથી સમજાય છે કે શ્રાવકો ક્યારે ય સારી ચીજની પ્રશંસા અનુમોદના અને ખરાબ ચીજની નિંદા ઘૃણાપણ કરે નહીં પરંતુ તટસ્થ રહે છે. શ્રાવક વ્રતોમાં ઊંડે ઉતરેલ વ્યક્તિની સાંસારિક વૃત્તિ વિલીન થઈ જાય છે અર્થાત્ સાંસારિક રુચિ ઓછી થઈ જાય છે. તેઓનું જીવન વ્યવહાર વૈરાગ્યયુક્ત થઈ જાય છે. તેથી હરવા–ફરવા, સેલ સપાટા, મોજ–શોખ, દર્શનીય સ્થળો જોવા વગેરે પ્રવૃત્તિઓમાં તે ઉદાસીન થઈ જાય છે. કર્મબંધનાં ઘણાં કાર્યોથી તે સાવધાન બની જાય છે. ક્રમિક વિકાસ કરતાં ઉપર ઉઠતાં તે શ્રાવક સ્નાન ત્યાગી, કુશીલ ત્યાગી અને ભિક્ષા જીવી પડિમાધારી શ્રાવક થઈ જાય છે. તેમાં એક અવસ્થા એવી પણ આવી જાય છે કે કોઈ દેવ તેની સામે તેના પુત્રોની હત્યાનો દેખાવો કરી દે અને ધર્મવ્રત છોડવાનું કહે તો પણ તે નિશ્ચલ રહે છે. આવી અનેક બાબતોથી લોકમાં શ્રાવક ધર્મની વિચિત્રતા અર્થાત્ વિશેષતા સહેજે સમજાય જાય છે.

**સાધ્વાચારની વિચિત્રતાઓ–વિશેષતાઓ :–** જૈન સાધ્વાચાર તો લોકોની દષ્ટિમાં અનેકાનેક વિશેષતાઓ અર્થાત્ આશ્ચર્ય ઉત્પન્ન થાય તેવા આચરણોથી અને વ્યવહારોથી પરિપૂર્ણ છે જ. તે જૈન શ્રમણોની ચાલવાની, બોલવાની, રહેવાની, ખાવાની, મલ–મૂત્ર ત્યાગવાની, ગૌચરી ગવેષણાની, પ્રતિ–લેખન પ્રમાર્જનની પ્રવૃત્તિ વગેરે અનેક રીત–ભાત લોકોમાં નૂતન અને આશ્ચર્યકારી હોય છે. તે સિવાય આજીવન બ્રહ્મચર્ય પાલન, સ્નાન ત્યાગ, પગરખા ત્યાગ, વાહન ત્યાગ, પરિગ્રહ ત્યાગ, અગ્નિ અને સ્ત્રી આદિના સંઘટાનો ત્યાગ, દાઢી–મૂંછ અને મસ્તકના વાળોના લોચ કરવો, સદા મુખ પર મુખવસ્ત્રિકા બાંધીને રહેવું, રાત્રિમાં ખાવા–પીવાનો આજીવન ત્યાગ, જીવનભર પગપાળા વિહાર, વર્ષામાં ગોચરી ન જવું વગેરે કેટલા ય નિયમ ઉપનિયમો સામાન્ય લોકોને માટે આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવા હોય છે.

આ કારણે શાસ્ત્રોમાં અનેક સ્થળે **विचित्तं** વિશેષણ દ્વારા કેવલી પ્રરૂપિત ધર્મનું માહાત્મ્ય દર્શાવવામાં આવ્યું છે.

## સુભદ્રાનું શ્રાવકવ્રત ગ્રહણ :–

**१४ तए णं सा सुभद्दा सत्थवाही तासिं अज्जाणं अंतिए धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठा ताओ अज्जाओ तिक्खुत्तो वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं अज्जाओ ! णिग्गंथं पावयणं, पत्तियामि णं**

**अज्जाओ ! णिग्गंथं पावयणं, रोएमि णं अज्जाओ ! णिग्गंथं पावयणं । एवमेयं तहमेयं अवितहमेयं** *जाव* **से जहेयं तुब्भे वयह । इच्छामि णं अहं तुब्भं अंतिए सावगधम्मं पडिवज्जित्तए । अहासुहं देवाणुप्पिए ! मा पडिबंधं करेह ।**

**तए णं सा सुभद्दा सत्थवाही तासिं अज्जाणं अंतिए सावगधम्मं पडिवज्जइ, पडिवज्जित्ता ताओ अज्जाओ वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता पडिविसज्जेइ । तए णं सा सुभद्दा सत्थवाही समणोवासिया जाया– अभिगयजीवाजीवा** *जाव* **पडि- लाभेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સુભદ્રા સાર્થવાહી સાધ્વીજીઓ પાસેથી ધર્મ સાંભળીને, હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ–તુષ્ટ થઈ અને તે સાધ્વીજીઓને ત્રણ વાર વંદન–નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! હું નિર્ગ્રંથ–પ્રવચન પર શ્રદ્ધા કરું છું, વિશ્વાસ કરું છું, નિર્ગ્રંથ પ્રવચન પર મારી રુચિ થઈ છે ***યાવત્*** આપે જે ઉપદેશ આપ્યો છે તે સત્ય છે, તથ્ય છે અને નિઃસંદેહ–સર્વથા સત્ય છે. હું આપની પાસે શ્રાવકધર્મનો સ્વીકાર કરવા ઈચ્છું છું. તે આર્યાઓએ કહ્યું– હે દેવાનુપ્રિયે ! આપને જેમ સુખ થાય તેમ કરો પરંતુ ધર્મ કાર્યમાં પ્રમાદ ન કરો.

ત્યાર પછી સુભદ્રા સાર્થવાહીએ તે આર્યાઓની પાસે શ્રાવકધર્મ અંગીકાર કર્યો અને તે આર્યાઓને વંદન–નમસ્કાર કરીને વિદાય આપી. આ રીતે તે સુભદ્રા સાર્થવાહી શ્રમણોપાસિકા–શ્રાવિકા બની ગઈ; જીવાજીવની જાણકાર થઈ ***યાવત્*** શ્રમણ નિર્ગ્રંથોને પ્રતિલાભિત કરતી રહેવા લાગી.

### સુભદ્રાનો દીક્ષાનો સંકલ્પ :–

**१५ तए णं तीसे सुभद्दाए समणोवासियाए अण्णया कयाइ पुव्वरत्तावरत्तकाल- समयंसि कुडुंबजागरियं जागरमाणीए अयमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था– एवं खलु अहं भद्देणं सत्थवाहेणं विउलाइं भोगभोगाइं भुंजमाणी विहरामि, णो चेव णं अहं दारगं वा दारियं वा पयामि । तं सेयं खलु ममं कल्लं** *जाव* **जलंते भद्दं सत्थवाहं आपुच्छित्ता सुव्वयाणं अज्जाणं अंतिए मुंडा भवित्ता अगाराओ वा अणगारियं पव्वइत्तए; एवं संपेहेइ, संपेहित्ता जेणेव भद्दे सत्थवाहे तेणेव उवागया, करयल परिग्गहियं** *जाव* **एवं वयासी– एवं खलु अहं देवाणुप्पिया ! तुब्भेहिं सद्धिं बहूइं वासाइं विउलाइं भोगभोगाइं भुंजमाणी विहरामि, णो चेव णं दारगं वा दारियं वा पयामि । तं इच्छामि णं देवाणुप्पिया ! तुब्भेहिं अब्भणुण्णाया समाणी सुव्वयाणं अज्जाणं अंतिए** *जाव* **पव्वइत्तए ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી તે સુભદ્રા શ્રાવિકાને એક વાર મધ્યરાત્રિએ સાંસારિક ચિંતન કરતાં આ પ્રકારનો અધ્યવસાય– વિચાર આવ્યો કે– 'હું ભદ્રસાર્થવાહની સાથે વિપુલ ભોગોને ભોગવતી સમય વ્યતીત કરું છું પરંતુ આજ સુધી મને એક પણ સંતાન થયું નથી. મારે માટે તે જ શ્રેષ્ઠ છે કે હું કાલે સૂર્યોદય થાય ત્યારે ભદ્ર સાર્થવાહને પૂછીને સુવ્રતા સાધ્વીજીની પાસે ગૃહત્યાગ કરી, મુંડિત થઈ દીક્ષા અંગીકાર કરું.' તેણે આવો વિચાર કર્યો, વિચાર કરીને ભદ્ર સાર્થવાહની પાસે આવી અને હાથ જોડીને આ પ્રમાણે કહ્યું– "હે દેવાનુપ્રિય ! હું આપની સાથે ઘણાં વર્ષોથી વિપુલ ભોગોને ભોગવી રહી છું. પરંતુ મેં એક પણ બાળકને જન્મ આપ્યો નથી. તેથી હું આપની આજ્ઞા લઈને સુવ્રતા આર્યાજીની પાસે દીક્ષા ગ્રહણ કરવાની ઈચ્છા રાખું છું."

**१६ तए णं से भद्दे सत्थवाहे सुभद्दं सत्थवाहिं एवं वयासी– मा णं तुमं देवाणुप्पिए ! मुंडा *जाव* पव्वयाहि । भुंजाहि ताव देवाणुप्पिए ! मए सद्धिं विउलाइं भोगभोगाइं, तओ पच्छा भुत्तभोई सुव्वयाणं अज्जाणं *जाव* पव्वयाहि ।**

**तए णं सुभद्दा सत्थवाही भद्दस्स एयमट्ठं णो आढाइ णो परियाणइ । दोच्चं पि तच्चं पि भद्दं सत्थवाहं एवं वयासी– इच्छामि णं देवाणुप्पिया ! तुब्भेहिं अब्भणुण्णाया समाणी *जाव* पव्वइत्तए ।**

**तए णं से भद्दे सत्थवाहे जाहे णो संचाएइ बहूहिं आघवणाहि य, पण्णवणाहि य सण्णवणाहि य विण्णवणाहि य आघवित्तए वा पण्णवित्तए वा, सण्णवित्तए वा विण्णवित्तए वा, ताहे अकामए चेव सुभद्दाए णिक्खमणं अणुमण्णित्था ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી તે ભદ્ર સાર્થવાહે સુભદ્રા સાર્થવાહીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! તમે હમણાં મુંડિત ***યાવત્*** પ્રવ્રજિત ન થાઓ પરંતુ મારી સાથે વિપુલ ભોગોને ભોગવો અને ભુક્તભોગી થઈને ત્યાર પછી સુવ્રતા આર્યાની પાસે મુંડિત થઈ, ગૃહત્યાગ કરી, પ્રવજ્યા અંગીકાર કરજો.

સુભદ્રા સાર્થવાહીએ ભદ્ર સાર્થવાહના આ વચનો માન્યા નહી,સ્વીકાર્યા નહીં અને બીજીવાર, ત્રીજીવાર પણ ભદ્ર સાર્થવાહને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! આપની આજ્ઞા લઈને હું દીક્ષા અંગીકાર કરવાની ઈચ્છા રાખું છું.

ત્યાર પછી તે ભદ્ર સાર્થવાહ અનેક પ્રકારે અનુકૂળ અને પ્રતિકૂળ ઘણી યુક્તિઓથી, પ્રજ્ઞપ્તિઓથી (પ્રવજિત ન થાઓ, સંયમ માર્ગ કઠિન છે તેવા વિશેષ કથનથી) સંજ્ઞપ્તિથી (ભોગ ભોગવ્યા પછી સંયમ સહજ બને એમ સમજાવવાથી) અને વિજ્ઞપ્તિઓથી(સંયમની દઢતાની પરીક્ષારૂપ કથનથી) તેને સમજાવવામાં, મનાવવામાં સમર્થ ન થયો તેથી તેણે અનિચ્છાએ સુભદ્રાને પ્રવ્રજિત થવાની આજ્ઞા આપી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સુભદ્રા સાર્થવાહીના આત્મભાવોની વિશુદ્ધિ પ્રગટ થાય છે. તેણીએ ધર્મશ્રવણ અને સત્સંગના પ્રભાવે શ્રાવક વ્રતનો સ્વીકાર કર્યો. વ્રતપાલન કરતાં કરતાં તેના સર્વ સંગ ત્યાગના ભાવ પરિપક્વ બન્યા અને પતિની આજ્ઞા મેળવી સંયમ માર્ગે પ્રયાણ કરવા કટિબદ્ધ બની.

## સુભદ્રાની દીક્ષા વિધિ :–

**૧૭ तए णं से भद्दे सत्थवाहे विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेइ, मित्तणाइ** *जाव* **आमंतेइ । तओ पच्छा भोयण वेलाए** *जाव* **मित्तणाइ सक्कारेइ सम्माणेइ। सुभद्दं सत्थवाहिं ण्हायं** *जाव* **सव्वालंकारविभूसियं पुरिससहस्सवाहिणिं सीयं दुरूहेइ।**

**तएणं से भद्दे सत्थवाहे मित्तणाइ** *जाव* **सद्धिं संपरिवुडे सव्विड्ढीए** *जाव* **रवेणं वाणारसीणयरीए मज्झंमज्झेणं जेणेव सुव्वयाणं अज्जाणं उवस्सए, तेणेव उवागच्छइ, उवागच्छित्ता पुरिससहस्सवाहिणिं सीयं ठवेइ, सुभद्दं सत्थवाहिं सीयाओ पच्चोरुहेइ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ભદ્ર સાર્થવાહે વિપુલ પ્રમાણમાં અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ભોજન તૈયાર કરાવ્યું અને પોતાના સર્વ મિત્રો, જ્ઞાતિબંધુઓ, સ્વજનો, સંબંધીઓ, પરિચિતોને આમંત્રણ આપ્યું અને ભોજનના સમયે ભોજન કરાવી તે મિત્રો આદિનો સત્કાર–સન્માન કર્યો અને સ્નાન કરી સર્વ અલંકારોથી વિભૂષિત થયેલી સુભદ્રા સાર્થવાહીને હજાર પુરુષો વહન કરી શકે તેવી પાલખીમાં બેસાડી. ત્યાર પછી તે ભદ્ર સાર્થવાહ મિત્ર, જ્ઞાતિજન, સ્વજન–સંબંધીઓથી પરિવૃત્ત, ભવ્ય ૠદ્ધિ–વૈભવ સાથે ***યાવત્*** ભેરી આદિ વાદ્યોના નાદ સહિત વારાણસી નગરીની મધ્યમાં થઈને જ્યાં સુવ્રતા આર્યાનો ઉપાશ્રય હતો ત્યાં આવ્યો, આવીને તે હજાર પુરુષોએ ઉપાડેલી તે શિબિકાને ઊભી રાખી અને સુભદ્રા સાર્થવાહીને શિબિકામાંથી નીચે ઉતારી.

**૧૮ तए णं भद्दे सत्थवाहे सुभद्दं सत्थवाहिं पुरओ काउं जेणेव सुव्वया अज्जा तेणेव उवागच्छइ, उवागच्छित्ता सुव्वयाओ अज्जाओ वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! सुभद्दा सत्थवाही ममं भारिया इट्ठा कंता,** *जाव* **एस णं देवाणुप्पिया ! संसारभउव्विग्गा, भीया जम्ममरणाणं; देवाणुप्पियाणं अंतिए मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वयाइ । तं एयं णं अहं देवाणुप्पियाणं सीसिणिभिक्खं दलयामि । पडिच्छंतु णं देवाणुप्पिया ! सीसिणिभिक्खं । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી ભદ્ર સાર્થવાહ સુભદ્રાસાર્થવાહીને આગળ કરીને સુવ્રતા આર્યાની પાસે આવ્યો,

આવીને સુવ્રતા આર્યાને વંદન–નમસ્કાર કર્યા; વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય ! આ સુભદ્રા સાર્થવાહી મારી પત્ની છે તે મને અત્યંત ઈષ્ટ અને કાંત(પ્રિય) છે ***યાવત્*** હે દેવાનુપ્રિયે ! હવે તે સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈને, જન્મ મરણથી ભયભીત થઈને, આપની પાસે મુંડિત થઈ, ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી, દીક્ષિત થવા માટે તત્પર થઈ છે. તેથી હે દેવાનુપ્રિયે ! હું આપને આ શિષ્યારૂપ ભિક્ષા આપી રહ્યો છું. હે દેવાનુપ્રિયે ! આ શિષ્યારૂપ ભિક્ષાનો સ્વીકાર કરો.

ભદ્ર સાર્થવાહે આ પ્રમાણે કહ્યું ત્યારે સુવ્રતા આર્યાએ કહ્યું– હે દેવાનુપ્રિયે ! આપને સુખ ઉપજે તેમ કરો, શુભ કાર્યમાં વિલંબ ન કરો.

**१९ तए णं सा सुभद्दा सत्थवाही सुव्वयाहिं अज्जाहिं एवं वुत्ता समाणी हट्ठतुट्ठा** *जाव* **सयमेव आभरणमल्लालंकारं ओमुयइ, ओमुइत्ता सयमेव पंचमुट्ठियं लोयं करेइ, करित्ता जेणेव सुव्वयाओ अज्जाओ तेणेव उवागच्छइ, उवागच्छित्ता सुव्वयाओ अज्जाओ तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**आलित्ते णं भंते ! लोए, पलित्ते णं भंते ! लोए, आलित्त–पलित्तेणं भंते ! लोए, जराए मरणेणं य एवं जहा देवाणंदा तहा पव्वइया** *जाव* **अज्जा जाया इरिया– समिया** *जाव* **गुत्तबंभयारिणी ।**

**ભાવાર્થ :–** સુવ્રતા સાધ્વીજીએ આ પ્રમાણે કહ્યું ત્યારે તે સુભદ્રા સાર્થવાહી હર્ષિત થઈ, સંતુષ્ટ થઈ અને તેણે એક બાજુ જઈને સ્વયમેવ વસ્ત્ર, માળા અને આભૂષણોને ઉતાર્યા, ઊતારીને સ્વયમેવ પંચમુષ્ટિ લોચ કર્યો, લોચ કરીને જ્યાં સુવ્રતા આર્યા હતાં ત્યાં આવી, આવીને સુવ્રતા આર્યાને ત્રણ વાર આદક્ષિણા–પ્રદક્ષિણાપૂર્વક(આવર્તનપૂર્વક) વંદન નમસ્કાર કર્યા, વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું– હે ભંતે ! આ સંસાર આદીપ્ત–જન્મ, જરા, મરણ રૂપ અગ્નિથી બળી રહ્યો છે, પ્રદીપ્ત–અત્યંત બળી રહ્યો છે ઈત્યાદિ, આ રીતે દેવાનંદાની જેમ તે સુવ્રતા આર્યાની પાસે પ્રવ્રજિત થઈ અને પાંચ સમિતિ તથા ત્રણ ગુપ્તિથી સહિત, ઈન્દ્રિયોને નિગ્રહ કરનારી, ગુપ્ત બ્રહ્મચારિણી સાધ્વી બની ગઈ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સુભદ્રાની દીક્ષા વિધિનું કંઈક સંક્ષિપ્ત અને કંઈક વિસ્તૃત કથન છે. તેમજ આ સૂત્રોમાં તત્કાલીન સમાજ અને જૈન ધર્મમાં સ્ત્રીગૌરવ તથા સ્ત્રી સન્માનના ભાવનું નિદર્શન છે.

**जहा देवानंदा :–** ભગવાન મહાવીર પાસે માતા દેવાનંદાએ દીક્ષા ગ્રહણ કરી હતી. તે પ્રસંગનું વિસ્તૃત વર્ણન શ્રી ભગવતી સૂત્ર શતક–૯/૩૩ માં છે, તે પ્રમાણે અહીં જાણવું. અહીં તેના પાઠનો અતિદેશ કર્યો છે. વિસ્તાર માટે જુઓ – ***ભગવતી સૂત્ર ભાગ–૩.***

પ્રસ્તુત સૂત્રોથી જૈન સાધ્વીજીઓનું વિચરણ, ધર્મોપદેશ, ધર્મ પ્રભાવના, દીક્ષા પ્રદાન, શ્રાવક દ્વારા સાધ્વીજીઓને વંદન વગેરે વ્યવહારો સ્પષ્ટ થાય છે.

ભારતીય સંસ્કૃતિના લોક વ્યવહાર આદિ કારણોથી પ્રભુના શાસનમાં પુરુષ જ્યેષ્ઠ કલ્પનો સ્વીકાર કર્યો છે, સાધુને વંદન વ્યવહાર, વિશેષ પદ પ્રદાન વગેરેમાં પુરુષ જ્યેષ્ઠતા છે.

તેમ છતાં જિન શાસનના સમગ્ર વ્યવહારોમાં સ્ત્રી જાતિને સમાન હક છે. જૈન શાસ્ત્રોમાં મુક્તિ પર્યંતની સર્વ યોગ્યતા જણાવીને સ્ત્રી જાતિની મહત્તા પ્રદર્શિત કરી છે. દરેક તીર્થંકરના શાસનમાં સાધ્વીજીઓની સંખ્યા અધિક છે. અનેક શાસ્ત્રોમાં સાધ્વીજીઓના જીવન વર્ણન છે. પ્રસ્તુત શાસ્ત્રમાં પણ ગુરુણીની આજ્ઞા વિના સ્વતંત્ર વિચરનાર સાધ્વીજીઓના શિથિલાચાર અને તેનું પરિણામ બતાવ્યા પછી તેના મોક્ષ પર્યંતનું વર્ણન સન્માનપૂર્વક કર્યું છે. શ્રી જ્ઞાતા સૂત્રમાં સ્ત્રી તીર્થંકર પ્રભુ મલ્લિનાથનું પ્રભાવશાળી વિસ્તૃત જીવન ચરિત્ર વર્ણિત છે. તેમાં પણ સ્ત્રી જાતિનું ગૌરવ દર્શાવેલ છે.

આ પ્રકારના અનેક ઉદાહરણોથી જણાય છે કે જૈનશાસ્ત્રોમાં સ્ત્રીઓના સમ્માન અને આદરથી ભરેલા વર્ણનો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ છે.

## સુભદ્રા આર્યાની બાળકોમાં અનુરાગવૃત્તિ :-

**૨૦ तए णं सा सुभद्दा अज्जा अण्णया कयाइ बहुजणस्स चेडरूवेसु मुच्छिया गिद्धा गढिया अज्झोववण्णा अब्भंगणं च उव्वट्टणं च फासुयपाणं च अलत्तगं च कंकणाणि य अंजणं च वण्णगं च चुण्णगं च खेल्लणगाणि य खज्जल्लगाणि य खीरं च पुप्फाणि य गवेसइ, गवेसित्ता बहुजणस्स दारए य दारिया य कुमारे य कुमारियाओ य डिंभए य डिंभियाओ य, अप्पेगइयाओ अब्भंगेइ, अप्पेगइयाओ उव्वट्टेइ, अप्पेगइयाओ फासुयपाणएणं ण्हावेइ, एवं पाए रयइ, ओट्ठे रयइ, अच्छीणि अंजेइ, उसुए करेइ, तिलए करेइ, दिगिंदलए करेइ, पंतियाओ करेइ, छिज्जाइं करेइ, वण्णएणं समालभइ, चुण्णएणं समालभइ, खेल्लणगाइं दलयइ, खज्जलगाइं दलयइ, खीरभोयणं भुंजावेइ, पुप्फाइं ओमुयइ, पाएसु ठवेइ, जंघासु ठवेइ, एवं उरूसु उच्छंगे कडीए पिट्ठे उरंसि खंधे सीसे य ठवेइ, करयलपुडेणं गहाय हलउलेमाणी हलउलेमाणी आगायमाणी आगायमाणी परिगायमाणी परिगायमाणी पुत्तपिवासं च धूयपिवासं च णत्तुयपिवासं च णत्तिपिवासं च पच्चणुभवमाणी विहरइ ।**

**ભાવાર્થ :-** ત્યાર પછી સુભદ્રા આર્યા ક્યારેક ગૃહસ્થનાં બાળકોમાં મૂર્ચ્છિત, ગૃદ્ધ, અત્યંત અનુરાગ– વાળી અને આસક્ત થઈને તે બાળકોને ચોળવા માટે તેલ, શરીરનો મેલ દૂર કરવા માટે પીઠી, પીવા માટે

પ્રાસુક પાણી, તે બાળકોનાં હાથ–પગ રંગવા માટે મહેંદી આદિ રંજક દ્રવ્ય, કંકણ–હાથમાં પહેરવાના કડાં, અંજન–કાજળ આદિ, વર્ણક–ચંદન, અબીલ આદિ, ચૂર્ણક–સુગંધિત દ્રવ્ય(પાઉડર), ખેલનક–રમકડા, ખાવા માટે ખાજાં આદિ મિષ્ટાન્ન, ખીર, દૂધ અને પુષ્પમાળા (અચેત પુષ્પની માળા) આદિ પદાર્થોની ગવેષણા કરવા લાગી.

પછી તે ગૃહસ્થોનાં છોકરાં–છોકરીઓને, કુમાર–કુમારિકાઓને, બાળક–બાળિકાઓને કોઈને તેલનું માલીશ કરતી હતી, કોઈને પીઠી ચોળતી હતી, કોઈને પ્રાસુકજળથી સ્નાન કરાવતી હતી, કોઈના પગ રંગતી હતી, કોઈના હોઠ રંગતી હતી, કોઈને આંજણ આંજતી હતી, કોઈના લલાટે તિલક કરતી હતી, કોઈને કેશરનું તિલક–બિન્દી(ચાંદલો) લગાડતી હતી, કોઈ બાળકને હીંચકા નાંખતી હતી અને કેટલાંક બાળકોને પંક્તિમાં ઊભા રાખતી, કેટલાંક બાળકોને જુદા–જુદા ઊભા રાખતી હતી, કોઈના શરીરે ચંદન લગાવતી હતી, તો કોઈના શરીરે સુગંધિત પાવડર લગાડતી હતી, કોઈને રમકડાં દેતી, કોઈને ખાવા માટે ખાજા આદિ મિષ્ટાન્ન દેતી, કોઈને દૂધ પીવડાવતી, કોઈના ગળામાં પહેરેલી પુષ્પ–માળાને ઉતારતી, કોઈને પોતાના પગ ઉપર બેસાડતી, કોઈને જંઘા ઉપર બેસાડતી, કોઈને સાથળ ઉપર, કોઈને ખોળામાં, કોઈને કમ્મરમાં, પીઠ ઉપર, છાતી પર, ખંભા પર, માથા ઉપર બેસાડતી તો કોઈને હાથેથી પકડીને હુલરાવતી, હાલરડાં ગાતી, ઊંચા અવાજે ગાતી, પુચકારતી તે પુત્ર પુત્રીની પિપાસા અને પૌત્ર–પૌત્રીઓની લાલસાની પૂર્તિનો અનુભવ કરતી રહેવા લાગી.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં સુભદ્રા સાધ્વીજીની અતૃપ્ત કામનાનું નિદર્શન છે. સર્વસંગ પરિત્યાગ કરવા છતાં અંતરમાં છુપાયેલી સંતાન પ્રાપ્તિની કામના, તેના પરની આસક્તિના સંસ્કાર પુનઃ જાગૃત થતાં તે સુભદ્રા સાધ્વી સંયમી જીવનમાં પણ યેનકેન પ્રકારે પોતાની કામનાની પૂર્તિ કરવામાં નિઃસંકોચપણે પ્રવૃત્ત થઈ ગઈ.

## સુભદ્રા આર્યાનો ગચ્છ ત્યાગ :–

**૨૧ तए णं ताओ सुव्वयाओ अज्जाओ सुभद्दं अज्जं एवं वयासी– अम्हे णं देवाणुप्पिए ! समणीओ णिग्गंथीओ इरियासमियाओ** *जाव* **गुत्तबंभयारिणीओ, णो खलु अम्हं कप्पइ जातककम्मं करेत्तए । तुमं च णं देवाणुप्पिए ! बहुजणस्स चेडरूवेसु मुच्छिया** *जाव* **अज्झोववण्णा अब्भङ्गणं** *जाव* **णत्तुयपिवासं वा पच्चणुभवमाणी विहरसि । तं णं तुमं देवाणुप्पिए ! एयस्स ठाणस्स आलोएहि** *जाव* **पायच्छित्तं पडिवज्जाहि ।**

**ભાવાર્થ :–** તેનું આ પ્રકારનું વર્તન જોઈને સુવ્રતાઆર્યાએ સુભદ્રા આર્યાને કહ્યું– હે દેવાનુપ્રિયે ! આપણે સાંસારિક વિષયોથી વિરકત, ઈર્યા સમિતિ આદિથી યુક્ત ***યાવત્*** ગુપ્ત બ્રહ્મચારિણી નિર્ગ્રંથ

શ્રમણીઓ છીએ તેથી બાળકોનાં લાલન–પાલન, બાલક્રીડા આદિ કૃત્યો આપણા માટે કલ્પનીય નથી. હે દેવાનુપ્રિયે ! તમે ગૃહસ્થનાં બાળકોમાં આસકત, મૂર્ચ્છિત અને અનુરાગી થઈને તેના માલિશ આદિ અકલ્પનીય કાર્ય કરો છો ***યાવત્*** પુત્ર–પુત્રી, પૌત્ર–પૌત્રી આદિની લાલસાપૂર્તિનો અનુભવ કરો છો તેથી હે દેવાનુપ્રિયે ! તમે આવા અકલ્પનીય કાર્યની આલોચના કરો ***યાવત્*** પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરો.

**૨૨ तए णं सा सुभद्दा अज्जा सुव्वयाणं अज्जाणं एयमट्ठं णो आढाइ, णो परि– जाणइ, अणाढायमाणी अपरिजाणमाणी विहरइ । तए णं ताओ समणीओ णिग्गंथीओ सुभद्दं अज्जं हीलेंति, णिदंति, खिंसंति, गरहंति अभिक्खणं अभिक्खणं एयमट्ठं णिवारेंति ।**

**ભાવાર્થ :–** સુવ્રતા આર્યા દ્વારા આ રીતે અકલ્પનીય કાર્યોનો નિષેધ કરવા છતાં પણ તે સુભદ્રા આર્યાએ તે વાતને માની નહીં કે તેના ઉપર ધ્યાન આપ્યું નહીં પરંતુ તે વાતની ઉપેક્ષા કરતી તે જ પ્રકારે વ્યવહાર કરતી રહી.

ત્યારે અન્ય નિર્ગ્રંથ શ્રમણીઓ સુભદ્રા આર્યાની હીલના(તિરસ્કાર) કરતી, નિંદા કરતી, ઠપકો આપતી, ગર્હા કરતી–ભર્ત્સના કરતી અને તેને વારંવાર તે કાર્યો માટે રોકતી હતી.

**૨૩ तए णं तीए सुभद्दाए अज्जाए समणीहिं णिग्गंथीहिं हीलिज्जमाणीए** *जाव* **अभिक्खणं अभिक्खणं एयमट्ठं णिवारिज्जमाणीए अयमेयारूवे अज्झत्थिए** *जाव* **मणोगयसंकप्पे समुप्पज्जित्था– जया णं अहं अगारवासं वसामि तया णं अहं अप्पवसा, जप्पभिइं च णं अहं मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वइया, तप्पभिइं च णं अहं परवसा; पुव्विं च मम समणीओ णिग्गंथीओ आढेंति परिजाणेंति, इयाणिं णो आढेंति णो परिजाणेंति, तं सेयं खलु मे कल्लं** *जाव* **जलंते सुव्वयाणं अज्जाणं अंतियाओ पडिणिक्खमित्ता पाडिएक्कं उवस्सयं उवसंपज्जित्ताणं विहरित्तए, एवं संपेहेइ, संपेहित्ता कल्लं** *जाव* **जलंते सुव्वयाणं अज्जाणं अंतियाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता पाडिएक्कं उवस्सयं उवसंपज्जित्ताणं विहरइ ।**

**तए णं सा सुभद्दा अज्जा अणोहट्टिया अणिवारिया सच्छंदमई बहुजणस्स चेडरूवेसु मुच्छिया** *जाव* **णत्तिपिवासं च पच्चणुभवमाणी विहरइ ॥**

**ભાવાર્થ :–** નિર્ગ્રંથી આર્યાઓ દ્વારા પૂર્વોક્ત પ્રકારે હીલના આદિ કરવાથી અને વારંવાર રોકવાથી તે સુભદ્રા આર્યાને આ પ્રકારનો અધ્યવસાય ***યાવત્*** માનસિક વિચાર ઉત્પન્ન થયો કે જ્યારે હું મારા ઘેર હતી ત્યારે સ્વતંત્ર હતી, હવે જ્યારે ઘર છોડી મુંડિત થઈ, અણગારિક પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે ત્યારથી હું પરતંત્ર થઈ ગઈ છું. પહેલાં જે નિર્ગ્રંથ શ્રમણીઓ મારો આદર કરતી હતી, મારી સાથે પ્રેમપૂર્વક આલાપ–

સંલાપ વ્યવહાર કરતી હતી; તે આજે મારો નથી તો આદર કરતી કે નથી મારી સાથે પ્રેમથી બોલતી. તેથી કાલે પ્રાતઃકાલે સૂર્યોદય થવા પર સુવ્રતા આર્યા પાસેથી નીકળીને પૃથક્ સ્થાન ગ્રહણ કરીને વિચરું, જુદા ઉપાશ્રયમાં રહું, તે મારા માટે યોગ્ય છે. તેણે આ પ્રકારનો સંકલ્પ કર્યો, સંકલ્પ કરીને બીજે દિવસે સૂર્યોદય થતાં તે સુવ્રતા આર્યાને છોડીને નીકળી ગઈ અને અલગ ઉપાશ્રયમાં જઈને એકલી જ રહેવા લાગી.

ત્યાર પછી તે સુભદ્રા આર્યા, ગુરુણી આદિનો અંકુશ ન રહેવાથી, નિરકુંશ અને રોકટોક વિના સ્વેચ્છાચારી થઈને ગૃહસ્થનાં બાળકોમાં આસક્ત–અનુરક્ત થઈને ***યાવત્*** પોતાની પુત્ર–પૌત્ર આદિની લાલસા પૂર્તિનો અનુભવ કરતી રહેવા લાગી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સુભદ્રા સાધ્વીજીની સ્વચ્છંદ વૃત્તિ અને તેનું પરિણામ દર્શાવ્યું છે. સંયમી જીવનમાં પણ પોતાની ઈચ્છા તૃપ્તિમાં અન્ય વ્યક્તિ બાધકરૂપ લાગી ત્યારે તેણે એકાંતનો આશ્રય લઈ પોતાની દુર્વૃત્તિનું પોષણ કર્યું.

સંયોગોનું સર્જન થતાં વ્યક્તિના બાહ્ય જીવનનું પરિવર્તન થાય પરંતુ સંસ્કાર પરંપરાનો જ્યાં સુધી પૂર્ણરૂપે અંત આવતો નથી ત્યાં સુધી તે પ્રવૃત્તિઓ ફરીથી ક્યારેક ચાલુ થઈ જાય છે.

**સુભદ્રા આર્યાની સંલેખના સાથે દેવગતિ :–**

**૨૪ तए णं सा सुभद्दा अज्जा पासत्था पासत्थविहारी, ओसण्णा ओसण्णविहारी, कुसीला कुसीलविहारी, संसत्ता संसत्तविहारी, अहाछंदा अहाछंदविहारी, बहूइं वासाइं सामण्णपरियागं पाउणइ, पाउणित्ता अद्धमासियाए संलेहणाए अत्ताणं झूसेइ झूसित्ता तीसं भत्ताइं अणसणेणं छेदित्ता, तस्स ठाणस्स अणालोइय अपडिकंता कालमासे कालं किच्चा सोहम्मे कप्पे बहुपुत्तियाविमाणे उववायसभाए देवसय- णिज्जंसि देवदूसंतरियाए अंगुलस्स असंखेज्जइभागमेत्ताए ओगाहणाए बहुपुत्तिय- देवित्ताए उववण्णा ।**

**तए णं सा बहुपुत्तिया देवी अहुणोववण्णमेत्ता समाणी पंचविहाए पज्जत्तीए** *जाव* **भासमणपज्जत्तीए । एवं खलु गोयमा ! बहुपुत्तियाए देवीए सा दिव्वा देविड्ढी** *जाव* **अभिसमण्णागया ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સુભદ્રા આર્યા પાસત્થા, પાસત્થવિહારી(શિથિલાચારી), અવસન્ન, અવસન્ન– વિહારી(ખંડિતવ્રતવાળી), કુશીલ, કુશીલવિહારી(આચાર ભ્રષ્ટ), સંસક્ત, સંસક્તવિહારી (ગૃહસ્થો સાથે સંપર્ક રાખનારી) અને સ્વચ્છંદ, સ્વચ્છંદવિહારી(નિરકુંશ) થઈ ગઈ. તેણે ઘણાં વર્ષો સુધી

સંયમ પર્યાયનું પાલન કર્યું, પાલન કરીને અર્ધમાસિક સંલેખનાથી આત્માને ભાવિત કરીને, ત્રીસ ભક્ત (ભોજન)ને અનશન દ્વારા છોડીને અને અકરણીય કાર્યોની, સંયમમાં લાગેલા દોષોની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના જ કાલના સમયે કાળધર્મ પામીને સૌધર્મ દેવલોકના બહુપુત્રિકા વિમાનની ઉપપાત સભાની અંદર દેવદૂષ્યથી આચ્છાદિત દેવશય્યા પર અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ અવગાહનાથી બહુપુત્રિકાદેવી રૂપે ઉત્પન્ન થઈ.

ત્યાર પછી ઉત્પન્ન થતાં જ તે બહુપુત્રિકાદેવીએ ભાષા–મનઃપર્યાપ્તિ પર્યંતની પાંચ પ્રકારની પર્યાપ્તિઓથી પર્યાપ્ત અવસ્થાને પ્રાપ્ત કરી. હે ગૌતમ ! આ પ્રમાણે બહુપુત્રિકાદેવીએ તે દિવ્ય દેવઋદ્ધિ આદિને પ્રાપ્ત કરી છે.

### ગૌતમની પુનઃજિજ્ઞાસા :–

**૨૫ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– बहुपुत्तिया देवी, बहुपुत्तिया देवी ?**

**गोयमा ! बहुपुत्तिया णं देवी जाहे जाहे सक्कस्स देविंदस्स देवरण्णो उवत्थाणियं करेइ, ताहे ताहे बहवे दारए य दारियाओ य डिंभए य डिंभियाओ य विउव्वइ, विउव्वित्ता जेणेव सक्के देविंदे देवराया तेणेव उवागच्छइ, उवागच्छित्ता सक्कस्स देविंदस्स देवरण्णो दिव्वं देविड्ढिं दिव्वं देवज्जुइं दिव्वं देवाणुभावं उवदंसेइ । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ– बहुपुत्तिया देवी बहुपुत्तिया देवी ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે બહુપુત્રિકા દેવી, બહુપુત્રિકા દેવી કહેવાય છે ?

હે ગૌતમ ! બહુપુત્રિકાદેવી જ્યારે જ્યારે દેવોના રાજા શકેન્દ્રની પાસે નાટક કરવા જાય છે ત્યારે ત્યારે તે ઘણાં છોકરાં–છોકરી અને બાળક–બાળિકાઓની વિકુર્વણા કરે, વિકુર્વણા કરીને જ્યાં દેવેન્દ્ર દેવરાજ શક્ર બેઠા હોય, ત્યાં જઈને તે દેવેન્દ્ર શક્રની સમક્ષ પોતાની દિવ્ય દેવઋદ્ધિ (પરિવારાદિ), દિવ્ય દેવદ્યુતિ (શરીર અને આભરણાદિની કાંતિ) અને દિવ્ય દેવાનુભાવ(અદ્ભુત વૈક્રિય શરીરાદિની શક્તિ)– પ્રભાવ– તેજને બતાવે છે. હે ગૌતમ ! તેથી તે બહુપુત્રિકાદેવી કહેવાય છે.

**૨૬ बहुपुत्तियाणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! चत्तारि पलिओवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! બહુપુત્રિકાદેવીની સ્થિતિ કેટલી કહી છે ? હે ગૌતમ ! બહુપુત્રિકાદેવીની સ્થિતિ ચાર પલ્યોપમની છે.

### બહુપુત્રિકાનો ભાવી ભવ : સોમા :–

**૨૭ बहुपुत्तिया णं भंते ! देवी ताओ देवलोगाओ आउक्खएणं भवक्खए**

**णं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गच्छिहिइ कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! इहेव जंबुद्दीवे दीवे भारहे वासे विंझगिरिपायमूले विभेलसण्णिवेसे माहणकुलंसि दारियत्ताए पच्चायाहिइ ।**

**तए णं तीसे दारियाए अम्मापियरो एक्कारसमे दिवसे वीइक्कंते** *जाव* **अयमेयारूवं णामधेज्जं करेंति– होउ णं अम्हं इमीसे दारियाए णामधेज्जं सोमा।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! તે બહુપુત્રિકાદેવી આયુર્દલિક, ભવનિબંધક કર્મ અને સ્થિતિનો ક્ષય થયા પછી દેવલોકમાંથી ચ્યવીને ક્યાં જશે ? ક્યાં જન્મ ધારણ કરશે ?

હે ગૌતમ ! બહુપુત્રિકાદેવી આ જંબુદ્વીપના ભારતવર્ષમાં વિંધ્યપર્વતની તળેટીમાં વિભેલ સન્નિ–વેશમાં બ્રાહ્મણકુળમાં પુત્રી રૂપે જન્મ ધારણ કરશે. ત્યાર પછી તેના માતાપિતા અગિયાર દિવસ વ્યતીત થયા પછી બારમે દિવસે આ પ્રમાણે નામકરણ કરશે–"અમારી આ પુત્રીનું નામ સોમા રહેશે અર્થાત્ તે પોતાની બાળાનું નામ સોમા રાખશે."

### સોમાનું રાષ્ટ્રકૂટ સાથે પાણિગ્રહણ :–

**૨૮ तए णं सोमा उम्मुक्कबालभावा विण्णायपरिणयमेत्ता जोव्वणगमणुप्पत्ता रूवेण य जोव्वणेण य लावण्णेण य उक्किट्ठा उक्किट्ठसरीरा या वि भविस्सइ ।**

**तए णं तं सोमं दारियं अम्मापियरो उम्मुक्कबालभावं विण्णायपरिणयमेत्तं जोव्वण- गमणुप्पत्तं पडिरूविएणं सुक्केणं पडिरूविएणं विणएणं णियगस्स भाइणेज्जस्स रट्ठकूडस्स भारियत्ताए दलइस्सइ ।**

**सा णं तस्स भारिया भविस्सइ इट्ठा कंता** *जाव* **भंडकरण्डगसमाणा तेल्लकेला इव सुसंगोविया चेलपेला इव सुसंपरिहिया रयणकरंडओ विव सुसारक्खिया सुसंगोविया, मा णं सीयं** *जाव* **विविहा रोगायंका फुसंतु ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમા બાલ્યાવસ્થા છોડી, વિષય સુખના પરિજ્ઞાનવાળી યૌવન અવસ્થાને પ્રાપ્ત કરી, રૂપ–યૌવન લાવણ્યથી અત્યંત ઉત્તમ અને ઉત્કૃષ્ટ શરીરવાળી થશે.

માતા–પિતા તે સોમા બાલિકાને વ્યતીત બાલ્યાવસ્થાવાળી, પરિજ્ઞાત વિષયસુખવાળી અને યૌવન અવસ્થામાં આવેલી જાણીને, યથાયોગ્ય ગૃહસ્થોપયોગી ઉપકરણો, ધન, આભૂષણો અને સંપત્તિની સાથે પોતાના ભાણેજ રાષ્ટ્રકૂટની સાથે તેના લગ્ન કરશે.

તે સોમા ભાર્યા તે રાષ્ટ્રકૂટને ઈષ્ટ, કાન્ત થશે ***યાવત્*** તે આભૂષણોની પેટીની સમાન, તેલના સુંદર

વાસણની જેમ યત્નપૂર્વક તેની રક્ષા કરશે, વસ્ત્રોની પેટીની જેમ સારી રીતે સચવાયેલી અને રત્નના કરંડિયાની જેમ સુરક્ષિત તેને શીત, ઉષ્ણ, વાત, પિત્ત, કફ અને સન્નિપાતજન્ય રોગો અને આતંક પણ સ્પર્શ ન કરી શકે તે રીતે હંમેશાં તેની રક્ષા કરશે.

## બહુ સંતાનથી પીડિત સોમા :–

**૨૧** **तए णं सा सोमा माहणी रट्ठकूडेणं सद्धिं विउलाइं भोगभोगाइं भुंजमाणी संवच्छरे संवच्छरे जुयलगं पयायमाणी, सोलसेहिं संवच्छरेहिं बत्तीसं दारगरूवे पयाहिइ । तए णं सोमा माहणी तेहिं बहूहिं दारगेहि य दारियाहि य कुमारेहि य कुमारियाहि य डिंभएहि य डिंभियाहि य अप्पेगइएहिं उत्ताणसेज्जएहि य अप्पेगइएहिं थणियाएहि य अप्पेगइएहिं पीहगपाएहिं अप्पेगइएहिं परंगणएहिं, अप्पेगइएहिं परक्कममाणेहिं अप्पेगइएहिं पक्खोलणएहिं अप्पेगइएहिं थणं मग्गमाणेहिं, अप्पेगइएहिं खीरं मग्गमाणेहिं अप्पेगइएहिं खेल्लणयं मग्गमाणेहिं, अप्पगइएहिं खज्जगं मग्गमाणेहिं, अप्पेगइएहिं कूरं मग्गमाणेहिं, एवं पाणियं मग्गमाणेहिं हसमाणेहिं रूसमाणेहिं अक्कोस– माणेहिं अक्कुस्समाणेहिं हणमाणेहिं हम्ममाणेहिं विप्पलायमाणेहिं, अणुगम्ममाणेहिं रोयमाणेहिं कंदमाणेहिं विलवमाणेहिं कूवमाणेहिं उक्कूवमाणेहिं णिद्धायमाणेहिं पलंब– माणेहिं दहमाणेहिं दंसमाणेहिं वममाणेहिं छेरमाणेहिं मुत्तमाणेहिं मुत्तपुरीसवमिय–सुलित्तोवलित्ता मइलवसणपुच्चडा असुहबीभच्छा परमदुग्गंधा णो संचाएइ रट्ठकूडेणं सद्धिं विउलाइं भोगभोगाइं भुंजमाणी विहरित्तए ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટની સાથે વિપુલ ભોગોને ભોગવતી દર વરસે એક એક સંતાનના જોડલાંને જન્મ આપશે. સોળ વર્ષમાં બત્રીસ બાળકોને જન્મ આપશે. ત્યારે તે સોમા બ્રાહ્મણી ઘણાં નાના, મોટાં બાળકોથી તંગ થઈ જશે. તેના દીકરા, દીકરી, બાળક, બાળાઓ, કુમાર, કુમારિકાઓમાંથી કોઈ લાંબા કાળ સુધી સૂતાં રહેશે, કોઈ રાડો પાડીને રોવા લાગશે, કોઈ ચાલવાની ઈચ્છા કરશે, કોઈ બીજાના ફળીયામાં જતું રહેશે, કોઈ ગોઠણિયા ભર ચાલશે અથવા કોઈ પગ પર ઊભા રહેવા પ્રયત્ન કરશે, કોઈ ચાલતાં ચાલતાં પડી જશે, કોઈ સ્તનને શોધશે, કોઈ દૂધ માંગશે, કોઈ રમકડાં માંગશે, કોઈ ખાજાં આદિ મીઠાઈ માંગશે, કોઈ ભાત માંગશે, કોઈ પાણી માંગશે, કોઈ હસતું રહેશે, કોઈ રીસાઈ જશે, કોઈ ગુસ્સો કરશે, કોઈ કડવાં વચન કહેશે, કોઈ ઝગડો કરશે, પરસ્પર મારપીટ કરશે, મારીને ભાગી જશે, કોઈ તેનો પીછો કરશે, કોઈ મોટા અવાજે રૂદન કરશે, કોઈ ચીસો પાડી પ્રલાપ કરશે, કોઈ આર્ત સ્વરથી રુદન કરશે, કોઈ અવ્યક્ત(ન સમજાય તેવું) બોલ્યા કરશે, કોઈ જોરથી અવાજ કરશે, કોઈ સૂતાં રહેશે, કોઈ લટકશે, કોઈ અગ્નિમાં દાઝશે, કોઈ બટકાં ભરશે, કોઈ ઊલટી–વમન કરશે, કોઈ ઝાડા કરીને બધુ ભરી મૂકશે, કોઈ પેશાબ કરશે, આ પ્રમાણે તે બાળકોનાં મળમૂત્ર, વમનથી ખરડાયેલા

શરીરવાળી તથા મેલાં કપડાંથી કાંતિહીન, અશુચિથી ભરેલી, જોવામાં બીભત્સ અને અત્યંત દુર્ગંધિત થઈ જવાથી રાષ્ટ્રકૂટની સાથે વિપુલ કામભોગોને ભોગવવા માટે અસમર્થ બની જશે.

## બહુ સંતાનથી અધન્યતાનો વિચાર :–

**૩૦ तए णं तीसे सोमाए माहणीए अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि कुडुंबजागरियं जागरमाणीए अयमेयारूवे अज्झत्थिए** *जाव* **मणोगयसंकप्पे समुप्पज्जिहिइ एवं खलु अहं इमेहिं बहूहिं दारगेहि य** *जाव* **डिंभियाहि य अप्पेगइए हिं उत्ताणसेज्जएहि य** *जाव* **परमदुग्गंधा णो संचाएमि रट्ठकूडेणं सद्धिं** *जाव* **भुंजमाणी विहरित्तए । तं धण्णाओ णं ताओ अम्मयाओ** *जाव* **जीवियफले, जाओ णं वंझाओ अवियाउरीओ जाणुकोप्परमायाओ सुरभिसुगंधगंधियाओ विउलाइं माणुस्सगाइं भोगभोगाइं भुंजमाणीओ विहरंति । अहं णं अधण्णा अपुण्णा अकयपुण्णा णो संचाएमि रट्ठकूडेणं सद्धिं विउलाइं भोग भोगाइं भुंजमाणी विहरित्तए ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમા બ્રાહ્મણીને એક વાર રાત્રિના પાછલા પ્રહરમાં સાંસારિક વિચારણા કરતાં આ પ્રકારનો વિચાર આવશે કે– હું આ ઘણાં નાનાં–મોટાં અને નવાં જન્મેલાં બાળક–બાળિકાઓ, કુમાર–કુમારિકાઓથી ત્રસ્ત થઈ રહી છું. તેમાંથી કોઈ લાંબા કાળ સુધી સૂતાં જ રહે છે ***યાવત્*** કોઈ પેશાબ કરતા જ રહે છે. તેના મળ–મૂત્ર વમન આદિથી ખરડાયેલી રહેવાના કારણે અત્યંત દુર્ગંધવાળી થઈ જવાથી હું રાષ્ટ્રકૂટની સાથે ભોગ ભોગવી શકતી નથી. તે માતાઓ ધન્ય છે ***યાવત્*** તેઓએ મનુષ્યજન્મ અને જીવનનું સુંદર ફળ પ્રાપ્ત કર્યું છે કે જે વંધ્યા છે, બાળકને જન્મ નહીં આપવાથી, જાનુકુર્પરમાતા બની, સુગંધી દ્રવ્યોથી સુવાસિત થઈને, વિપુલ મનુષ્ય સંબંધી ભોગોને ભોગવતી સમય વ્યતીત કરે છે. પરંતુ હું અધન્ય છું, પુણ્યહીન અને નિર્ભાગી છું કે રાષ્ટ્રકૂટની સાથે વિપુલ ભોગોને ભોગવી શકતી નથી.

## સુવ્રતા આર્યાનું બિભેલ સન્નિવેશમાં આગમન :–

**૩૧ तेण कालेणं तेणं समएणं सुव्वयाओ णामं अज्जाओ इरियासमियाओ** *जाव* **बहुपरिवाराओ पुव्वाणुपुव्विं चरमाणीओ गामाणुगामं दुइज्जमाणीओ जेणेव विभेले सण्णिवेसे तेणेव उवागच्छिहिंति उवागच्छित्ता अहापडिरूवं उग्गहं** *जाव* **विहरिस्संति ।**

**ભાવાર્થ :–** તે કાળે તે સમયે ઈર્યા આદિ સમિતિઓથી યુક્ત ***યાવત્*** ઘણાં સાધ્વીજીઓ સાથે સુવ્રતા નામના આર્યાજી અનુક્રમથી ગ્રામાનુગ્રામ વિચરતાં તે બિભેલ સન્નિવેશ(ગામ)માં આવશે અને શ્રમણોચિત– સાધુને યોગ્ય ઉપાશ્રયમાં ઉતરવાની આજ્ઞા લઈને ત્યાં રહેશે.

## રાષ્ટ્રકૂટના ઘેર ગોચરી અને ધર્મોપદેશ :-

**३२** **तए णं तासिं सुव्वयाणं अज्जाणं एगे संघाडए विभेले सण्णिवेसे उच्चणीय मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडमाणे रट्ठकूडस्स गिहं अणुपविस्सिहिइ । तए णं सा सोमा माहणी ताओ अज्जाओ एज्जमाणीओ पासिहिइ, पासित्ता हट्ठा खिप्पामेव आसणाओ अब्भुट्ठेहिइ, अब्भुट्ठित्ता सत्तट्ठपयाइं अणुगच्छहिइ, अणुगच्छित्ता वंदिस्सइ णमंसिस्सइ, वंदित्ता णमंसित्ता विउलेणं असणपाणखाइम- साइमेणं पडिलाभेहिइ एवं वइस्सइ–**

**एवं खलु अहं अज्जाओ ! रट्ठकूडेणं सद्धिं विउलाइं भोग भोगाइं भुंजमाणी संवच्छरे संवच्छरे जुगलं पयामि, सोलसहिं संवच्छरेहिं बत्तीसं दारगरूवे पयाया। तए णं अहं तेहिं बहूहिं दारएहि य** *जाव* **डिभियाहि य अप्पेगइएहिं उत्ताण-सेज्जएहिं** *जाव* **णो संचाएमि रट्ठकूडेणं सद्धिं विउलाइं भोग भोगाइं भुंजमाणी विहरित्तए । तं इच्छामि णं अहं अज्जाओ ! तुम्हं अंतिए धम्मं णिसामेत्तए ।**

**तए णं ताओ अज्जाओ सोमाए माहणीए विचित्तं केवलिपण्णत्तं धम्मं परिकहेहिंति।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સુવ્રતા આર્યાનો એક સંઘાડો બિભેલ સન્નિવેશના ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કુળમાં સામુદાનિક ભિક્ષા માટે ફરતાં ફરતાં રાષ્ટ્રકૂટના ઘરે આવશે. ત્યારે તે સોમા બ્રાહ્મણી તે સાધ્વીજીઓને આવતાં જોઈને હર્ષિત થશે, હર્ષિત થઈને શીઘ્ર પોતાના આસન ઉપરથી ઊભી થશે, ઊઠીને સાત–આઠ પગલાં સામે જશે, જઈને વંદન–નમસ્કાર કરશે અને પછી વિપુલ આહાર, પાણી, મેવા, મીઠાઈ, મુખવાસ આદિ ભોજનથી પ્રતિલાભિત કરશે (વહોરાવશે), પછી તેમને આ પ્રમાણે કહેશે–

હે આર્યાઓ ! રાષ્ટ્રકૂટની સાથે વિપુલ ભોગોને ભોગવતા મેં પ્રતિવર્ષે જોડકાં બાળકને જન્મ આપ્યો છે. સોળવર્ષમાં બત્રીસ બાળકોને જન્મ આપ્યો છે. જેથી હું તે ઘણા બાળક–બાલિકાઓ ***યાવત્*** કુમાર–કુમારિકાઓની લાંબા કાળ સુધી શયન ***યાવત્*** પેશાબ આદિ ક્રિયાઓથી; તે બાળકોના મળ–મૂત્ર, વમન આદિથી ખરડાયેલી રહેતી હોવાથી; અત્યંત દુર્ગંધિત શરીરે મારા પતિ રાષ્ટ્રકૂળની સાથે ભોગ ભોગવી શકતી નથી. હે આર્યાઓ ! હું આપની પાસે ધર્મ સાંભળવા માંગુ છું.

સોમાની આ વાત સાંભળીને તે આર્યાઓ સોમા બ્રાહ્મણીને વિવિધ પ્રકારનો કેવળી પ્રરૂપિત ધર્મ સંભળાવશે.

## સોમાનું પરિવર્તન : ધર્મભાવ :-

**३३** **तए णं सा सोमा माहणी तासिं अज्जाणं अंतिए धम्मं सोच्चा णिसम्म**

**हट्ठतुट्ठ** *जाव* **विसप्पमाणहियया ताओ अज्जाओ वंदिस्सइ णमंसिस्सइ, वंदित्ता णमंसित्ता एवं वइस्सइ– सद्दहामि णं अज्जाओ ! णिग्गंथं पावयणं** *जाव* **अब्भुट्ठेमि णं अज्जाओ ! णिग्गंथं पावयणं, एवमेयं अज्जाओ !** *जाव* **से जहेयं तुब्भे वयह। जं णवरं अज्जाओ ! रट्ठकूडं आपुच्छामि, तए णं अहं देवाणुप्पियाणं अंतिए मुंडा भवित्ता अगाराओ अणगारियं पव्वयामि । अहासुहं देवाणुप्पिए ! मा पडिबंधं ।**

**तए णं सा सोमा माहणी ताओ अज्जाओ वंदिस्सइ णमंसिस्सइ, वंदित्ता णमंसित्ता पडिविसज्जिहिइ ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમા બ્રાહ્મણી તે આર્યાઓ પાસેથી ધર્મ સાંભળીને હૃદયમાં ધારણ કરીને, હર્ષિત અને સંતુષ્ટ થઈને ***યાવત્*** અત્યંત આનંદિત હૃદયથી તે આર્યાઓને વંદન–નમસ્કાર કરશે. વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે કહેશે– હે આર્યાઓ ! હું નિર્ગ્રંથ–પ્રવચન પર શ્રદ્ધા કરું છું. ***યાવત્*** તેનો સ્વીકાર કરવા માટે તૈયાર છું. હે દેવાનુપ્રિયે ! જે આપ કહો છો તે તે જ પ્રમાણે છે, તે જ સત્ય છે. હું રાષ્ટ્ર–કૂટને પૂછીશ, ત્યાર પછી આપની પાસે મુંડિત થઈને પ્રવ્રજિત થઈશ.

ત્યારે આર્યાઓ કહેશે– જેમ તમને સુખ થાય તેમ કરો; શુભ કાર્યમાં વિલંબ ન કરો. ત્યાર પછી તે સોમા બ્રાહ્મણી તે આર્યાઓને વંદન–નમસ્કાર કરીને વિદાય આપશે.

## દીક્ષા માટે પતિને નિવેદન :–

**૩૪ तए णं सा सोमा माहणी जेणेव रट्ठकूडे तेणेव उवागच्छिस्सइ करयल परिग्गहियं** *जाव* **एवं वइस्सइ– एवं खलु मए देवाणुप्पिया ! सुव्वयाणं अज्जाणं अंतिए धम्मे णिसंते, से वि य णं धम्मे इच्छिए** *जाव* **अभिरुइए । तए णं अहं देवाणुप्पिया ! तुब्भेहिं अब्भणुण्णाया सुव्वयाणं अज्जाणं अंतिए** *जाव* **पव्वइत्तए ।**

**तए णं से रट्ठकूडे सोमं माहणिं एवं वइस्सइ– मा णं तुमं देवाणुप्पिए ! इयाणिं मुंडा भवित्ता** *जाव* **पव्वयाहि । भुंजाहि ताव देवाणुप्पिए ! मए सद्धिं विउलाइं भोगभोगाइं, तओ पच्छा भुत्तभोई सुव्वयाणं अज्जाणं अंतिए मुंडा** *जाव* **पव्वयाहि ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમા બ્રાહ્મણી રાષ્ટ્રકૂટની પાસે જઈને બંને હાથ જોડી આવર્તનપૂર્વક મસ્તક પર અંજલિ કરીને આ પ્રમાણે કહેશે– હે દેવાનુપ્રિય ! મેં સાધ્વીજી પાસેથી ધર્મનું શ્રવણ કર્યું છે. તે ધર્મ મને પ્રિયકર અને રુચિકર લાગ્યો છે. તેથી હે દેવાનુપ્રિય ! આપની આજ્ઞા લઈને હું સુવ્રતા આર્યા પાસે સંયમ સ્વીકારવાની ભાવના રાખું છું.

ત્યારે રાષ્ટ્રકૂટ સોમા બ્રાહ્મણીને કહેશે– હે દેવાનુપ્રિયે ! હમણાં તું મુંડિત થઈને ***યાવત્*** ગૃહત્યાગ કરી પ્રવ્રજિત ન બન. પરંતુ હે દેવાનુપ્રિયે ! હમણાં મારી સાથે વિપુલ ભોગોને ભોગવ; ત્યાર પછી ભુક્તભોગી થઈને, સુવ્રતાઆર્યાની પાસે મુંડિત થઈ, ગૃહત્યાગ કરી પ્રવ્રજિત થજે.

**૩૫ तए णं सा सोमा माहणी ण्हाया** *जाव* **विभूसिय सरीरा चेडियाचक्कवाल– परिकिण्णा साओ गिहाओ पडिणिक्खमिस्सइ, पडिणिक्खमित्ता विभेलं संणिवेसं मज्झंमज्झेणं जेणेव सुव्वयाणं अज्जाणं उवस्सए, तेणेव उवागच्छहिइ, उवागच्छित्ता सुव्वयाओ अज्जाओ वंदिस्सइ, णमंसिस्सइ, पज्जुवासिहिइ ।**

**तए णं ताओ सुव्वयाओ अज्जाओ सोमाए माहणीए विचित्तं केवलिपण्णत्तं धम्मं परिकहेहिंति । तए णं सा सोमा माहणी सुव्वयाणं अज्जाणं अंतिए दुवालसविहं सावगधम्मं पडिवज्जिहिइ पडिवज्जित्ता सुव्वयाओ अज्जाओ वंदिस्सइ णमंसिस्सइ, वंदित्ता णमंसित्ता जामेव दिसिं पाउब्भविस्सइ तामेव दिसिं पडिगमिस्सइ ।**

**तए णं सा सोमा माहणी समणोवासिया भविस्सइ अभिगयजीवाजीवा** *जाव* **बहूहिं सीलव्वयगुणवेरमणपच्चक्खाणपोसहोववासेहि य अप्पाणं भावेमाणी विहरिस्सइ ।**

**तए णं ताओ सुव्वयाओ अज्जाओ अण्णया कयाइ विभेलाओ सण्णिवेसाओ पडिणिक्खमिस्संति पडिणिक्खमित्ता बहिया जणवयविहारं विहरिस्संति ।**

**ભાવાર્થ :–** ત્યારે તે સોમા બ્રાહ્મણી સ્નાન કરીને ***યાવત્*** વસ્ત્રાલંકારથી અલંકૃત બનીને દાસીઓના સમૂહ સાથે પોતાના ઘરેથી નીકળી, બિભેલ સન્નિવેશના મધ્યભાગમાં થઈને સુવ્રતા આર્યાના ઉપાશ્રયમાં આવશે અને સુવ્રતા આર્યાને વંદન–નમસ્કાર કરીને તેમની પર્યુપાસના કરશે.

ત્યાર પછી તે સુવ્રતા આર્યા સોમા બ્રાહ્મણીને વિવિધ પ્રકારે કેવળી પ્રરૂપિત ધર્મનો ઉપદેશ આપશે. ત્યારે તે સોમા બ્રાહ્મણી તે સુવ્રતા આર્યા પાસેથી બાર પ્રકારના શ્રાવકધર્મનો સ્વીકાર કરશે અને પછી વંદન–નમસ્કાર કરીને જે દિશામાંથી આવી હતી તે દિશામાં પાછી જશે.

આ રીતે તે સોમા બ્રાહ્મણી શ્રાવિકા બનશે. તે જીવ–અજીવ આદિ તત્ત્વની જાણકાર થશે ***યાવત્*** વિધિપૂર્વક ગ્રહણ કરેલાં વિવિધ પ્રકારના શીલવ્રત, ગુણવ્રત, પ્રત્યાખ્યાન, પૌષધોપવાસથી આત્માને ભાવિત કરતી રહેશે.

ત્યાર પછી તે સુવ્રતા આર્યા કોઈ વાર બિભેલ સન્નિવેશમાંથી વિહાર કરીને બીજા દેશમાં–ક્ષેત્રમાં વિચરશે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સુવ્રતા આર્યાના સમાગમે સોમા બ્રાહ્મણી શ્રાવક વ્રતોનો સ્વીકાર કરશે. તે વિષયનું

પ્રતિપાદન છે.

શ્રાવકના બાર વ્રતમાં અહિંસા, સત્ય, અચૌર્ય, સ્વદાર સંતોષ અને પરિગ્રહ પરિમાણ વ્રત આ પાંચ અણુવ્રત છે. તેમાં હિંસા આદિ પાપકાર્યો અને સાવદ્યયોગોનો આંશિક ત્યાગ હોવાથી તે **અણુવ્રત** કહેવાય છે.

સાત શિક્ષાવ્રતના બે પ્રકાર છે– **ગુણવ્રત** અને **શિક્ષાવ્રત.** ગુણવ્રત ત્રણ છે અને શિક્ષાવ્રત ચાર છે. આ બંનેના અભ્યાસ અને સાધનાથી પાંચ અણુવ્રતોની પુષ્ટી થાય છે. અણુવ્રત આદિ બાર પ્રકારના શ્રાવક ધર્મની વિશેષ જાણકારી માટે જુઓ– ***શ્રીઉપાસકદશાંગ સૂત્ર.***

## સાધ્વીઓનું પુનરાગમન : સોમાની પ્રવ્રજ્યા :–

**૩૬ तए णं ताओ सुव्वयाओ अज्जाओ अण्णया कयाइ पुव्वाणुपुव्विं चरमाणीओ** *जाव* **विहरिस्संति । तए णं सा सोमा माहणी इमीसे कहाए लद्धट्ठा समाणी हट्ठा ण्हाया तहेव णिग्गया** *जाव* **वंदिस्सइ णमंसिस्सइ, वंदित्ता णमंसित्ता धम्मं सोच्चा** *जाव* **जं णवरं रट्ठकूडं आपुच्छामि, तए णं पव्वयामि । अहासुहं ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સુવ્રતા આર્યા પૂર્વાનુપૂર્વી વિહાર કરતાં કરતાં, ફરી એક વાર બિભેલ સન્નિવેશમાં પધારશે. ત્યારે સોમાબ્રાહ્મણી આ વાતને સાંભળીને હૃષ્ટ–તુષ્ટ થઈ, સ્નાન કરી, વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ, પહેલાંની જેમ દાસીઓ સાથે દર્શન કરવા નીકળશે ***યાવત્*** વંદન–નમસ્કાર કરશે વંદન–નમસ્કાર કરીને, ધર્મ સાંભળીને સુવ્રતા આર્યાને કહેશે– હું રાષ્ટ્રકૂટને પૂછીને આપની પાસે મુંડિત થઈ પ્રવ્રજ્યા ગ્રહણ કરવા ઈચ્છું છું.

ત્યારે સુવ્રતાઆર્યા તેને કહેશે– હે દેવાનુપ્રિયે ! તમને જેમ સુખ થાય તેમ કરો પરંતુ શુભ કાર્યમાં વિલંબ ન કરો.

**૩૭ तए णं सा सोमा माहणी सुव्वयाओ अज्जाओ वंदिस्सइ णमंसिस्सइ, वंदित्ता णमंसित्ता सुव्वयाणं अज्जाणं अंतियाओ पडिणिक्खमिस्सइ पडिणिक्खमित्ता जेणेव सए गिहे जेणेव रट्ठकूडे, तेणेव उवागच्छिस्सइ, उवागच्छित्ता करयल परिग्गहिया तहेव आपुच्छिस्सइ** *जाव* **पव्वइत्तए । अहासुहं देवाणुप्पिए ! मा पडिबंधं ।**

**तए णं रट्ठकूडे विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेइ; मित्तणाइ** *जाव* **आमंतेइ, एवं जहेव पुव्वभवे सुभद्दा** *जाव* **अज्जा जाया इरियासमिया** *जाव* **गुत्तबंभयारिणी ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સોમાબ્રાહ્મણી તે સુવ્રતા આર્યાઓને વંદન–નમસ્કાર કરીને તેની પાસેથી

નીકળશે અને પોતાના ઘરે રાષ્ટ્રકૂટ પાસે આવશે, આવીને બંને હાથ જોડીને, પહેલાંની જેમ પૂછશે કે આપની આજ્ઞા લઈને હું દીક્ષા લેવા ઈચ્છું છું.

આ વાતને સાંભળીને રાષ્ટ્રકૂટ કહેશે– હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો. પરંતુ શુભકાર્યમાં વિલંબ ન કરો.

ત્યાર પછી રાષ્ટ્રકૂટ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમરૂપ ચારે પ્રકારનાં ભોજન તૈયાર કરાવીને પોતાના મિત્ર, જ્ઞાતિબંધુ, સ્વજન, સંબંધીઓને આમંત્રણ આપશે; તેનો સત્કાર–સન્માન કરશે ઈત્યાદિ, જે રીતે પૂર્વભવમાં સુભદ્રા સાર્થવાહીની પ્રવ્રજ્યાનું વર્ણન છે તે રીતે અહીંયા પણ તે પ્રવ્રજિત થશે અને શ્રમણી બનીને ઈર્યાસમિતિ આદિ સમિતિઓ અને ગુપ્તિઓથી યુક્ત થઈને ***યાવત્*** ગુપ્ત બ્રહ્મચારિણી થશે.

## સોમા આર્યાની દેવગતિ :–

**૩૮ तए णं सा सोमा अज्जा सुव्वयाणं अज्जाणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अङ्गाइं अहिज्जिस्सइ, अहिज्जित्ता बहूइं चउत्थछट्ठट्ठमदसमदुवालस** *जाव* **भावेमाणी बहूहिं वासाइं सामण्णपरियागं पाउणिस्सइ, पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झोसेत्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता आलोइयपडिक्कंता समाहिपत्ता कालमासे कालं किच्चा सक्कस्स देविंदस्स देवरण्णो सामाणियदेवत्ताए उववज्जिहिइ।**

**तत्थ णं अत्थेगइयाणं देवाणं दो सागरोवमाइं ठिई पण्णत्ता । तत्थ णं सोमस्स वि देवस्स दो सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે સોમા આર્યા સુવ્રતા આર્યા પાસે સામાયિક આદિ અગિયાર અંગોનો અભ્યાસ કરશે. ઘણાં ઉપવાસ, છઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, દ્વાદશભક્ત–પાંચ ઉપવાસ આદિ તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતી ઘણાં વર્ષો સુધી દીક્ષા પર્યાયનું પાલન કરશે. ત્યાર પછી એક મહિનાનો સંથારો કરી આત્માને શુદ્ધ કરી, અનશનથી સાઠ(૬૦) વખતના ભોજનને છોડી, આલોચના, પ્રતિક્રમણપૂર્વક સમાધિભાવે મૃત્યુના અવસરે મૃત્યુ પામીને દેવેન્દ્ર દેવરાજ શક્રના સામાનિક દેવ રૂપે ઉત્પન્ન થશે.

ત્યાં કેટલાક દેવોની બે સાગરોપમની સ્થિતિ હોય છે તેમ આ સોમદેવની પણ બે સાગરોપમની સ્થિતિ થશે.

## સોમાની મુક્તિ :–

**૩૯ से णं भंते ! सोमे देवे ताओ देवलोगाओ आउक्खएणं** *जाव* **चयं चइत्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेह वासे** *जाव* **अंतं काहिसि ।**

**ભાવાર્થ** :– હે ભગવન્ ! તે સોમદેવ આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી દેવલોકમાંથી ચ્યવીને ક્યાં જશે, ક્યાં ઉત્પન્ન થશે ?

હે ગૌતમ ! મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

### અધ્યયન ઉપસંહાર :–

**૪૦ तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पुप्फियाणं चउत्थस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।**

**ભાવાર્થ** :– હે આયુષ્યમાન્ જંબૂ ! આ પ્રમાણે મુક્તિ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકાના ચોથા અધ્યયનનો આ ભાવ દર્શાવ્યો છે.

### વિવેચન :–

પ્રસ્તુત અધ્યયનમાં બહુપુત્રિકા દેવીના પૂર્વ અને પશ્ચાત્ ભવનું નિરૂપણ છે. તે પાંચ ભવોનો પરિચય અધ્યયનના સારમાં આપેલ છે.

**ઉપસંહાર** :– સંસારી જીવો અપ્રાપ્ત વસ્તુઓની અને સંયોગોની ઈચ્છા કરીને દુઃખી થાય છે. વસ્તુની પ્રાપ્તિ પુણ્યને આધીન છે અને સુખની પ્રાપ્તિ વ્યક્તિની સમજણને આધીન છે. પરંતુ વ્યક્તિ આ વાસ્ત–વિકતાને સમજી કે સ્વીકારી શકતા નથી અને દુઃખી થાય છે. કોઈને સંપત્તિના અભાવનું દુઃખ; કોઈને અઢળક સંપત્તિની વચ્ચે પણ અશાંતિનું દુઃખ; કોઈને સંતાનના અભાવનું દુઃખ; કોઈને પ્રતિકૂળ સંતાનનું દુઃખ હોય છે. આ રીતે સમજણના અભાવે વસ્તુની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ બંને દુઃખજનક બને છે.

જે શ્રદ્ધાળુ લોકો સાધુ–સાધ્વીજીઓ પાસેથી પોતાની સાંસારિક ગૂંચવણોને દૂર કરવાની અપેક્ષાઓ રાખે છે અને તે માટે યંત્ર–મંત્ર, ઔષધ–ભેષજની આશા રાખે છે; તેઓએ ઉપરોક્ત અધ્યયનમાંથી શિક્ષા ગ્રહણ કરવી જોઈએ કે આ પ્રકારની પ્રવૃત્તિઓ સાધુના આચારથી વિપરીત છે. વીતરાગ ભગવાનના સાધુ–સાધ્વીજીઓ કેવળ આત્મકલ્યાણના માર્ગનો તથા તપ ત્યાગનો જ ઉપદેશ આપી શકે છે. તેઓ અન્ય લૌકિક પ્રવૃત્તિમાં રસ લઈ શકતા નથી.

તેથી જ્ઞાની પુરુષો કહે છે કે સહજ પ્રાપ્ત થયેલા સંયોગોમાં સંતોષ રાખી, પ્રસન્ન રહેવાથી જ મનુષ્યને સુખ–શાંતિ અને આત્માનંદની પ્રાપ્તિ થાય છે. અંતે તો ધર્મ અને ત્યાગ એ જ સંસારના પ્રપંચથી મુક્ત કરી શકે છે. એમ જાણી પ્રત્યેક સુખેચ્છુએ ત્યાગ અને સંયમરૂપ ધર્મના માર્ગે અગ્રેસર થવાનો સંકલ્પ કરવો જોઈએ; ઈચ્છાઓ ઉપર કાબૂ મેળવી આત્મકલ્યાણના શ્રેષ્ઠ માર્ગનો સ્વીકાર કરવો જોઈએ; એ જ આગમ જ્ઞાન અને શ્રદ્ધાનો સાર છે.

**॥ વર્ગ–૩ અધ્ય.–૪ સંપૂર્ણ ॥**

# વર્ગ–૩ અધ્ય. ૫ થી ૧૦

**પરિચય :–**

**અધ્યયન પાંચમું :–**

આ અધ્યયનમાં પૂર્ણભદ્ર દેવના પૂર્વ પશ્ચાદ્ ભવનું નિરૂપણ છે.

એકદા ભગવાન મહાવીરના સમવસરણમાં પૂર્ણભદ્ર દેવ દર્શનાર્થે આવ્યા, તે પોતાની ઋદ્ધિ, નાટકનું પ્રદર્શન કરી પાછા ચાલ્યા ગયા. ગૌતમ સ્વામીના પૂછવાથી પ્રભુએ તેનો પૂર્વભવ કહ્યો.

**પૂર્વભવ : પૂર્ણભદ્ર શેઠ :–** આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં મણિપદિકા નામની નગરી હતી. ત્યાં પૂર્ણ–ભદ્ર નામના શેઠ રહેતા હતા. તેણે બહુશ્રુત સ્થવિર ભગવંતો પાસેથી ધર્મોપદેશ સાંભળી સંયમ અંગીકાર કર્યો, અગિયાર અંગો કંઠસ્થ કર્યા, ઉપવાસથી માસખમણ સુધીની અનેક તપશ્ચર્યાઓ દ્વારા કર્મની નિર્જરા કરતાં અનેક વર્ષોની સંયમ પર્યાયનું પાલન કર્યું.

અંતે એક માસના અનશનની આરાધના કરી સૌધર્મ દેવલોકમાં તેઓ પૂર્ણભદ્ર દેવ તરીકે ઉત્પન્ન થયા. તે દેવ દેવલોકનું બે સાગરોપમનું આયુષ્ય પૂર્ણ કરી, મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઈ, સંયમ અંગીકાર કરી, સર્વ કર્મનો ક્ષય કરી મુક્ત થશે.

**છ થી દસ અધ્યયન :–**

અંતિમ પાંચ અધ્યયનમાં ક્રમશઃ મણિભદ્ર શેઠ, દત્ત, શિવ, બલ અને અનાદત શેઠનું જીવન વૃત્તાંત પૂર્ણભદ્રની સમાન હોવાથી સંક્ષિપ્ત રૂપે છે. દેવ અને પૂર્વભવના નામ એક જ છે. તે સર્વે તપ સંયમનું પાલન કરીને દેવલોકમાં ઉત્પન્ન થયા છે. દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને, મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી સિદ્ધ થશે.

આ વર્ગમાં ૪ જીવ સંયમના વિરાધક થયા છે. શેષ છ જીવ આરાધક થઈ વૈમાનિક દેવગતિમાં ગયા છે. દસમાંથી નવ જીવ એકાવતારી છે અર્થાત્ એક ભવ મનુષ્યનો કરી મોક્ષ પ્રાપ્ત કરશે. બહુપુત્રિકા દેવી ત્રણ ભવ કરી મોક્ષે જશે.

❖❖❖❖❖

# વર્ગ–૩ અધ્ય.–૫

## પૂર્ણભદ્ર દેવ

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पुप्फियाणं चउत्थस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, पंचमस्स णं भंते ! अज्झयणस्स पुप्फियाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકા વર્ગના ચોથા અધ્યયનમાં પૂર્વોક્ત ભાવોનું વર્ણન કર્યું છે તો હે ભગવન્ ! પાંચમા અધ્યયનમાં ભગવાને કયા ભાવોનું નિરૂપણ કર્યું છે ?

**પૂર્ણભદ્ર દેવનું નાટ્ય–પ્રદર્શન :–**

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे । गुणसीलए चेइए । सेणिए राया । सामी समोसरिए । परिसा णिग्गया ।**

**ભાવાર્થ :–** ઉત્તર– હે જંબૂ ! તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશીલ નામનું ઉદ્યાન હતું. ત્યાં શ્રેણિકરાજા રાજ્ય કરતા હતા. ત્યાં પ્રભુ મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ દર્શન કરવા નીકળી.

**३ तेणं कालेणं तेणं समएणं पुण्णभद्दे देवे सोहम्मे कप्पे पुण्णभद्दे विमाणे सभाए सुहम्माए पुण्णभद्दंसि सीहासणंसि चउहिं सामाणियसाहस्सीहिं, जहा सूरियाभो** *जाव* **बत्तीसइविहं णट्टविहिं उवदंसित्ता जामेव दिसिं पाउब्भूए तामेव दिसिं पडिगए । कूडागारसाला दिट्ठंतो । पुव्वभवपुच्छा ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે સૌધર્મકલ્પમાં પૂર્ણભદ્ર વિમાનની સુધર્મા સભામાં પૂર્ણભદ્ર સિંહાસન ઉપર પૂર્ણભદ્ર દેવ ચાર હજાર સામાનિકદેવો આદિની સાથે આનંદ પ્રમોદ કરી રહ્યા હતા. ***યાવત્*** સૂર્યાભ દેવની જેમ બત્રીસ પ્રકારની નાટ્યવિધિ બતાવી જે દિશામાંથી આવ્યા હતા તે દિશામાં ચાલ્યા ગયા.

ત્યારે ગૌતમ સ્વામીએ ભગવાનને તે દેવની દિવ્ય દેવઋદ્ધિ અંતર્ધાન થઈ ગઈ તે વિષયમાં

પૂછ્યું– ભગવાને કૂટાકારશાળાના દષ્ટાંતથી સમાધાન કર્યું. ત્યાર પછી ગૌતમ સ્વામીના પૂછવા પર ભગવાને તેના પૂર્વભવના વિષયમાં કહ્યું–

**૪ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे मणिवइया णामं णयरी होत्था** *वण्णओ* **। ताराइण्णे चेइए । चंदो राया । तत्थ णं मणिवइयाए णयरीए पुण्णभद्दे णामं गाहावई परिवसइ,** *वण्णओ* **।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! તે કાળે અને તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ધન–વૈભવ ઈત્યાદિથી સમૃદ્ધ મણિપદિકા નામની નગરી હતી. ત્યાં તારાકીર્ણ નામનું ઉદ્યાન હતું. તે નગરીમાં ચંદ્ર નામના રાજા રાજ્ય કરતાં હતા. તે મણિપદિકા નગરીમાં પૂર્ણભદ્ર નામના ગાથાપતિ રહેતા હતા. નગરી, રાજા, ઉદ્યાન અને ગાથાપતિનું વર્ણન પૂર્વવત્ સમજવું.

**૫ तेणं कालेणं तेणं समएणं थेरा भगवंतो जाइसंपण्णा** *जाव* **जीवियासमरण–भयविप्पमुक्का बहुस्सुया बहुपरिवारा पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **समोसढा । परिसा णिग्गया ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે જાતિસંપન્ન વગેરે ગુણોથી યુક્ત તથા જીવનની આકાંક્ષા અને મરણના ભયથી રહિત, બહુશ્રુત સ્થવિર ભગવંત વિશાળ શિષ્ય પરિવાર સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં મણિપદિકા નગરીમાં પધાર્યા. જનસમૂહ તેમની દેશના સાંભળવા ગયો.

**પૂર્ણભદ્ર અણગારની સાધના–આરાધના :–**

**૬ तए णं से पुण्णभद्दे गाहावई इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे** *जाव* **जहा पण्णत्तीए गङ्गदत्ते तहेव णिग्गच्छइ** *जाव* **णिक्खंतो** *जाव* **गुत्तबंभयारी ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે પૂર્ણભદ્ર ગાથાપતિ તે સ્થવિર મુનિરાજના આગમનને જાણીને, હૃષ્ટ–તુષ્ટ થયા તથા ભગવતી સૂત્ર કથિત ગંગદત્તની જેમ દર્શન કરવા માટે ગયા ***યાવત્*** તેની પાસે પ્રવ્રજિત થયા. ઈર્યાસમિતિ આદિથી યુક્ત ***યાવત્*** ગુપ્તબ્રહ્મચારી સાધુ થયા.

**૭ तए णं से पुण्णभद्दे अणगारे थेराणं भगवंताणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ, अहिज्जित्ता बहूहिं चउत्थछट्ठट्ठम** *जाव* **भावित्ता बहूइं वासाइं सामण्णपरियागं पाउणइ, पाउणित्ता मासियाए संलेहणाए अप्पाणं झोसेत्ता सट्ठिं भत्ताइं अणसणाए छेदित्ता आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा सोहम्मे कप्पे पुण्णभद्दे विमाणे उववायसभाए देवसयणिज्जंसि** *जाव* **भासमणपज्जत्तीए ।**

**एवं खलु गोयमा ! पुण्णभद्देणं देवेणं सा दिव्वा देविड्ढी लद्धा पत्ता अभि–समण्णागया ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી પૂર્ણભદ્ર અણગારે તે સ્થવિર ભગવંતોની પાસે સામાયિકાદિથી લઈને અગિયાર અંગોનો અભ્યાસ કર્યો અને ઘણાં ઉપવાસ છઠ અટ્ઠમ વગેરે માસખમણ પર્યંત વિવિધ તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતાં અનેક વર્ષો સુધી દીક્ષા પર્યાયનું પાલન કરી, માસિક સંલેખનાપૂર્વક સાઠ ભક્તનું અનશન દ્વારા છેદન કરીને, આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિ પૂર્વક મૃત્યુના અવસરે મૃત્યુ પામીને, સૌધર્મ દેવલોકના પૂર્ણભદ્ર વિમાનની ઉપપાત સભામાં રહેલી દેવશય્યામાં દેવરૂપે ઉત્પન્ન થયા. ***યાવત્*** ભાષા–મન પર્યાપ્તિથી પર્યાપ્તભાવને પ્રાપ્ત થયા.

હે ગૌતમ ! આ રીતે પૂર્ણભદ્ર દેવે સરાગ–સંયમ, તપ દ્વારા દિવ્યઋદ્ધિ લબ્ધ, પ્રાપ્ત અને અધિગત (સ્વાધીન) કરી છે.

**૮ पुण्णभद्दस्स णं भंते ! देवस्स केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! दो सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! પૂર્ણભદ્ર દેવની સ્થિતિ કેટલા સમયની છે ? હે ગૌતમ ! તેની બે સાગરોપમની સ્થિતિ છે.

**પૂર્ણભદ્રનું ભવિષ્ય :–**

**૯ पुण्णभद्दे णं भंते ! देवे ताओ देवलोगाओ** *जाव* **कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ** *जाव* **अंतं काहिइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! તે પૂર્ણભદ્ર દેવ, તે દેવલોકમાંથી ચ્યવીને ક્યાં જશે અને ક્યાં ઉત્પન્ન થશે ?

ઉત્તર– હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈને સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

**અધ્યયન ઉપસંહાર :–**

**૧૦ तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पुप्फियाणं पंचमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે આ પ્રમાણે પુષ્પિકાના પાંચમા અધ્યનનો ભાવ કહ્યો છે.

**॥ વર્ગ–૩ અધ્ય.–૫ સંપૂર્ણ ॥**

# વર્ગ–૩ અધ્ય. ૬ થી ૧૦

## મણિભદ્ર દેવ આદિ

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं पुप्फियाणं पंचमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, छट्ठस्स णं भंते ! अज्झयणस्स पुप्फियाणं समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકાના પાંચમા અધ્યયનનો આ ભાવ કહ્યો છે, તો હે ભગવન્ ! મુક્તિ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પિકાના છટ્ઠા અધ્યયનમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

**મણિભદ્ર દેવના પૂર્વ–પશ્ચાદ્ ભવ :–**

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसीलए चेइए । सेणिए राया । सामी समोसरिए ।**

**तेणं कालेणं तेणं समएणं मणिभद्दे देवे सभाए सुहम्माए माणिभद्दंसि सीहासणंसि चउहिं सामाणियसाहस्सीहिं एवं जहा पुण्णभद्दो तहेव आगमणं, णट्टविहि, कूडागार– साला दिट्ठंतो, पुव्वभवपुच्छा ।**

**मणिवईया णयरी । मणिभद्दे गाहावई । थेराणं अंतिए पव्वज्जा, एक्कारस अंगाइं अहिज्जइ । बहूहिं वासाइं परियाओ । मासिया संलेहणा, सट्ठि भत्ताइं । माणिभद्दे विमाणे उववाओ । दो सागरोवमाइं ठिई । महाविदेहे वासे सिज्झिहिइ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલ નામનું ઉદ્યાન હતું. ત્યાં શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. એક વાર ત્યાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા.

તે કાળે અને તે સમયે મણિભદ્ર દેવ સુધર્મા સભામાં મણિભદ્ર સિંહાસન ઉપર બેસીને ચાર હજાર સામાનિક દેવ આદિની સાથે બેઠા હતા વગેરે વર્ણન પૂર્ણભદ્ર દેવની જેમ જાણવું. તે પણ ભગવાનના

સમવસરણમાં આવ્યા અને દર્શન કરી નાટક બતાવીને પાછા ગયા. મણિભદ્રદેવના ગયા પછી ગૌતમ–સ્વામીની પૃચ્છા, ભગવાને આપેલું કૂટાગાર શાળાનું દષ્ટાંત અને શ્રી ગૌતમ દ્વારા પૂર્વભવ પૃચ્છા વગેરે પૂર્વવત્ જાણવું.

તે કાળે અને તે સમયે મણિપદિકા નામની નગરી હતી. તેમાં મણિભદ્ર નામના ગાથાપતિ રહેતા હતા. તેણે સ્થવિરો પાસે દીક્ષા લીધી. દીક્ષા લઈને અગિયાર અંગનો અભ્યાસ કર્યો. ઘણાં વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કર્યું અને એક માસનો સંથારો કર્યો. અનશન દ્વારા સાઠ ભક્તનો ત્યાગ કર્યો. સમાધિપૂર્વક કાળ કરીને મણિભદ્ર વિમાનમાં ઉત્પન્ન થયા. ત્યાં તેની બે સાગરોપમની સ્થિતિ છે. દેવલોકથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

### છઠ્ઠા અધ્યયનનો ઉપસંહાર :–

**३ तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं पुप्फियाणं छट्ठस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । – त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પુષ્પિકા વર્ગના છઠ્ઠા અધ્યયનનો આ ભાવ કહ્યો છે.

### શેષ ચાર અધ્યયન :–

**४ एवं दत्ते सिवे बले अणाढिए सव्वे जहा पुण्णभद्दे देवे । सव्वेसिं दो सागरोवमाइं ठिई । विमाणा देवसरिसणामा ।**

**पुव्वभवे दत्ते चंदणाए णयरीए, सिवे मिहिलाए, बले हत्थिणाउरे, अणाढिए काकंदिए । [चेइयाइं जहा संगहणीए ] महाविदेहवासे सिज्झिहिइ ।**

**ભાવાર્થ :–** તે જ પ્રમાણે (૭) દત્ત, (૮) શિવ, (૯) બલ અને (૧૦) અનાદત, આ બધા દેવોનું વર્ણન પૂર્ણભદ્ર દેવની જેમ જાણવું જોઈએ. તે સર્વ દેવોની બે–બે સાગરોપમની સ્થિતિ છે. તે દેવોના નામની જેમ જ તેના વિમાનોનાં નામ છે.

પૂર્વભવમાં દત્ત–ચંદના નગરીમાં; શિવ–મિથિલા નગરીમાં; બલ–હસ્તિનાપુર નગરમાં; અનાદત–કાકંદી નગરીમાં જન્મ્યા હતા. [સંગ્રહણી ગાથા પ્રમાણે ઉદ્યાનોનાં નામ જાણી લેવા જોઈએ.] દેવભવ પૂર્ણ કરી તે સર્વે મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

### વર્ગનો ઉપસંહાર :–

**५ तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं पुप्फियाणं**

**दस अज्झयणाणं अयमट्ठे पण्णत्ते । – त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પુષ્પિકા વર્ગના દસ અધ્યયનોનો આ ભાવ કહ્યો છે.

**વિવેચન :–**

આ વર્ગના દશ અધ્યયનોમાંથી અંતિમ છ અધ્યયનોના ચરિત્રનાયક પૂર્ણભદ્ર, મણિભદ્ર, દત્ત, શિવ, બલ, અનાદત; આ છએ અણગારો શુદ્ધ સંયમ તપનું પાલન કરી, આરાધક થઈ, પ્રથમ દેવલોકમાં ઈન્દ્રની સમાન સ્થિતિવાળા દેવ થયા છે. પૂર્વના ત્રણ અધ્યયનોમાં વર્ણિત ચંદ્ર, સૂર્ય અને શુક્ર દેવ પૂર્વભવે વિરાધક થઈ જ્યોતિષી દેવ થયા છે. ચોથા અધ્યયનમાં વર્ણિત બહુપુત્રિકા દેવી પણ પૂર્વભવમાં વિરાધક થઈ વૈમાનિક દેવી બની છે અને આગામી ભવમાં આરાધક થઈ દેવ થશે. અંતે તે પ્રત્યેક જીવો મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરી સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

**॥ વર્ગ–૩ અધ્ય. ૬ થી ૧૦ સંપૂર્ણ ॥**

# ચોથો વર્ગ

## પુષ્પચૂલિકા

**પરિચય :–**

આ વર્ગમાં દસ અધ્યયન છે. તેમાં પાર્શ્વનાથ ભગવાનના શાસનમાં "પુષ્પચૂલા" નામની પ્રવર્તિની સાધ્વીજી પાસે દીક્ષિત થયેલી દસ સ્ત્રીઓનું કથાનક છે. તેથી આ વર્ગનું નામ "પુષ્પચૂલિકા" છે.

**અધ્યયન–૧ : શ્રીદેવી :–** એકદા પ્રથમ દેવલોકની શ્રીદેવી પ્રભુ મહાવીરના સમવસરણમાં આવી, નાટયવિધિનું પ્રદર્શન કરી, સ્વસ્થાને ગઈ. શ્રી ગૌતમ સ્વામીના પૂછવાથી પ્રભુએ તેનો પૂર્વભવ કહ્યો.

**પૂર્વભવ : ભૂતા :–** રાજગૃહી નગરીમાં સુદર્શન નામના ધનાઢ્ય શેઠ રહેતા હતા. તેને 'પ્રિયા' નામની પત્ની અને 'ભૂતા' નામની સુપુત્રી હતી. ભૂતા અલ્પવયમાં પણ વૃદ્ધ અને જીર્ણ શરીરવાળી દેખાતી હતી. તેના દરેક અંગોપાંગ શિથિલ હતા, જેથી તેને કોઈ વર મળતો ન હતો.

એક દિવસ પાર્શ્વનાથ ભગવાન તે નગરીમાં પધાર્યા. ભૂતા દર્શન–વંદન કરવા ગઈ. ઉપદેશ સાંભળી તેણી સંયમ લેવા તત્પર બની. માતા પિતાની આજ્ઞાપૂર્વક ભગવાને તેને દીક્ષા આપી અને પુષ્પચૂલા આર્યાને શિષ્યારૂપે સોંપી. ભૂતા સાધ્વી પુષ્પચૂલા આર્યાના સાંનિધ્યમાં સંયમ–તપથી આત્માને ભાવિત કરતી વિચરવા લાગી.

કાલાંતરે તે ભૂતા આર્યા શરીરની સેવા–શુશ્રૂષા કરવા લાગી અને શુચિધર્મનું આચરણ કરવા લાગી અર્થાત્ વારંવાર હાથ, પગ, મુખ, શીષ, કાંખ, સ્તન અને ગુપ્તાંગને ધોવા લાગી. બેસવા, ઊભા રહેવાની જગ્યા ઉપર પહેલાં પાણી છાંટવા લાગી. ગુરુણી દ્વારા આ સર્વ પ્રવૃત્તિનો નિષેધ કરવા છતાં તેની અવગણના કરી, એકલી રહીને પોતાની ઈચ્છાનુસાર પ્રવૃત્તિ કરતી, અનેક પ્રકારે તપ–સંયમની પાલના કરીને, અંત સમયે સંયમદોષોની આલોચના પ્રતિક્રમણ આદિ ન કરવાથી વિરાધક થઈ, પ્રથમ દેવલોકના 'શ્રી અવતંસક' વિમાનમાં 'શ્રીદેવી' રૂપે ઉત્પન્ન થઈ. તે દેવી ત્યાંની એક પલ્યોપમની સ્થિતિ પૂર્ણ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

**અધ્યયન– ૨ થી ૧૦ :–** શેષ નવ અધ્યયનમાં નવ દેવીઓનું સંક્ષિપ્ત વર્ણન છે. તે સર્વે દેવીઓ પૂર્વભવમાં ભૂતાની જેમ સંયમગ્રહણ કરીને, પછી શરીર બાકુશી બનીને પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થઈ છે. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

❖❖❖❖❖

# ચોથો વર્ગ : પુષ્પચૂલિકા

## પ્રથમ અધ્યયન : શ્રીદેવી

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवङ्गाणं तच्चस्स वग्गस्स पुप्फियाणं अयमट्ठे पण्णत्ते, चउत्थस्स णं भंते ! वग्गस्स पुप्फचूलियाणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! જો મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ઉપાંગ સૂત્રના પુષ્પિકા નામના ત્રીજા વર્ગનો ભાવ આ પ્રમાણે કહ્યો છે, તો હે ભંતે ! પુષ્પચૂલિકા નામના ચોથા વર્ગમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

**२ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवङ्गाणं चउत्थस्स वग्गस्स पुप्फचूलियाणं दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**सिरि हिरि धिइ कित्तीओ, बुद्धी लच्छी य होइ बोद्धव्वा ।**

**इलादेवी सुरादेवी, रसदेवी गंधदेवी य ॥**

**ભાવાર્થ :–** હે જંબૂ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ઉપાંગ સૂત્રના ચોથા વર્ગ પુષ્પચૂલિકાના દશ અધ્યયન કહ્યા છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ :–** (૧) શ્રીદેવી, (૨) હ્રીદેવી, (૩) ધૃતિદેવી, (૪) કીર્તિદેવી, (૫) બુદ્ધિદેવી, (૬) લક્ષ્મીદેવી, (૭) ઈલાદેવી, (૮) સુરાદેવી, (૯) રસદેવી, (૧૦) ગંધદેવી.

**३ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं उवङ्गाणं चउत्थस्स वग्गस्स पुप्फचूलियाणं दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જો મુક્તિપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ઉપાંગ સૂત્રના પુષ્પચૂલિકા નામના ચોથા વર્ગના દશ અધ્યયનોનું નિરૂપણ કર્યું છે તો હે ભગવન્ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે તેના

પ્રથમ અધ્યયનમાં કયા ભાવનું નિરૂપણ કર્યું છે ?

## વિવેચન :–

પ્રસ્તુત વર્ગમાં લોકમાં પ્રસિદ્ધ શ્રી, હ્રી, લક્ષ્મી આદિ વૈમાનિક દશ દેવીઓના ભૂત–ભાવી જીવનનું વર્ણન છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં પણ ઉપરોક્ત અનેક નામવાળી દેવીઓનું વર્ણન છે. પરંતુ તે શ્રી, હ્રી, લક્ષ્મી આદિ ભવનપતિ જાતિની દેવીઓ છે માટે તેને ભિન્ન સમજવી.

## શ્રીદેવીનું દર્શનાર્થ આગમન :–

**૪ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसीलए चेइए । सेणिए राया । सामी समोसढे । परिसा णिग्गया ।**

**ભાવાર્થ :–** તે કાલે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશીલ નામનું ઉદ્યાન હતું. ત્યાં શ્રેણિકરાજા રાજ્ય કરતા હતા. શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. પરિષદ ધર્મદેશના સાંભળવા નીકળી.

**૫ तेणं कालेणं तेणं समएणं सिरिदेवी सोहम्मे कप्पे सिरिवडिंसए विमाणे सभाए सुहम्माए सिरिंसि सीहासणंसि चउहिं सामाणियसाहस्सीहिं चउहिं महत्तरियाहिं, जहा बहुपुत्तिया** *जाव* **णट्टविहिं उवदंसित्ता पडिगया । णवरं दारियाओ णत्थि । पुव्वभवपुच्छा ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે શ્રી દેવી સૌધર્મકલ્પમાં "શ્રી" અવતંસક નામના વિમાનમાં, સુધર્મા સભામાં "શ્રી" સિંહાસન ઉપર બહુપુત્રિકાદેવીની જેમ ચાર હજાર સામાનિકદેવીઓ અને ચાર ચાર મહત્તરિકાઓ સાથે બેઠી હતી ***યાવત્*** તે બહુપુત્રિકા દેવીની જેમ ભગવાનના દર્શનાર્થે ગઈ અને નૃત્યવિધિ બતાવી પાછી ફરી ગઈ. અહીં એટલું વિશેષ છે કે શ્રી દેવીએ બાળક બાલિકાઓની વિકુર્વણા કરી ન હતી. શ્રીદેવીના ગયા પછી ગૌતમસ્વામીએ પૂછ્યું કે હે ભગવન્ ! શ્રી દેવી પૂર્વજન્મમાં કોણ હતી ?

## શ્રીદેવીનો પૂર્વભવ : ભૂતા :–

**૬ एवं खलु गोयमा ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसीलए चेइए। जियसत्तू राया । तत्थ णं रायगिहे णयरे सुदंसणे णामं गाहावई परिवसइ,** *वण्णओ* **। तस्स णं सुदंसणस्स गाहावइस्स पिया णामं भारिया होत्था** *वण्णओ* **। तस्स णं सुदंसणस्स गाहावइस्स धूया, पियाए गाहावइणीए अत्तया, भूया णामं दारिया होत्था– वुड्ढा वुड्ढकुमारी जुण्णा जुण्णकुमारी पडियपुतत्थणी वरगपरिवज्जिया यावि होत्था।**

**ભાવાર્થ :–** હે ગૌતમ ! તે કાલે તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશીલ નામનું ઉદ્યાન હતું. ત્યાં જિતશત્રુ નામના રાજા રાજ્ય કરતા હતા. તે રાજગૃહનગરમાં સુદર્શન નામના ધનાઢ્ય ગાથાપતિ રહેતા હતા. તેને પ્રિયા નામની પત્ની હતી. તે અત્યંત સુકુમાર અને સુંદર શરીર આદિ વિશેષણોથી યુક્ત હતી. તે સુદર્શન ગાથાપતિની પુત્રી તથા પ્રિયા ગાથાપત્નીની આત્મજા ભૂતા નામની પુત્રી હતી. જે વૃદ્ધા વૃદ્ધકુમારી(મોટી ઉંમરની કન્યા) જીર્ણ શરીરી અને જીર્ણકુમારી, શિથિલ નિતંબ અને સ્તનવાળી તથા અવિવાહિત હતી.

## ભૂતાનું દર્શનાર્થ ગમન :–

**૭ तेणं कालेणं तेणं समएणं पासे अरहा पुरिसादाणीए** *जाव* **रायगिहे णयरे, गुणसीलए चेइए समोसरिए,** *वण्णओ* **। परिसा णिग्गया ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે પુરુષાદાનીય અર્હંત પાર્શ્વનાથ ભગવાન ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં રાજગૃહ નગરના ગુણશીલ નામના ઉદ્યાનમાં પધાર્યા. પરિષદ દર્શન કરવા માટે નીકળી.

**૮ तए णं सा भूया दारिया इमीसे कहाए लद्धट्ठा समाणी हट्ठतुट्ठा जेणेव अम्मा- पियरो तेणेव उवागच्छइ, उवागच्छित्ता एवं वयासी- एवं खलु अम्मयाओ ! पासे अरहा पुरिसादाणीए पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **समणगणपरिवुडे विहरइ । तं इच्छामि णं अम्मयाओ तुब्भेहिं अब्भणुण्णाया समाणी पासस्स अरहओ पुरिसा- दाणीयस्स पायवंदिया गमित्तए । अहासुहं देवाणुप्पिए ! मा पडिबंधं ।**

**ભાવાર્થ :–** ત્યારે તે ભૂતા કન્યા પ્રભુના આગમનને જાણીને હૃષ્ટ–તુષ્ટ થઈ અને તે પોતાના માતા–પિતાની પાસે ગઈ. ત્યાં જઈને આ પ્રમાણે કહ્યું– હે માતા પિતા ! પુરુષાદાનીય અરિહંત પાર્શ્વનાથ સ્વામી અનુક્રમથી વિહાર કરતાં કરતાં શિષ્ય સમુદાય સાથે રાજગૃહ નગરની બહાર ગુણશીલ ઉદ્યાનમાં બિરાજ– માન છે. હે માતા પિતા ! આપની આજ્ઞા લઈને હું પુરુષાદાનીય પાર્શ્વનાથ ભગવાનના ચરણ–વંદના માટે જવા ઈચ્છું છું. માતાપિતાએ કહ્યું– હે દેવાનુપ્રિયે ! જેમ સુખ થાય તેમ કરો, પરંતુ શુભકાર્યમાં વિલંબ ન કરો.

**૯ तए णं सा भूया दारिया ण्हाया** *जाव* **विभूसियसरीरा चेडीचक्कवालपरि- किण्णा साओ गिहाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाण- साला तेणेव उवागच्छइ, उवागच्छित्ता धम्मियं जाणप्पवरं दुरूढा ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ભૂતા કુમારી સ્નાન કરી ***યાવત્*** અલંકારો ધારણ કરીને દાસીઓના સમૂહ સાથે પોતાના ઘરેથી નીકળી અને જ્યાં બાહ્ય ઉપસ્થાનશાળા હતી ત્યાં આવી અને શ્રેષ્ઠ ધાર્મિક રથમાં બેઠી.

**१० तए णं सा भूया दारिया णिययपरिवारपरिवुडा रायगिहं णयरं मज्झंमज्झेणं णिग्गच्छइ, णिग्गच्छित्ता जेणेव गुणसीलए चेइए तेणेव उवागच्छइ, उवागच्छित्ता छत्ताईए तित्थयरातिसए पासइ, पासित्ता धम्मियाओ जाणप्पवराओ पच्चोरुहइ, पच्चोरुहित्ता चेडीचक्कवालपरिकिण्णा जेणेव पासे अरहा पुरिसादाणीए तेणेव उवागच्छइ उवागच्छित्ता तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ** *जाव* **पज्जुवासइ ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી તે ભૂતા બાલિકા પોતાના સ્વજન–પરિવાર સહિત રાજગૃહનગરની મધ્યમાં થઈને નીકળી અને ગુણશીલ ઉદ્યાન હતું ત્યાં આવી, ત્યાં આવીને તીર્થંકરોના છત્રાદિ અતિશય જોઈને શ્રેષ્ઠ ધાર્મિક રથ ઉપરથી નીચે ઊતરી. દાસીઓના સમૂહની સાથે જ્યાં પુરુષાદાનીય અરિહંત ભગવાન પાર્શ્વનાથ બિરાજતા હતા ત્યાં આવી, આવીને તેણે ત્રણ વાર આદક્ષિણા પ્રદક્ષિણાપૂર્વક વંદના કરી ***યાવત્*** પર્યુપાસના કરવા લાગી.

**११ तए णं पासे अरहा पुरिसादाणीए भूयाए दारियाए, तीसे य महइ महालियाए परिसाए धम्मं परिकहेइ । धम्मं सोच्चा णिसम्म हट्ठतुट्ठा वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं** *जाव* **अब्भुट्ठेमि णं भंते ! णिग्गंथं पावयणं, से जहेयं तुब्भे वयह, जं णवरं भंते ! अम्मापियरो आपुच्छामि, तए णं अहं** *जाव* **पव्वइत्तए । अहासुहं देवाणुप्पिए ! मा पडिबंधं ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી પુરુષાદાનીય અરિહંત પાર્શ્વનાથ ભગવાને ભૂતા બાલિકા અને અતિ વિશાળ પરિષદને ધર્મદેશના આપી. ભૂતાકુમારીએ ધર્મદેશના સાંભળી, હૃદયમાં ધારણ કરીને હૃષ્ટ–તુષ્ટ થઈ. તેણીએ ભગવાનને વંદન–નમસ્કાર કર્યા અને આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! હું નિર્ગ્રંથ–પ્રવચન પર શ્રદ્ધા કરું છું ***યાવત્*** નિર્ગ્રંથ–પ્રવચનમાં ઉપસ્થિત થવા માટે હું તત્પર બની છું. હે ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચનરૂપે આપે જે કહ્યું તે તેમજ છે; હે ભગવન્ ! હું માતા–પિતાની આજ્ઞા લઈને પ્રવ્રજ્યા અંગીકાર કરવા ઈચ્છું છું. અરિહંત ભગવાને કહ્યું– 'હે દેવાનુપ્રિયે ! જેમ સુખ થાય તેમ કરો'.

**ભૂતાનું પ્રવ્રજ્યા ગ્રહણ :–**

**१२ तए णं सा भूया दारिया तमेव धम्मियं जाणप्पवरं दुरूहइ, दुरूहित्ता जेणेव रायगिहे णयरे तेणेव उवागया, रायगिहं णयरं मज्झंमज्झेणं जेणेव सए गिहे, तेणेव उवागया, रहाओ पच्चोरुहित्ता जेणेव अम्मापियरो तेणेव उवागया, करयल परिग्गहियं** *जाव* **जहा जमाली तहा आपुच्छइ । अहासुहं देवाणुप्पिए ! मा पडिबंधं ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી તે ભૂતા દારિકા ***યાવત્*** તે ધાર્મિક શ્રેષ્ઠ રથમાં બેઠી, બેસીને જ્યાં રાજગૃહ નગર

હતું ત્યાં આવી અને રાજગૃહ નગરના મધ્યભાગમાં થઈને જ્યાં પોતાનું ઘર હતું ત્યાં આવી; આવીને રથમાંથી નીચે ઊતરીને જ્યાં માતા–પિતા હતાં ત્યાં આવી અને જમાલીની જેમ હાથ જોડીને ***યાવત્*** અંજલિ કરીને માતાપિતા પાસે આજ્ઞા માંગી(અંતમાં માતા–પિતાએ આજ્ઞા આપી અને કહ્યું–) હે દેવાનુપ્રિયે ! જેમ તને સુખ થાય તેમ કરો.

**१३ तए णं से सुदंसणे गाहावई विउलं असणं पाणं खाइमं साइमं उवक्खडावेइ, मित्ताणाइ** *जाव* **आमंतेइ आमंतित्ता** *जाव* **जिमियभुत्तुत्तरकाले सुईभूए णिक्खमणमाणेत्ता कोडुंबियपुरिसे सद्दावेइ, सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! भूयादारियाए पुरिससहस्सवाहिणीयं सीयं उवट्ठवेह, उवट्ठवित्ता** *जाव* **पच्चप्पिणह । तए णं ते कोडुंबिय पुरिसा** *जाव* **तं आणत्तियं पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી સુદર્શન ગાથાપતિએ વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ રૂપ ચારે પ્રકારનાં ભોજન તૈયાર કરાવ્યાં અને મિત્ર, જ્ઞાતિજનો આદિને આમંત્રણ આપ્યું ***યાવત્*** ભોજન કરાવ્યા પછી શુદ્ધ–સ્વચ્છ થઈને નિષ્ક્રમણ માટે કૌટુંબિક પુરુષો(સેવકો)ને બોલાવીને કહ્યું કે હે દેવાનુપ્રિયો ! શીઘ્ર ભૂતા કુમારી માટે એક હજાર પુરુષોથી વહન કરાય તેવી શિબિકા(પાલખી) તૈયાર કરીને અહીં લાવો અને મને સમાચાર આપો. ત્યાર પછી તે કૌટુમ્બિક પુરુષોએ ***યાવત્*** આદેશ અનુસાર કાર્ય કરીને સૂચન કર્યું.

**१४ तए णं से सुदंसणे गाहावई भूयं दारियं ण्हायं** *जाव* **विभूसियसरीरं पुरिससहस्सवाहिणिं सीयं दुरूहइ, दुरूहित्ता मित्तणाइ** *जाव* **रवेणं रायगिहं णयरं मज्झंमज्झेणं, जेणेव गुणसीलए चेइए तेणेव उवागए, छत्ताईए तित्थयराइसए पासइ, पासित्ता सीयं ठावेइ, ठावित्ता भूयं दारियं सीयाओ पच्चोरुहेइ ।**

**ભાવાર્થ :–** ત્યારપછી તે સુદર્શન ગાથાપતિએ, સ્નાન કરેલી ***યાવત્*** આભૂષણોથી વિભૂષિત થયેલી ભૂતાકુમારીને શિબિકામાં બેસાડી અને મિત્રો, જ્ઞાતિબંધુઓ આદિની સાથે ભેરી, શરણાઈ આદિ વાજિંત્રોના નાદ સહિત રાજગૃહનગરના મધ્યભાગમાં થઈને જ્યાં ગુણશીલ ઉદ્યાન હતું ત્યાં આવ્યા અને છત્ર આદિ તીર્થંકર પ્રભુના અતિશયો જોયા; જોઈને ત્યાં પાલખીને ઊભી રખાવી અને ભૂતાકુમારીને નીચે ઉતારી.

**१५ तए णं तं भूयं दारियं अम्मापियरो पुरओ काउं जेणेव पासे अरहा पुरिसादाणीए, तेणेव उवागए, तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करेत्ता वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– एवं खलु देवाणुप्पिया ! भूया दारिया अम्हं एगा धूया इट्ठा, एस णं देवाणुप्पिया ! संसारभउव्विग्गा भीया जम्मणमरणाणं देवाणुप्पियाणं अंतिए** *जाव* **पव्वयाइ । तं एयं णं देवाणुप्पिया ! सिस्सिणिभिक्खं दलयामो । पडिच्छंतु णं देवाणुप्पिया ! सिस्सिणिभिक्खं । अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી માતા–પિતા ભૂતા દારિકાને આગળ કરીને જ્યાં પુરુષાદાનીય અરિહંત પાર્શ્વનાથ ભગવાન બિરાજતા હતાં ત્યાં આવ્યા અને ત્રણ વાર આદક્ષિણા, પ્રદક્ષિણા કરીને વંદન–નમસ્કાર કર્યા. પછી તેઓએ કહ્યું– હે દેવાનુપ્રિય ! આ ભૂતા કુમારી અમારી એકની એક પુત્રી છે. તે અમને બહુ જ વ્હાલી છે. આ પુત્રી સંસારના ભયથી ઘણી જ ઉદ્વિગ્ન બની છે અને જન્મ મરણથી ભયભીત બની છે, તેથી આપ દેવાનુપ્રિય પાસે મુંડિત થઈ પ્રવ્રજિત થવા ઈચ્છે છે. તો હે ભગવન્ ! અમે આપને આ શિષ્યા રૂપ ભિક્ષા આપીએ છીએ; હે દેવાનુપ્રિય ! આ શિષ્યા રૂપ ભિક્ષાનો આપ સ્વીકાર કરો. અરિહંત પાર્શ્વનાથ ભગવાને ઉત્તર આપ્યો–"હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો.

**१६ तए णं सा भूया दारिया पासेणं अरहा एवं वुत्ता समाणी हट्ठतुट्ठा, उत्तरपुरत्थिमं दिसिभागं अवक्कमइ अवक्कमित्ता सयमेय आभरणमल्लालंकारं ओमुयइ, जहा देवाणंदा णवरं पुप्फचूलाणं अंतिए** *जाव* **गुत्तबंभयारिणी ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી અરિહંત પાર્શ્વનાથ ભગવાનની સ્વીકૃતિ સાંભળીને તે ભૂતાકુમારી હૃષ્ટ–તુષ્ટ થઈ, ઈશાન ખૂણામાં જઈને સ્વયમેવ આભૂષણ, માલા, અલંકાર ઉતાર્યા. આ સંપૂર્ણ વર્ણન દેવાનંદાની જેમ જાણી લેવું. તેમાં વિશેષતાએ છે કે તેણીએ અરિહંત પાર્શ્વનાથ ભગવાન પાસે દીક્ષા લીધી અને પુષ્પચૂલિકા આર્યા પાસે શિક્ષા ગ્રહણ કરી ***યાવત્*** તે ભૂતા સાધ્વી ગુપ્ત બ્રહ્મચારિણી બની ગઈ.

### ભૂતા સાધ્વીની સંયમમાં બકુશતા :–

**१७ तए णं सा भूया अज्जा अण्णया कयाइ सरीरबाउसिया जाया यावि होत्था । अभिक्खणं अभिक्खणं हत्थे धोवइ, पाए धोवइ, सीसं धोवइ, मुहं धोवइ, थणगंतराइं धोवइ, कक्खंतराइं धोवइ, गुज्झंतराइं धोवइ, जत्थ जत्थ वि य णं ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएइ, तत्थ तत्थ वि य णं पुव्वामेव पाणएणं अब्भुक्खेइ, तओ पच्छा ठाणं वा सेज्जं वा णिसीहियं वा चेएइ ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી તે ભૂતા આર્યા શરીર બાકુશિકા(શરીરની સેવા કરનારી) થઈ ગઈ. તે વારંવાર હાથ ધોતી, પગ ધોતી, માથું ધોતી, મુખ, સ્તનાંતર, કાંખ, ગુહ્યાંતર ધોતી અને જ્યાં તે ઊભી રહેતી, સૂતી, બેસતી અને સ્વાધ્યાય કરતી તે તે સ્થાનો ઉપર પહેલાં પાણી છાંટતી ત્યાર પછી તે ત્યાં ઊભી રહેતી, સૂતી, બેસતી અથવા સ્વાધ્યાય કરતી.

**१८ तए णं ताओ पुप्फचूलाओ अज्जाओ भूयं अज्जं एवं वयासी– अम्हे णं देवाणुप्पिया ! समणीओ णिग्गंथीओ इरियासमियाओ** *जाव* **गुत्तबंभयारिणीओ । णो खलु कप्पइ अम्हं सरीरबाओसियाणं होत्तए । तुमं च णं देवाणुप्पिए ! सरीर– बाओसिया**

**अभिक्खणं अभिक्खणं हत्थे धोवसि** *जाव* **णिसीहियं चेएसि । तं णं तुमं देवाणुप्पिए ! एयस्स ठाणस्स आलोएहि, सेसं जहा सुभद्दाए** *जाव* **पाडिएक्कं उवस्सयं उवसंपज्जित्ताणं विहरइ । तए णं सा भूया अज्जा अणोहट्टिया अणिवारिया सच्छंदमई अभिक्खणं अभिक्खणं हत्थे धोवइ** *जाव* **णिसीहियं चेएइ ।**

**ભાવાર્થ :–** ત્યારે પુષ્પચૂલિકા આર્યાએ ભૂતા આર્યાને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિયે ! આપણે ઈર્યાસમિતિ આદિ સમિતિઓથી સહિત ***યાવત્*** ગુપ્તબ્રહ્મચારિણી નિર્ગ્રંથ શ્રમણી છીએ. તેથી આપણે શરીર બાકુશિકા થવું યોગ્ય નથી, પરંતુ હે દેવાનુપ્રિયે ! તું શરીર બાકુશિકા થઈને હાથ ધુએ છે ***યાવત્*** પાણી છાંટીને બેસે, સ્વાધ્યાય કરે છે. તેથી હે દેવાનુપ્રિયે ! તું આ સ્થાનની(પ્રવૃત્તિની) આલોચના કર. ઈત્યાદિ શેષ વર્ણન સુભદ્રાની જેમ જાણવું. ***યાવત્*** આર્યા પુષ્પચૂલિકાના સમજાવવાથી પણ તે સમજી નહીં અને એક દિવસ તે ઉપાશ્રયમાંથી નીકળીને જુદા ઉપાશ્રય જઈને એકલી રહેવા લાગી.

ત્યાર પછી તે ભૂતા આર્યા ગુરુણી આદિનો અંકુશ ન હોવાથી નિરંકુશ, કોઈ રોકનાર, અટકાવનાર ન હોવાથી સ્વચ્છંદી બનીને વારંવાર હાથ–પગ ધોવા લાગી ***યાવત્*** પાણી છાંટીને બેસતી હતી અર્થાત્ પોતાનો પૂર્વોક્ત આચાર ચાલુ રાખ્યો.

**વિવેચન :–**

પ્રસ્તુત વર્ગના દશે અધ્યયનમાં શરીર શુશ્રૂષા, શુચિ ધર્મિતા અને સુખશીલતા વૃત્તિથી સંયમને દૂષિત કરનાર સાધ્વીઓનું વર્ણન છે. જે ભાવાર્થથી સ્પષ્ટ છે.

ઉપરોક્ત પ્રવૃત્તિઓને બાકુશી પ્રવૃત્તિ અને તેનું આચરણ કરનાર સાધ્વીજીઓ શરીર બાકુશિકા કહેવાય છે.

સૂત્રોક્ત ઘટના પ્રભુ પાર્શ્વનાથના શાસનમાં પ્રવર્તિની સાધ્વી પુષ્પચૂલાની નેશ્રામાં બની હતી.

તપ–સંયમની સાધના કરવા છતાં ચારિત્રમોહના ઉદયે તથાપ્રકારની વૃત્તિ જન્મે છે. જે સંયમને દૂષિત કરે છે અને ભવભ્રમણ વધારે છે.

## ભૂતા સાધ્વીનું મૃત્યુ અને ભવિષ્ય :–

**૧૧ तए णं सा भूया अज्जा बहूहिं चउत्थछट्ठ** *जाव* **बहूइं वासाइं सामण्णपरियागं पाउणित्ता तस्स ठाणस्स अणालोइय अपडिक्कंता कालमासे कालं किच्चा सोहम्मे कप्पे सिरिवडिंसए विमाणे उववाय सभाए देवसयणिज्जंसि** *जाव* **सिरिदेवित्ताए उववण्णा, पंचविहाए पज्जत्तीए पज्जत्ता** *जाव* **भासमणपज्जत्तीए । एवं खलु गोयमा !**

**सिरीए देवीए एसा दिव्वा देविड्ढी लद्धा पत्ता अभिसमण्णागया । एगं पलिओवमं ठिई ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે ભૂતા આર્યાએ વિવિધ પ્રકારની તપશ્ચર્યા ઉપવાસ, છઠ, અટ્ઠમ, આદિ તપથી આત્માને ભાવિત કરતાં ઘણાં વર્ષો સુધી સંયમ પર્યાયનું પાલન કર્યું. અંતે પોતાની દૂષિત પ્રવૃત્તિની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના મૃત્યુના અવસરે મૃત્યુ પામીને તેણી સૌધર્મકલ્પના 'શ્રી અવતંસક' વિમાનની ઉપપાત સભામાં દેવશય્યામાં શ્રીદેવીના રૂપે ઉત્પન્ન થઈ; આહાર પર્યાપ્તિ, શરીરપર્યાપ્તિ, ઈન્દ્રિય પર્યાપ્તિ, શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ અને ભાષા–મનપર્યાપ્તિ તે પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત થઈ.

આ રીતે હે ગૌતમ ! શ્રી દેવીએ આ દિવ્ય દેવઋદ્ધિને મેળવી છે, પ્રાપ્ત કરી છે અને સ્વાધીન કરી છે. દેવલોકમાં તેની સ્થિતિ એક પલ્યોપમની છે.

**૨૦ सिरी णं भंते ! देवी** *जाव* **कहिं गच्छिहिइ कहिं उववज्जिहिइ ? गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શ્રી દેવી દેવભવનું આયુષ્ય પૂર્ણ કરીને ***યાવત્*** ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

ઉત્તર– હે ગૌતમ ! તે મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરશે અને (સંયમની સાધના કરી) સિદ્ધિ પ્રાપ્ત કરશે.

**અધ્યયન ઉપસંહાર :–**

**૨૧ तं एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पुप्फचूलियाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પુષ્પચૂલિકાના પ્રથમ અધ્યયનનો આ ભાવ કહ્યો છે.

**॥ વર્ગ–૪ અધ્ય.–૧ સંપૂર્ણ ॥**

# વર્ગ–૪ અધ્ય. ૨ થી ૧૦

## હ્રીદેવી આદિ

### હ્રીદેવી આદિ :–

**૧ एवं सेसाणं वि णवण्हं भाणियव्वं । सरिसणामा विमाणा । सोहम्मे कप्पे। पुव्वभवो । णयर–चेइय–पियमाईणं अप्पणो य णामादि जहा संगहणीए । सव्वा पासस्स अंतिए णिक्खंता । पुप्फचूलाणं सिस्सिणीयाओ । सरीरबाओसियाओ। सव्वाओ अणंतरं चयं चइत्ता महाविदेहे वासे सिज्झिहिंति।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે શેષ નવ અધ્યનોના ભાવ પણ જાણી લેવા જોઈએ. મૃત્યુ પછી પોતપોતાના નામ અનુસાર વિમાનોમાં તેની ઉત્પત્તિ થઈ. જેમ કે– હ્રી દેવી હ્રી વિમાનમાં, ધૃતિ દેવી ધૃતિ વિમાનમાં, કીર્તિ દેવી કીર્તિ વિમાનમાં, બુદ્ધિ દેવી બુદ્ધિ વિમાનમાં ઉત્પન્ન થઈ છે. સર્વ દેવીઓની ઉત્પત્તિ સૌધર્મકલ્પમાં થઈ. તે સર્વનો પૂર્વભવ ભૂતાની સમાન છે. નગર, ઉદ્યાન, માતા–પિતાના નામ આદિ સંગ્રહણી ગાથા પ્રમાણે જાણવા. [ગાથા ઉપલબ્ધ નથી.] તે સર્વ દેવીઓ પૂર્વભવમાં પાર્શ્વનાથ ભગવાન પાસે પ્રવ્રજિત થઈ હતી અને પુષ્પચૂલા આર્યાની શિષ્યાઓ થઈ હતી. સંયમનું પાલન કરતાં કરતાં તે સર્વે શરીર બાકુશિકા થઈ. દેવલોકમાંથી ચ્યવી, સર્વે મહાવિદેહક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.

### વિવેચન :–

પ્રસ્તુત વર્ગના દશ અધ્યયનમાંથી એક અધ્યયનનું વિસ્તૃત વર્ણન છે અને શેષ નવ અધ્યયનોનું આ સૂત્રમાં સંક્ષિપ્ત વર્ણન છે. તે દશ કથાનક એક સમાન છે. તેઓની નગરી વગેરેના નામોમાં વિશેષતા છે. તેના માટે સૂત્રમાં સંગ્રહણી ગાથાથી જાણવાનો નિર્દેશ છે પરંતુ સંગ્રહણી ગાથા કોઈ પ્રતમાં કે ટીકામાં પ્રાપ્ત થતી નથી.

### વર્ગનો ઉપસંહાર :–

**૨ एवं खलु जंबू समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं पुप्फचूलियाणं दस अज्झयणाणं अयमट्ठे पण्णत्ते । – त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! આ રીતે નિર્વાણપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પુષ્પચૂલિકાના દસ

અધ્યયનનો આ ભાવ પ્રરૂપ્યો છે.

**ઉપસંહાર :–** આ વર્ગના વર્ણનથી સ્પષ્ટ થાય છે કે લોકમાં જે લક્ષ્મી, સરસ્વતી આદિ દેવીઓની પૂજા– પ્રતિષ્ઠા કરવામાં આવે છે. તે પ્રથમ દેવલોકની દેવીઓ પ્રત્યે એક પ્રકારની ભક્તિનું દર્શન છે. તેમને પ્રસન્ન કરી લોકો કંઈક મેળવવાની અપેક્ષા રાખે છે.

ત્રીજા વર્ગમાં મણિભદ્ર–પૂર્ણભદ્ર દેવનું વર્ણન આવે છે. જિનમંદિરોમાં તેની પણ પૂજા પ્રતિષ્ઠા કરવામાં આવે છે. આ સર્વ પ્રવૃત્તિઓ ભૌતિક સુખની અપેક્ષાથી થાય છે. વીતરાગ ધર્મ તો લૌકિક આશાથી પર રહીને માત્ર આત્મસાધના કરવાનો ઉપદેશ આપે છે.

ત્રીજા ચોથા વર્ગમાં વર્ણિત ધર્મકથાઓથી જણાય છે કે ચારિત્રના વિરાધક સાધકો પણ જો શ્રદ્ધામાં દઢ હોય તો તે વિરાધક થવા છતાં અનંત સંસાર પરિભ્રમણ કરતા નથી. ચારિત્રની વિરાધનાના પરિણામે તે નિમ્ન જાતિના દેવ–દેવી તરીકે જન્મ ધારણ કરે છે. તેઓ પુનઃ મનુષ્ય જન્મ ધારણ કરી, આરાધના કરીને સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી શકે છે. તેથી સંયમની હીનાધિક આરાધના કરનાર દરેક સાધકોએ પોતાની શ્રદ્ધા, પ્રરૂપણા તો આગમાનુસાર શુદ્ધ રાખવી જોઈએ અને કષાય ભાવથી મુક્ત રહી, બાર પ્રકારના તપમાં લીન રહેવું જોઈએ. આ પ્રકારે સાવધાન રહેનાર સંયમી સાધક પોતાના આત્માની અધોગતિથી સુરક્ષા કરી સદ્ગતિ પ્રાપ્ત કરી શકે છે અને અંતે મોક્ષ પામી શકે છે.

**॥ વર્ગ–૪ અધ્ય. ર થી ૧૦ સંપૂર્ણ ॥**

# પાંચમો વર્ગ

## વૃષ્ણિદશા

**પરિચય :–**

આ વર્ગમાં બાર અધ્યયન છે. તેના ચરિત્રનાયકો અંધકવૃષ્ણિ કુળના હોવાથી તેનું નામ વૃષ્ણિદશા છે.

**અધ્યયન – ૧ : નિષધકુમાર :–** કૃષ્ણ વાસુદેવના ભાઈ બળદેવ રાજાને રેવતી નામની રાણી અને નિષધકુમાર નામનો પુત્ર હતો. યૌવનાવસ્થામાં પ્રવેશ કરતાં પચાસ કન્યાઓ સાથે તેના લગ્ન થયા. ભવ્ય પ્રાસાદમાં તે સુખપૂર્વક રહેતો હતો.

અરિહંત અરિષ્ટનેમિ દ્વારિકા નગરીમાં પધાર્યા. કૃષ્ણ વાસુદેવ તથા પ્રજાજનો ભગવાનના દર્શનાર્થે ગયા. નિષધકુમાર પણ ભગવાનના દર્શન કરવા ગયા. ઉપદેશ શ્રવણ કરી તેમણે ભગવાન પાસે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. અરિષ્ટનેમિ ભગવાનના પ્રથમ ગણધર વરદત્ત અણગારે નિષધકુમારનો પૂર્વભવ પૂછ્યો અને ભગવાને તેના પૂર્વભવનું વર્ણન કર્યું.

**નિષધકુમારનો પૂર્વભવ :–** આ ભરત ક્ષેત્રના રોહતક નગરમાં મહાબલ નામના રાજા અને તેનો વીરાંગદ નામનો પુત્ર હતો. બત્રીસ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે તેના લગ્ન થયાં. કોઈ એક સમયે સિદ્ધાર્થ નામના આચાર્ય તે નગરીમાં પધાર્યા. તેમનો ઉપદેશ સાંભળી વિરાંગદને વૈરાગ્ય ભાવ જાગૃત થયો, તેણે સંયમ અંગીકાર કર્યો. અગિયાર અંગ કંઠસ્થ કરી અનેક પ્રકારની તપશ્ચર્યા દ્વારા આત્મશુદ્ધિ કરવા લાગ્યા. ૪૫ વર્ષ સુધી શુદ્ધ સંયમનું પાલન કરી, બે મહિનાનો સંથારો કરી, આરાધકભાવે પાંચમા દેવલોકમાં દેવ રૂપે ઉત્પન્ન થયા. ત્યાંની દસ સાગરોપમની સ્થિતિ પૂર્ણ કરી અહીં નિષધકુમાર તરીકે ઉત્પન્ન થયા છે અને આજે તેણે શ્રાવકવ્રત સ્વીકાર્યા છે.

**નિષધકુમારની દીક્ષા :–** એક દિવસ શ્રમણોપાસક નિષધકુમારને પૌષધમાં ધર્મજાગરણ કરતાં દ્વારિકા નગરીમાં ભગવાનની પર્યુપાસના કરવાના ભાવ જાગૃત થયાં. ભગવાન અરિષ્ટનેમિ તેમના મનોગત ભાવને જાણી ત્યાં પધાર્યા. નિષધકુમારની ભાવના પરિપૂર્ણ થઈ એટલું જ નહીં, તેના ભાવો વિરતિધર્મ માટે વૃદ્ધિંગત બન્યા; પ્રભુ પાસે સંયમનો સ્વીકાર કર્યો. અગિયાર અંગ કંઠસ્થ કર્યા. વિવિધ તપશ્ચર્યા કરતાં, નવ વર્ષની ચારિત્રપર્યાયનું પાલન કર્યું અને એકવીસ દિવસનો સંથારો કરી, આરાધનાપૂર્વક કાળધર્મ પામી, સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી તેત્રીસ સાગરોપમનું દેવાયુષ્ય પૂર્ણ કરીને મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈ, સિદ્ધગતિને પ્રાપ્ત કરશે.

**અધ્યયન – ૨ થી ૧૧ :–** શેષ અગિયાર અધ્યયનમાં ૧૧ રાજકુમારોનું વર્ણન ઉપર પ્રમાણે જ છે. સંયમ ગ્રહણ અને અનુત્તર વિમાનમાં ઉત્પત્તિ આદિ નિષધકુમારની જેમ સમજી લેવું.

❖❖❖❖❖

# પાંચમો વર્ગ : વૃષ્ણિદશા

## અધ્ય.–૧ થી ૧૨ : નિષધાદિ

**અધ્યયન પ્રારંભ :–**

**१ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं उवङ्गाणं चउत्थस्स वग्गस्स पुप्फचूलियाणं अयमट्ठे पण्णत्ते, पंचमस्स णं भंते ! वग्गस्स वण्हिदसाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** શ્રી જંબૂસ્વામીએ સુધર્મા સ્વામીને પૂછ્યું– હે ભગવન્ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ઉપાંગ સૂત્રના ચોથા વર્ગ પુષ્પચૂલિકાનું આ રીતે નિરૂપણ કર્યું છે, તો હે ભગવન્ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પાંચમા વર્ગ વૃષ્ણિદશામાં કયા ભાવોનું નિરૂપણ કર્યું છે ?

**२ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं उवङ्गाणं पंचमस्स वग्गस्स वण्हिदसाणं दुवालस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**णिसढे मायणि वह वहे, पगया जुत्ती दसरहे दढरहे य ।**

**महाधणू सत्तधणू, दसधणू णामे सयधणू य ॥**

**ભાવાર્થ :–** હે આયુષ્યમાન્ ! જંબૂ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પાંચમા વૃષ્ણિદશા વર્ગના બાર અધ્યયન કહ્યાં છે, તેનાં નામ આ પ્રમાણે છે– (૧) નિષધ, (૨) માયની(માદની), (૩) વહ, (૪) વહે, (૫) પગયા(પ્રકૃતા), (૬) યુક્તિ, (૭) દશરથ, (૮) દઢરથ, (૯) મહાધન્વા, (૧૦) સપ્તધન્વા, (૧૧) દશધન્વા અને (૧૨) શતધન્વા.

**३ जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं उवङ्गाणं पंचमस्स वग्गस्स वण्हिदसाणं दुवालस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! જો મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ઉપાંગ સૂત્રના વૃષ્ણિદશા નામના પાંચમા વર્ગના બાર અધ્યયન કહ્યાં છે, તો હે ભગવન્ ! મોક્ષપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે પ્રથમ અધ્યયનમાં કયા ભાવોનું નિરૂપણ કર્યું છે ?

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રોમાં વર્ગનો પ્રારંભ કરતાં દશ અધ્યયનોનાં નામ નિર્દેશ છે. જેમાં કેટલાક નામ અપરિચિત જેવા છે. જેમ કે– માયણિ, વધ, વધે, પગતા વગેરે. ટીકામાં સૂત્રોક્ત નામ સંબંધિત કોઈ સ્પષ્ટીકરણ નથી.

**मायणि :–** પાઠાંતરમાં **माअणि**, માદની, માતલિ વગેરે શબ્દો જોવા મળે છે. આ વિષયે ટીકા, વ્યાખ્યા વગેરે ન હોવાથી તે શબ્દોમાં કંઈક લિપિ દોષ થવાની પણ શક્યતા છે.

## દ્વારકાનગરી :–

**૪ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं बारवई णामं णयरी होत्था– दुवालस जोयणायामा णव जोयण वित्थिण्णा धणवइमइणिम्मिया चामीयरपवरपागारा णाणामणि पंचवण्ण कविसीसगसोहिया अलकापुरीसंकासा पमुइयपक्कीलिया पच्चक्खं देवलोयभूया पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! તે કાળે અને તે સમયે દ્વારકા નામની નગરી હતી. તે પૂર્વ–પશ્ચિમમાં બાર યોજન લાંબી અને ઉત્તર–દક્ષિણમાં નવ યોજન પહોળી હતી, તે નગરી કુબેરે પોતાની બુદ્ધિકૌશલથી બનાવી હતી. સુવર્ણના બનેલા શ્રેષ્ઠ પ્રાકાર–કિલ્લા અને પંચરંગી મણિઓના બનેલા કાંગરાથી તે સુશોભિત હતી. તે અલકાપુરી–ઈન્દ્રની નગરી સમાન સુંદર લાગતી હતી. ત્યાંના નગરવાસી આનંદ કરનારા અને ક્રીડા કરવામાં તત્પર રહેતા હતા. તે નગરી મનને પ્રસન્ન કરનારી, દર્શનીય, અભિરૂપ–સુંદર છટાવાળી, પ્રતિરૂપ–અનુપમ શિલ્પકલાથી સુશોભિત સાક્ષાત્ દેવલોક જેવી લાગતી હતી.

## રૈવતક પર્વત :–

**૫ तीसे णं बारवईए णयरीए बहिया उत्तरपुरत्थिमे दिसीभाए एत्थ णं रेवयए णामं पव्वए होत्था– तुंगे गयणतलमणुलिहंतसिहरे णाणाविहरुक्ख–गुच्छ–गुम्म– लया–वल्लीपरिगयाभिरामे हंसमिय–मयूर–कोञ्च–सारस–काग–मदणसाल–कोइल–कुलोववेए तडकडगविवरउज्झरपवायपब्भारसिहरपउरे अच्छरगण–देवसंघ–विज्जाहर–मिहुण–सण्णिचिण्णे णिच्चच्छणए दसारवरवीर–पुरिसतेल्लोक्क–बलवगाणं सोमे सुभए पियदंसणे सुरूवे पासाईए दरिसणिज्जे अभिरूवे पडिरूवे।**

**ભાવાર્થ :–** તે દ્વારકા નગરીની બહાર ઈશાન ખૂણામાં રૈવતક નામનો પર્વત હતો. તે પર્વત ગગનચુંબી શિખરવાળો; અનેક પ્રકારનાં વૃક્ષો, ગુચ્છો, ગુલ્મો લતાઓ અને વલ્લીઓથી યુક્ત હતો. તે પર્વત હંસ,

મૃગ, મયૂર, ક્રૌંચ પક્ષી, સારસ, ચક્રવાક, મેના અને કોયલ આદિ પશુ–પક્ષીઓના કલરવથી ગૂંજતો રહેતો હતો. તેમાં અનેક તટ–કિનારા, મેદાન અને ગુફાઓ હતી. ત્યાં ઝરણાંઓ, પ્રપાત(જ્યાં ઝરણાંઓ પડે છે તે સ્થાન) પ્રાગ્ભાર(પર્વતના કંઈક નમેલા રમણીયભાગ) અને શિખર હતા. તે પર્વત ઉપર અપ્સરા–ઓનો સમૂહ, દેવોનો સમૂહ અને વિદ્યાધરોનાં યુગલ આવીને ક્રીડા કરતાં હતાં. ત્યાં જંઘાચરણ, વિદ્યાચરણ મુનિ પણ ધ્યાન આદિ માટે નિવાસ કરતા હતા. ત્રણે લોકમાં શ્રેષ્ઠ બલવાન મનાતા દશાર્હ– દશારવંશીય વીરપુરુષો ત્યાં હંમેશાં નવા નવા ઉત્સવ ઉજવતા હતા. તે પર્વત સૌમ્ય–આહ્લાદક ભાવ ઉત્પન્ન કરનારો સુભગ, પ્રિયદર્શનીય, સુરૂપ, પ્રાસાદીય–મનને પ્રસન્ન કરનારો, દર્શનીય, મનોહર અને અત્યંત મનોરમ્ય હતો.

### નંદનવન ઉદ્યાન, સુરપ્રિય યક્ષાયતન :–

**૬ तत्थ णं रेवयगस्स पव्वयस्स अदूरसामंते एत्थ णं णंदणवणे णामं उज्जाणे होत्था– सव्वोउयपुप्फफलसमिद्धे रम्मे णंदणवणप्पगासे पासाईए** *जाव* **दरिसणिज्जे।**

**तस्स णं णंदणवणे उज्जाणे सुरप्पियस्स जक्खस्स जक्खाययणे होत्था– चिराईए** *जाव* **बहुजणो आगम्म अच्चेइ सुरप्पियं जक्खाययणं ।**

**से णं सुरप्पिए जक्खाययणे एगेणं महया वणसंडेणं सव्वओ समंता संपरिक्खित्ते जहा पुण्णभद्दे** *जाव* **सिलापट्टए ।**

**ભાવાર્થ :–** તે રૈવતક પર્વતથી ન અતિ દૂર ન અતિ નજીક પરંતુ યથોચિત સ્થાને નંદનવન નામનું એક ઉદ્યાન હતું. તે સર્વ ઋતુઓના પુષ્પો અને ફળોથી રમણીય, નંદનવનની જેમ આનંદપ્રદ, દર્શનીય, મન–મોહક અને મનને આકર્ષિત કરતું હતું.

તે નંદનવન ઉદ્યાનમાં સુરપ્રિય નામના યક્ષનું યક્ષાયતન હતું. તે ઘણું જૂનું હતું. ***યાવત્*** ઘણા લોકો યક્ષાયતનમાં આવીને સુરપ્રિય યક્ષની પૂજા કરતા હતા. યક્ષાયતનનું વર્ણન ઔપપાતિક સૂત્ર પ્રમાણે જાણવું.

તે સુરપ્રિય યક્ષાયતન એક વિશાળ વનખંડથી ઘેરાયેલું હતું ઈત્યાદિ વર્ણન પણ ઔપપાતિક સૂત્ર અનુસાર જાણવું ***યાવત્*** તે વનખંડમાં એક પૃથ્વી શિલાપટ્ટક હતું.

### દ્વારિકા નગરીમાં કૃષ્ણ વાસુદેવ, બળદેવ :–

**૭ तत्थ णं बारवईए णयरीए कण्हे णामं वासुदेवे राया परिवसइ । से णं तत्थ समुद्दविजयपामोक्खाणं दसण्हं दसाराणं, बलदेवपामोक्खाणं पंचण्हं महावीराणं, उग्गसेणपामोक्खाणं सोलसण्हं राईसाहस्सीणं, पज्जुण्णपामोक्खाणं अद्धुट्ठाणं कुमारकोडीणं, संबपामोक्खाणं सट्ठीए दुद्दंतसाहस्सीणं, वीरसेणपामोक्खाणं एक्कवीसाए वीरसाहस्सीणं, रुप्पिणिपामोक्खाणं सोलसण्हं देवीसाहस्सीणं, अणङ्ग–**

**सेणापामोक्खाणं अणेगाणं गणियासाहस्सीणं अण्णेसिं च बहूणं राईसर** *जाव* **सत्थवाह-प्पभिईणं वेयड्ढगिरिसागरमेरागस्स दाहिणड्ढभरहस्स आहेवच्चं** *जाव* **पालेमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** તે દ્વારકાનગરીમાં કૃષ્ણ વાસુદેવ નામના રાજા હતા. તે સમુદ્ર વિજય આદિ દશ દશારોનું, બળદેવ આદિ પાંચ મહાવીરોનું, ઉગ્રેસન આદિ સોળ હજાર રાજાઓનું, પ્રદ્યુમ્ન આદિ સાડા ત્રણ કરોડ કુમારોનું, સાંબ આદિ સાઠ હજાર દુર્દાન્ત (દુર્જેય) શૂરવીરોનું, વીરસેન આદિ એકવીસ હજાર વીરોનું, રુકમણી આદિ સોળહજાર રાણીઓનું, અનંગસેના આદિ અનેક હજાર ગણિકાઓનું અને તે સિવાય અન્ય અનેક રાજા, ઈશ્વર ***યાવત્*** સાર્થવાહ આદિ તથા ઉત્તર દિશામાં વૈતાઢ્ય પર્વત સુધી અને બાકીની ત્રણ દિશાઓમાં લવણ સમુદ્ર સુધી દક્ષિણાર્ધ ભરતક્ષેત્રનું આધિપત્ય આદિ કરતાં તેમજ તેનું પાલન કરતાં, તેના પર અનુશાસન કરતાં રહેતા હતા.

**૮** **तत्थं णं बारवईए णयरीए बलदेवे णामं राया होत्था । महया हिमवंत** *जाव* **रज्जं पसासेमाणे विहरइ । तस्स णं बलदेवस्स रण्णो रेवई णामं देवी होत्था । सूमाल पाणिपाया** *जाव* **विहरइ ।**

**तए णं सा रेवई देवी अण्णया कयाइ तंसि तारिसगंसि सयणिज्जंसि** *जाव* **सीहं सुमिणे पासित्ताणं पडिबुद्धा । एवं सुमिणदंसणपरिकहणं, कलाओ जहा महाबलस्स, पण्णासओ दाओ, पण्णास-रायकण्णगाणं एगदिवसेणं पाणिग्गहणं । णवरं णिसढे णामं** *जाव* **उप्पिं पासाए विहरइ ।**

**ભાવાર્થ :–** તે દ્વારકાનગરીમાં બળદેવ નામના રાજા (શ્રી કૃષ્ણ વાસુદેવના મોટા ભાઈ) હતા. તે મહાન હિમવંત પર્વત સમાન વગેરે રાજાને યોગ્ય ગુણોથી સંપન્ન હતા. તે રાજ્યનું શાસન કરતાં રહેતા હતાં. તે બળદેવ રાજાને રેવતી નામની પત્ની હતી. તે સુકુમાર અંગોપાંગવાળી હતી ***યાવત્*** સુખપૂર્વક રહેતી હતી.

કોઈ એક સમયે રેવતી દેવીએ પોતાના શયનગૃહમાં વિશિષ્ટ પ્રકારની શય્યા ઉપર સૂતાં સ્વપ્નમાં સિંહને જોયો. સ્વપ્ન જોઈને તે જાગૃત થઈ. ત્યાર પછી સ્વપ્ન કથન, બોંતેર કળાઓમાં પ્રવીણ થવું વગેરે વર્ણન મહાબલકુમાર(ભગવતી સૂત્ર)ની જેમ જાણવું. યથાસમયે એક દિવસમાં જ પચાસ રાજકન્યાઓ સાથે તેના લગ્ન થયા અને પચાસ–પચાસ વસ્તુઓ દહેજમાં આપવામાં આવી. વિશેષતા એ છે કે તે કુમારનું નામ નિષધ હતું ***યાવત્*** તે આનંદ–પ્રમોદ કરતો ગગનચુંબી મહેલમાં રહેવા લાગ્યો.

### અરિહંત અરિષ્ટનેમિનું આગમન :–

**૯** **तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठणेमी आइगरे** *जाव* **समोसरिए णवरं ओगाहणा दस धणूइं । परिसा णिग्गया ।**

**तए णं से कण्हे वासुदेवे इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे, कोडुंबियपुरिसे सद्दावेइ सद्दावित्ता एवं वयासी– खिप्पामेव भो देवाणुप्पिया ! सभाए सुहम्माए सामुदाणियं भेरिं तालेहि ।**

**तए णं से कोडुंबियपुरिसे** *जाव* **पडिसुणित्ता जेणेव सभाए सुहम्माए सामु– दाणिया भेरी तेणेव उवागच्छइ, उवागच्छित्ता सामुदाणियं भेरिं महया महया सद्देणं तालेइ ।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે ધર્મની આદિ કરનારા અરિહંત અરિષ્ટનેમિ ભગવાન દ્વારિકામાં પધાર્યા, વગેરે વર્ણન ભગવાન મહાવીર સ્વામીના વર્ણનની સમાન જાણવું. વિશેષતા એ છે કે અરિહંત અરિષ્ટનેમિની અવગાહના(ઊંચાઈ) દશ ધનુષની હતી. પરિષદ ધર્મદેશના સાંભળવા નીકળી.

ત્યાર પછી કૃષ્ણ વાસુદેવે 'ભગવાન પધાર્યા છે,' તે સમાચાર જાણીને હૃષ્ટ–તુષ્ટ હૃદયવાળા થઈને સેવક પુરુષને બોલાવ્યા અને કહ્યું– હે દેવાનુપ્રિયે ! શીઘ્ર સુધર્મા સભામાં જઈને સામુદાનિક–જન સમૂહને સૂચના આપતી ભેરી વગાડો.

ત્યારે તે સેવક પુરુષે ***યાવત્*** કૃષ્ણ વાસુદેવની આજ્ઞાનો સ્વીકાર કરીને જ્યાં સુધર્માસભામાં સામુદાનિક ભેરી હતી ત્યાં આવ્યાં અને તે સામુદાનિક ભેરી જોરથી વગાડી.

### કૃષ્ણવાસુદેવનું દર્શનાર્થ ગમન :–

**૧૦ तए णं तीसे सामुदाणियाए भेरीए महया महया सद्देणं तालियाए समाणीए समुद्दविजय पामोक्खा दस दसारा** *जाव* **अणंगसेणापामोक्खा अणेगा गणियासहस्सा अण्णे य बहवे राईसर** *जाव* **सत्थवाहप्पभिईओ ण्हाया** *जाव* **सव्वालंकारविभूसिया जहाविभवइड्ढीसक्कारसमुदएणं अप्पेगइया हयगया गयगया पायचारविहारेणं वंदावंदएहिं पुरिसवग्गुरापरिक्खित्ता जेणेव कण्हे वासुदेवे, तेणेव उवागच्छंति, उवागच्छित्ता करयल परिग्गहियं** *जाव* **कण्हं वासुदेवं जएण विजएणं वद्धावेंति ।**

**ભાવાર્થ :–** જોરથી વગાડાયેલી સામુદાનિક ભેરીના અવાજને સાંભળી સમુદ્રવિજય આદિ દસ દશાર્હ વગેરે અનંગસેના આદિ અનેક સહસ્ર ગણિકાઓ અને બીજા ઘણા રાજા, ઈશ્વર તથા સાર્થવાહ પર્યંતનો જનસમાજ સ્નાન કરીને ***યાવત્*** સર્વ પ્રકારે અલંકૃત વિભૂષિત થઈને, પોતપોતાના વૈભવ પ્રમાણે સત્કારની સામગ્રી લઈને ઘોડા, હાથી વગેરેની સવારી દ્વારા, કોઈ પગે ચાલીને, આ રીતે ટોળેટોળા રૂપે જનસમુદાય સહિત જ્યાં કૃષ્ણ વાસુદેવ હતા ત્યાં આવ્યાં, આવીને બે હાથ જોડીને કૃષ્ણવાસુદેવને જય–વિજય શબ્દોથી વધાવ્યા.

**૧૧ तए णं से कण्हे वासुदेवे कोडुंबियपुरिसे एवं वयासी– खिप्पामेव भो**

**देवाणुप्पिया ! आभिसेक्कं हत्थिरयणं कप्पेह हयगयरहपवर** *जाव* **पच्चप्पिणंति ।**

**ભાવાર્થ :–** તે સમયે કૃષ્ણવાસુદેવે પોતાના સેવક પુરુષને આ પ્રમાણે કહ્યું– હે દેવાનુપ્રિય શીઘ્ર અભિષિક્ત હસ્તી રત્નને વિભૂષિત કરો અને ઘોડા, હાથી, રથ અને સૈનિકો સહિત ચતુરંગિણી સેનાને સુસજ્જિત કરો ***યાવત્*** સેવક પુરુષે સર્વ તૈયારી કરીને સૂચના આપી.

**१२ तए णं से कण्हे वासुदेवे जेणेव मज्जणघरे तेणेव उवागच्छइ** *जाव* **मज्जण–घराओ पडिणिक्खमित्ता जेणेव बाहिरिया उवट्ठाणसाला** *जाव* **गयवइं णरवई दुरूढे । अट्ठट्ठ मंगलगा जहा कूणिए** *जाव* **सेयवरचामरेहिं उद्धुव्वमाणेहिं उद्धुव्वमाणेहिं समुद्दविजयपामोक्खेहिं दसहिं दसारेहिं** *जाव* **सत्थवाहप्पभिईहिं सद्धिं संपरिवुडे सव्विड्ढीए** *जाव* **रवेणं बारवइं णयरिं मज्झंमज्झेणं, सेसं जहा कूणिओ** *जाव* **पज्जुवासइ ।**

**ભાવાર્થ :–** તે સમયે કૃષ્ણવાસુદેવે સ્નાનગૃહમાં પ્રવેશ કર્યો ***યાવત્*** સ્નાન કરીને, વસ્ત્રાલંકારથી વિભૂષિત થઈ, સ્નાનગૃહથી બહાર નીકળીને બાહ્ય ઉપસ્થાનશાળા પાસે આવ્યા ***યાવત્*** અભિષિક્ત હસ્તી રત્ન ઉપર રાજા આરૂઢ થયા. ત્યાંથી પ્રસ્થાન કરતાં તેની આગળ આઠ–આઠ મંગલ રાખવામાં આવ્યાં અને કોણિક રાજાની જેમ ઉત્તમ શ્રેષ્ઠ ચામરોથી વીંઝાતાં, સમુદ્રવિજય આદિ દશ દશાર્હ ***યાવત્*** સાર્થવાહ આદિની સાથે સંપૂર્ણ ઋદ્ધિ સહિત વાજિંત્રોના નાદ સાથે દ્વારિકાનગરીના મધ્યભાગમાંથી નીકળ્યા ઈત્યાદિ વર્ણન કોણિકની જેમ સમજી લેવું જોઈએ ***યાવત્*** પર્યુપાસના કરવા લાગ્યા.

### વિવેચન :–

**सव्वालंकार :–** સર્વ અલંકાર. અલંકાર–શણગાર ચાર પ્રકારના છે– (૧) કેશાલંકાર (૨) માળાલંકાર, (૩) વસ્ત્રાલંકાર (૪) આભરણાલંકાર.

### નિષધકુમારનું દર્શનાર્થ ગમન :–

**१३ तए णं तस्स णिसहस्स कुमारस्स उप्पिं पासायवरगयस्स तं महया जणसद्दं सोच्चा जहा जमाली** *जाव* **धम्मं सोच्चा णिसम्म वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं, एवं जहा चित्तो** *जाव* **सावगधम्मं पडिवज्जइ, पडिवज्जित्ता पडिगए ।**

**ભાવાર્થ :–** તે સમયે શ્રેષ્ઠ મહેલમાં રહેલા નિષધકુમાર મનુષ્યોનો કોલાહલ સાંભળી ***યાવત્*** જમાલીની જેમ ઋદ્ધિ–વૈભવ સહિત મહેલમાંથી નીકળી ભગવાનના સમોસરણમાં ગયા ***યાવત્*** ધર્મદેશના સાંભળી, હૃદયમાં ધારણ કરી, ભગવાનને વંદન–નમસ્કાર કર્યા; વંદન–નમસ્કાર કરીને આ પ્રમાણે

કહ્યું– હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રદ્ધા કરું છું વગેરે ચિત્ત સારથીની જેમ તેણે શ્રાવકધર્મ સ્વીકાર કર્યો, શ્રાવક ધર્મ સ્વીકાર કરી તે પાછા ફર્યા.

## નિષધના પૂર્વ ભવની પૃચ્છા :–

**૧૪ तेणं कालेणं तेणं समएणं अरहा अरिट्ठणेमिस्स अंतेवासी वरदत्ते णामं अणगारे उराले** *जाव* **विहरइ । तए णं से वरदत्ते अणगारे णिसढं कुमारं पासइ, पासित्ता जायसड्ढे** *जाव* **पज्जुवासमाणे एवं वयासी– अहो णं भंते ! णिसढे कुमारे इट्ठे इट्ठरूवे, कंते कंतरूवे, पिए पियरूवे, मणुण्णे मणुण्णरूवे, मणामे मणामरूवे, सोमे सोमरूवे, पियदंसणे सुरूवे । णिसढेणं भंते ! कुमारेणं अयमेयारूवे मणुयइड्ढी किण्णा लद्धा, किण्णा पत्ता ? पुच्छा जहा सूरियाभस्स ।**

**ભાવાર્થ :–** તે કાળે તે સમયે અરિહંત અરિષ્ટનેમિના મુખ્ય શિષ્ય વરદત્ત નામના અણગાર વિશિષ્ટ તપ સંયમથી આત્માને ભાવિત કરતાં વિચરી રહ્યા હતા. તે વરદત્ત અણગારે નિષધકુમારને જોયા, જોઈને તેને જિજ્ઞાસા થઈ ***યાવત્*** અરિષ્ટનેમી ભગવાનની પર્યુપાસના કરતાં આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! આ નિષધકુમાર ઈષ્ટ, ઈષ્ટરૂપ, કાંત, કાંત રૂપ, પ્રિય, પ્રિય રૂપવાળા, મનોજ્ઞ, મનોજ્ઞ રૂપવાળા, મનોરમ, મનોરમ રૂપવાળા, સૌમ્ય–સૌમ્ય રૂપવાળા છે; પ્રિયદર્શનીય અને સુંદર છે. હે ભગવન્ ! નિષધકુમારને આ પ્રકારની મનુષ્યસંબંધી ૠદ્ધિ કેવી રીતે મળી ? કેવી રીતે પ્રાપ્ત થઈ ? ઈત્યાદિ સૂર્યાભદેવના વિષયમાં ગૌતમસ્વામીએ પૂછેલા પ્રશ્નની જેમ વરદત્તમુનિએ પ્રશ્નો પૂછ્યા.

## પૂર્વભવ : વીરાંગદકુમાર :–

**૧૫ एवं खलु वरदत्ता ! तेणं कालेणं तेणं समएणं इहेव जंबुद्दीवे दीवे भारहे वासे रोहीडए णामं णयरे होत्था** *वण्णओ* **। मेहवण्णे उज्जाणे । माणिदत्तस्स जक्खस्स जक्खाययणे । तत्थ णं रोहीडए णयरे महब्बले णामं राया, पउमावई णामं देवी, अण्णया कयाइ तंसि तारिसगंसि सयणिज्जंसि सीहं सुमिणे, एवं जम्मणं भाणियव्वं जहा महाबलस्स, णवरं वीरङ्गओ णामं, बत्तीसओ दाओ, बत्तीसाए रायवरकण्णगाणं पाणिं गिण्हावेंति** *जाव* **उवगिज्जमाणे उवगिज्जमाणे पाउसवरिसारत्तसरयहेमंतवसंत गिम्हपव्वंसे छप्पि उऊ जहाविभवेणं भुंजमाणे– भुंजमाणे कालं गालेमाणे इट्ठे सद्द– फरिसरसरूवगंधे पंचविहे माणुस्सए कामभोए पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** અરિહંત અરિષ્ટનેમિએ વરદત્ત અણગારના પ્રશ્નોનું સમાધાન કરતાં કહ્યું– હે વરદત્ત ! તે કાળે અને તે સમયે આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં રોહીતક નામનું નગર હતું. ત્યાં મેઘવર્ણ નામનું ઉદ્યાન

હતું. ત્યાં મણિદત્ત યક્ષનું યક્ષાયતન હતું. તે રોહીતક નગરમાં મહાબલ નામના રાજા રાજ્ય કરતા હતા. તેમને પદ્માવતી નામની રાણી હતી. એક વાર રાત્રિએ તે પદ્માવતીએ સુખપૂર્વક શય્યામાં સૂતાં સ્વપ્નમાં સિંહને જોયો, ***યાવત્*** ભગવતી સૂત્ર વર્ણિત મહાબલની જેમ પુત્ર જન્મનું વર્ણન સમજવું. વિશેષતા એ છે કે પુત્રનું નામ વીરંગત–વીરાંગદ રાખવામાં આવ્યું ***યાવત્*** બત્રીસ શ્રેષ્ઠ રાજ કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું. તેને બત્રીસ બત્રીસ વસ્તુઓ દહેજમાં આપવામાં આવી અને પોતાના વૈભવ પ્રમાણે તે પ્રાવૃટ, વર્ષા, શરદ, હેમંત, વસંત અને ગ્રીષ્મ તે છએ ઋતુ પ્રમાણે સુખોપભોગ પૂર્વક વ્યતીત કરતાં ઈષ્ટ શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અને ગંધ સહિત પાંચે પ્રકારના મનુષ્ય સંબંધી કામભોગોને ભોગવતાં રહેવા લાગ્યા.

### સિદ્ધાર્થ આચાર્ય પાસે દીક્ષા ગ્રહણ :–

**૧૬ तेणं कालेणं तेणं समएणं सिद्धत्था णाम आयरिया जाइसंपण्णा जहा केसी, णवरं बहुस्सुया बहुपरिवारा जेणेव रोहीडए णयरे, जेणेव मेहवण्णे उज्जाणे, जेणेव माणिदत्तस्स जक्खस्स जक्खाययणे तेणेव उवागए अहापडिरूवं** *जाव* **विहरइ । परिसा णिग्गया।**

**ભાવાર્થ :–** તે કાળે અને તે સમયે કેશીશ્રમણ સમાન જાતિ સંપન્ન આદિ વિશેષણોવાળા તેમજ બહુશ્રુત અને વિશાળ શિષ્ય પરિવારવાળા સિદ્ધાર્થ નામના આચાર્ય રોહીતક નગરના મેઘવર્ણ ઉદ્યાનમાં મણિદત્ત યક્ષના યક્ષાયતનમાં પધાર્યા. યથાયોગ્ય સ્થાન આદિની આજ્ઞાગ્રહણ કરીને ત્યાં બિરાજ્યા. પરિષદ દર્શન કરવા માટે નીકળી.

**૧૭ तए णं तस्स वीरंगयस्स कुमारस्स उप्पिं पासवरगयस्स तं महया जणसद्दं सोच्चा जहा जमाली, णिग्गओ । धम्मं सोच्चा** *जाव* **जं णवरं देवाणुप्पिया ! अम्मापियरो आपुच्छामि, एवं जहा जमाली तहेव णिक्खंतो** *जाव* **अणगारे जाए** *जाव* **गुत्तबंभयारी।**

**ભાવાર્થ :–** તે સમયે શ્રેષ્ઠ મહેલમાં રહેલા તે વીરાંગદ કુમારે ઘણાં મનુષ્યોનો કોલાહલ સાંભળ્યો ઈત્યાદિ જમાલીની જેમ તે પણ દર્શન કરવા માટે નીકળ્યો. ધર્મદેશના સાંભળીને તેણે સંયમ લેવાનો નિર્ણય કર્યો. માતા–પિતાની આજ્ઞા લઈ જમાલીની જેમ પ્રવ્રજ્યા અંગીકાર કરી ***યાવત્*** ગુપ્ત બ્રહ્મચારી અણગાર થઈ ગયા.

### વીરાંગદની પાંચમા દેવલોકમાં ઉત્પત્તિ :–

**૧૮ तए णं से वीरङ्गए अणगारे सिद्धत्थाणं आयरियाणं अंतिए सामाइयमाइयाइं** *जाव* **एक्कारस अङ्गाइं अहिज्जइ अहिज्जित्ता बहूहिं चउत्थ** *जाव* **अप्पाणं भावेमाणे बहुपडिपुण्णाइं पणयालीसवासाइं सामण्णपरियागं**

**पाउणित्ता दोमासियाए संलेहणाए अत्ताणं झूसित्ता सवीसं भत्तसयं अणसणाए छेइत्ता आलोइयपडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा बंभलोए कप्पे, मणोरमे विमाणे देवत्ताए उववण्णे। तत्थ णं अत्थेगइयाणं देवाणं दससागरोवमाइं ठिई पण्णत्ता । तत्थ णं वीरंगयस्स देवस्स वि दस सागरोवमा ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :–** ત્યાર પછી તે વીરાંગદ અણગારે સિદ્ધાર્થ આચાર્યની પાસે સામાયિકથી લઈને અગિયાર અંગોનો અભ્યાસ કર્યો, ઉપવાસ આદિ વિવિધ પ્રકારની તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતાં પૂરા પિસ્તાલીસ (૪૫) વર્ષ સુધી શ્રમણપર્યાયનું પાલન કર્યું. બે મહિનાનો સંથારો કરી, આત્માને શુદ્ધ કરીને, એકસો વીસ ભક્તને અનશન દ્વારા ત્યાગી, આલોચના–પ્રતિક્રમણપૂર્વક સમાધિ સહિત મૃત્યુના અવસરે મૃત્યુ પામીને, તે બ્રહ્મલોક દેવલોકના મનોરમ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાક દેવોની સ્થિતિ દશ સાગરોપમની છે. વીરાંગદ દેવની પણ દશ સાગરોપમની સ્થિતિ હતી.

### વીરાંગદ દેવનો નિષધકુમાર રૂપે જન્મ :–

**૧૯ से णं वीरङ्गए देवे ताओ देवलोगाओ** *जाव* **अणंतरं चयं चइत्ता इहेव बारवईए णयरीए बलदेवस्स रण्णो रेवईए देवीए कुच्छिसि पुत्तत्ताए उववण्णे । तए णं सा रेवई देवी तंसि तारिसगंसि सयणिज्जंसि, एवं सुमणिदंसणं** *जाव* **उप्पिं पासायवरगए विहरइ ।**

**तं एवं खलु वरदत्ता ! णिसढेणं कुमारेणं अयमेयारूवे उराले मणुयइड्ढी लद्धा पत्ता अभिसमण्णागया ।**

**ભાવાર્થ :–** તે વીરાંગદદેવ તે દેવલોકમાંથી ચ્યવીને આ દ્વારિકા નગરીમાં બળદેવ રાજાની પત્ની રેવતીદેવીની કુક્ષિમાં પુત્રરૂપે ઉત્પન્ન થયા.

ત્યારે રેવતીદેવીએ સુખદ શય્યામાં સૂતાં સ્વપ્નમાં સિંહને જોયો; યથા સમયે બાળકનો જન્મ થયો. તે યૌવન વયને પામ્યો, પાણિગ્રહણ થયું, શ્રેષ્ઠ મહેલમાં ઉપરના ભવનમાં તે નિષધકુમાર સુખપૂર્વક રહેવા લાગ્યો વગેરે વર્ણન પૂર્વવત્ જાણવું.

હે વરદત્ત ! આ રીતે નિષધકુમારને આ પ્રકારની ઋદ્ધિ મળી છે, પ્રાપ્ત થઈ છે અને સ્વાધીન થઈ છે.

### વિવેચન :–

નિષધકુમારના પૂર્વભવનું વર્ણન કરતાં સૂત્રમાં તેના નામ માટે **वीरंगय** શબ્દ પ્રયોગ છે. તેનો છાયાનુવાદ છે **वीरंगत** અને નામરૂપે **विरांगद** પણ થાય છે. તેથી ભાવાર્થમાં બંને શબ્દપ્રયોગ મળે છે.

### નિષધકુમારના ભાવીની પૃચ્છા :–

**૨૦ पभू णं भंते ! णिसढे कुमारे देवाणुप्पियाणं अंतिए** *जाव* **पव्वइत्तए ?**

**हंता, पभू । सेवं भंते ! सेवं भंते ! त्ति वरदत्ते अणगारे** *जाव* **अप्पाणं भावेमाणे विहरइ ।**

**तए णं अरहा अरिट्ठणेमी अण्णया कयाइ बारवईओ णयरीओ** *जाव* **बहिया जणवयविहारं विहरइ । णिसढे कुमारे समणोवासए जाए अभिगयजीवाजीवे** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :–** પ્રશ્ન– હે ભગવન્ ! શું આ નિષધકુમાર આપની પાસે પ્રવ્રજિત થશે ?

ઉત્તર– હા વરદત્ત ! તે પ્રવ્રજિત થશે. હે ભગવન્ ! આપ કહો છો તેમ જ છે, આપ કહો છો તેમ જ છે એ પ્રમાણે કહીને વરદત્ત અણગાર આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

ત્યાર પછી કોઈ એક સમયે અરિહંત અરિષ્ટનેમિ દ્વારકા નગરીમાંથી નીકળી ***યાવત્*** બહારના જનપદમાં અર્થાત્ અન્ય ક્ષેત્રોમાં વિચરવા લાગ્યા. તે નિષધકુમાર જીવાજીવ આદિ તત્ત્વોના જ્ઞાતા વગેરે ગુણોથી સંપન્ન શ્રમણોપાસક બની ***યાવત્*** સુખપૂર્વક રહેવા લાગ્યા.

## નિષધકુમારના મનોરથ :–

**२१ तए णं से णिसढे कुमारे अण्णया कयाइ जेणेव पोसहसाला तेणेव उवागच्छइ उवागच्छित्ता** *जाव* **दब्भसंथारोवगए विहरइ । तए णं तस्स णिसढस्स कुमारस्स पुव्वरत्तावरत्तकालसमयंसि धम्मजागरियं जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था–धण्णा णं ते गामागर** *जाव* **सण्णिवेसा जत्थ णं अरहा अरिट्ठणेमी विहरइ । धण्णा णं ते राईसर** *जाव* **सत्थवाहप्पभिईओ जे णं अरिट्ठणेमिं वंदंति णमंसंति** *जाव* **पज्जुवासंति । जइ णं अरहा अरिट्ठणेमी पुव्वाणुपुव्विं चरमाणे** *जाव* **इह णंदणवणे विहरेज्जा, तए णं अहं अरहं अरिट्ठणेमिं वंदिज्जा** *जाव* **पज्जुवासिज्जा।**

**ભાવાર્થ :–** એકદા તે નિષધકુમાર જ્યાં પૌષધશાળા હતી ત્યાં આવ્યા. આવીને ત્યાં દાભનો સંસ્તારક પાથરી તેના પર બેસી પૌષધવ્રત ગ્રહણ કરીને ધર્મ ધ્યાન કરતાં વિચરવા લાગ્યા. પાછલી રાત્રીએ ધર્મ જાગરણ કરતાં તેને આ પ્રકારનો વિચાર આવ્યો કે તે ગામ, સન્નિવેશ આદિના નિવાસીઓને ધન્ય છે, જ્યાં અરિહંત અરિષ્ટનેમિ ભગવાન વિચરે છે, તેમજ તે રાજા, ઈશ્વર, (રાજકુમાર, યુવરાજ) ***યાવત્*** સાર્થવાહ આદિને પણ ધન્ય છે કે જે અરિષ્ટનેમિ ભગવાનને વંદન નમસ્કાર કરે છે ***યાવત્*** પ્રભુની પર્યુપાસના કરે છે. જો અરિહંત અરિષ્ટનેમિ ભગવાન અનુક્રમે વિહાર કરતાં, ગ્રામાનુગ્રામ વિચરતાં, સુખપૂર્વક વિચરતાં અહીં નંદનવનમાં પધારે તો હું તે અરિહંત અરિષ્ટનેમિ ભગવાનને વંદન, નમસ્કાર કરીશ અને તેમની પર્યુપાસના કરીશ.

## નિષધકુમારની દીક્ષા : આરાધના :-

**૨૨** **तए णं अरहा अरिट्ठणेमी णिसढस्स कुमारस्स अयमेयारूवं अज्झत्थियं** *जाव* **मणोगयसंकप्पं वियाणित्ता अट्ठारसहिं समणसहस्सेहिं** *जाव* **णंदणवणे विहरइ । परिसा णिग्गया ।**

**तए णं णिसढे कुमारे इमीसे कहाए लद्धट्ठे समाणे हट्ठतुट्ठे** *जाव* **चाउग्घंटेणं आसरहेणं णिग्गए, जहा जमाली** *जाव* **अम्मापियरो आपुच्छित्ता पव्वइए । अणगारे जाए** *जाव* **गुत्तबंभयारी ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી નિષધકુમારના આ પ્રકારના મનોગત ભાવને જાણીને અરિહંત અરિષ્ટનેમિ અઢાર હજાર શ્રમણભગવંતોની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં ***યાવત્*** નંદનવનમાં પધાર્યા. પરિષદ દર્શન–વંદન કરવા માટે નીકળી.

ત્યારે નિષધકુમાર પણ અરિહંત અરિષ્ટનેમિના આગમનને જાણીને હૃષ્ટ–તુષ્ટ થયા ***યાવત્*** ચાર ઘંટાવાળા અશ્વરથ પર આરૂઢ થઈને, જમાલીની જેમ પોતાના વૈભવ સહિત દર્શન કરવા ગયા ***યાવત્*** માતા–પિતા પાસેથી આજ્ઞા લઈને પ્રવ્રજિત થયા ***યાવત્*** ગુપ્ત બ્રહ્મચારી અણગાર થઈ ગયા.

**૨૩** **तए णं से णिसढे अणगारे अरहओ अरिट्ठणेमिस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस्स अङ्गाइं अहिज्जइ, अहिज्जित्ता बहूइं चउत्थछट्ठ** *जाव* **विचित्तेहिं तवोकम्मेहिं अप्पाणं भावेमाणे बहुपडिपुण्णाइं णववासाइं सामण्णपरियागं पाउणइ, पाउणित्ता बायालीसं भत्ताइं अणसणाए छेदेइ, आलोइयपडिक्कंते समाहिपत्ते आणुपुव्वीए कालगए ।**

**ભાવાર્થ** :– ત્યાર પછી તે નિષધ અણગારે અરિહંત અરિષ્ટનેમિ ભગવાનના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિકથી લઈને અગિયાર અંગોનો અભ્યાસ કર્યો અને ઘણાં ઉપવાસ, છઠ વગેરે વિચિત્ર તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતાં પૂરા નવ વર્ષ સુધી શ્રમણપર્યાયનું પાલન કરીને; બેતાલીસ ભોજન (ભક્ત)નો અનશન દ્વારા ત્યાગ કરીને અર્થાત્ એકવીસ દિવસનો સંથારો પૂર્ણ કરીને આલોચના અને પ્રતિક્રમણ કરીને સમાધિપૂર્વક કાળધર્મને પામ્યા.

## વિવેચન :-

**अट्ठारसहिं समण सहस्सेहिं :–** ભગવાન અરિષ્ટનેમીના શાસનની ઉત્કૃષ્ટ શ્રમણ સંપદા અઢાર હજારની હતી. તેમના જીવનકાળ દરમ્યાન ઉત્કૃષ્ટ સંપદા તો ક્યારેક મર્યાદિત કાળપર્યંત જ હોય છે. તેઓની મધ્યમ શ્રમણ સંપદા જ વધારે સમય હોય છે. છતાં શાસ્ત્ર વર્ણનમાં તેઓના વિચરણ વગેરેના

પ્રસંગોમાં ઉત્કૃષ્ટ સંપદાનું જ કથન જોવા મળે છે. આ એક પ્રકારની આગમવર્ણનની વિશેષ પદ્ધતિ છે તેમ સમજવું જોઈએ. પરંતુ હંમેશાં તે સર્વ શ્રમણો ભગવાનની સાથે જ રહેતા હતા, તેમ ન સમજવું.

## નિષધ અણગારની ભવ્ય ગતિ :-

**૨૪ तए णं से वरदत्ते अणगारे णिसढं अणगारं कालगयं जाणित्ता जेणेव अरहा अरिट्ठणेमी तेणेव उवागच्छइ, उवागच्छित्ता *जाव* एवं वयासी- एवं खलु देवाणुप्पियाणं अंतेवासी णिसढे णामं अणगारे पगइभद्दए *जाव* विणीए, से णं भंते ! णिसढे अणगारे कालमासे कालं किच्चा कहिं गए, कहिं उववण्णे ?**

**वरदत्ता ! त्ति अरहा अरिट्ठणेमी वरदत्तं अणगारं एवं वयासी- एवं खलु वरदत्ता ! मम अंतेवासी णिसढे णामं अणगारे पगइभद्दे *जाव* विणीए, ममं तहा-रूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अङ्गाइं अहिज्जित्ता बहुपडिपुण्णाइं णव वासाइं सामण्णपरियागं पाउणित्ता बायालीसं भत्ताइं अणसणाए छेदित्ता आलोइय- पडिक्कंते समाहिपत्ते कालमासे कालं किच्चा उड्ढं चंदिमसूरियगहगणणक्खत्ततारा- रूवाणं सोहम्मीसाण *जाव* अच्चुए तिण्णि य अट्ठारसुत्तरे गेविज्जविमाणावाससए वीइवइत्ता सव्वट्ठसिद्धविमाणे देवत्ताए उववण्णे । तत्थ णं देवाणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता । तत्थ णं णिसढस्स वि देवस्स तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :-** તે સમયે ગણધર વરદત્ત અણગાર નિષધ અણગારને કાળધર્મ પામેલા જાણીને અરિહંત અરિષ્ટનેમિ ભગવાનની પાસે આવ્યા અને વંદના, નમસ્કાર કરીને આ પ્રમાણે પૂછ્યું– હે ભગવન્ ! પ્રકૃતિથી ભદ્ર, વિનીત આપ દેવાનુપ્રિયના શિષ્ય નિષધ નામના અણગાર હતા, તે મૃત્યુના અવસરે મૃત્યુ પામીને ક્યાં ગયા ? ક્યાં ઉત્પન્ન થયા ?

હે વરદત્ત ! આ પ્રમાણે સંબોધન કરીને અરિષ્ટનેમિ ભગવાને વરદત્ત અણગારને કહ્યું– પ્રકૃતિથી ભદ્ર અને વિનીત મારા અંતેવાસી નિષધ અણગાર મારા તથારૂપ સ્થવિરો પાસે સામાયિક આદિથી લઈને અગિયાર અંગોનો અભ્યાસ કરી, નવ વર્ષ સુધી શ્રામણ્ય પર્યાયનું પાલન કરી, અનશન દ્વારા બેતાલીસ ભક્તનો ત્યાગ કરી, આલોચના–પ્રતિક્રમણ પૂર્વક સમાધિસ્થ થઈ, મૃત્યુના અવસરે મૃત્યુ પામીને ઊર્ધ્વ– લોકમાં ચંદ્ર સૂર્ય ગ્રહ નક્ષત્ર તારારૂપ જ્યોતિષ્ક દેવ વિમાનોને, સૌધર્મ–ઈશાન આદિ અચ્યુત દેવલોકને, ત્રણસો અઢાર ગ્રૈવેયક વિમાનોને ઉલ્લંઘીને અર્થાત્ તેનાથી પણ ઉપર સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે. ત્યાં દેવોની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. નિષધ દેવની સ્થિતિ પણ તેત્રીસ સાગરોપમની છે.

## વિવેચન :-

ભગવાન મહાવીર સ્વામીના પ્રથમ ગણધર ગૌતમ સ્વામીની જેમ બાવીસમા તીર્થંકર અરિષ્ટનેમિના

પ્રથમ ગણધર વરદત્ત નામના અણગાર હતા. તેઓએ નિષધ અણગારના ભૂત ભવિષ્ય સંબંધી પૃચ્છા કરી છે અને અરિષ્ટનેમિ પ્રભુએ તેના પૂર્વભવનું અને ભાવીનું કથન કર્યું છે.

## નિષધ અણગારનું મુક્તિગમન :–

**૨૫ से णं भंते ! णिसढे देवे ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चयं चइत्ता कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**वरदत्ता ! इहेव जंबुद्दीवे दीवे महाविदेहे वासे उण्णाए णगरे विसुद्धपिइवंसे रायकुले पुत्तत्ताए पच्चायाहिइ । तए णं से उम्मुक्कबालभावे विण्णायपरिणयमेत्ते जोव्वणगमणुप्पत्ते तहारूवाणं थेराणं अंतिए केवलबोहिं बुज्झित्ता अगाराओ अणगारियं पव्वज्जिहिइ । से णं तत्थ अणगारे भविस्सइ इरियासमिए** *जाव* **गुत्तबम्भयारी । से णं तत्थं बहूइं चउत्थछट्ठट्ठमदसमदुवालसेहिं मासद्धमासखमणेहिं विचितेहि तवो- कम्मेहिं अप्पाणं भावेमाणे बहूइं वासाइं सामण्णपरियागं पाउणिस्सइ, पाउणित्ता मासियाए संलेहणाए अत्ताणं झूसिहिइ, झूसिता सट्ठिं भत्ताइं अणसणाए छेदिहिइ, जस्सट्ठाए कीरइ णग्गभावे मुंडभावे अण्हाणए अदंतवणए अच्छत्तए अणोवाहणाए फलहसेज्जा कट्ठसेज्जा केसलोए बंभचेरवासे परघरपवेसे पिंडवाओ लद्धावलद्धे उच्चावया य गामकण्टगा अहियासिज्जइ, तमट्ठं आराहिइ आराहित्ता चरिमेहिं उस्सासणिस्सासेहिं सिज्झिहिइ** *जाव* **सव्वदुक्खाणं अंतं काहिइ।**

**ભાવાર્થ :–** હે ભગવન્ ! તે નિષધદેવ તે સર્વાર્થસિદ્ધ દેવલોકના આયુક્ષય, ભવક્ષય અને સ્થિતિક્ષય થયા પછી ત્યાંથી ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?

હે વરદત્ત ! આ જંબૂદ્વીપ નામના દ્વીપના મહાવિદેહ ક્ષેત્રના ઉન્નાક નગરમાં વિશુદ્ધ પિતૃવંશ–વાળા રાજકુળમાં પુત્રરૂપે જન્મ લેશે. તે બાળક બાલ્યકાળ વ્યતીત થયા પછી વિષય સુખના પરિજ્ઞાન–વાળી યૌવનઅવસ્થાને પ્રાપ્ત કરી, તથારૂપ સ્થવિરો પાસે કેવલબોધિ–ધર્મના બોધને પ્રાપ્ત કરી, ગૃહત્યાગ કરી, પ્રવ્રજ્યા અંગીકાર કરશે. તે ઈર્યાસમિતિથી યુક્ત ***યાવત્*** ગુપ્તબ્રહ્મચારી અણગાર થશે. તે ઘણાં ઉપવાસ, છઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, માસ ખમણ, અર્ધ માસખમણરૂપ વિવિધ તપશ્ચર્યાથી આત્માને ભાવિત કરતાં અનેક વર્ષો સુધી શ્રમણ પર્યાયનું પાલન કરશે. શ્રમણ પર્યાયનું પાલન કરીને માસિક સંલેખનાથી આત્માને શુદ્ધ કરશે, સાઠ ભક્તનો અનશન દ્વારા ત્યાગ કરશે અને જે લક્ષ્યથી નગ્નભાવ, મુંડભાવ, સ્નાન ત્યાગ, દંત ધોવન ત્યાગ, છત્રત્યાગ, પગરખાનો ત્યાગ કર્યો હતો, તેમજ ફલક શય્યા–પાટ પર શયન, કાષ્ટ શય્યા–લાકડા, ઘાસ આદિ પર સૂવું–બેસવું, કેશલોચ કરવો, બ્રહ્મચર્ય પાળવું, ભિક્ષાચર્યા માટે ઘેર ઘેર જવું, ભિક્ષાગ્રહણમાં લાભ અને અલાભ અને ઈન્દ્રિયોના અનુકૂળ પ્રતિકૂળ

વિષયોને સહન કરવા આદિ મર્યાદાનો સ્વીકાર કરશે, તે લક્ષ્યને સિદ્ધ કરશે અને આરાધના કરીને અંતિમ શ્વાસોશ્વાસ છોડી સિદ્ધ થશે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

**અધ્યયન ઉપસંહાર :–**

**२६ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं वण्हिदसाणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते । –त्ति बेमि ।**

**ભાવાર્થ :–** આ પ્રમાણે હે જંબૂ ! મુક્તિ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે વૃષ્ણિદશાના પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

**શેષ અગિયાર અધ્યયન :–**

**२७ एवं सेसा वि एक्कारस अज्झयणा णेयव्वा अहीणमइरित्तं । (एक्कारससु वि संगहणी अणुसारेणं.....।) –त्ति बेमि ॥**

**ભાવાર્થ :–** આ જ પ્રમાણે શેષ અગિયાર અધ્યયનો પણ ન્યૂનાધિકતા રહિત, પરિપૂર્ણ રૂપે જાણવા. (અગિયાર અધ્યયયનોનું વિશેષ વિવરણ સંગ્રહણીગાથા અનુસાર જાણવું.)

**વિવેચન :–**

આ વર્ગના બાર અધ્યયનમાંથી એક નિષધકુમારનું વર્ણન વિસ્તૃત અને શેષ અગિયાર આત્માઓનું વર્ણન સંક્ષિપ્ત છે. તેમાં નિષધકુમારની જેમ શેષ અધ્યયનોને જાણવાનો નિર્દેશ કર્યો છે. તેથી તે સર્વે નિષધકુમારના ભાઈ અને બલદેવ રાજા અને રેવતી રાણીના પુત્ર હોય તેમ જણાય છે. કારણ કે સૂત્રમાં અતિદેશ કરતાં **नवरं** વગરે વિશેષતા સૂચક કોઈ શબ્દ નથી. આ રીતે વૃષ્ણિ દશા નામના આ વર્ગમાં વૃષ્ણિ કુલમાં ઉત્પન્ન બારે કુમારોનું જ વર્ણન હોય તેમ માની શકાય છે. સૂત્રમાં સંગ્રહણી ગાથામાંથી જાણવાનો નિર્દેશ છે પરંતુ સંગ્રહણી ગાથાઓ અનુપલબ્ધ છે. આ સૂત્રોક્ત પ્રત્યેક ચરિત્ર નાયકોના શ્રાવક વ્રત ધારણ, સંયમ ગ્રહણ, અનુત્તર વિમાનમાં ઉત્પત્તિ વગેરે વર્ણન એક સમાન હોવાથી તેનું સંક્ષિપ્ત કથન કર્યું છે.

આ વર્ગમાં દ્વારિકા નગરી, રેવતક પર્વત, નંદનવન ઉદ્યાન, સુરપ્રિય યક્ષાયતન અને કૃષ્ણ વાસુદેવની ઋદ્ધિનું વર્ણન વિશેષ છે.

**વર્ગનો ઉપસંહાર :–**

**२८ एवं खलु जंबू समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं वण्हिदसाणं दुवालस अज्झयणाणं अयमट्ठे पण्णत्ते । – त्ति बेमि ।**

**ભાવાર્થ :–** હે જંબૂ ! આ રીતે નિર્વાણપ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ વૃષ્ણિદશાના બાર અધ્યયનનો આ ભાવ પ્રરૂપ્યો છે.

**ગ્રંથની અંતિમ પ્રશસ્તિ :–**

**૨૧** **णिरयावलियाइ उवगाणं एगो सुयखंधो, पंच वग्गा, पंचसु दिवसेसु उद्दिस्संति । तत्थ चउसु वग्गेसु दस दस उद्देसगा, पंचमवग्गे बारस उद्देसगा ।**

**ભાવાર્થ :–** નિરયાવલિકા પ્રમુખ પંચ વર્ગાત્મક આ ઉપાંગ સૂત્રમાં એક શ્રુતસ્કંધ છે. પાંચ વર્ગ છે. તેની પાંચ દિવસમાં વાચના કરાય છે. પ્રથમના ચાર વર્ગોમાં દશ–દશ ઉદ્દેશક(અધ્યયન)છે અને પાંચમા વર્ગમાં બાર ઉદ્દેશક(અધ્યયન) છે.

**॥ વર્ગ–૫ અધ્ય. ૧ થી ૧૨ સંપૂર્ણ ॥**

**॥ નિરયાવલિકાદિ રૂપે પ્રસિદ્ધ પાંચ આગમ સંપૂર્ણ ॥**

**॥ શ્રી ઉપાંગ સૂત્ર સંપૂર્ણ ॥**

**પરિશિષ્ટ–૧**

# સૂત્રગત કથાનાયકોનું વિવરણ

| વર્ગ અધ્યયન | અધ્યયનોના નામ | પૂર્વભવ | ભાવી | માતા |
|---|---|---|---|---|
| પ્રથમ ૧૦ | કાલ, સુકાલ, મહાકાલ, કૃષ્ણ સુકૃષ્ણ, મહાકૃષ્ણ, વીરકૃષ્ણ, રામકૃષ્ણ, પિતૃસેન, મહાસેન, | × | ચોથી નરક ત્યાર પછી મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષ | કાલી આદિ દશ પુત્ર નામ વત્ |
| બીજો ૧૦ | પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ નિલિનીગુલ્મ, આનંદ, નંદન. | × | ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૨, દેવલોક, પછી મોક્ષ | પદ્માવતી આદિ પુત્ર નામ વત્ |
| ત્રીજો ૧૦ | ૧–ચંદ્રદેવ | અંગતિ શેઠ | મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષ | – |
| | ૨–સૂર્યદેવ | સુપ્રતિષ્ઠ શેઠ | મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષ | – |
| | ૩–શુક્ર મહાગ્રહ દેવ | સોમિલ | મહાવિદેહ ક્ષેત્રમાંથી મોક્ષ | – |
| | ૪–બહુપુત્રિકા દેવી (પ્રથમ દેવલોક) | સુભદ્રા સાર્થવાહી પતિ ભદ્ર સાર્થવાહ | (૧)સોમા બ્રાહ્મણી પતિ રાષ્ટ્રકૂટ (૨) શક્રેન્દ્રના સામાનિક દેવ (૩) મહાવિદેહક્ષેત્રમાંથી મોક્ષ | – |
| | ૫–પૂર્ણભદ્ર દેવ (પ્રથમ દેવલોક) | પૂર્ણભદ્ર શેઠ | મોક્ષ | – |
| | ૬–મણિભદ્ર દેવ (પ્રથમ દેવલોક) | મણિભદ્ર શેઠ | મોક્ષ | – |
| | ૭–૧૦દત્ત, શિવ, બલ, અનાદત દેવ (પ્રથમ દેવલોક) | દેવ સદશ નામ | મોક્ષ | – |
| ચોથો ૧૦ | શ્રીદેવી, હ્રીદેવી, ધ્રુતિદેવી કીર્તિદેવી, બુદ્ધિદેવી, લક્ષ્મીદેવી ઈલાદેવી, સુરાદેવી, રસદેવી, ગંધદેવી | ભૂતા (અન્ય નવના નામ અજ્ઞાત) | મોક્ષ | પ્રિયા (અન્ય નવના નામ અજ્ઞાત) |
| પાંચમો ૧૨ | નિષધ<br>માયની, વહ, વહે, પગતા, યુક્તિ, દશરથ, દ્રઢરથ, મહાધન્વા, સપ્તધન્વા દશધન્વા, સતધન્વા. | વીરાંગદ/પાંચમા દેવલોક અનુપલબ્ધ | સર્વાર્થસિદ્ધ વિમાન. | રેવતી, પૂર્વભવે પદ્માવતી |

**નોંધ :–** કેટલાક કથાનાયકોના નગરી આદિના વર્ણન માટે સંગ્રહણી ગાથા અનુસાર જાણવાનો સંકેત છે. પરંતુ અનેક પ્રતો જોતા સંગ્રહણી ગાથાઓનો વિચ્છેદ થઈ ગયો હોય તેમ જણાય છે.

| પિતા | વ્રત મહાવ્રત દીક્ષાપર્યાય | સંથારાદિન | નગરી | દીક્ષા સાંનિધ્ય |
|---|---|---|---|---|
| શ્રેણિક | મહાવિદેહમાં દીક્ષા | × | ચંપા | – |
| કાલકુમાર આદિ | દીક્ષાપર્યાય ક્રમથી<br>૫,૫, ૪, ૪, ૪, ૩, ૩, ૩, ૨, ૨ વર્ષ | એક માસ | ચંપા | મહાવીરસ્વામી |
| – | ઘણા વર્ષ | પંદર દિવસ | શ્રાવસ્તિ | પાર્શ્વપ્રભુ |
| – | ઘણા વર્ષ | પંદર દિવસ | શ્રાવસ્તિ | પાર્શ્વપ્રભુ |
| – | શ્રાવક વ્રત દિશાપ્રોક્ષિક તાપસ | પંદર દિવસ | વારાણસી | પાર્શ્વપ્રભુ |
| – | **પૂર્વભવે**– શ્રાવકવ્રત પછી<br>ઘણા વર્ષ દીક્ષા | પંદર દિવસ | વારાણસી | સુવ્રતાઆર્યા |
| | **આગામી ભવ** – શ્રાવકવ્રત<br>ત્યારપછી દીક્ષા ઘણા વર્ષ | એક માસ | બિભેલ સંનિવેશ | સુવ્રતાઆર્યા |
| – | ઘણા વર્ષ | એક માસ | મણિપદિકા નગરી | સ્થવિર ભવવંત |
| – | ઘણા વર્ષ | એક માસ | મણિપદિકા નગરી. | સ્થવિર ભગવંત |
| – | ઘણા વર્ષ | એક માસ | ચંદના, મિથિલા<br>હસ્તિનાપુર, કાકંદી. | સ્થવિર ભગવંત |
| સુદર્શન<br>અજ્ઞાત | ઘણા વર્ષ<br>" | –<br>– | રાજગૃહ<br>(શેષ ૯ અજ્ઞાત) | પાર્શ્વપ્રભુ<br>પુષ્પચૂલા આર્યા |
| બલદેવ<br>પૂર્વભવમાં<br>મહાબલ | નવ વર્ષ<br>પૂર્વભવમાં ૪૫ વર્ષ | ૨૧ દિવસ<br>૨ માસ | દ્વારિકા નગરી<br>પૂર્વભવે–રોહીતક<br>આગામી ભવે–ઉન્નાક | પ્રભુ અરિષ્ટ–<br>નેમિ |

## પરિશિષ્ટ–૨

# આગમમાં વર્ણિત વિશેષ નામ

### પુરુષો(કથાનાયક સિવાય) :–

| વર્ગ | અધ્યયન | નામ |
|---|---|---|
| ૧ | ૧ | સુધર્મા |
| ' | ' | જંબૂ |
| ' | ' | કેશી સ્વામી |
| ' | ' | મહાવીર |
| ' | ' | શ્રેણિક |
| ' | ' | કોણિક |
| ' | ' | ચેડારાજા |
| ' | ' | ગૌતમ |
| ' | ' | અભયકુમાર |
| ' | ' | ચિત્ત સારથી |
| ' | ' | વેહલ્લકુમાર |
| ' | ' | નવ લિચ્છવી |
| ' | ' | નવ મલ્લવી |
| ૧ | ૧ | દઢ પ્રતિજ્ઞ |
| ૨ | ૧ | મહાબલ |
| ' | | મેઘ |
| ૩ | ૧ | સૂર્યાભદેવ |
| ' | ૧ | પાર્શ્વ પ્રભુ |
| ' | ૧ | કાર્તિક શેઠ |
| ' | ૧ | ગંગદત્ત |
| ' | ૩ | સોમ મહારાય |
| ' | ૩ | યમ મહારાય |
| ' | ૩ | વરુણ મહારાય |
| ' | ૩ | વેશ્રમણ મહારાય |
| ' | ૩ | સોમિલ બ્રહ્મર્ષિ |
| ૩ | ૪ | ભદ્ર સાર્થવાહ |
| ૩ | ૪ | રાષ્ટ્રકૂટ |
| ૩ | ૫ | ચન્દ્રરાજા |
| ૪ | ૧ | જિતશત્રુ |
| ' | ૧ | સુદર્શન ગાથાપતિ |

| વર્ગ | અધ્યયન | નામ |
|---|---|---|
| ૫ | ૧ | ધનપતિ (કુબેર) |
| ૫ | ૧ | સુરપ્રિય યક્ષ |
| ૫ | ૧ | સમુદ્ર વિજય |
| ૫ | ૧ | બલદેવ |
| ' | ' | ઉગ્રસેન |
| ' | ' | કૃષ્ણવાસુદેવ |
| ' | ' | પ્રદ્યુમ્ન |
| ' | ' | સામ્બ |
| ' | ' | વીરસેન |
| ' | ' | અરિષ્ટનેમિ |
| ' | ' | વરદત્ત અણગાર |
| ૫ | ૧ | મહાબલ |
| ' | ' | વીરાંગદ |
| ' | ' | સિદ્ધાર્થ આચાર્ય |
| ' | ' | જમાલી |

### સ્ત્રીઓ :–

| | | |
|---|---|---|
| ૧ | ૧ | ચેલણા |
| ૧ | ૧ | પદ્માવતી |
| ૧ | ૧ | નંદા |
| ૧ | ૧ | પ્રભાવતી |
| ૧ | ૧ | કાલીઆદિ રાણી |
| ૩ | ૪ | સુવ્રતાઆર્યા |
| ૪ | ૧ | પ્રિયા |
| ૪ | ૧ | દેવાનંદા |
| ૪ | ૧ | પુષ્પચૂલા |
| ૫ | ૧ | રુક્મિણી |
| ૫ | ૧ | અનંગસેના |
| ૫ | ૧ | રેવતી |
| ૫ | ૧ | પદ્માવતી |

**અન્ય નામ :–**

| વર્ગ | અધ્યયન–સૂત્ર | નામ |
|---|---|---|
| ૧ | ૧–૧ | અશોકવૃક્ષ |
| ' | –૬ | રથમૂસલ સંગ્રામ |
| ' | –૧૧ | ચંપકલતા |
| ' | –૯ | ઉપસ્થાન શાળા (બાહ્ય સભાભવન) |
| ' | –૨૫ | ઉકરડો |
| ' | –૨૬ | અશોક વાટિકા |
| ' | –૩૪ | ચારણ શાલા |
| ' | –૩૫ | તાલપુટ વિષ |
| ' | –૩૯ | સેચનક હસ્તિ |
| ' | –૩૯ | અઢાર સરો હાર |
| ' | –૪૦ | ગંગા મહાનદી |
| ' | –૪૭ | **पाहुड** = ભેટ, નજરાણું |
| ' | –૬૨ | ચઉરંગિણીસેના |
| ' | –૬૨ | ગણરાજા |
| ' | –૫૯ | આભિષેકય હસ્તિ |
| ' | –૭૦ | પંકપ્રભા–ચોથી નરક |
| ' | –૭૦ | હેમાભ નરકાવાસ |
| ૨ | ૧ | વિપુલ પર્વત |
| ૨ | ૧ | સૌધર્મ કલ્પ |
| ૨ | ૧ | ઈશાન કલ્પ |
| ૨ | ૧ | સુસ્વરા ઘંટા |
| ૩ | ૩ | સપ્તપર્ણ વૃક્ષ |
| ૩ | ૩ | વડ પાદપ |
| ૩ | ૩ | ઉંબર પાદપ |
| ૩ | ૩ | આભિયોગિક દેવ |
| ૩ | ૧ | કૂટાગાર શાળા |
| ૩ | ૪ | વિંધ્યપર્વત |
| ૩ | ૪ | સામાનિક દેવ |
| ૫ | ૧ | રૈવતક પર્વત |
| ૫ | ૧ | વૈતાઢ્યગિરિ |
| ૫ | ૧ | દક્ષિણાર્ધ ભરત |
| ૫ | ૧ | સામુદાનિકા ભેરિ |
| ૫ | ૧ | બ્રહ્મલોક |
| ૫ | ૧ | મનોરમ વિમાન |

**ઉદ્યાન :–**

| વર્ગ | અધ્યયન | નામ |
|---|---|---|
| ૧ | ૧ | ગુણશીલ |
| ૨ | ૧ | પૂર્ણભદ્ર |
| ૩ | ૧ | કોષ્ટક |
| ૩ | ૩ | આમ્રશાલવન |
| ૩ | ૫ | તારાકીર્ણ ઉદ્યાન |
| ૫ | ૧ | નંદનવન |
| ૫ | ૧ | સુરપ્રિય યક્ષાયતન |
| ૫ | ૧ | મેઘવન ઉદ્યાન |
| ૫ | ૧ | માણિદત યક્ષાયતન |

**નગર નગરી સ્થલ :–**

| | | |
|---|---|---|
| ૧ | ૧ | રાજગૃહ |
| ' | ' | જંબૂદ્વીપ |
| ' | ' | ચંપાનગરી |
| ' | ' | વૈશાલીનગરી |
| ' | ' | અંગ જનપદ (૨૯) |
| ' | ' | વિદેહ જનપદ (૩૦) |
| ' | ' | કાશી કૌશલ દેશ (૩૦) |
| ' | ' | મહાવિદેહ (૩૩) |
| ૩ | ૧ | શ્રાવસ્તી નગરી |
| ૩ | ૩ | વાણારસી નગરી |
| ૩ | ૪ | બિભેલ સંનિવેશ |
| ૩ | ૫ | મણિપદિકા નગરી |
| ૩ | ૭ | ચંદના નગરી |
| ૩ | ૮ | મિથિલા |
| ૩ | ૯ | હસ્તિનાપુર |
| ૩ | ૧૦ | કાકંદી |
| ૫ | ૧ | દ્વારિકા |
| ૫ | ૧ | રોહીતક નગર |
| ૫ | ૧ | ઉન્નાક નગર |

✵ ✵ ✵

## પરિશિષ્ટ–૩

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા



| | વિષય | પૃષ્ટાંક | | વિષય | પૃષ્ટાંક |
|---|---|---|---|---|---|
| અ | **अज्झत्थिए** | ૧૧ | | દોહદ | ૨૦ |
| | **अट्ठारसहिं समण सहस्सेहिं** | ૧૫૭ | પ | પૃથ્વીશિલાપટ્ટક | ૫ |
| | અઢારસરા હારની ઉપલબ્ધિ | ૪૪ | | મહાશિલાકંટકસંગ્રામ | ૧૦ |
| | અણુવ્રત | ૧૨૫ | ર | રથમૂસલ સંગ્રામ | ૧૦ |
| | **असोगवणिया उज्जोविया** | ૨૯ | | રાજગૃહ નગર | ૪ |
| | અશોકવૃક્ષ | ૫ | | **रिउव्वेय**–ઋગ્વેદ | ૮૪ |
| આ | **आभिसेक्कं हत्थिरयणं** | ૪૯ | શ | શ્રદ્ધાના ચાર અંગ | ૮૫ |
| | આરંભ–સમારંભ | ૧૭ | સ | **सव्वालंकार** | ૧૫૨ |
| ઉ | **उयरवलिमंसेहिं** | ૨૦ | | **संवती करणेणं करेइ** | ૨૪ |
| ક | **कप्पणिकप्पियं** | ૨૫ | | **सूमाल** | ૯ |
| | કોણિકનો પૂર્વભવ | ૨૦ | | સેચનકગંધહસ્તિ | ૪૪ |
| ગ | ગુણશીલઉદ્યાન | ૪ | | **वत्थिपुडगं** | ૨૪ |
| ચ | **चेडएराया**–ચેડારાજા | ૧૪ | | વારાણસી | ૮૪ |
| ત | તાપસોના પ્રકાર | ૮૭ | | **विचित्तं केवली पण्णत्तं धम्मं** | ૧૦૯ |
| | **त्तिबेमि** | ૫૫ | | વિચિત્ર તપ | ૬૪ |
| દ | **दिसापोक्खिय**–દિશાપ્રોક્ષિક | ૯૧ | | **विराहिय सामण्णे** | ૭૫ |

પરિશિષ્ટ–૪

# બૌદ્ધસાહિત્યમાં વૈશાલીનાશનો પ્રસંગ

ગંગા નદી કિનારે એક શિલાની નજીક પર્વતમાં રત્નોની ખાણ હતી. અજાતશત્રુ અને લિચ્છવીઓ વચ્ચે એમ નક્કી થયું હતું કે અર્ધા–અર્ધા રત્ન બંનેએ વહેંચી લેવા. અજાતશત્રુ આજકાલ કરતાં સમય પર ન પહોંચતા લિચ્છવી બધા રત્નો લઈને ચાલ્યા જતાં. અનેકવાર આવું થયું. તેથી અજાતશત્રુને બહુ ક્રોધ આવ્યો પરંતુ ગણતંત્રની સાથે યુદ્ધ કેવી રીતે થાય ? આવો વિચાર કરીને તે હરવખત યુદ્ધના વિચારથી પાછા હટી જતા પરંતુ જ્યારે તે ખૂબ જ હેરાન થયા ત્યારે તેણે મનમાં ને મનમાં નિર્ણય કર્યો કે હું વજ્જિઓનો અવશ્ય નાશ કરીશ.

એકદા તેણે ઉપાય જાણવા માટે પોતાના મહામંત્રી 'વસ્સકાર'ને બોલાવીને તથાગત બુદ્ધ પાસે મોકલ્યો. તથાગત બુદ્ધે કહ્યું– વજ્જિઓમાં સાત વિશેષતા છે– (૧) તે સન્નિપાત બહુલ છે અર્થાત્ તેઓ અધિવેશનમાં–મિટીંગમાં બધાં જ આવે છે. (૨) તેઓમાં એકમત છે. જ્યારે સન્નિપાત ભેરી વાગે ત્યારે તેઓ ગમે તે સ્થિતિમાં હોય પણ બધા એકત્રિત થઈ જાય. (૩) વજ્જી અપ્રજ્ઞપ્ત(અવૈધાનિક)વાતનો સ્વીકાર કરતા નથી અને વૈધાનિક વાતનો ઉચ્છેદ કરતા નથી. (૪) વજ્જી વૃદ્ધ અને ગુરુજનોનું સન્માન અને સત્કાર કરે છે. (૫) વજ્જી કુલસ્ત્રીઓ અને કુલકુમારીઓ સાથે ન તો બલાત્કાર કરે અને ન તો પરાણે લગ્ન કરે (૬) વજ્જી પોતાની મર્યાદાઓનું ઉલ્લંઘન કરતા નથી (૭) વજ્જી અરિહંત ભગવાનના નિયમોનું પાલન કરે છે તેથી અર્હત્ તેને ત્યાં આવતા રહે છે. આ સાત નિયમો જ્યાં સુધી વજ્જીઓમાં છે અને રહેશે ત્યાં સુધી કોઈ પણ શક્તિ તેને પરાજિત કરવા સમર્થ નથી.

મુખ્યમંત્રી વસ્સકારે આવીને અજાતશત્રુને કહ્યું– હવે આમાં એક જ ઉપાય છે. તેમાં ભેદ પાડવો તે સિવાય બીજી કોઈપણ શક્તિ તેને હરાવી શકશે નહીં. વસ્સકારના સલાહ સૂચન પ્રમાણે અજાતશત્રુએ રાજસભામાં વસ્સકારનું મંત્રીપદ લઈ લીધું અને સભામાં એવું પ્રચારિત કર્યું કે તે વજ્જીઓના પક્ષમાં છે. વસ્સકારને છૂટો કર્યો છે તે સમાચાર વજ્જીઓને મળ્યા. તેમાં કેટલાક અનુભવીઓએ કહ્યું કે તેને આપણે ત્યાં સ્થાન ન અપાય. કેટલાક લોકોએ કહ્યું કે તે મગધોનો શત્રુ છે તેથી તે આપણા માટે ખૂબ જ ઉપયોગી છે. તેણે વસ્સકારને પોતાની પાસે બોલાવ્યો અને મંત્રીપદ આપ્યું. વસ્સકારે પોતાની બુદ્ધિથી વજ્જીઓમાં પોતાનું વર્ચસ્વ જમાવ્યું. જ્યારે વજ્જીગણ ભેગાં થતા ત્યારે કોઈપણ એક વ્યક્તિને પોતાની પાસે બોલાવે અને તેના કાનમાં પૂછે– શું તમે ખેતર ખેડો છો ? તે જવાબ આપે હા, ખેડું છું. મહામંત્રીનો બીજો પ્રશ્ન હોય છે કે બે બળદથી ખેડો છો કે એક બળદથી ? આ રીતે અપ્રાસંગિક પ્રશ્નો પૂછે.

ત્યારપછી બીજો લિચ્છવી તે વ્યક્તિને પૂછે– તને એકાંતમાં બોલાવી મહામંત્રીએ શું કહ્યું ? તે બધી વાત સત્ય કરે છતાં પેલો કહે તને એકાંતમાં બોલાવીને આવી સામાન્ય વાત ન કહે; તેથી તું ખોટું બોલે છે. ત્યારે તે કહે કે જો તમને મારામાં વિશ્વાસ નથી તો હું શું કરું ? આ પ્રમાણે પરસ્પર એકબીજામાં અવિશ્વાસની ભાવના ઉત્પન્ન થવા લાગી અને એક દિવસ એવો આવ્યો કે તે લોકોમાં એટલો બધો મનભેદ થઈ ગયો કે એક લિચ્છવી બીજા લિચ્છવી સાથે વાત કરવા પણ ન માંગે. સન્નિપાતભેરી વગાડવામાં આવી પણ કોઈ ન આવ્યું. વસ્સકારે ગુપ્ત રીતે અજાતશત્રુને સૂચના આપી. તેણે સસૈન્ય આક્રમણ કર્યું. ભેરી વગાડી પરંતુ કોઈપણ વ્યક્તિ તૈયાર ન થઈ. અજાતશત્રુએ નગરમાં પ્રવેશ કર્યો અને વૈશાલીનો સર્વનાશ કર્યો.

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડૉ. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડૉ. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડૉ. ભારતી – ડૉ. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડૉ. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર



આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.

www.parasdham.org
www.jainaagam.org